अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो परमकल्लाणा परमकल्लाणहेऊ सत्ताणं।।

# श्रुतसंविभाग – १७

April, 2020 વૈશાખ, ૨૦૭૬

## શાસ્ત્ર અને શ્રમણ

मोक्षद्वारे द्वारपालाः चत्वारः परिकीर्तिताः।
शमो विवेकः संतोषः चतुर्थः साधुसंगमः।।

દરેક સાધકની સાધના મોક્ષલક્ષી હોય છે. ભલે એના મોક્ષની વ્યાખ્યા જુદી હોઈ શકે છે, પણ લક્ષ્ય નક્કી હોય છે. આ શ્લોકમાં પણ મોક્ષદ્વારના ચાર દ્વારપાળનાં નામ બતાવ્યાં છે.

દ્વારપાળની મંજૂરી મળે ત્યારે જ અંદર જઈ શકાય છે, માટે મોક્ષના મહેલમાં પ્રવેશ કરવો હોય તો આ ચાર દ્વારપાળને ઓળખવા પડે છે –

શમ : ક્રોધાદિ વિકારોની શાંતિથી પ્રાપ્ત થતી આંતરિક તૃપ્તિ એટલે જ શમ.

વિવેક : ક્યારે શું કરવું - શું ન કરવું તેનો વિચાર તે વિવેક.

સંતોષ : મળેલ પદાર્થોમાં આનંદની અનુભૂતિ.

સત્સંગ : સાધુજનોનો સંગ.

આ ચાર દ્વારા જીવ મુક્તિમંદિરમાં પ્રવેશી શકે છે.

આ ચારે વસ્તુઓની પ્રાપ્તિ શાસ્ત્ર દ્વારા જ જીવને થાય છે. શાસ્ત્ર જ સમતા શીખવાડે છે. વિવેક, સંતોષ અને સત્સંગ પણ શાસ્ત્રના માધ્યમે જ મળે છે.

એટલે જ સાધુ શાસ્ત્ર વગર રહી શકતો નથી અને સાધુ વિના શાસ્ત્રો પણ શું કામનાં? બન્ને એકબીજાના પૂરક છે. સાધુ જ્યારે શાસ્ત્રમય બને છે ત્યારે ઈતર પ્રવૃત્તિનો કોઈ અવકાશ જ રહેતો નથી અને શાસ્ત્ર દ્વારા સાધનાની શ્રેષ્ઠતામાં જ સાધુ રમમાણ રહે છે. સાધુ જ્યારે શાસ્ત્રને બાજુ પર કરીને પોતાની મર્યાદાને છોડે છે ત્યારે તે સાધુ પોતાની સાધુતાને પણ ગુમાવી બેસે છે.

પં. શ્રીજિનવિજયજી કહે છે -

જ્ઞાનામૃત જે રસ ચાખે, જિનઆણા હિયડે રાખે,

સાવદ્ય વચન નવિ ભાખે, ભાખ્યું જિનજીનું ભાખે...

ભવિજન! એહવા મુનિ વંદો...

આહાર લિયે નિરદોષ, ન ધરે મન રાગ ને રોષ,

ન કરે વળી ઈન્દ્રિયપોષ, ન ચિકિત્સે ન જુએ જોષ...

ભવિજન! એહવા મુનિ વંદો...

જ્ઞાનામૃતમાં જે સદામગ્ન હોય તે ક્યારેય સાવદ્ય ન બોલે, ન જોષ જુએ કે ન કોઈની ચિકિત્સા કરે. બાકી અર્થ સુગમ છે.

વળી, જ્ઞાન સાધુને સંયમી અને નિરભિમાની બનાવે છે.

ઉપનિષદમાં પણ એક વાત આવે છે. પિતા શ્વેતકેતુએ પુત્ર ઉદ્દાલકને વેદ-વેદાંત, સાહિત્ય આદિ સઘળાં શાસ્ત્રો શીખવાડ્યાં. ભણાવી-ગણાવીને સારો વિદ્વાન કર્યો. બધાં શાસ્ત્રોનાં રહસ્યોને તે જાણી શક્યો. આ રીતે મહાન પંડિત તરીકે તે વિખ્યાત થાય છે. ત્યારે એના મનમાં એમ થયું કે બધાં જ શાસ્ત્રોનો હું પાર પામી ગયો છું. મારા જેવો વિદ્વાન કે પંડિત આ દુનિયામાં કોઈ ન હોઈ શકે.

જ્ઞાન-માન અને બુદ્ધિની પ્રાપ્તિ થયા પછી નમ્રતા કેળવાય નહિ અને બીજાને તુચ્છ ગણવાની માનસિકતા આવે તો તે પતન તરફ લઈ જાય છે.

પિતા શ્વેતકેતુએ જાણ્યું કે ઉદ્દાલકને મનમાં અભિમાન ભરાયું છે. અભિમાન સારું નથી. તે કાઢવું તો પડે જ. એટલે એમણે ઉદ્દાલક પાસે વટવૃક્ષનો એક ટેટો મંગાવ્યો. અને કહ્યું બેટા! આ ટેટામાંથી આ વિશાળ વટવૃક્ષ ઉત્પન્ન થયું છે તે તું જાણે છે? પુત્ર કહે હા, હું તે જાણું છું. પછી શ્વેતકેતુ એના બીજને તોડી નાંખે છે અને પૂછે છે કે હવે તને આમાં કશું દેખાય છે? તો કહે ના. ત્યારે શ્વેતકેતુ કહે છે પુત્ર! જેને હું કે તું જોઈ શકતા નથી તેમાંથી આ વિશાળ વૃક્ષ પાંગર્યું છે. બેટા, જે અવ્યક્ત છે તેનો પાર પામવાનો છે. જ્ઞાનની કોઈ સીમા

હોતી નથી, પ્રત્યેક જ્ઞાન પણ આપણા અજ્ઞાનમાં ઉમેરો કરે છે. અર્થાત્ દરેક નવું જ્ઞાન તમારી અજ્ઞાનતાને ખુલ્લી પાડે છે. માટે જ્ઞાનનું કે જાણકારીનું અભિમાન લેવા જેવું નથી.

જે જ્ઞાન નમ્ર અને સરળ બનાવે તે જ સાચું જ્ઞાન છે. શાસ્ત્રકારો બહુશ્રુતનો વિવિધ રીતે મહિમા ગાય છે અને વિવિધ ઉપમા દ્વારા બહુશ્રુતની સ્તુતિ કરે છે તેમાંથી કેટલાંક વિશેષણો આપણે જાણીએ –

શંખ : જેમ શંખમાં રખાયેલ દૂધ શંખ અને દૂધ બન્નેને સુશોભિત કરે છે અને આકર્ષણનું કેન્દ્ર બને છે, તેવી રીતે બહુશ્રુત મહાપુરુષો સ્વયં શોભે છે અને પોતાનામાં રહેલ શ્રુતજ્ઞાનને પણ શોભાવે છે.

હાથી : હાથી સમજદાર પ્રાણી છે, અને તાકાતવર છે. અનેક હાથણીઓથી પરિવરેલ બલવાન હાથી કોઈનાથી પરાજિત થતો નથી, તેમ શ્રુતજ્ઞાની કોઈનાથી પરાભવ પામે નહિ.

વૃષભ : શ્રુતજ્ઞાનીને વૃષભની ઉપમા આપી છે. તીક્ષ્ણ શીંગડા અને શક્તિવંત સ્કંધયુક્ત વૃષભ સઘળો ભાર ઉઠાવીને યૂથાધિપતિની જેમ શોભે, તેમ બહુશ્રુત પણ પોતાના સ્કંધ ઉપર ગણનો ભાર વહી દેદીપ્યમાન દેખાય છે.

સિંહ : સિંહ પશુઓમાં શ્રેષ્ઠ મનાય છે. ભગવંતને પણ સિંહની ઉપમા આપી છે. સિંહ પરાક્રમી હોય છે. અન્ય ક્ષુદ્ર પશુઓ તેનાથી ડરે છે, તેમ જે બહુશ્રુત છે તે પરાક્રમી છે, અન્યતીર્થિકો તેમનાથી ડરે છે. તે ભારે સત્ત્વશાળી હોય છે, માટે બહુશ્રુત સિંહ જેવા હોય છે.

સમુદ્ર : બહુશ્રુતને સમુદ્રની ઉપમા આપી છે. સમુદ્રનું જળ અક્ષય હોય છે. તે ગંભીર હોય છે. અનેક રત્નોથી ભરપૂર હોય છે. તેવી જ રીતે શ્રુતજ્ઞાની ગંભીર હોય છે, વિવિધ યુક્તિઓ, તર્ક અને સિદ્ધાંતોથી પરિપૂર્ણ હોય છે. આ રીતે વિવિધ ઉપમા શ્રુતજ્ઞાનીને આપવામાં આવી છે.

આવા વિશિષ્ટ જ્ઞાનથી યુક્ત શ્રમણ કદી બાહ્ય વિવાદમાં સપડાતો નથી. જે જ્ઞાન કે સાહિત્યમાં રસ ધરાવતો નથી, અને ઈતર પ્રવૃત્તિમાં જ રસ ધરાવે છે એના માટે કહેવાયું છે કે –

साहित्यसंगीतकलाविहीनः, साक्षात् पशुः पुच्छविषाणहीनः।

तृणं न खादन्नपि जीवमानः, तद् भागधेयं परमं पशूनाम्।।

જેની પાસે સાહિત્ય, સંગીત કે કાવ્ય નથી, તે શિંગડા અને પૂંછડા વગરનો પશુ જ છે. પેલા પશુઓનું ભાગ્ય સારું છે કે આ પશુ ઘાસ વગર પણ જીવે છે. (અન્યથા પશુઓને ખાવા ઘાસ ન મળત.)

આવા ઉત્તમ સાહિત્ય અને અવનવા જ્ઞાનની પ્રાપ્તિમાં વધારો કરનાર **श्रुतसंविभाग** એક ઉત્તમ માધ્યમ પુરવાર થયું છે. એકવાર શરૂ થયા પછી જેણે પાછું વાળીને જોયું જ નથી. સતત લોકપ્રિય બનતું જાય છે.

अनारम्भो हि कार्याणां प्रथमं बुद्धिलक्षणम्।

आरब्धस्याऽन्तगमनं द्वितीयं बुद्धिलक्षणम्।।

કાર્ય સિદ્ધ થશે કે નહીં એમાં શંકા હોય તો કાર્ય શરૂ જ ન કરવું તે બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે. પણ એક વાર શરૂ કર્યા પછી પાછું વળીને જોવું જ નહિ, કાર્ય પૂર્ણ જ કરવું તે બુદ્ધિનું બીજું લક્ષણ છે. અને એટલે જ **श्रुतसंविभाग** જ્ઞાનસમૃદ્ધ બનતું જાય છે, તેમજ એકની આગેવાનીએ અન્ય સમાન વિચારધારા ધરાવતા શ્રમણવર્ગને તેમાં જોડીને કાર્યસિદ્ધિ કરી તે વધુ રાજીપાની વાત છે.

જે લોકો સાથે મળીને કામ કરવા ચાહે છે તેમના મંત્ર, સ્તુતિ અને વિચારધારા, સમજ અને ધારણા એકસમાન હોવા જોઈએ. જે **श्रुतसंविभाग**માં દેખાય છે.

મને આનંદ છે વસંતની પ્રસ્તાવના આલેખવાનો. સાહિત્યકારો કહે છે : વસંતનો ઉત્સવ એટલે નિસર્ગથી હરીભરી પૃથ્વીનો ઉત્સવ. શાસ્ત્રમાં વસંતને ऋतूनां कुसुमाकरः કહીને બિરદાવવામાં આવે છે.

વસંતપંચમી એટલે પ્રકૃતિમાતાના ખોળે ખેલવાનો દિવસ. કુદરત સરળ-સહજ-સરસ લાગે. જીવનમાં વસંત ખીલે તો? નિરાશા, હતાશા, વેદના, નિષ્ફળતા દૂર થાય અને જીવનલક્ષ્મીની ઉજાણી થાય.

શ્રુતજ્ઞાનની વસંતનો ભર્યો ભર્યો વૈભવ આપણામાં પ્રવેશે એ જ અભિલાષા...

/ વિજયરત્નચન્દ્રસૂરિ

પરમપવિત્ર પુરુષ તપાગચ્છાધિપતિ આચાર્યપ્રવર શ્રીરામસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય અને પ્રવરસમિતિના કાર્યવાહકશ્રી શ્રીઅભયદેવસૂરીશ્વરજી મ.ના શિષ્ય શ્રીવિજયરત્નચન્દ્રસૂરિજી મહારાજ પોતાની મિત-મધુરભાષી પ્રતિભા, વ્યવહારકુશળતા, ચિંતનશીલતા આદિ ગુણોથી પ્રમાણમાં નાની જ ગણી શકાય તેટલી ઉંમરે પણ જૈન શાસનમાં વૃદ્ધપુરુષ જેવી આદરપાત્રતા ધરાવે છે. તેમની અધ્યયનપ્રિયતાનો વારસો તેમના શિષ્યોમાં પણ સુપેરે ઝીલાયો છે. અને સમાજને એના મીઠા પરિપાક રૂપે આ એક જ શ્રમણપરિવાર પાસેથી ૧૦૦ કરતાં પણ વધુ પુસ્તકો સાંપડ્યાં છે. આચાર્યશ્રીના શિષ્ય પંન્યાસપ્રવર શ્રીઉદયરત્નવિજયજી પોતાની 'આંબા કેરી શાખ' જેવી રચનાઓથી લોકજીભે પોતાનું અવિચલ સ્થાન જમાવી ચૂક્યા છે. તો અન્ય શિષ્ય મુનિ શ્રીરાજદર્શનવિજયજી જૈન માસિક પત્ર 'હૃદયપરિવર્તન'ને સામાન્ય જૈન માસિક પત્રોની કક્ષાથી ઊંચી કક્ષાએ લઈ જવામાં પોતાની મહેનતથી ખરેખર સફળ નીવડ્યા છે. શાસનપ્રભાવનાના પ્રાયઃ દરેક ક્ષેત્રમાં સક્રિયતા જાળવી રાખવાની સાથે અધ્યયન-અધ્યાપનરુચિને જીવતી રાખવાનું કૌશલ્ય આચાર્યશ્રી પાસેથી શીખવા જેવું છે.

પ્રસ્તુત લેખ તેઓએ **શ્રુતસંવિભાગ**ની માત્ર એકવાર વિનંતિથી જ લખવાનો સ્વીકાર્યો હતો અને વસંતપંચમીના અવસરને અનુલક્ષીને સમયસર મોકલી પણ આપ્યો હતો. પરંતુ સમય-સંજોગો અનુસાર એ અંક પ્રસિદ્ધ ન થઈ શકતા, આ અક્ષયતૃતીયાના અંકમાં અગ્રલેખ તરીકે તેને ક્ષમાયાચના સાથે સ્થાન આપ્યું છે. **શ્રુતસંવિભાગ**-પરિવાર આચાર્યશ્રીના અનુગ્રહનો ઋણી રહેશે.

---

* સંકલન : **મુનિ ત્રૈલોક્યમંડનવિજય** સંપર્ક : **c\o ભાવેશ એમ. દોશી**, ૭૦૧, સુયોગ્સ ગોદાવરી કૃપા, વી. પી. ક્રોસ રોડ, મુલુંડ (વે.), **મુંબઈ** ૪૦૦૦૮૦ મો. ૯૨૨૪૧ ૦૩૨૯૯ Email – shrutasamvibhaga@gmail.com

## અનુક્રમ


| ક્રમાંક | લેખ | પૃષ્ઠ |
|---|---|---|
| | દ્રવ્યાનુયોગ | |
| 262 | અપુનર્બંધકનું विनिवृत्तकुतर्कग्रह વિશેષણ સ્વરૂપદર્શક... | 1 |
| 263 | 'ठामि काउस्सग्गं' में नय विचारणा | 2 |
| 264 | કેવલજ્ઞાન અને કેવલદર્શન વિશે તત્ત્વાર્થવૃત્તિનો અભિપ્રાય | 7 |
| 265 | मनःपर्याय में दर्शन की अवधारणा | 10 |
| | ચરણકરણાનુયોગ | |
| 266 | શરીરના સંઘયણબળ અને મનના ધૃતિબળની ચતુર્ભંગી | 21 |
| | ગણિતાનુયોગ | |
| 267 | સમવસરણસ્તવ અંતર્ગત કેટલાંક માપ વિશે વિચારણા | 25 |
| | ધર્મકથાનુયોગ | |
| 268 | સ્થૂલભદ્રજી મિત્રના ઘરે | 34 |
| 269 | મહાવીરસ્વામીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કયા આસનમાં થઈ? | 35 |
| 270 | જિનશાસનના મહાન્ શ્રુતધર-પૂર્વધર શ્રીવિમલસૂરિજી | 39 |
| 271 | અઈમુત્તા મુનિવર એક કે પછી અનેક? | 41 |
| | સંશોધન | |
| 272 | એક અવગ્રહચિહ્નની અનુપસ્થિતિથી સર્જાતો પ્રરૂપણાભેદ | 44 |
| 273 | वासुदेवभीमार्जुनाः કે भीमसेनार्जुनवासुदेवाः? | 46 |
| 274 | આવશ્યકક્રિયાનાં સૂત્રોમાં આવશ્યક સુધારા | 48 |
| 275 | ૨૪ યક્ષ-યક્ષિણીનાં નામો | 51 |
| 276 | श्रीज्ञानसूरिं वरदायकाश्च | 55 |

| | | |
|---|---|---|
| | **इदमत्र चिन्त्यम्** | |
| 277 | उक्कुट्ट → उक्कुट्ठ → उक्कट्ठ → उक्किट्ठ | 56 |
| 278 | हितोपदेशसत्कस्य शब्दद्वयस्य अर्थविषये किञ्चित् | 57 |
| | **પ્રકીર્ણ** | |
| 279 | આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા... | 59 |
| 280 | થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળા જીવને પણ કેવલજ્ઞાન!!! | 61 |
| 281 | દેવના કુંડલનું સચિત્તપણું | 62 |
| 282 | સમ્યગ્દર્શની અને સમ્યગ્દૃષ્ટિમાં શું ફરક? | 62 |
| 283 | સાધુ ગોચરી વ્હોરવા જાય ત્યારે ઉપાશ્રયથી નીકળતાં બોલે... | 63 |
| 284 | જઘન્યથી ૨૦ તીર્થંકર કે ૧૦ તીર્થંકર? | 63 |
| | **જિજ્ઞાસા** | |
| 88 | કલિકાલસર્વજ્ઞજીના શિષ્ય બાલચન્દ્રજી | 64 |
| 89 | પ્રભુ મહાવીરદેવનો ગર્ભકાળ... | 64 |
| 90 | ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગણો | 64 |
| 91 | અનંતના ૯ પ્રકાર | 65 |
| 92 | आस्रव और बंधहेतु में क्या फर्क है? | 65 |
| 93 | वैक्रियलब्धि से विकुर्वणा करके आत्मप्रदेश उसमें ही... | 65 |
| 94 | તપાચારના અતિચારમાં સાધુભગવંતો પણ ઊભા થઈને મિચ્છામિ દુક્કડમ્ આપે? | 65 |
| 95 | श्रीसिद्धचक्र का यंत्र (-मांडला) धरती पर बनाना | 66 |
| 96 | नवपद की ओली में जाप | 66 |
| 97 | मंदिर के द्रव्य से अपना जीवननिर्वाह करता हो तो क्या वह सुपात्रदान कर सकता है? | 66 |

| | | |
|---|---|---|
| 98 | दो साल का व्याजभक्षण का दोष किसको लगता है? | 66 |
| 99 | ભગવાનનો અભિષેક શંખથી... | 67 |
| 100 | સમવસરણમાં દેશનાશ્રવણ કરવા જલચર જીવો | 67 |
| 101 | શાશ્વત પદાર્થો સચિત્ત હોય કે અચિત્ત? | 67 |
| 102 | ધર્મચક્રનો વર્તમાનકાળે પ્રાપ્ત થતો આકાર | 67 |
| | **સમાધાન** | |
| @ 103 | સચિત્ત-અચિત્ત રજનો કાયોત્સર્ગ | 68 |
| @ 86 | સંતિકરં સ્તવન ભણું? આવા પ્રકારનો આદેશ | 70 |
| @ 85 | વ્યાખ્યાનમાં શ્રાવકોએ નમો તિત્થસ્સ બોલવાનું | 70 |
| @ 87 | પ્રતિક્રમણનાં સૂત્રોમાં અલગ-અલગ રીતે ઉચ્ચારણ | 71 |
| | **પત્રચર્ચા** | |
| 141 | ↹ @?75 (16.76) આગમો ભણવાની છૂટ અમુકને... | 73 |
| 142 | ↹ ✉ 129 (16.91) ↹ Σ 221 (15.24) | 73 |
| 143 | ↹ Σ 221 (15.24) પ્રભુવીરના ભવો અંગે... | 74 |
| 144 | ↹ ✉ 123 (16.86) ↹ Σ 194 (14.1) वीतरागी को भी मृषावाद कैसे? | 76 |
| 145 | ↹ ∑ 243 (16.30) પ્રભુવીરનાં બહેન-પુત્રીનાં નામ... | 77 |
| 146 | ↹ ∑ 23 (5.2) कीदृशो नीलवर्णः? | 80 |
| 147 | ↹ ∑ 178 (13.49) સિંહગુફાવાસી મુનિ ચોમાસું કરવા... | 81 |
| 148 | ↹ ∑ 205 (14.40) રથનેમિ, નેમિનાથ અને રાજીમતી... | 81 |
| 149 | ↹ ✉ 130 (16.92) ↹ ∑ 218 (15.19) | 81 |

| | | |
|---|---|---|
| 150 | ↹ ✉ 131 (16.92) ↹ Σ 226 (15.84) | 82 |
| 151 | ↹ ∑ 145 (12.31) પરમાત્માના કલ્યાણક સમયે દેવો... | 84 |
| 152 | ↹ ∑ 247 (16.41) પંચપ્રતિક્રમણસૂત્રમાં કેટલાક... | 84 |
| 153 | ↹ ✉ 140 (16.101) ↹ ∑ 185 (13.52) | 85 |
| | **શ્રુતશુદ્ધિ** | |
| ≠ 18 | પિંડનિર્યુક્તિ-ટીકા | 87 |
| ≠ 19 | ન્યાયસંગ્રહ | 88 |
| ≠ 20 | योगदृष्टिसमुच्चयः | 90 |
| ≠ 17 (વૃદ્ધિ) | योगविंशिका | 91 |
| | **શુદ્ધિ-વૃદ્ધિ** | 91 |
| 285 | **દાર્શનિક ચિંતન** મીમાંસક અને નૈયાયિકોનું ઉપમાન પ્રમાણ અને જૈનોનું પ્રત્યભિજ્ઞાન | 92 |
| 286 | **પ્રકરણસ્વાધ્યાય** આરાધક-વિરાધક-ચતુર્ભંગી | 98 |
| 287 | **શ્રુતસાહાય્યમ્** શ્રીપંચસૂત્રકમ્ – પ્રવ્રજ્યાફલસૂત્ર (પંચમ સૂત્ર) અંતર્ગત – ૧ | 117 |
| 288 | **સાંપ્રત ચિંતન** મહારક્તાક્ષી કોરોના!!! | 124 |
| | **અમે વાંચ્યું, તમે પણ વાંચશો?** | |
| ⅄ ૪ | શ્રી વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ ગ્રંથાવલી – ૧ | 132 |
| ⅄ ૫ | ચાર તીર્થંકર | 137 |
| | **વિશેષ પ્રતિસ્પંદ** | 141 |

## શ્રુતસંવિભાગ પરિવારના આ અંકના લેખકો* (અકારાદિ ક્રમે)

| લેખક મુનિ | સમુદાય / શાખા | લેખ વગેરે |
|---|---|---|
| આચાર્ય શ્રીમુક્તિચન્દ્ર-મુનિચન્દ્રસૂરિજી | શ્રીકલાપૂર્ણસૂરિજી | ∑ 276, 278 @ 87 🖂 152, 153 |
| આચાર્ય શ્રીરત્નસંચયસૂરિજી | શ્રીરાજેન્દ્રસૂરિજી | ∑ 270 |
| આચાર્ય શ્રીહેમચન્દ્રસૂરિજી | શ્રીનેમિસૂરિજી | ∑ 274 |
| મુનિ શ્રીકુમુદચન્દ્રવિજયજી | ડહેલાવાળા | ∑ 263, 269 🖂 145 |
| મુનિ શ્રીગોયમચન્દ્રવિજયજી | ડહેલાવાળા | ∑ 263, 265 🖂 144 |
| મુનિ શ્રીત્યાગમંડનવિજયજી | શ્રીનેમિસૂરિજી | ⅄ 4 |
| મુનિ શ્રીત્રૈલોક્યમંડનવિજયજી | શ્રીનેમિસૂરિજી | ∑ 262, 266, 267, 272, 273, 277, 279, 280, 285-288 @ 103 |
| મુનિ શ્રીનયજ્ઞવિજયજી | ડહેલાવાળા | ∑ 263 |
| મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્રવિજયજી | ડહેલાવાળા | ∑ 264, 265, 271 🖂 141-143, 146-148, 151 ≠ 18, 19 |
| મુનિ શ્રીમુક્તિમંડનવિજયજી | નેમિસૂરિજી | ⅄ 5 |
| મુનિ શ્રીરાજદર્શનવિજયજી | ડહેલાવાળા | ∑ 268 |
| મુનિ શ્રીવંદનરુચિવિજયજી | શ્રીસિદ્ધિસૂરિજી | ∑ 281, 282, 283 |
| મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી | ડહેલાવાળા | ∑ 271 🖂 141, 146-151 |
| મુનિ શ્રીશ્રુતાંગચન્દ્રવિજયજી | શ્રીનેમિસૂરિજી | ∑ 275 ≠ 20, 17 (વૃદ્ધિ) |
| મુનિ શ્રીસિદ્ધસેનવિજયજી | શ્રીલબ્ધિસૂરિજી | ∑ 284 |
| મુનિ શ્રીહેમહર્ષવિજયજી | શ્રીનીતિસૂરિજી | @ 85-87 |

* જિજ્ઞાસા અને વિશેષ પ્રતિસ્પંદને આમાં સમાવ્યાં નથી.

# *દ્રવ્યાનુયોગ*

## 262. અપુનર્બંધકનું વિનિવૃત્તકુતર્કગ્રહ એ વિશેષણ સ્વરૂપદર્શક કે વ્યવચ્છેદક?

યોગગ્રંથો અંતર્ગત અપુનર્બંધક અવસ્થાના मित्रादिदृष्टिमतामवेद्यसंवेद्यपदस्थानामप्यपुनर्बन्धकाद्युचिततत्तत्तन्त्रोक्तक्रियाकारिणां विनिवृत्तकुतर्कग्रहाणां मार्गानुसारिणाम्... એવા વર્ણનમાં विनिवृत्तकुतर्कग्रह એ વિશેષણ વપરાતું હોય છે. આનો અર્થ 'જેના કુતર્કના આગ્રહની નિવૃત્તિ થઈ છે એવો જીવ' એવો થાય છે. પ્રચલિત માન્યતા પ્રમાણે અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન સર્વ જીવો કુતર્કના આગ્રહથી રહિત જ હોય છે. એટલે જે જીવ અપુનર્બંધક અવસ્થામાં હોય તે કુતર્કના આગ્રહથી રહિત જ હોય એમ સમજીને विनिवृत्तकुतर्कग्रह વિશેષણને વ્યવચ્છેદક નહીં, પરંતુ સ્વરૂપદર્શક સમજવામાં આવે છે.

પરંતુ આ વાત બરાબર નથી. અપુનર્બંધક જીવ પણ કુતર્કના આગ્રહવાળો હોઈ શકે છે. *શ્રીહરિભદ્રસૂરિજી* પ્રણીત *શ્રીપંચાશકપ્રકરણ*માં ફરમાવ્યું છે કે –

दिक्खाविहाणमेयं भाविज्जंतं तु तंतनीईए।
सइअपुणबंधगाणं कुग्गहविरहं लहुं कुणइ।।

ભાવાર્થ – સકૃદ્‌બંધક અને અપુનર્બંધક દ્‌વારા આગમનીતિને અનુસરીને થતી આ દીક્ષાના વિધાનની ભાવના એમને શીઘ્ર કુતર્કનો આગ્રહ છોડાવનારી બને છે.

આનો અર્થ તો એ જ થાય કે આવી ભાવનાથી પૂર્વે અપુનર્બંધકને પણ કુતર્કનો આગ્રહ હોઈ શકે છે. આ કુતર્કનો આગ્રહ કુત્સિત અભિનિવેશ સ્વરૂપ સમજવો જોઈએ.

આ સંદર્ભે વિશેષ તપાસ કરતાં *શ્રીધર્મસંગ્રહ* અંતર્ગત આ જ ગાથાના વિવરણમાં જાણવા મળ્યું કે –

यो यथाप्रवृत्तकरणेन ग्रन्थिप्रदेशमागतो भिन्नग्रन्थिः सकृदेवोत्कृष्टां सागरोपमकोटाकोटिसप्ततिलक्षणां स्थितिं भन्त्स्यत्यसौ सकृद्बन्धक उच्यते। यस्तु तां

तथैव क्षपयन् ग्रन्थिप्रदेशमागतः पुनर्न तां भन्त्स्यति भेत्स्यति च ग्रन्थिं सोऽपुनर्बन्धक उच्यते। "पावं न तिव्वभावा कुणइ" इति वचनात्। एतयोश्चाऽभिन्नग्रन्थित्वेन कुग्रहः सम्भवति, न पुनरविरतसम्यग्दृष्ट्यादीनाम्।।

આ પાઠના આધારે સ્પષ્ટ સમજાય છે કે સકૃદ્બંધકની જેમ અપુનર્બંધકને પણ કુતર્કનો આગ્રહ હોઈ શકે છે અને યોગ્ય નિમિત્તો મળવાથી એ દૂર થતો હોય છે. એટલે અપુનર્બંધક પણ કુતર્કના આગ્રહવાળા અને કુતર્કના આગ્રહથી રહિત બંને પ્રકારના હોઈ શકે છે. તેથી અપુનર્બંધક માટે विनिवृत्तकुतर्कग्रह એ વ્યવચ્છેદક વિશેષણ જ બને છે, કેવલ સ્વરૂપદર્શક નહીં.

**त्रै.**

*

# 263. 'ठामि काउस्सग्गं' में नयविचारणा

अरिहंत चेइयाणं... सूत्र में दो क्रियापद हैं - करेमि और ठामि, जिनके अर्थ क्रमशः, 'मैं काउस्सग्ग करुँगा' और 'मैं काउस्सग्ग में हूँ' हैं। 'करेमि' पद में 'वर्तमानसामीप्ये वर्तमानवद्वा' (पा.३-३-१३१) सूत्र से वर्त्तमाना विभक्ति की है। यहाँ प्रश्न होता है कि 'करेमि' कहकर पुनः 'ठामि' क्यों कहा है? इस प्रश्न का उत्तर देते हुए *श्रीहरिभद्रसूरिजी* म. कहते हैं कि 'करेमि' पद से 'क्रिया की ओर अभिमुखता' कही गई है, अब क्रियाकाल और निष्ठाकाल में कथंचिद् अभेद होने से 'ठामि' कहा है अर्थात् 'करेमि' पद से क्रियाकाल कहा है तथा क्रियाकाल और निष्ठाकाल में कथंचिद् अभेद होने से 'ठामि' कहा है।[1]

*श्रीमुनिचंद्रसूरिजी* म. *ललितविस्तरा* ग्रंथ की *पंजिका* में इसी बात को अधिक स्पष्ट करते हुए लिखते हैं '<u>निश्चयनयवृत्त्या</u> व्युत्स्रष्टुमारब्धकायस्तद्देशापेक्षया व्युत्सृष्ट

---

[1] *ललितविस्तरा* का यह पाठ इसी लेख में आगे दिया है।

एव द्रष्टव्य' अर्थात् <u>निश्चयनय</u> से जिस व्यक्ति ने काया को वोसिराना शुरु किया है, उस देश (-भाग) की अपेक्षा से इसे काउस्सग्ग ही जानना चाहिए।

*

निश्चय नय क्रिया को क्षणिक मानता है अर्थात् इस नय से क्रिया जिस क्षण में उत्पन्न होती है उसी क्षण में वह क्रिया समाप्त हो जाती है और उसी क्षण में उस क्रिया का फल उत्पन्न भी हो जाता है । जैसे - घडा बनाने में मिट्टी के पिंड में प्रत्येक क्षण क्रिया होने से प्रत्येक क्षण उसकी अवस्था बदल रही है और प्रत्येक क्षण यह अवस्था बदलना ही उस-उस क्षणिक क्रिया का फल है। क्रिया और उसकी समाप्ति दोनों एक ही क्षण में होने से इसी बात को ऐसे भी कहा जाता है कि क्रियाकाल और निष्ठा-काल में अभेद है। दूसरी बात, निश्चय नय उपचार भी नहीं स्वीकारता है, हमेशा वास्तविकता का ही स्वीकार करता है।

व्यवहार नय लोकव्यवहार को स्वीकारता है। अतः उसके मत से अनेक क्षण में एक ही क्रिया होती है । जैसे - घडा बनाने की क्रिया अनेक क्षणों में पूर्ण होती है तब घडा बनता है। इस प्रकार इस नय अनुसार अनेक क्षण की क्रिया का फल अंतिम क्षण के बाद बनता है। तथा यह नय उपचार भी स्वीकारता है ।

व्यवहार-निश्चय नय अनुसार क्रिया का ऐसा स्वरूप जानने पर *श्रीमुनिचंद्रसूरिजी* म. के उपर्युक्त *ललितविस्तरापंजिका*-गत उल्लेख में प्रश्न होता है कि यदि निश्चय नय क्षणिक और वास्तविक क्रिया मानता है तो 'ठामि' पद में बोलनेवाले व्यक्ति को 'व्युत्सृष्ट एव' कैसे कहा जा सकता है क्योंकि ठामि पद के बाद अन्नत्थसूत्र बोलना तो अभी बाकी है? अतः यह वाक्य निश्चय नय के अनुसार है, ऐसा विधान ठीक नहीं लगता है।

*

*श्रीहरिभद्रसूरिजी* म. की *आवश्यकवृत्ति* और *ललितविस्तरा* के अलावा इस प्रश्न की चर्चा *चैत्यवंदन-महाभाष्य*, *आवश्यकनिर्युक्ति* की *श्रीतिलकाचार्य*-कृत वृत्ति, *योगशास्त्र-स्वोपज्ञवृत्ति* तथा *वंदारुवृत्ति* में भी की गई है। इन सब में नय की कोई स्पष्टता नहीं की गई है।

इन ग्रंथों में से *चैत्यवंदनमहाभाष्य* के गुजराती विवेचन में *श्रीराजशेखरसूरिजी* म. ने भी 'निश्चय नय' का उल्लेख किया है -

अकए काउस्सग्गे निट्ठाकालो त्ति किं इमं जुत्तं।

भन्नइ <u>आसन्नत्तेण</u> कज्जमाणं कडं जम्हा।।४२५।।

इसके विवेचन में लिखा गया है - क्रियाकाल अने निष्ठाकाल ए बंने <u>नजीक होवाथी अभिन्न</u> = एकरूप गणाय एम <u>निश्चय नय</u> कहे छे.

यहाँ ग्रंथकार ने नय की कोई स्पष्टता नहीं की है किंतु *श्रीराजशेखरसूरिजी* म. ने विवेचन में निश्चय नय लिखा है , जो पूरी तरह गलत है क्योंकि निश्चय नय क्रिया और निष्ठाकाल को अत्यंत समीप में होने से एक नहीं मानता बल्कि दोनो में वास्तविक अभेद होने से ही दोनों को एक मानता है ।

*

वस्तुतः यहां 'क्रियाकाल और निष्ठाकाल का अभेद' ऐसे वाक्य से भ्रम होना संभवित है अर्थात् ऐसा वाक्य निश्चय नय अनुसार क्षणिक क्रिया में भी बोला जाता है और व्यवहार में प्रयुक्त प्रयोगों में भी आता है, जैसे - जमालि की कथा में 'पथराते हुए' संथारे को 'पथरा गया' कहना अथवा मुंबई जाने के लिए निकल चुके व्यक्ति को 'मुंबई गया' कहना। अतः ऐसे समान वाक्यप्रयोगों से भ्रम होने के कारण *श्रीमुनिचंद्रसूरिजी* म. और *श्रीराजशेखरसूरिजी* म. ने 'यह वाक्य निश्चय नय अनुसार है' ऐसा विधान कर दिया लगता है ।

निश्चय नय तो क्षणिक क्रिया में ही घटता है। अतः व्यवहार में प्रयुक्त किए जाते प्रयोगों में कौन-सा नय समझना, यह बात *मलधारी श्रीहेमचंद्रसूरिजी* म. द्वारा रचित *श्रीविशेषावश्यक* – गाथा - २३३० की वृत्ति में सूचित है तथा *नयोपदेश* में भी चर्चित है, उस अनुसार ऐसे प्रयोगो में मात्र व्यवहार नय नहीं मान सकते, किंतु

ये प्रयोग व्यवहारमूलक निश्चय नय[2] अनुसार समझना चाहिए। जैसे - जमालि की कथा में संथारे का कुछ भाग आस्तीर्यमाण है, उसे निश्चय नय से आस्तीर्ण कहा जाता है तथा संथारे के उस भाग में पूरे संथारे का उपचार करके पूरे संथारे को व्यवहार नय से आस्तीर्ण कहा जाता है। अर्थात् इस वाक्यप्रयोग में दो अंश हैं -

(१) आस्तीर्यमाण भाग को आस्तीर्ण कहना - निश्चय नय का अंश।

(२) संथारे के एक अंश में पूरे संथारे का उपचार - व्यवहार नय का अंश।

इन दो अंशों को मिलाकर वाक्यप्रयोग हुआ 'संथारा पथरा गया है'।

इस प्रकार व्यवहार में प्रयुक्त वाक्यप्रयोगो में व्यवहारमूलक निश्चय नय स्वीकार सकते हैं।

प्रस्तुत 'ठामि काउस्सग्गं' प्रयोग को भी व्यवहारमूलक निश्चयनय से घटित कर सकते हैं। 'ठामि काउस्सग्गं' बोलने के बाद कायोत्सर्ग अत्यंत समीप में होने से 'कायोत्सर्ग की क्रिया चालू है' ऐसा उपचार से कह सकते हैं। फिर चालू क्रिया में ही निश्चय नय से क्रिया की समाप्ति भी कह सकते हैं। अर्थात् यहाँ दो अंश इस प्रकार हुए - (१) काया का उत्सर्ग अत्यंत समीप में होने से 'कायोत्सर्ग शुरु हो गया' ऐसा कहना - व्यवहार नय का अंश। (२) कायोत्सर्ग के क्रियाकाल में 'कायोत्सर्ग ही है' ऐसा कहना - निश्चय नय का अंश।

अतः यह 'ठामि काउस्सग्गं' प्रयोग भी व्यवहारमूलक निश्चय नय से घटेगा। *श्रीहरिभद्रसूरिजी* म. ने भी *ललितविस्तरा* में इस बात का सूचन किया है - प्राक् 'करोमि करिष्यामी'ति क्रियाभिमुख्यमुक्तं, साम्प्रतं त्वासन्नतरत्वात् क्रियाकाल-निष्ठाकालयोः कथञ्चिदभेदात् तिष्ठाम्येवाऽहम्।।[3]

---

[2] व्यवहारमूलक निश्चय नय की विचारणा 'कज्जमाणे कडे मां नयसम्मति' लेख (*अनुसंधान* – ६६) के आधार पर की है। *विशेषावश्यकभाष्य* तथा *नयोपदेश* के पाठ के लिए भी उपर्युक्त लेख द्रष्टव्य है।

[3] यहाँ 'आसन्नतरत्वात्' पद से उपचार तथा 'क्रियाकाल...' इत्यादि पदों से निश्चय नय का अंश सूचित है।

*पंजिका* में *श्रीमुनिचंद्रसूरिजी* म. ने सीधे उपचार करके ही लिखा है - व्युत्स्रष्टुमारब्धकायस्तद्देशापेक्षया व्युत्सृष्ट एव द्रष्टव्यः।।

*

अलबत्त यहाँ 'ठामि काउस्सग्गं' प्रयोग को व्यवहारमूलक निश्चय नय से घटित किया है किंतु फिर भी लोक में बोले जाते व्यवहारमूलक निश्चय नय के अन्य प्रयोगों से यह प्रयोग कुछ विलक्षण है क्योंकि लोक में बोले जाते प्रयोगों में क्रियाकाल वास्तविक होता है और उनके देश अथवा काल में उपचार होता है किंतु यहाँ क्रियाकाल ही औपचारिक है अर्थात् जैसे जमालि की कथा में संथारा पाथरने की क्रिया वास्तविक रूप में चालू ही थी, मुंबई जाने के लिए निकल चुके व्यक्ति की गमनक्रिया चालू ही है यानी क्रियाकाल वास्तविक है। संथारे के आस्तीर्ण देश में पूरे संथारे का उपचार किया तथा मुंबई-गमन में जितने अंश में गमन हुआ, उसमें पूरे देश का उपचार किया, ये दोनों देश में उपचार है।

'ठामि काउस्सग्गं' प्रयोग में क्रियाकाल वास्तविक नहीं है क्योंकि यहाँ मात्र काउस्सग्ग की ओर अभिमुखता है, काउस्सग्ग की तैयारी है। जैसे - लोकव्यवहार में बाहर गाँव जाने की तैयारी करते हुए व्यक्ति को 'क्या कर रहे हो?' पूछने पर 'बाहर गाँव जा रहा हूँ' एसा उत्तर मिलता है, वैसे यहाँ काउस्सग्ग की तैयारी करते हुए व्यक्ति के लिए भी 'काउस्सग्ग कर रहे हैं' एसा वाक्यप्रयोग उपचार से किया जा सकता है। ऐसे औपचारिक क्रियाकाल का निश्चय नय से निष्ठाकाल के साथ अभेद होने से यह 'ठामि काउस्सग्गं' प्रयोग सिद्ध होता है ।

*

## उपसंहार

(१) *श्रीमुनिचंद्रसूरिजी* म. द्वारा *ललितविस्तरा-पंजिका* में तथा *श्रीराजशेखरसूरिजी* म. द्वारा *चैत्यवंदन-महाभाष्य* के विवेचन में 'ठामि काउस्सग्गं' वाक्यप्रयोग निश्चय नय अनुसार घटाया गया, जो ठीक नहीं लगता है।

(२) *श्रीहरिभद्रसूरिजी* म. आदि ग्रंथकारों द्वारा नय की कोई स्पष्टता नहीं की गई है।

(३) निश्चय नय क्षणिक क्रिया तथा क्रियाकाल-निष्ठाकाल का वास्तविक अभेद स्वीकारता है। व्यवहार में प्रयुक्त वाक्यप्रयोगों में उपचारसहित क्रियाकाल और निष्ठाकाल का अभेद घटता है। अतः व्यवहारमूलक निश्चयनय मान सकते हैं।

(४) 'चालू क्रिया को समाप्त कहना' ऐसे समान प्रयोगों से नय की स्पष्टता में भ्रम होने की संभावना है।

(५) 'ठामि काउस्सग्गं' प्रयोग भी व्यवहारमूलक निश्चय नय अनुसार घटित होगा।

(६) प्रस्तुत प्रयोग अन्य वाक्यप्रयोगों से विलक्षण है क्योंकि इसमें क्रियाकाल औपचारिक है।

**मुनि श्रीकुमुदचन्द्र-नयज्ञ-गोयमचंद्रविजयजी**

*

## 264. કેવલજ્ઞાન અને કેવલદર્શન વિશે *તત્ત્વાર્થવૃત્તિ*નો અભિપ્રાય

કેવલજ્ઞાન અને કેવલદર્શન સંબંધી ત્રણ મત શ્વેતાંબર પરંપરામાં પ્રાચીન સમયથી જ ખૂબ પ્રચલિત છે. (૧) ક્રમવાદ = કેવલજ્ઞાન અને કેવલદર્શન આ બંને ઉપયોગ ભિન્ન છે અને તે બંને એકસાથે નહિ પરંતુ ક્રમશઃ એટલે કે એક પછી એક થાય છે. (૨) યુગપદ્વાદ = આ બંને ઉપયોગ ભિન્ન તો છે, પરંતુ તે ક્રમશઃ નહિ, પરંતુ યુગપદ્ = એકસાથે થાય છે. (૩) અભેદવાદ = આ બંને ઉપયોગ વસ્તુતઃ ભિન્ન નથી, એક જ ઉપયોગ છે. પરંતુ અપેક્ષાવિશેષથી તેના કેવલજ્ઞાન અને કેવલદર્શન એમ બે ભેદ છે.

*

આ વિષયમાં *તત્ત્વાર્થસૂત્ર* તથા તેનાં ભાષ્ય, ટીકા અને ટિપ્પણના આધારે કેટલીક વિચારણા અહીં પ્રસ્તુત કરી છે.

સૌપ્રથમ *તત્ત્વાર્થસૂત્ર*-કાર *શ્રીઉમાસ્વાતિજી* આ ત્રણમાંથી કયા પક્ષના સમર્થક છે? તે વિચારવું જોઈએ. આ વિષયમાં પંડિત *સુખલાલજી*એ પોતાના *જ્ઞાનબિંદુ*ના પરિચયમાં જે ઉલ્લેખ કર્યો છે, તેનો કેટલોક અંશ તેમના જ શબ્દોમાં જોઈએ -

वाचक उमास्वाति, जो विक्रम की तीसरी से पांचवी शताब्दी के बीच कभी हुए जान पडते है, उनके पूर्ववर्त्ति उपलब्ध जैन वाङ्मय को देखने से जान पडता है कि उसमें सिर्फ एक ही पक्ष रहा है। और वह केवलज्ञान और केवलदर्शन के क्रमवर्त्तित्व का। हम सबसे पहले उमास्वाति के तत्त्वार्थभाष्य में ऐसा उल्लेख[4] पाते है जो स्पष्टरूपेण युगपद्पक्ष का ही बोध करा सकता है। यद्यपि तत्त्वार्थभाष्यगत उक्त उल्लेख की व्याख्या करते हुए विक्रमीय ८-९ वीं सदी के विद्वान् श्वे० सिद्धसेनगणि ने[5] उसे क्रमपरक ही बतलाया है और साथ ही अपनी तत्त्वार्थभाष्य-व्याख्या में युगपद् तथा अभेदपक्ष का खंडन भी किया है।[6]

---

[4] मतिज्ञानादिषु चतुर्षु पर्यायेणोपयोगो भवति, न युगपत्। सम्भिन्नज्ञान-दर्शनस्य तु भगवतः केवलिनो युगपत् सर्वभावग्राहके निरपेक्षे केवलज्ञाने-केवलदर्शने चाऽनुसमयमुपयोगो भवति।। (१.३१)

[5] वारंवारेणोपयोगो भवतीति यावत्। एकस्मिन् समये केवलज्ञानोपयोगे वृत्ते ततोऽन्यस्मिन् केवलदर्शनोपयोग इति।। (१.३१)

[6] यद्यपि केचित् पण्डितम्मन्याः सूत्राण्यन्यथाकारमर्थमाचक्षते, तर्कबलानुविद्धबुद्धयो वारंवारेणोपयोगो नास्ति, तत् तु न प्रमाणयामः।

આગળ તેઓ આગમપ્રમાણ સિવાય અન્ય કોઈપણ યુક્તિ આપી શકતા નથી અને જણાવે છે કે -

न चाऽतीवाभिनिवेशोऽस्माकं युगपदुपयोगो मा भूदिति, वचनं न पश्यामस्तादृशम्, क्रमोपयोगार्थप्रतिपादने तु भूरि वचनमुपलभामहे, न चान्यथा जिनवचनं कर्तुं शक्यते सुविदुषाऽपीति। प्रकृतमनुस्रियते ।

આનાથી એટલું તો સ્પષ્ટ થાય છે કે *સુખલાલજી*ના મતે *શ્રીઉમાસ્વાતિજી* યુગપદ્વાદના સમર્થક છે. છતાં ટીકાકારે એનો ક્રમપરક અર્થ કર્યો છે તે સંગત થતો નથી. આ ઉપરાંત આવી જ એક વાત તત્ત્વાર્થસૂત્ર - ૧.૩૧ ના ભાષ્યગત अनुसमयं પદના ટિપ્પણમાં *શ્રીચિરન્તનાચાર્યજી* જણાવે છે કે -

इह ये केचिद् वदन्ति युगपदिति समकालमेकसमयेऽपि ज्ञान-दर्शने भगवतो भवतस्तद् भ्रान्तम्, कथमिति चेदुच्यतेऽमी एव उमास्वातिनः पञ्चमेऽध्याये योगोपयोगौ जीवेष्वादिमन्तौ भवतः इति (५.४४) वक्ष्यन्ति।।

અર્થ : જે કોઈપણ સર્વજ્ઞ ભગવંતને જ્ઞાન અને દર્શન સ્વરૂપ ઉપયોગ એકસાથે, એકકાળે માને છે. તેઓની આ માન્યતા ભ્રાન્ત છે, એવું શા માટે? તો કહે છે કે આગળ *ઉમાસ્વાતિ* ભગવંત જ પાંચમા અધ્યાયમાં કહેશે કે, યોગ અને ઉપયોગ જીવમાં આદિમાન્ હોય છે.

અહીં સૂક્ષ્મદૃષ્ટિએ વિચારીએ તો ચિરન્તનાચાર્યજી વડે આ પાઠ દ્વારા ક્રમોપયોગની સિદ્ધિનો જે પ્રયાસ કરાયો છે તે સંગત જણાતો નથી. કારણકે શ્રીચિરન્તનાચાર્ય ભગવંત વડે ઉદ્ધરિત કરાયેલ પાઠ તો માત્ર એટલું જ કહે છે કે કેવલજ્ઞાન અને કેવલદર્શન આ બંને ઉપયોગોની આદિ એટલે કે શરૂઆત થાય છે.

જો *તત્ત્વાર્થભાષ્ય*માં કોઈ એવો પાઠ હોય કે ૧૩મા ગુણસ્થાનકની પ્રાપ્તિ પછી પણ કેવલજ્ઞાન અને કેવલદર્શન આ બંને ઉપયોગો આદિમાન્ હોય છે, તો ક્રમપયોગની સિદ્ધિ થઈ શકે. પરંતુ એવો કોઈ પાઠ ત્યાં જણાવેલ નથી. તથા તેની ટીકામાં પણ આવો કોઈ પાઠ નથી. આથી ટિપ્પણનું આ કથન વિચારણીય જણાય છે.

*

આપણે ઉપર જોયું કે *શ્રીસિદ્ધસેનગણિજી* યુગપદ્ઉપયોગ-સમર્થક પાઠને પણ ક્રમોપયોગ-પરક ઘટાવે છે. પરંતુ વિચારણીય વાત તો એ છે કે આગળ તેઓ જ *તત્ત્વાર્થ૦* - ૬.૧૨ ની ટીકામાં કેવલીમાં ક્રમોપયોગ હોય તેવી માન્યતાને કેવલીનો અવર્ણવાદ કહે છે. જુઓ મૂળપાઠ - दिगम्बरत्वाद्विगतत्रपाः <u>क्रमोपयोगभाजः</u>,

समवसरणभूमावप्कायभूम्या-रम्भानुमोदिनः सर्वोपायनिपुणाप्यतिदुष्करदुरपचर-मार्गोपदेशिनः इत्याद्यवर्णोद्भासनम्।।

અર્થાત્ પૂર્વે *શ્રીસિદ્ધસેનગણિજીએ ભાષ્યગ*ત યુગપદુપયોગના સમર્થક પાઠનો ક્રમપરક અર્થ કરી અન્ય મતોનું ખંડન કર્યું અને આગળ તેઓ જ ક્રમોપયોગની માન્યતાને કેવલીનો અવર્ણવાદ કહે છે. આમ એક જ ગ્રંથકાર પોતાની ટીકામાં આગળ પાછળ ભિન્ન-ભિન્ન વાત કરે છે. તે સાચે જ આશ્ચર્યકારી છે!

આમ, તત્ત્વાર્થભાષ્યના એક પાઠના આધારે જે ચર્ચા-વિચારણા કરવામાં આવી છે, તેમાં તદ્વિષયજ્ઞ મુનિવરો પોતાનો અભિપ્રાય જણાવે તેવી નમ્ર વિનંતિ.

**✒ મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્રવિજયજી**

*

# 265. मनःपर्याय में दर्शन की अवधारणा

जैन दर्शन में प्रत्येक वस्तु सामान्य-विशेष उभयात्मक है। अतः यहाँ ज्ञान की प्रक्रिया में भी दोनों अंशों का पृथग् विश्लेषण किया है। छद्मस्थ जीवों को ज्ञान के पहले दर्शनोपयोग अनिवार्य माना गया है।[7] अन्य दर्शनों में वस्तुस्वरूप उभयात्मक न होने से उनमें सामान्योपयोग या विशेषोपयोग की चर्चा का कोई अवकाश नहीं है।

संज्ञी जीवों की मनपर्यायों को जानने वाले मनःपर्यवज्ञान के पहले कौन-सा दर्शनोपयोग होता है ?यह प्रश्न बहुत सारे ग्रंथों में चर्चा गया है। प्रस्तुत लेख में मनःपर्यवज्ञान के दर्शन-विषयक विविध मत तथा परस्पर खंडन-मंडन के तुलनात्मक अध्ययन का उपक्रम है।

---

[7] दर्शनपूर्वं ज्ञानमिति छद्मस्थोपयोगदशायां प्रसिद्धम्।। - *श्रीज्ञानबिंदु* में *श्रीसम्मति०* – २.२३ की टीका

## विविध मत

*श्रीनंदिसूत्र* में द्रव्यादि से मनःपर्यवज्ञान का निरूपण करते हुए ग्रंथकार भगवंत लिखते हैं –'तत्थ दव्वओ णं उज्जुमई ...जाणइ पासइ (सू.१८)। 'इस सूत्र में ग्रंथकार ने 'पासइ' पद से किस दर्शन का निर्देश किया है?' इस प्रश्न के बहुत अलग-अलग समाधान दिए गए हैं ,जो यहाँ संक्षेप में प्रस्तुत हैं -

१) बहुधा स्वीकृत मत अचक्षुदर्शन मानने का है। मनःपर्यवज्ञानी मुनि मनोवर्गणा के स्कंधों को मनःपर्यवज्ञान से प्रत्यक्ष जानते हैं, फिर अनुमान से बाह्य अर्थ को जानते हैं। इसलिए अनुमान में अचक्षुदर्शन-उपयोग होता है।

(२) दूसरा मत अवधिदर्शन मानने रूप है। यह मत प्रस्तुत करने वाले *श्रीसिद्धसेनदिवाकरसूरिजी* म. का तर्क है कि मनःपर्यवज्ञान अवधिज्ञान का ही भेद होने से मनःपर्यवज्ञानी मुनि अवधिदर्शन से मनोवर्गणा के स्कंधों को सामान्यतः देखकर फिर मनःपर्यवज्ञानरूप विशेषोपयोग से उनके आकारों को जानते हैं।

(३) मनःपर्यवज्ञान जब अवधिज्ञान सहित होता है, तभी उसमें दर्शन होता है, अन्यथा नहीं ऐसा तीसरा समाधान है। अतः इस मत अनुसार *श्रीनंदिसूत्र*कारक ने अवधिज्ञान सहित मनःपर्यवज्ञान के लिए 'जाणइ पासइ' लिखा है।

(४) चौथा समाधान इस प्रकार दिया जाता है कि मनःपर्यवज्ञान में कोई दर्शन नहीं होता लेकिन लोक में प्रत्यक्ष वस्तु को 'देखना' भी कहा जाता है इसलिए *श्रीनंदिसूत्र*कार ने 'पासइ' भी लिखा है।

(५) अंतिम और पांचवे समाधान में भी किसी दर्शन का स्वीकार नहीं किया जाता किन्तु यहाँ 'पासइ' पद का विश्लेषण अलग किया जाता है। यह समाधान इस प्रकार है कि क्षयोपशम की विचित्रता से एक ही ज्ञान में बहुत भेद हो सकते हैं। अतः उनमें जो विशेष हैं, उन्हें 'जाणइ' पद से तथा जो सामान्य हैं, उन्हें 'पासइ' पद से कहा गया है किंतु परमार्थतः सभी ज्ञान ही हैं, इनमें से कोई अनाकारोपयोग नहीं है।

## ग्रंथों में विविध मतों का उल्लेख तथा खंडन

१. *श्रीविशेषावश्यकभाष्य* में *श्रीजिनभद्रगणि क्षमाश्रमणजी* ने अचक्षुदर्शन का स्वीकार किया है।[8] तत्पश्चात् उन्होंने ही प्रश्न उठाया है कि मनःपर्यवज्ञान प्रत्यक्ष होने से उसमें दर्शन परोक्ष कैसे होगा?[9] इसके समाधान में वे कहते हैं कि यदि अचक्षुदर्शन का परोक्ष अर्थ स्वीकारा जाता है तो प्रत्यक्ष अर्थ तो अवश्य स्वीकारना ही चाहिए।[10] जैसे अन्य विषय में अवधिज्ञानी को भी चक्षु-अचक्षु दर्शन होते ही हैं , वैसे ही मनःपर्यवज्ञानी को अचक्षुदर्शन होता है।[11]

फिर अन्य मत के रूप में उन्होंने तीन मतों को[12] प्रस्तुत किया हैं (उपर्युक्त २,३,४ मत)। इनमें से दूसरे और चौथे मत का खंडन भी किया है।

अवधिदर्शन वाले मत के खंडन के लिए निम्निलिखित तर्क दिए हैं -

१. सूत्र में कहीं भी मनःपर्यवज्ञानी को अवधिदर्शन नहीं कहा गया है।[13]

---

[8] सो य इराऽचक्खुदंसणेण पासति जधा सुतण्णाणी। स च किलाऽचक्षुर्दर्शनतः पश्यति श्रुतज्ञानितत्।। - *वि.भा.* - ८११ पूर्वार्ध और स्वोपज्ञवृत्ति

[9] जुत्तं सुते परोक्खे पच्चक्खे ण तु मणोणाणे। आह - श्रुतविषयस्य परोक्षत्वा-दचक्षुर्दर्शनालम्बनता युक्ता, न तु मनःपर्यायविषयस्य, प्रत्यक्षत्वात्।। *वि.भा.* - ८११ उत्तरार्ध और स्वोपज्ञ वृत्ति)

[10] जति जुज्जते परोक्खे पच्चक्खे णणु विसेसतो घडति। यद्यचक्षुर्दर्शनस्य परोक्षो विषयोऽभ्युपगम्यते, प्रत्यक्षे सुतरामनुमन्तव्यस्तदनुग्राहकत्वात्।। - *वि.भा.* - ८१२ पूर्वार्ध और स्वोपज्ञ वृत्ति

[11] अन्यविषयत्वाद् अवधिज्ञानिनश्चक्षुर्दर्शनाचक्षुर्दर्शनवत्।। *वि.भा.* - ८१२ स्वोपज्ञ वृत्ति

[12] देखें *वि.भा.* - ८१३, ८१६, ८१७ तथा स्वोपज्ञ वृत्ति

[13] ण य तस्स तं सुते भणितं। न च तस्य सूत्रेऽवधिदर्शनमुक्तम्।। *वि.भा.* - ८१३ द्वितीय पद और स्वोपज्ञ वृत्ति

२. यदि कोई ऐसा कहे कि विभंगज्ञान में जैसे अवधिदर्शन ही होता है ,वैसे ही मनःपर्यवज्ञान में भी 'मनःपर्यवदर्शन' ऐसी पृथक् संज्ञा न देकर उसकी अवधिदर्शन ही संज्ञा है तो इसका उत्तर है कि ऐसा भी सूत्र में नहीं कहा गया है तथा अवधिज्ञान रहित मनःपर्यवज्ञानी को *श्रीभगवतीसूत्र* में दो ही दर्शन कहे गए हैं।[14] अतः उसे अवधिदर्शन मानना योग्य नहीं है।

'मनःपर्यवज्ञान साकार होने से उसमें दर्शन नहीं होता किंतु प्रत्यक्ष होने से दर्शन भी कहा जाता है' ऐसे चौथे मत के खंडन में यह तर्क है कि 'न दर्शनं और दृश्यते चाऽनेन' ऐसा मत विरुद्ध है क्योंकि ये दो बातें एक-दूसरे से विरोधी हैं अथवा दोनों धर्मों का अन्वय असंभव होने से यह मत अकिंचित्कर है।[15]

(२) मनःपर्यवज्ञान के पहले अवधिदर्शन की मान्यता *श्रीसिद्धसेनदिवाकरसूरिजी* म .की है। उनका कहना है कि मनःपर्यवज्ञान अवधिज्ञान का ही एक भेद है।[16] इस मान्यता के पीछे उनके निम्नलिखित तर्क हैं -

---

14 अहवा मणपज्जवदंसणस्स मयमोहिदंसणं सण्णा। विब्भंगदंसणस्स व णणु भणियमियं सुआईतं। जेण मणोणाणविओ दो तिण्णि व दंसणाइं भणिआइं। - *वि.भा.* - ८१४ एवं ८१५ पूर्वार्ध। अथवाऽभिप्रायो मनःपर्यायदर्शनस्यैवाऽवधिदर्शनमिति संज्ञा विभङ्गदर्शनस्येव... तच्च न यतोऽभिहितं सूत्रातीतमिदमिति। भगवत्यामाशीविषोद्देशके यो मनःपर्यायविदवधिमांस्तस्य त्रयम्, अन्यस्य द्वयम् - *स्वोपज्ञ वृत्ति*

15 अन्ये त्वाहुः - साकारोपयोगान्तःपातित्वान्न तद्दर्शनम्, दृश्यते चाऽनेन प्रत्यक्षत्वादवधिवदिति। एतदपि - न दर्शनं, दृश्यते चाऽनेन - विरुद्धमुभयधर्मान्वयाभावाद्वा न किञ्चिदिति।। - *वि.भा.* - ८१७ *स्वोपज्ञ वृत्ति*

16 बाह्यार्थाकारानुमापकमनोद्रव्याकारग्राहकं ज्ञानमवधिविशेष एव।। - *श्रीज्ञानबिंदुप्रकरण* - मनःपर्यवज्ञानचर्चायाम् (*श्रीसिद्धसेनदिवाकरसूरिजी* म. के सभी मत ज्ञानबिंदु के आधार पर लिखे हैं )

१. मनःपर्यवज्ञान को ज्ञान का स्वतंत्र भेद मानने पर मनःपर्यवज्ञान जैसा कोई दर्शन न होने से 'पासइ' का अर्थ लक्षणा से अचक्षुदर्शन करना पडता है जबकि उसे अवधिज्ञान का ही भेद मानने पर 'पासइ' का अर्थ सीधे ही अवधिदर्शन हो जाएग। अतः लक्षणा स्वीकारने का दोष नहीं होगा।[17]

२. मनःपर्यवज्ञान रूप नए धर्मी की कल्पना करने की अपेक्षा से अवधिज्ञान रूप प्रसिद्ध धर्मी में ही मनःपर्यवज्ञान रूप धर्म की कल्पना करने में लाघव है।

३. यदि कौई ऐसी शंका करे कि 'णाणं पंचविहं पन्नत्तं' इत्यादि सूत्रों में ज्ञान के पांच प्रकार क्यों बताए हैं ?तो इसका समाधान देते हुए कहते हैं कि सूत्र में मतित्व आदि धर्म के भेदों की अपेक्षा से पांच भेद कहे हैं किंतु धर्मी के भेद नहीं कहे हैं।[18]

४. यदि आप संज्ञी पंचेन्द्रिय जीवों के मन की पर्याय विषयक स्वतंत्र मनःपर्यवज्ञान मानना चाहते हैं तो आपको बेइन्द्रियादि जीवों के सूक्ष्म अन्तर्जल्प आदि विषयक भी स्वतंत्र मनःपर्यवज्ञान मानने की आपत्ति होगी अर्थात् बेइन्द्रिय आदि जीव भी इष्ट-अनिष्ट प्रवृत्ति सोच-विचारकर करते हैं। इसमें भी मनोवर्गणा के स्कंध परिणत होते हैं। इनके विषय में भी आपको स्वतंत्र मनःपर्यवज्ञान मानना पडेगा क्योंकि इनसे परिणत द्रव्य भी भिन्न विषय हो गया ,अतः उसे जानने वाला ज्ञान भी भिन्न होना चाहिए।[19]

---

[17] 'पश्यति' इत्यत्र दृशेरवधिदर्शनविषयत्वेनैव उपपतौ लक्षणाकल्पनगौरवमपि परिहृतम्।। - वही

[18] सूत्रे भेदाभिधानं च धर्मभेदाभिप्रायम्।। - वही

[19] यदि च सङ्कल्पविकल्पपरिणतद्रव्यमात्रग्राह्यभेदात् तद्ग्राहकं ज्ञानमतिरिक्त-मिति अत्र निर्बन्धः तदा द्वीन्द्रियादीनामपि सूक्ष्मसङ्कल्पजननपरिणतद्रव्यविषयमपि मनः-पर्यायज्ञानमभ्युपगन्तव्यं स्यात्... न च तेन द्वीन्द्रियादीनां समनस्कतापत्तिः ,कपर्दिकासत्तया धनित्वस्येव... सूक्ष्मेण मनसा समनस्कत्वस्य आपादयितुमशक्यत्वात्।। - वही

५. यदि कोई कहे कि ऐसा होने पर ज्ञान के ५ प्रकार नहीं होने से हमें उत्सूत्रभाषण की आपत्ति है तो उसका समाधान यह है कि जैसे सूत्र में दर्शाई गई चार प्रकार की भाषा का निश्चय से दो प्रकार में अन्तर्भाव हो जाता है वैसे ही सूत्र में व्यवहार से बताए गए पांच ज्ञान का निश्चय से तीन ज्ञान में (मति-श्रुत, अवधि-मनःपर्यव और केवल) समावेश होने से उत्सूत्र की आपत्ति नहीं है, यहाँ मात्र नय का विवेक करना है।[20]

(३) *श्रीजिनदासगणि महत्तरजी* ने अपनी *नन्दिचूर्णि* में उपर्युक्त पाँच में से प्रथम[21] और अंतिम मत[22] का उल्लेख किया है।

(४) *श्रीहरिभद्रसूरिजी* ने *आवश्यकवृत्ति* में तृतीय[23] और चतुर्थ[24] मत का स्वीकार किया है तथा *नंदिवृत्ति* में प्रथम[25] और अंतिम[26] मत का उल्लेख किया है।

---

[20] न चैवं ज्ञानस्य पञ्चविधत्वविभागोच्छेदात् उत्सूत्रापत्तिः, व्यवहारतश्चतुर्विधत्वेन उक्ताया अपि भाषाया निश्चयतो द्वैविध्याभिधानवन्नयविवेकेन उत्सूत्राभावादिति दिक्।। - वही

[21] सण्णिणा मणत्तेण मणिते मणोखंधे... पच्चक्खं पेक्खमाणो जाणति त्ति भणितं, मुणितमत्थं पुण पच्चक्खं ण पेक्खति... तं अणुमाणतो पेक्खति त्ति अतो पासणता भणिता।। - *श्रीनंदिचूर्णि* - १८

[22] छउमत्थस्स एगविहखयोवसमलंभे वि विविधोपयोगसंभवो भवति... अतो विसेससामण्णत्थेसु उवउज्जतो जाणति पासइ त्ति भणितं ण दोसो।। - वही

[23] अवधिज्ञानसम्पन्नमनःपर्यायज्ञानिनमधिकृत्यैवं, अन्यथा जानात्येव न पश्यति।। - *आव.नि.* - ७६ - *हारिभद्रीय* वृत्ति

[24] यतः साकारं तदतो ज्ञानं यतश्च पश्यति तेन अतो दर्शनमिति।। - वही

[25] साक्षात्कारेण विशेषभूयिष्ठपरिच्छेदाज्जानीत इत्युच्यते। तदालोचितं पुनरर्थं घटादिलक्षणमध्यक्षतो न जानाति किन्तु तत्परिणामान्यथाऽनुपपत्त्याऽनुमानतः पश्यतीत्युच्यते।। - *श्रीनंदिसूत्र* - ३२ *हारिभद्रीय* वृत्ति

[26] एकविधक्षयोपशमलब्धौ विविधोपयोगसम्भवाद् विशेषसामान्यापेक्षया जानाति पश्यति चेत्यदुष्टम्।। - वही

(५) *मलधारी श्रीहेमचंद्रसूरिजी* म. ने *विशेषावश्यकभाष्य* की वृत्ति में *श्रीजिनभद्रगणि क्षमाश्रमण* के कदमों पर चलते हुए उनके मतों और युक्तियों को स्पष्ट किया है। अवधिदर्शन मानने वाले द्वितीय मत के खंडन में इन्होंने एक युक्ति *श्रीजिनभद्रगणिजी* से अधिक दी है कि मनःपर्यवज्ञान अवधिज्ञान सहित ही होता है, ऐसा नियम नहीं है। आगम में अवधिज्ञान के बिना भी मनःपर्यवज्ञान का प्रतिपादन किया गया है।[27] अतः मनःपर्यवज्ञानी को अवधिदर्शन नहीं मान सकते।

(६) *श्रीमलयगिरिजी* म. ने *आवश्यकविवरण*[28] में किसी दर्शन का स्वीकार नहीं किया है तथा किसी मत का उल्लेख नहीं किया है। *श्रीनंदिवृत्ति* में उन्होंने प्रथम[29] और अंतिम मत[30] का उल्लेख कर अंत में कोई दर्शन नहीं स्वीकारा है।[31]

(७) उपाध्याय श्रीयशोविजयजी म. ने ज्ञानबिंदु में प्रथम, द्वितीय और अंतिम मत का उल्लेख किया है किंतु इनमें से प्रथम और अंतिम मत को पूर्वाचार्य-मत रूप में तथा द्वितीय मत को नव्य मत[32] रूप में स्थापित किया है।

---

[27] न हि मनःपर्यवज्ञानिनोऽवधिज्ञानदर्शनाभ्यामवश्यमेव भवितव्यम् ,अवधि-मन्तरेणाऽपि मतिश्रुतमनःपर्यायलक्षणज्ञानत्रयस्याऽऽगमे प्रतिपादितत्वात्।। - *वि.भा.* - ८१७ - *मलधारीय वृत्ति*

[28] मनःपर्यायज्ञानमेव भवति, नतु मनःपर्यायदर्शनमिति।। *आव.नि.* - ७६ – *मलयगिरीय* वृत्ति

[29] मनस्त्वेन परिणामितान् पुद्गलान्... जानाति साक्षात्कारेणाऽवगच्छति, पासइत्ति बाह्यमर्थं... अनुमानतः... तमधिकृत्य पश्यतीत्युच्यते।। *श्रीनंदिसूत्र* - *१८ मलयगिरीय* वृत्ति

[30] एकरूपेऽपि क्षयोपशमलम्भे... विविधोपयोगसम्भवो भवति, तदेवं विशिष्टतरमनोद्रव्याकारपरिच्छेदापेक्षया सामान्यरूपमनोद्रव्याकारपरिच्छेदो व्यवहारतो दर्शनरूप उक्तः।। - वही

[31] परमार्थतः पुनः सोऽपि ज्ञानमेव.... मनःपर्यायदर्शनस्य परमार्थतो-ऽसम्भवादिति।। - वही

[32] *श्रीसिद्धसेनदिवाकरसूरिजी* म. के मत को दर्शाते हुए नव्यास्तु लिखा है, अतः अर्थापत्ति से बाकी के मत को पूर्वाचार्यों के मत कहना चाहते हैं, ऐसा समझ सकते हैं।

## विविध मतों की समीक्षा

(१) प्रथम अचक्षुदर्शन वाले मत अनुसार बोध का क्रम इस प्रकार होगा → मनःपर्यवज्ञान → अचक्षुदर्शन → अनुमान। यहाँ मनःपर्यवज्ञान से मनोवर्गणा के स्कंध का प्रत्यक्ष होता है एवं अचक्षुदर्शन से बाह्य अर्थ के अनुमान का सामान्य बोध होता है। अतः इस मत में दो आपत्ति हैं।

१. ज्ञान और दर्शन दोनों का विषय भिन्न है जबकि सामान्यतः अवधिज्ञान आदि में दर्शन के बाद समानविषयक ही ज्ञान होता है।

२. छद्मस्थ जीव के लिए ज्ञान के पहले दर्शन अनिवार्य माना गया है। अतः यहाँ मनःपर्यवज्ञान के पहले कौन-सा दर्शन होगा ,यह मूल प्रश्न तो बाकी ही है।

(२) अवधिदर्शन वाले मत को सिद्ध करने के लिए *श्रीसिद्धसेनदिवाकरसूरिजी* द्वारा दिए गए तर्क बराबर लगते हैं किंतु इस मत में एक ही आपत्ति है। *श्रीजिनभद्रगणि क्षमाश्रमणजी* द्वारा *विशेषावश्यकभाष्य* की स्वोपज्ञ वृत्ति में दिए गए *श्रीभगवतीसूत्र* के साक्षी पाठ का इस मत से अपलाप होता है। क्योंकि इस मत अनुसार अवधिज्ञान रहित मनःपर्यवज्ञानी को तीन दर्शन )चक्षु-अचक्षु-अवधिदर्शन( सिद्ध होंगे जबकि *श्रीभगवतीसूत्र* में दो ही दर्शन कहे गए हैं।

(३) तीसरे, चौथे और पांचवें मत में कोई भी दर्शन नहीं स्वीकारा गया है इसलिए ये समाधान ठीक नहीं लगते क्योंकि छद्मस्थ जीव में बोध की प्रक्रिया ही ऐसी है कि जीवों को पहले सामान्यतः बोध होता है, फिर वही बोध बढते-बढते विशेष बनता है। अतः दर्शन स्वीकारना आवश्यक है।

## ग्रंथकारों के मतों का तुलनात्मक अध्ययन

अब उपर्युक्त ग्रंथकारों ने विविध मतों का उल्लेख किया है तथा परस्पर खंडन किया है, उनकी तुलना क्रमशः प्रस्तुत है -

(१) *श्रीजिनभद्रगणि क्षणाश्रमणजी* ने अचक्षुदर्शन का स्वीकार किया है इसलिए अचक्षुदर्शन मानने पर होने वाली उपर्युक्त आपत्तियाँ उन्हें भी होंगी। अन्य मत रूप में उनके द्वारा किए गए द्वितीय, तृतीय और चतुर्थ मत के उल्लेख से पता

चलता है कि उनके समय में प्रचलित अन्य मतों का संकलन और उनकी समालोचना करने का प्रयास भी उन्होंने किया है।

अवधिदर्शन के खंडन में उन्होंने जो पहला तर्क दिया है, वह ठीक नहीं लगता क्योंकि *श्रीसिद्धसेनदिवाकरसूरिजी* ने मनःपर्यवज्ञान को अवधिज्ञान का ही भेद कहा है, अतः सूत्र में अलग से मनःपर्यवज्ञानी के लिए अवधिदर्शन कहने की आवश्यकता ही नहीं रही। दूसरे तर्क में उन्होंने *श्रीभगवतीसूत्र* के आशीविषोद्देशकका साक्षीपाठ दिया है, जिसमें अवधिज्ञान रहित मनःपर्यवज्ञानी को दो ही दर्शन कहे गए हैं। अवधिदर्शन के खंडन के लिए यह साक्षीपाठ की पर्याप्त है ।

यद्यपि *श्रीजिनभद्रगणि* ने लिखा है, वैसा 'अवधिरहित और अवधिसहित मनःपर्यवज्ञानी' जैसा कोई भेद *श्रीभगवती* में नहीं है किंतु दर्शनमार्गणा में अवधिदर्शनी को मति-श्रुत-अवधिज्ञान अथवा मति-श्रुत-अवधि-मनःपर्यवज्ञान कहा है। इससे यही फलित होता है कि अवधिदर्शनी जीव को अवधिज्ञान रहित मनःपर्यवज्ञान नहीं होता है।

(२) अवधिदर्शन स्वीकारने वाले *श्रीसिद्धसेनदिवाकरसूरिजी* को पूर्व में कही हुई एकमात्र आपत्ति है। उन्होंने 'णाणं पंचविहं पन्नत्तं' इत्यादि सूत्रों की संगति करने का प्रयास किया है, जिससे आगमों के प्रति उनकी निष्ठा उजागर होती हैं।

(३) *श्रीजिनदासगणि महत्तरजी* ने स्वयं की गुरुपरंपरा से प्राप्त समाधान दिए हैं अथवा खुद की विचारणा से दिए हैं, इस बात का निर्णय करना कठिन हैं । उन्होंने स्पष्ट रूप से अचक्षुदर्शन नहीं लिखा है किन्तु 'जाणइ-पासइ' पद के विवेचन से यह समजना सुगम है कि वे अचक्षुदर्शन स्वीकारना चाहते हैं।[33]

---

[33] देखें इसी लेख की टिप्पणी क्र. १५।

(४) *श्रीहरिभद्रसूरिजी* म. ने *श्रीनंदिवृत्ति श्रीनंदिचूर्णि* के आधार पर रची है। अतः *श्रीनंदिवृत्ति* में उन्होंने *चूर्णि* का अनुकरण करते हुए प्रथम और अंतिम मत का उल्लेख किया है। *श्रीआवश्यकवृत्ति* में उन्होंने गुरुपरंपरा से प्राप्त तृतीय और चतुर्थ समाधान दिए लगते हैं क्योंकि उनके पूर्ववर्ती *श्रीविशेषावश्यकभाष्य* में इन दोनों का अन्य मत रूप में उल्लेख है। अतः *श्रीविशेषावश्यकभाष्य* की रचनाकाल में ये दोनों मत कुछ आचार्य भगवंतों में प्रसिद्ध होंगे, जो परंपरा से *श्रीहरिभद्रसूरिजी* को मिले होंगे।

(५) *मलधारी श्रीहेमचंद्रसूरिजी* म. ने *श्रीविशेषावश्यकभाष्य* की वृत्ति में *श्रीजिनभद्रगणिजी* के मतों को ही अधिक स्पष्ट किया है। किंतु अवधिदर्शन के खंडन में इन्होंने *श्रीजिनभद्रगणिजी* से अधिक युक्ति दी है, वह ठीक नही है। इन्होंने युक्ति दी है कि मनःपर्यवज्ञान हमेशा अवधिज्ञान सहित ही होता है, ऐसा नियम नहीं है अर्थात् इन्होंने 'मनःपर्यवज्ञान हमेशा अवधिज्ञान सहित ही होता है' ऐसा मानकर अवधिदर्शन का खंडन किया है जबकि *श्रीसिद्धसेनदिवाकरसूरिजी* म. तो ऐसा कहते ही नहीं है कि मनःपर्यवज्ञान अवधिसहित ही होता है। उनका कहना तो यह है कि मनःपर्यवज्ञान अवधिज्ञान का ही एक भेद है। तथा इन्होंने भी अपनी टीका में श्रीभगवती के आशीविषोद्देशक का सूचन किया है।

(६) *श्रीमलयगिरिजी* म. का मत मनःपर्यवज्ञान में कोई भी दर्शन नहीं स्वीकारने रूप है, यह बात उनकी *श्रीआवश्यक* और *श्रीनंदि*, दोनों वृत्तियों से स्पष्ट रूप से फलित होती है। *श्रीनंदिसूत्र* की टीका उन्होंने भी *श्रीनंदिचूर्णि* के आधार पर रची है इसलिए उसमें *चूर्णि* का अनुकरण करके प्रथम और अंतिम मत का उल्लेख कर दिया है तथा प्रमाणरूप में चूर्णि का पाठ भी दिया है किंतु अंत में पुनः 'मनःपर्यायदर्शनस्य परमार्थतोऽसम्भवाद्' कहकर अपना मत स्पष्ट कर दिया है।[34]

---

[34] देखें *वि.भा.* - ८१९ की *मलधारीय – श्रीहेमचंद्रसूरि*-कृत वृत्ति।

(७) उपाध्याय *श्रीयशोविजयजी* ने प्राचीन मत और नव्य मत दोनों को मध्यस्थता से उल्लिखित किया है किंतु उनका झुकाव किस ओर है, यह स्पष्ट नहीं किया है। प्राचीन मत दर्शाते समय उन्होंने 'अङ्गीक्रियते, व्याचक्षते' जैसे पदों का प्रयोग किया है तो दूसरी ओर 'नव्यास्तु' पद से नव्य मत की शुरुआत की है।

**आधुनिक मत**

आधुनिक विद्वानों में से *एच.यु.पंड्या*[35] ने 'जाणइ-पासइ' पद को सामान्य और विशेष दोनों अर्थ में स्वीकारा है। ऊपर की गई चर्चा में उपयोगी होने से उनके लेख के अंतिम परिच्छेदों को यहाँ शब्दशः उद्धृत करतै हैं –

'इन समस्त तथ्यों के आधार पर यह स्वीकार करना होगा कि भारत में जैन आगमिक काल में जानाति और पश्यति शब्द एक ओर सामान्य अर्थ में प्रयुक्त होते थे तथा दूसरी ओर वे एक-दूसरे से भिन्न अर्थ के वाचक भी थे।

जैन आगमिक 'जाणइ पासइ' शब्दयुग्म सामान्य अर्थ में प्रयुक्त हुआ है। अतः वहाँ जाणइ का संबंध ज्ञान से एवं पासइ का संबंध दर्शन से जोडना युक्तिसंगत नहीं है।...

जहाँ ये दोनों शब्द भिन्न अर्थ के वाचक हैं, वहाँ दर्शन की कक्षा ज्ञान से ऊँची रही है। फलतः ज्ञान के पश्चात् ही दर्शन का क्रम रखा जा सकता है।...'

मुनि *श्रीत्रैलोक्यमंडनविजयजी* भी अवधिदर्शन स्वीकारते हैं।[36]

*एच.यु.पंड्या* दर्शन की कक्षा ज्ञान से ऊँची मानते हैं किंतु जैन दर्शन में कहीं भी ऐसा नहीं माना गया है। हमारे यहाँ दर्शन को अनाकार उपयोग रूप में ही कहा गया है। यहाँ एक प्रश्न पुनः हो सकता है कि यदि दर्शन की कक्षा ज्ञान से ऊँची नहीं

---

[35] देखें *सम्बोधि* xvii - पृ. ८ पर 'जाणइ पासइ' लेख।

[36] देखें *अनुसन्धान* - ५६ 'दर्शन विशे विचारणा' लेख, पृष्ठ – १७१।

है तो नंदिसूत्र में जाणइ के बाद पासइ क्यों लिखा है ?इस प्रश्न का समाधान दो तरह से दिया जाता है -

१. दर्शन की अपेक्षा से ज्ञान प्रधान है इसलिए ज्ञान की प्रधानता दिखाने के लिए पहले जाणइ पद है।

२. सभी लब्धि साकारोपयोग वाले जीव को प्रगट होती हैं और अवधिज्ञान आदि लब्धि हैं, अतः वह साकारोपयोगी जीव को प्रगट होने से पहले जाणइ पद लिखा है।

**निष्कर्ष**

मनःपर्यवज्ञान के पूर्व में कौन-सा दर्शन होता है, इस विषय में अनेक मतों का तुलनात्मक अध्ययन करने पर *श्रीसिद्धसेनदिवाकरसूरिजी* म. का अवधिदर्शन वाला मत ही ठीक लगता है। इस मत में एकमात्र आपत्ति *श्रीभगवती* का आशीविषोद्देशक संबंधी पाठ है।

**मुनि श्रीगोयमचन्द्र-निर्ग्रन्थचन्द्रविजयजी**

*

# *ચરણકરણાનુયોગ*

## 266. શરીરના સંઘયણબળ અને મનના ધૃતિબળની ચતુર્ભંગી

આપણને ઘણીવાર પ્રશ્ન થાય કે ધર્મારાધનામાં બળ ફોરવવામાં શું વધુ ખપ લાગતું હશે – શરીરનું સંઘયણબળ કે મનનું ધૃતિબળ? સંઘયણબળ મુખ્યત્વે નામકર્મ અંતર્ગત સંઘયણનામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે, જેમાં વીર્યાંતરાયકર્મનો ક્ષયોપશમ વગેરે પણ ખપ લાગે છે. જ્યારે સંયમમાં માનસિક ધૃતિ અરતિમોહનીયના ક્ષયોપશમથી સંપ્રાપ્ત થાય છે. આ ધૃતિ પર સંઘયણનો પણ ઘણો મોટો પ્રભાવ પડે છે. આ વાતની સ્પષ્ટતા *શ્રીનિશીથભાષ્ય* – ગાથા – ૮૫ માં મળે છે –

नामुदया संघयणं धिती तु मोहस्स उवसमा होति।
तहवि सति संघयणे जा होइ धिती न सा हीणे।।

હવે આપણો જે મૂળ પ્રશ્ન હતો તેનું સમાધાન પણ ત્યાં (ગાથા – ૭૭ -૮૭) બહુ વિસ્તારથી અપાયું છે. તે જોઈએ તો –

ત્રણ પ્રકારના પુરુષ હોય છે – ૧. ઉત્કૃષ્ટ ૨. મધ્યમ ૩. જઘન્ય. જેઓ સંઘયણબળ અને ધૃતિબળ બંનેથી સંપન્ન હોય તેઓ ઉત્કૃષ્ટ કહેવાય છે, સંઘયણબળ કે ધૃતિબળ બેમાંથી એક ન હોય તેઓ મધ્યમકક્ષામાં આવે છે, અને સંઘયણબળ ને ધૃતિબળ બંનેથી રહિત જઘન્યકોટિમાં ગણાય છે. આ પુરુષો અંગે કેટલીક માહિતી મેળવતાં પહેલાં અમુક શબ્દોના અર્થ સમજી લેવા જરૂરી છે –

પ્રકલ્પસ્થિત – સ્થવિરકલ્પી મહાત્માઓ.

કલ્પસ્થિત – જિનકલ્પ વગેરેને ધારણ કરનાર.

પરિણત – ૧૬ વર્ષથી વધુ ઉંમરવાળા ગીતાર્થ મહાત્માઓ.

અપરિણત – ૧૬ વર્ષથી નાની ઉંમરવાળા અથવા અગીતાર્થ મહાત્માઓ.

કૃતયોગી – ઉપવાસાદિ વિશેષ તપ કરવામાં ઉદ્યમવંત.

અકૃતયોગી – જેણે વિશેષ તપ કરવામાં હજુ ઉદ્યમ કર્યો નથી તે.

તરમાણ – જે તપકર્મ કે આરાધના શરુ કરે તે અવશ્ય પૂરી કરે જ તેવું સામર્થ્ય ધરાવનાર.

અતરમાણ – તેવું દૃઢ સામર્થ્ય જેમની પાસે નથી તે મહાત્માઓ.

સંઘયણબળ અને ધૃતિબળ બંનેથી સંપન્ન એવા ઉત્કૃષ્ટ પુરુષો નિયમા તરમાણ જ હોય છે. કેમકે આ બે બળને લીધે તેઓ જે આરાધનાનો પ્રારંભ કરે તે અવશ્ય પૂરી કરે છે. આવા પુરુષો કલ્પસ્થિત અને પ્રકલ્પસ્થિત બંને પ્રકારના હોઈ શકે છે. એમાં જે કલ્પસ્થિત હોય તે અવશ્ય પરિણત અને કૃતયોગી જ હોય છે, કેમકે એ સિવાય તો જિનકલ્પ વગેરેનો સ્વીકાર જ નથી થઈ શકતો. પરંતુ પ્રકલ્પસ્થિત એટલે કે સ્થવિરકલ્પમાં સ્થિત ઉત્કૃષ્ટ પુરુષો

પરિણત કે અપરિણત, કૃતયોગી કે અકૃતયોગી બંને હોઈ શકે. કેમકે સ્થવિરકલ્પી મહાત્માઓ ૧૬ વર્ષથી નાની કે મોટી ઉંમરવાળા, ગીતાર્થ કે અગીતાર્થ, વિશેષ તપ કરવામાં ઉદ્યમવંત કે અનુદ્યમી હોઈ શકે છે.

હવે જે મધ્યમકક્ષાના પુરુષો છે તે સંઘયણબળથી રહિત અને ધૃતિબળથી રહિત એમ બે પ્રકારના હોઈ શકે છે. એ તો નક્કી જ છે કે આ બંને પ્રકારના મધ્યમ પુરુષો પ્રકલ્પસ્થિત જ હોવાના. કેમકે બંને બળ ન હોય તે જિનકલ્પી વગેરે થઈ જ નથી શકતા. વળી, પ્રકલ્પસ્થિત હોવાથી તેઓ પરિણત, અપરિણત, કૃતયોગી, અકૃતયોગી – એમ ચારે પ્રકારના હોઈ શકે છે. પ્રશ્ન એ છે કે તેઓ તરમાણ હોય છે કે અતરમાણ? આનો જવાબ એમ અપાયો છે કે જે પુરુષ સંઘયણબળવાળો છે, પણ ધૃતિબળથી રહિત છે, તે કંઈક અંશે તરમાણ હોઈ શકે છે, કેમકે સંઘયણબળ હોવાને લીધે તેનું શરીર થોડા થોડામાં થાકી નથી જતું. એટલે ધૃતિબળ ન હોવા છતાં પણ તે સ્વીકારેલી તપ-આરાધનાને પ્રાયઃ પૂરી કરી દે છે. એ જ રીતે જે પુરુષ ધૃતિબળવાળો છે, પણ સંઘયણબળથી રહિત છે, તે પણ કંઈક અંશે તરમાણ હોઈ શકે છે. કેમકે સંઘયણબળથી રહિત હોવાને લીધે શરીર થાકે તો પણ મક્કમ મનોબળને લીધે તે પણ સ્વીકારેલી તપ-આરાધનાને પ્રાયઃ પૂરી કરી દે છે. કેટલાક આચાર્યોના મતે તો આવા પ્રકારનો મધ્યમ પુરુષ ઉત્કૃષ્ટ પુરુષની માફક અવશ્ય તરમાણ જ ગણાય છે. એ આચાર્યો આના કારણમાં એમ સમજાવે છે કે તપનું મૂળ તો સંઘયણબળ નથી, ધૃતિબળ જ છે. આદરેલું તપ પૂરું થશે કે નહીં તે શરીર કરતાં મન પર વધુ આધાર રાખે છે.

હવે જઘન્યકોટિમાં સમાવિષ્ટ થતા પુરુષો સ્વાભાવિક રીતે પ્રકલ્પસ્થિત જ હોવાના. અને એ કારણથી પરિણત, અપરિણત, કૃતયોગી કે અકૃતયોગી બધા જ પ્રકારના હોઈ શકે. આવા જીવો પાસે સંઘયણબળ અને ધૃતિબળ બંને નથી હોતાં. એટલે સ્વાભાવિક રીતે એમ માનવાનું મન થાય કે તેઓ તો સર્વથા અતરમાણ જ હોતા હશે. પણ શાસ્ત્રકાર ભગવંત ફરમાવે છે કે આવા પુરુષો પણ રાત્રિભોજનવિરમણવ્રત વગેરેના પાલનરૂપ આરાધના અને પોરસી વગેરે તપ તો કરી જ શકતા હોય છે, એટલે એમને સર્વથા અતરમાણ તો ન જ કહેવાય.

પુરુષોના આ ત્રણે પ્રકારને લગતી તમામ હકીકતોને સમાવી લેતો કોઠો નીચે આપ્યો છે. નપુંસકોમાં પણ આ જ સર્વ વિગતો લાગુ પડે છે. અને સ્ત્રીમાં પણ જિનકલ્પ વગેરેનો




સ્વીકાર નથી હોતો એટલે તે કલ્પસ્થિત નથી હોતી. એ સિવાય તો બધી હકીકતો સરખી જ સમજવાની છે.

✒ त्रै.

# *ગણિતાનુયોગ*

## 267. સમવસરણસ્તવ અંતર્ગત કેટલાંક માપ વિશે વિચારણા

તપગચ્છપતિ *શ્રીધર્મઘોષસૂરિજી* ભગવંત વિરચિત એક નાની પણ માહિતીપ્રદ કૃતિ છે – *સમવસરણસ્તવ*. આ કૃતિમાં સમવસરણ અંગે વિવિધ પ્રકારનાં વર્ણનોમાં સમવસરણનાં અમુક અંગોનાં માપ પણ દર્શાવ્યાં છે. આ માપ વિશે થોડીક ચર્ચા આવશ્યક જણાય છે.

સમવસરણ વૃત્ત અને ચતુરસ્ર – એમ બે પ્રકારનાં હોઈ શકે છે એ જાણીતી વાત છે. તેમાંથી પહેલા વૃત્ત સમવસરણનાં અંગોનાં માપ વિશે આ કૃતિની ગાથા – ૫ ની વૃત્તિમાં આમ જણાવાયું છે –

अत्र समवसरणं द्विधा स्याद् – वृत्तं चतुरस्रं वा। तत्र वृत्ते समवसरणे वप्रत्रयभित्तयः प्रत्येकं त्रयस्त्रिंशद् धनुर्द्वात्रिंशदङ्गुलपृथुला भवन्ति। तथा त्रयाणामपि वप्राणामन्तराणि उभयपार्श्वान्तरमिलनेन एकक्रोश-षट्शतधनुःप्रमाणानि भवन्ति। अत्र च चतुर्विंशत्याऽङ्गुलैर्हस्तो ज्ञेयः, चतुर्भिर्हस्तैर्धनुः, धनुःसहस्रद्वयेन क्रोशः, क्रोशैश्चतुर्भिस्तु योजनम्। तथा बहिर्वर्तीनि सोपानानि दशसहस्रमितानि योजनमध्ये न गण्यन्ते। ततः प्रथमवप्रादग्रे पञ्चाशद्धनुः प्रतरः। ततोऽग्रे पञ्चसहस्रसोपानानि। तेषां च हस्तमानत्वाच्चतुर्भिर्भागे लब्धानि पञ्चाशदधिकानि द्वादशशतानि धनूंषि। ततो द्वितीयवप्रात् पञ्चाशद्धनुः प्रतरः। ततः पुनः पञ्चसहस्रसोपानानां पञ्चाशदधिकानि द्वादशशतानि धनूंषि भवन्ति। ततस्तृतीयो वप्रः। ततः त्रयोदशशतानि धनूंषि गत्वा पीठमध्यम्। अथ तिस्रोऽपि वप्रभित्तयः प्रत्येकं त्रयस्त्रिंशद्धनुरेकहस्ताष्टाङ्गुलपृथुला भवन्ति। तत्र सर्वेषां धनुषां मिलने नवनवत्यधिकानि एकोनचत्वारिंशच्छतानि धनूंषि जातानि। तथा शेषाणि द्वात्रिंशदङ्गुलानि त्रिगुणीक्रियन्ते भित्तित्रयभावात्, षण्णवत्यङ्गुलानि जातानि। षण्णवत्याऽङ्गुलैश्चैकं धनुर्भवति, हस्तचतुष्टयमितत्वाद् धनुषः। एवं चत्वारि सहस्राणि धनुषां जातानि। इत्थमेकस्मिन् पार्श्वे क्रोशद्वयं द्वितीयेऽपि क्रोशद्वयमिति मिलितं वृत्तसमवसरणे योजनम्।

આમાં દર્શાવેલાં માપ –

ત્રણે ગઢની ભીંત – ૩૩ ધનુષ્ય ૩૨ આંગળ

ત્રણે ગઢનાં અંતર (બંને પડખાં મળીને) – ૧ કોશ ૬૦૦ ધનુષ્ય

પહેલા ગઢ સુધીનાં બહારનાં પગથિયાં – ૨૫૦૦ ધનુષ્ય[37] (સમવસરણના ૧ યોજનના માપમાં આ પગથિયાં ગણાતાં નથી.)

પહેલા ગઢનું પ્રતર – ૫૦ ધનુષ્ય

પહેલા ગઢથી આગળનાં પગથિયાં – ૧૨૫૦ ધનુષ્ય

બીજા ગઢનું પ્રતર – ૫૦ ધનુષ્ય

બીજા ગઢથી આગળનાં પગથિયાં – ૧૨૫૦ ધનુષ્ય

ત્રીજા ગઢથી આગળથી પીઠનો મધ્યભાગ – ૧૩૦૦ ધનુષ્ય

બીજા પડખે પણ ઉપર પ્રમાણે જ માપ.

આને સુગમ રીતે સમજાવવું હોય તો –

→ ધારો કે એક મનુષ્ય ઉત્તર દિશાથી સમવસરણમાં ચડવાનું શરુ કરે છે. તો જમીનથી શરુ કરીને તે ૧૦,૦૦૦ પગથિયાં ચડે ત્યારે બાહ્ય ગઢની ભીંત આવે. સમવસરણના દરેક ગઢનું દરેક પગથિયું ૧ હાથ જેટલું પહોળું અને ૧ હાથ જેટલું ઊંચું હોય. (૧૦,૦૦૦ હાથ = ૨૫૦૦ ધનુષ્ય) એટલે ચડનાર વ્યક્તિએ બાહ્ય ગઢની ભીંત આવે ત્યાં સુધીમાં આરંભબિંદુથી ૨૫૦૦ ધનુષ્ય જેટલું અંતર ઊર્ધ્વ અને તિર્છી – બંને દિશામાં પસાર કર્યું હોય. આ અંતર સમવસરણના મૂળ માપ ૧ યોજનની ગણતરીમાં આવતું નથી.

→ ત્યારપછી એ બાહ્ય ગઢની ભીંત ૩૩ ધનુષ્ય ૩૨ આંગળ જેટલી જાડી હોય. મનુષ્ય એ ભીંતના વચલા દરવાજામાંથી પ્રવેશ કરે એટલે એટલું અંતર કપાય. (સમવસરણના મૂળ માપની ગણતરી શરુ – ૩૩$\frac{૧}{૩}$ ધનુષ્ય)

---

37 ૧૦૦૦૦ પગથિયાંનાં ૧૦૦૦૦ હાથ = ૨૫૦૦ ધનુષ્ય થાય.

→ પછી બાહ્ય ગઢની ભીંત પૂરી થાય એટલે દેવવિમાનાદિને મૂકવા માટેની ૫૦ ધનુષ્ય જેટલી સમતલ ભૂમિ હોય. આને જ પહેલા ગઢનું પ્રતર કહેવાય છે. (ગણતરી - ૮૩$\frac{૧}{૩}$ ધનુષ્ય)

→ આ પ્રતર પસાર થાય એટલે મધ્ય ગઢ સુધી પહોંચવાનાં પગથિયાં શરુ થાય. કુલ ૫૦૦૦ પગથિયાં. એટલે ચડનાર મનુષ્ય પગથિયાંનાં ૧૨૫૦ ધનુષ્ય વટાવે ત્યારે મધ્ય ગઢ આવે. (ગણતરી - ૧૩૩૩$\frac{૧}{૩}$ ધનુષ્ય)

→ ત્યારપછી એ મધ્ય ગઢની ભીંત પણ ૩૩ ધનુષ્ય ૩૨ આંગળ જેટલી જ જાડી હોય. મનુષ્ય એ ભીંતના વચલા દરવાજામાંથી પ્રવેશ કરે એટલે એટલું અંતર કપાય. (ગણતરી - ૧૩૬૬ $\frac{૨}{૩}$ ધનુષ્ય)

→ પછી એ મધ્ય ગઢની ભીંત પૂરી થાય એટલે તિર્યંચોને બેસવા માટેની ૫૦ ધનુષ્ય જેટલી સમતલ ભૂમિ હોય. આને બીજા ગઢનું પ્રતર કહેવાય છે. (ગણતરી - ૧૪૧૬$\frac{૨}{૩}$ ધનુષ્ય)

→ આ પ્રતર પસાર થાય એટલે અભ્યંતર ગઢ સુધી પહોંચવાનાં પગથિયાં શરુ થાય. કુલ ૫૦૦૦ પગથિયાં. એટલે ચડનાર મનુષ્ય પગથિયાંનાં ૧૨૫૦ ધનુષ્ય વટાવે ત્યારે અભ્યંતર ગઢ આવે. (ગણતરી - ૨૬૬૬$\frac{૨}{૩}$ ધનુષ્ય)

→ ત્યારપછી એ અભ્યંતર ગઢની ભીંત ૩૩ ધનુષ્ય ૩૨ આંગળ જેટલી જાડી હોય. મનુષ્ય એ ભીંતના વચલા દરવાજામાંથી પ્રવેશ કરે એટલે એટલું અંતર કપાય. (ગણતરી – ૨૭૦૦ ધનુષ્ય)

→ પછી એ અભ્યંતર ગઢની ભીંત પૂરી થાય એટલે બાર પર્ષદાને બેસવા માટેની ૧૨૦૦ ધનુષ્ય જેટલી સમતલ ભૂમિ હોય. આને જ ત્રીજા ગઢનું પ્રતર કહેવાય છે. (ગણતરી - ૩૯૦૦ ધનુષ્ય)

→ આ પ્રતર પૂરું થાય એટલે સમવસરણના મધ્યભાગમાં શ્રીતીર્થંકર પ્રભુના સિંહાસન વગેરે માટેની પીઠ હોય છે. આ પીઠ મધ્યભાગે સ્થિત સિંહાસનથી ચોતરફ ૧૦૦

ધનુષ્ય જેટલા વિસ્તારવાળી હોય છે. એટલે આવનાર મનુષ્ય ૧૦૦ ધનુષ્ય ચાલે ત્યારે સિંહાસન આવે. (ગણતરી – ૪૦૦૦ ધનુષ્ય)

આમ, ઉત્તર દિશામાંથી ચડવાનું શરુ કરનાર મનુષ્યે બાહ્ય ગઢની ભીંતથી કુલ ૪૦૦૦ ધનુષ્ય પસાર કર્યાં ત્યારે પ્રભુનું સિંહાસન એટલે કે સમવસરણનો મધ્યભાગ આવ્યો. હવે તે મનુષ્ય ધારો કે ત્યાંથી સામી બાજુ દક્ષિણ દિશા તરફ ઊતરવાનું શરુ કરે તો ઊંધા ક્રમે પણ એ જ માપે બીજાં ૪૦૦૦ ધનુષ્ય પસાર કરે ત્યારે એ તરફના બાહ્ય ગઢની ભીંત પૂરી થાય અને જમીન પર ઊતરવાનાં ૧૦૦૦૦ પગથિયાં શરુ થાય. પૂર્વે કહ્યું તેમ આ પગથિયાં સમવસરણના માપની ગણતરીમાં આવતાં નથી. એટલે બાહ્ય ગઢના ઉત્તર તરફના છેડાથી બાહ્ય ગઢનો દક્ષિણ તરફનો છેડો બરાબર ૮૦૦૦ ધનુષ્ય = ૪ કોશ = ૧ યોજન થાય છે. આને જ ૧ યોજનનું સમવસરણ કહેવાય છે. અલબત્ત, આમાં જમીનથી સમવસરણ ૨૫૦૦ ધનુષ્ય જેટલું હવામાં અદ્ધર હોય છે અને ચોતરફ ચડવા માટે જે ૧૦૦૦૦ પગથિયાં હોય છે તેને ગણ્યાં નથી. અન્યથા એ પગથિયાં સહિત સમવસરણના એક છેડાથી બીજો છેડો ગણતાં સમવસરણનો વિસ્તાર કુલ મળીને ૧ યોજન ૨ કોશ ૧૦૦૦ ધનુષ્ય જેટલો દૂર હોય છે. (૨૫૦૦ + ૪૦૦૦ + ૪૦૦૦ + ૨૫૦૦ = ૧૩૦૦૦ ધનુષ્ય)

પહેલાં જ જણાવ્યું તેમ, આ સઘળીયે ગણતરી વૃત્ત સમવસરણની જ છે. ચતુરસ્ર સમવસરણનાં માપ માટે આ કૃતિની ગાથા – ૯ ની વૃત્તિમાં આવા નિર્દેશો છે –

चतुरस्रे समवसरणे वप्रत्रयभित्तयः प्रत्येकं शतधनुःपृथुला ज्ञेयाः। तथा प्रथम-द्वितीयवप्रयोरन्तरमुभयपार्श्वमिलनेन सार्धक्रोशः। द्वितीय-तृतीययोश्चाऽन्तरमुभय-पार्श्वमिलनेन क्रोशः। शेषं मध्यभित्त्योरन्तरमेकक्रोशषट्शतधनुःप्रमाणं पूर्ववद् वृत्तसमवसरणवद् ज्ञेयम्। अथाऽत्राऽपि एकपार्श्वे योजनार्धं मिल्यते। तद्यथा – चतुरस्रे बाह्यवप्रभित्तिर्योजनमध्ये न गण्यते। ततश्च बाह्यवप्र-मध्यवप्रयोरन्तरं दश शतानि धनूंषि। द्वितीयवप्रभित्तिः शत धनूंषि। अभ्यन्तरवप्र-मध्यवप्रयोरन्तरं पञ्चदशशतधनुर्मानम्। अभ्यन्तरवप्रभित्तिः शतधनुर्मानम्। अभ्यन्तरवप्रात् त्रयोदशशतानि धनूंषि गत्वा पीठमध्यम्। एवं एतन्मिलने चतुस्सहस्राणि धनूंषि जातानि। तथा च क्रोशद्वयं भवति। एवं यथैकत्र पार्श्वे क्रोशद्वयं भवति तथा द्वितीयेऽपि। एवं चतुरस्रसमवसरणेऽपि योजनं मिलति स्म।

આમાં થયેલા ચતુરસ્ર સમવસરણનાં માપ અંગેના નિર્દેશો જોઈએ તો –

ત્રણે ગઢની ભીંત – ૧૦૦ ધનુષ્ય

પ્રથમ અને દ્વિતીય ગઢ (-અભ્યંતર અને મધ્ય વપ્ર) વચ્ચેનું એક તરફનું અને બંને પડખાં મળીને અંતર – અનુક્રમે ૧૫૦૦ ધનુષ્ય અને ૩૦૦૦ ધનુષ્ય

દ્વિતીય અને તૃતીય ગઢ (-બાહ્ય અને મધ્ય વપ્ર) વચ્ચેનું એક તરફનું અને બંને પડખાં મળીને અંતર – અનુક્રમે ૧૦૦૦ ધનુષ્ય અને ૨૦૦૦ ધનુષ્ય

બે મધ્ય ભીંત વચ્ચેનું અંતર – ૨૬૦૦ ધનુષ્ય (વૃત્ત સમવસરણની જેમ)

બાહ્ય ગઢની ભીંત ૧ યોજનમાં ગણતરીમાં લેવાતી નથી.

અભ્યંતર ગઢથી પીઠનો મધ્યભાગ – ૧૩૦૦ ધનુષ્ય

આમાં પણ, અભ્યંતર અને મધ્ય વપ્ર વચ્ચેનું એક તરફનું અંતર – ૧૫૦૦ ધનુષ્ય, બાહ્ય અને મધ્ય વપ્ર વચ્ચેનું એક તરફનું અંતર – ૧૦૦૦ ધનુષ્ય, અભ્યંતર ગઢથી પીઠનો મધ્યભાગ – ૧૩૦૦ ધનુષ્ય તેમજ મધ્ય અને બાહ્ય વપ્રની ભીંત ૧૦૦-૧૦૦ ધનુષ્ય – એમ કુલ મળીને ૪૦૦૦ ધનુષ્ય એક તરફ અને એવી જ રીતે ૪૦૦૦ ધનુષ્ય બીજી તરફ ગણતાં ચતુરસ્ર સમવસરણ ૧ યોજનનું થાય છે.

હવે આપણે વૃત્ત અને ચતુરસ્ર – બંને સમવસરણનાં માપની તુલના કરી જોઈએ જેથી ચિત્ર વધુ સ્પષ્ટ બને –

<table>
<tr><th>સમવસરણનું અંગ</th><th>વૃત્તમાં માપ (એક તરફ)</th><th>ચતુરસ્રમાં માપ (એક તરફ)</th></tr>
<tr><td>જમીનથી બાહ્ય વપ્ર સુધીનાં પગથિયાં</td><td>૨૫૦૦ ધનુષ્ય*</td><td>૨૫૦૦ ધનુષ્ય*</td></tr>
<tr><td>બાહ્ય વપ્રની ભીંત</td><td>૩૩$\frac{૧}{૩}$ ધનુષ્ય</td><td>૧૦૦ ધનુષ્ય*</td></tr>
<tr><td>બાહ્ય વપ્રનું પ્રતર</td><td>૫૦ ધનુષ્ય</td><td rowspan="2">૧૦૦૦ ધનુષ્ય</td></tr>
<tr><td>બાહ્ય વપ્રથી મધ્ય વપ્ર સુધીનાં પગથિયાં</td><td>૧૨૫૦ ધનુષ્ય</td></tr>
</table>

| | | |
|---|---|---|
| મધ્ય વપ્રની ભીંત | ૩૩ ૧/૩ ધનુષ્ય | ૧૦૦ ધનુષ્ય |
| મધ્ય વપ્રનું પ્રતર | ૫૦ ધનુષ્ય | ૧૫૦૦ ધનુષ્ય |
| મધ્ય વપ્રથી અભ્યંતર વપ્ર સુધીનાં પગથિયાં | ૧૨૫૦ ધનુષ્ય | |
| અભ્યંતર વપ્રની ભીંત | ૩૩ ૧/૩ ધનુષ્ય | ૧૦૦ ધનુષ્ય |
| અભ્યંતર વપ્રનું પ્રતર | ૧૨૦૦ ધનુષ્ય | ૧૨૦૦ ધનુષ્ય |
| પીઠના આરંભથી લઈને પીઠનો મધ્યભાગ | ૧૦૦ ધનુષ્ય | ૧૦૦ ધનુષ્ય |
| **કુલ એક તરફનું અંતર** | **૪૦૦૦ ધનુષ્ય** | **૪૦૦૦ ધનુષ્ય** |

* આ માપ ગણતરીમાં લેવાતાં નથી.

આમાં ચતુરસ્ર સમવસરણમાં માપની ગણતરીમાં જણાતી કેટલીક મુશ્કેલી –

→ ગાથા – ૫ ની વૃત્તિમાં અને ગાથા – ૭ મૂળમાં પણ બાહ્ય વપ્રને પ્રથમ વપ્ર ગણ્યો છે. તેની સામે અત્રે બાહ્ય વપ્રને તૃતીય વપ્ર અને અભ્યંતર વપ્રને પ્રથમ વપ્ર કહ્યો છે. એ જ રીતે અન્ય ઓળખાણમાં પણ વ્યત્યાસ થયો છે.

→ બાહ્ય અને મધ્ય – બંને વપ્રથી અનુક્રમે મધ્ય અને અભ્યંતર વપ્ર સુધી જવાનાં પગથિયાં ૫૦૦૦ હોય જ. વળી, આ દરેક પગથિયું ૧ હાથ જેટલું પહોળું અને ઊંચું હોય એ પણ નક્કી છે (ગાથા – ૭). તો આ પગથિયાંના ૫૦૦૦ હાથ = ૧૨૫૦ ધનુષ્ય થાય જ. હવે, ઉપરના કોષ્ટકમાં જોઈશું તો સમજાશે કે ચતુરસ્ર સમવસરણમાં બાહ્ય વપ્રનું પ્રતર + બાહ્ય વપ્રથી મધ્ય વપ્ર સુધીનાં પગથિયાંનું કુલ માપ (-બાહ્ય વપ્રથી મધ્ય વપ્ર સુધીનું કુલ અંતર) માત્ર ૧૦૦૦ ધનુષ્ય કહેવાયું છે, જે ખરેખર તો વૃત્ત સમવસરણની જેમ ૫૦ + ૧૨૫૦ = ૧૩૦૦ ધનુષ્ય હોવું જરૂરી છે.

→ મધ્ય વપ્રથી અભ્યંતર વપ્ર સુધીનું કુલ અંતર ૧૫૦૦ ધનુષ્ય કહેવાયું છે, જે ખરેખર તો વૃત્ત સમવસરણની જેમ પ્રતરનાં ૫૦ + પગથિયાંનાં ૧૨૫૦ = ૧૩૦૦ ધનુષ્ય હોવું જરૂરી છે.

→ ચતુરસ્ર સમવસરણમાં એક તરફની ત્રણે વપ્રની ભીંતની જાડાઈ કુલ મળીને ૩૦૦ ધનુષ્ય થાય છે, જ્યારે વૃત્ત સમવસરણમાં ૧૦૦ ધનુષ્ય. આ ૨૦૦ ધનુષ્યનો ફેર બાહ્ય ગઢની ભીંતને ગણતરીમાં ન લઈને તેમજ ત્રણે વપ્ર વચ્ચેનાં અંતરને ૧૦૦ ધનુષ્ય જેટલું ઘટાડીને સરભર થાય છે.

આમાં, ૧, ૩, ૪ ક્રમાંકની વિસંગતિનાં સમાધાન હજુ શક્ય છે, પણ ક્રમાંક ૨ની વિસંગતિનું સમાધાન ઘણી મથામણ પછી પણ જડતું નથી. કેમકે ૧ હાથનાં ૫૦૦૦ પગથિયાંને ૧૦૦૦ ધનુષ્યમાં સમાવવાં કોઈ રીતે શક્ય નથી લાગતું. જો કોઈપણ મિત્ર મુનિવરને આનું સમાધાન જડે તો ખાસ સૂચવવા માટે વિનંતિ છે. અન્યથા, વૃત્ત કે ચતુરસ્ર સમવસરણનાં તમામ અંગો એકસરખાં માપનાં રાખીએ તો પણ કોઈ વિરોધ જણાતો નથી.

*

ગાથા – ૯ માં સમવસરણના મધ્યભાગમાં તીર્થંકર પ્રભુની પીઠ જમીનથી ૫૦૦૦ ધનુષ્ય ઊંચી હોય તેમ કહ્યું છે. વાસ્તવમાં પૂર્વે જોયું તેમ જમીનથી કુલ ૬૪૦૦ ધનુષ્ય પસાર કરીએ ત્યારે પીઠ આવે છે. એટલે આ વિધાન સમજવામાં મુશ્કેલી પડી શકે. આનું સમાધાન એ છે કે બાહ્ય વપ્રનું પ્રતર - ૫૦ ધનુષ્ય, મધ્ય વપ્રનું પ્રતર – ૫૦ ધનુષ્ય, અભ્યંતર વપ્રનું પ્રતર – ૧૨૦૦ ધનુષ્ય અને ત્રણે વપ્રની ભીંત – ૧૦૦ – આ ૧૪૦૦ ધનુષ્ય પસાર કરતી વેળા વ્યક્તિ તીર્છું અંતર કાપે છે, પણ ઊંચે નથી ચડતો. ઊંચે ચડવામાં કામ લાગતાં પગથિયાં તો ૧૦,૦૦૦ + ૫૦૦૦ + ૫૦૦૦ = ૨૦,૦૦૦ જ છે. અને આ પગથિયાંની કુલ ઊંચાઈ તો ૫૦૦૦ ધનુષ્ય જ થાય છે. એટલે જમીનથી પીઠ તો ૫૦૦૦ ધનુષ્ય જેટલી જ ઊંચી હોય છે.

*

પ્રસ્તુત પ્રકરણની પ્રકાશિત પ્રતમાં ટિપ્પણમાં જણાવ્યા પ્રમાણે એક સમસ્યા અશોક વૃક્ષના ઘેરાવાની છે. ગાથા – ૧૦ ની વૃત્તિમાં જણાવ્યા મુજબ અશોક વૃક્ષનું માપ તીર્થંકર પ્રમાણે બદલાય છે, કેમકે *આવશ્યકચૂર્ણિ* વગેરેમાં જણાવ્યા મુજબ તીર્થંકરની પોતાની કાયા કરતાં તેની ઊંચાઈ ૧૨ ગણી હોય છે. એટલે શ્રીઆદિનાથનું અશોક વૃક્ષ ૫૦૦ ધનુષ્ય × ૧૨ = ૬૦૦૦ ધનુષ્ય એટલે કે ૩ કોશનું હોય. આમ દરેક તીર્થંકરના અશોક વૃક્ષનું માપ

ગણી શકાય. હવે આ પ્રમાણે પ્રભુ વીરનું અશોક વૃક્ષ ૭ હાથ × ૧૨ = ૮૪ હાથ એટલે કે ૨૧ ધનુષ્યનું થાય. જ્યારે *પ્રવચનસારોદ્ધાર* વગેરેમાં પરંપરાથી પ્રભુ વીરનું અશોક વૃક્ષ ૩૨ ધનુષ્ય ઊંચું હતું એમ કહેવાતું આવ્યું છે. આનું સમાધાન આ જ ગાથાની વૃત્તિમાં સંપ્રદાયને અનુસરીને એમ અપાયું છે કે આમાં અશોક વૃક્ષનાં ૨૧ ધનુષ્ય અને પ્રભુ વીરના કેવલજ્ઞાનવૃક્ષનાં ૧૧ ધનુષ્ય મળીને કુલ ચૈત્ય વૃક્ષની ઊંચાઈ ૩૨ ધનુષ્ય જેટલી સમજવાની હોય છે.

હવે આ ૩૨ ધનુષ્ય એકલા અશોક વૃક્ષનાં ગણો કે શાલ વૃક્ષ સાથે ચૈત્ય વૃક્ષનાં ગણો. પ્રશ્ન એ છે કે અભ્યંતર વપ્રની ભીંત ૫૦૦ ધનુષ્ય ઊંચી હોય છે. તો ૩૨ ધનુષ્ય ઊંચું વૃક્ષ લગભગ ૧૩૦૦ ધનુષ્યથી વધુ વિસ્તારમાં ફેલાવા જાય તો તેને આ ભીંત નડે જ. જ્યારે પરંપરાથી ચાલી આવેલી માન્યતા મુજબ અશોક વૃક્ષ ૧ યોજન એટલે કે ૮૦૦૦ ધનુષ્ય કરતાં પણ વધુ ઘેરાવો ધરાવતું હોય છે. અત્રે મૂળ ગાથા – ૧૦ માં પણ એવું જ વિધાન છે. જે કોઈ રીતે શક્ય જ નથી. અહીં ટિપ્પણમાં તો ૧ યોજન કરતાં વધુ ઘેરાવો ધરાવતા શાલ વૃક્ષની અપેક્ષાએ આ વિધાન છે એમ સૂચવ્યું છે. પરંતુ ૨૧ ધનુષ્યની ઊંચાઈ ધરાવતું અશોક વૃક્ષ હોય કે તેની ઉપર બીજી ૧૧ ધનુષ્યની ઊંચાઈ ધરાવતું શાલ વૃક્ષ હોય – ૫૦૦ ધનુષ્ય ઊંચી ભીંત તો બંનેને નડવાની. એટલે આ સમાધાન શક્ય નથી જણાતું.

એક વિચારણા એવી થાય છે કે આ જ પ્રતમાં અન્યત્ર આપેલી એક ટિપ્પણીમાં નોંધાયા મુજબ સમવસરણ ૧ યોજનનું જ હોય એવું કોઈ નિશ્ચિત માપ નથી. અવસર્પિણી પ્રમાણે મનુષ્યની ઊંચાઈ જેમ જેમ ઘટતી જાય તેમ તેમ સમવસરણનું માપ પણ બદલાતું જ જાય છે. દાદા આદિનાથનું સમવસરણ ૧૨ યોજનનું હતું, તો પ્રભુ પાર્શ્વનું સવા યોજનનું અને પ્રભુ વીરનું ૧ યોજનનું. એ જ રીતે અશોક વૃક્ષની ઊંચાઈ પણ તે તે વખતે ઘટતી જ જાય છે. તો આના આધારે એમ કલ્પના કરી શકાય કે દાદા આદિનાથના સમવસરણમાં ૫૦૦ ધનુષ્ય ઊંચી ભીંત હોય. પણ તે વખતે સ્વયં અશોક વૃક્ષ જ ૬૦૦૦ ધનુષ્ય જેટલું ઊંચું હોય એટલે એને ફેલાવામાં કોઈ વાંધો ન આવે. અને જેમ જેમ સમવસરણનો વિસ્તાર ઘટતો જાય, અશોક વૃક્ષની ઊંચાઈ ઘટતી જાય, તેમ તેમ ભીંતની ઊંચાઈ પણ ઘટતી જાય. જો આ કલ્પના સાચી હોય તો પ્રભુ વીરના સમવસરણની ભીંત ૩૨ ધનુષ્યથી નાની હતી અને ૩૨ ધનુષ્ય ઊંચા ચૈત્ય વૃક્ષને ૧ યોજન સુધી ફેલાવામાં વાંધો નહોતો આવતો એમ સમજી શકાય.

આની સાથે એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે અશોક વૃક્ષનો ઘેરાવો ૧ યોજન કરતાં કંઈક વધારે હોય છે એવું વિધાન ફક્ત પ્રભુ વીરના સમવસરણની અપેક્ષાએ જ હોઈ શકે. કેમકે દાદા આદિનાથનું સમવસરણ તો પોતે જ ૧૨ યોજનનો વ્યાપ ધરાવે છે. તો તેનું અશોક વૃક્ષ પણ એટલું મોટું જ હોવું જોઈએ.

અલબત્ત, પૂર્વાપર સંગતિ માટે અન્ય વિધાનોના આધારે કરેલી આ કલ્પનાઓ જ છે. તે સાચી છે કે નહીં તે તો બહુશ્રુત ભગવંતો જ નક્કી કરી શકે.

*

ગાથા – ૧૪ ની વૃત્તિમાં એક વિધાન એવું થયું છે કે – **प्रभोर्वाणी योजनं यावत् प्रसरति यतो वप्राणामधस्ताद् गच्छन्तो जनाः शृण्वन्ति।** અન્યત્ર ટિપ્પણીમાં પણ એવું વિધાન થયું છે કે **समन्ताद् जिनवाणी धनूंषि अष्टौ सहस्राणि यावत् प्रसरति, वप्राधस्ताद् गच्छन्तो जनाः शृण्वन्ति।** આનો ભાવાર્થ એ થાય કે તીર્થંકરની વાણી ૧ યોજન સુધી ફેલાય છે અને સમવસરણની બહાર રહેલા લોકો પણ એને સાંભળી શકે છે.

હવે વિચાર તો એ આવે કે ખરેખર દેશના સાંભળવા આવેલા જીવો તો ૨ ગાઉના વિસ્તારમાં જ હોય છે, કેમકે ૨ ગાઉમાં તો સ્વયં સમવસરણનો જ છેડો આવી જાય છે. એટલે વાણી ૨ ગાઉ જેટલા વિસ્તારમાં પથરાય તો પણ ચાલી જાય. જો કે પરંપરાથી સિદ્ધ જ છે કે પ્રભુ વીરની વાણી યોજનગામિની હતી, તો પણ પ્રશ્ન તો રહે જ. હમણાં પૂજ્ય પંન્યાસ *શ્રીકલ્યાણકીર્તિવિજયજી* મહારાજ *શ્રીઉત્તરાધ્યયનસૂત્ર*ની ઉપાધ્યાય *શ્રીકમલસંયમ* લિખિત વૃત્તિ પર વાચના ફરમાવે છે તેમાં શ્રીગૌતમસ્વામીની કથામાં એવું વિધાન મળ્યું કે –

द्विगव्यूतानुगामिन्या वाण्या सत्तत्त्वमादिशन्।
वीरो विजयते चम्पापुर्यां विश्वैकवल्लभः।।

ચંપા નગરીમાં સમગ્ર વિશ્વને વલ્લભ એવા પ્રભુ વીર બે ગાઉમાં પ્રસરતી વાણી દ્વારા સમ્યક્ તત્ત્વોની દેશના આપી રહ્યા છે.

અલબત્ત, આને એક પ્રરૂપણાભેદ જ સમજવો જોઈએ.

**त्रै.**

*

# *ધર્મકથાનુયોગ*

## 268. સ્થૂલભદ્રજી મિત્રના ઘરે

સ્થૂલભદ્રસ્વામી વિહાર કરતાં શ્રાવસ્તી પધાર્યા. સકળ સંઘ - ગામ પ્રવચનમાં પધાર્યો. પણ પોતાનો સંસારીપણાનો મિત્ર ધનદેવ ન આવ્યો. સ્થૂલભદ્રે વિચાર્યું કે ધનદેવ કેમ ન આવ્યો? બહાર ગયો હશે? બિમાર હશે? ચાલ, એના ઘરે જાઉં. શ્રાવકો સાથે ધનદેવના ઘરે ગયા.

ધનદેવની પત્ની ધનેશ્વરીએ સ્વાગત કર્યું. વંદન કર્યું. આસન આપ્યું. પ્રતિલેખન કરી એ આસન ઉપર બેઠા. ધનેશ્વરીને પૂછ્યું કે, તારો પતિ ધનદેવ કેમ દેખાતો નથી?

ધનેશ્વરીએ કહ્યું : ઘરમાં કે બહાર જે કંઈ ધન હતું એ ચાલ્યું ગયું છે. પૂર્વજો મૂકીને ગયા હતા એ ધનભંડારો શોધ્યા પણ ન મળ્યા. એટલે ધનોપાર્જન માટે દેશાંતર ગયા છે.

સ્થૂલભદ્રજીએ તેના ઘરમાં રહેલો ધનસંગ્રહ જ્ઞાનબળથી જાણ્યો અને ધર્મ કહેવાના બહાને હાથનો ઈશારો કરી બતાવ્યો અને સંસારનું સ્વરૂપ પણ કહ્યું અને પુનઃ વિહાર કરી ગયા.

આ તરફ પહેરેલે કપડે જ ધનદેવ પાછો આવ્યો. ધનેશ્વરીએ સ્થૂલભદ્ર આવ્યા હતા એ વાત જણાવી. તેણે પૂછ્યું : ગુરુમહારાજ શું કહેતા હતા?

ધનેશ્વરીએ અથેતિ જણાવ્યું. ધનદેવ વિચારે છે કે, જ્ઞાનસાગર સ્થૂલભદ્રજીની ચેષ્ટા અભિપ્રાયરહિત ન હોય. થાંભલાને ઉદ્દેશીને હસ્તઅભિનય વારંવાર કર્યો એટલે નક્કી આ થાંભલા નીચે જ ધનનો ચરુ હશે. ધનદેવે એ થાંભલા નીચે ખોદ્યું અને પુષ્કળ ધન એને મળ્યું.

આ આખી કથા *પરિશિષ્ટપર્વ* - દશમા સર્ગમાં *કલિકાલસર્વજ્ઞ* ભગવંતે લખી છે. સહજ રીતે કેટલાક પ્રશ્નો આ કથામાંથી થાય.

એક, ધનેશ્વરીએ આપેલા આસન ઉપર સ્થૂલભદ્ર બેઠા એ વખતે ત્યાં જ પડિલેહણ કર્યું હશે?

भगवानप्यलञ्चक्रे प्रतिलिख्य तदासनम्। અથવા કાષ્ઠાસન હશે? કે દૃષ્ટિપડિલેહણા જ સમજવી?

બે, સ્થૂલભદ્ર જેવા વિશિષ્ટ મુનિવરો પણ ગૃહસ્થ અવસ્થામાં રહેલા અજૈન મિત્રને ત્યાં ચાલીને જાય? અને એમને યાદ પણ કરે? કારણકે ધનદેવ સ્થૂલભદ્રજીને કહે છે. તમારી કૃપાથી મારું દારિદ્ર્ય દૂર થયું, તો મને આદેશ કરો - હું શું કરું? ત્યારે સ્થૂલભદ્રજી કહે છે : भूयास्त्वमार्हत इति।। તું આર્હત થા. આ પ્રમાણે સ્થૂલભદ્રજીએ કહ્યું. આ વાતથી એવું નક્કી થાય કે ધનદેવ જૈનધર્મનું પાલન કરતો નહીં હોય.

ત્રણ, ચૌદપૂર્વધર જેવા મહાત્માઓ પણ ધર્મોપદેશના બહાને હાથની સંજ્ઞા કરી કોઈને ધનમાર્ગ દેખાડે? धर्मोपदेशव्याजेन भगवान् हस्तसंज्ञया...।

આ કથાના સંદર્ભમાં વર્તમાનકાળે કેટલોક વર્ગ આમાં સ્થૂલભદ્રનો પ્રમાદ માને છે. તો શું આ સ્થૂલભદ્રનો પ્રમાદ સમજવો?

જિજ્ઞાસુ મુનિવરોએ *ત્રિષષ્ટિ૦ - પરિશિષ્ટપર્વ* - દશમ સર્ગ - શ્લોક ૧ થી ૩૬ જોઈ લેવા. એ સિવાય *શ્રીજયાનંદસૂરિજી* રચિત *શ્રીસ્થૂલભદ્રચરિત્ર*માં પણ આ જ રીતે બતાવ્યું છે.

**✎ મુનિ શ્રીરાજદર્શનવિજયજી**

*

## 269. મહાવીરસ્વામીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કયા આસનમાં થઈ?

પ્રચલિત વાત એવી સાંભળવા મળી છે કે ભગવાન મહાવીરસ્વામીને ગોદોહિકા આસનમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે, પણ *શ્રીઆવશ્યકનિર્યુક્તિ*ની ૫૨૬મી ગાથામાં પ્રભુને કેવલજ્ઞાનની પ્રાપ્તિ ઉત્કટિકાસનમાં થઈ છે, એવી વાત મળે છે -

जंभिय बहि उज्जुवालिय, तीर वियावत्त सामसालअहे।

छट्ठेणुक्कुडुयस्स उ उप्पन्नं केवलं नाणं।।५२६।।

[38]*શ્રીમલયગિરિસૂરિજી* મહારાજે અને [39]*શ્રીતિલકાચાર્ય* ભગવંતે પણ આ ગાથાની ટીકામાં ઉત્કટિકાસનનો જ ઉલ્લેખ કર્યો છે.

પ્રશ્ન એ થાય કે ઉત્કટિકાસન અને ગોદોહિકાસન એ બન્ને આસનો એક જ છે, કે ભિન્ન? તો આ પ્રશ્નનો જવાબ *યોગશાસ્ત્ર*માંથી પ્રાપ્ત થાય છે. ત્યાં પૂજ્ય કલિકાલસર્વજ્ઞ *શ્રીહેમચંદ્રાચાર્ય* ભગવંતે *યોગશાસ્ત્ર*ના ચોથા પ્રકાશમાં ઉત્કટિકાસન અને ગોદોહિકાસનની ભિન્ન-ભિન્ન વ્યાખ્યા કરી છે અને ઉત્કટિકાસનની વ્યાખ્યામાં લખ્યું છે કે -

“જેમાં (-ઉત્કટિકાસનમાં) વીર ભગવાનને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે.” અને આધાર તરીકે પ્રાચીન ગાથાનો પણ ઉલ્લેખ પણ કરેલ છે. પછી ગોદોહિકાસનની વ્યાખ્યા કરી છે.

पुतपार्ष्णिसमायोगे प्राहुरुत्कटिकासनम्।
पार्ष्णिभ्यां तु भुवस्त्यागे तत्स्याद्गोदोहिकासनम्।।२३२।।

टीका : पुतयोः पार्ष्णिभ्यां भूमिलग्नाभ्यां योगे उत्कटिकासनं प्राहुः, यत्र भगवतः श्रीवीरस्य केवलज्ञानमुत्पन्नम्। यदाह - ‘जंभिअबहि उजुवालिअतीरे विसाहसियदसमिपहरतिगे। छट्ठेणोक्कुडुअट्ठिअस्स केवलं आसि सालतले।।’ तदेवोत्कटिकासनं गोदोहिकासनं गोदोहकसमाकारत्वात् पार्ष्णिभ्यां भुवस्त्यागे सति। इदं च प्रतिमाकल्पिकादीनां विधेयतयोपदिष्टम्।।

ઉપરની વાતથી અન્ય વાત *શ્રીઆચારાંગસૂત્ર*, *શ્રીકલ્પસૂત્ર*, *શ્રીઆવશ્યકચૂર્ણિ*, *શ્રીઆવશ્યકનિર્યુક્તિ* - *હારિભદ્રીય* વૃત્તિ ની ૫૨૬મી ગાથાની ટીકાના પ્રાકૃત કથાનકમાં અને *શ્રીઆવશ્યકસૂત્ર* - *મલયગિરીયા* વૃત્તિની ૫૨૪ મી ગાથાની ટીકાના પ્રાકૃત કથાનકમાં પ્રાપ્ત થાય છે. આ બધા ગ્રંથોમાં ગોદોહિકાસનને વિશેષણ બનાવીને ઉત્કટિકાસનને વિશેષ્ય બનાવીને બન્ને આસનમાં રહીને ભગવાનને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે એવું બતાવ્યું છે - सालपायवस्स अहे गोदोहियाए उक्कुडुगणिसिज्जाए... केवलवरनाणदंसणे समुप्पन्ने।

---

38 क्षेत्रे शालवृक्षस्याऽध उत्कुटुकस्य भगवतः षष्ठेन केवलज्ञानमुत्पन्नम्।।

39 क्षेत्रे शालतरोरधः षष्ठेन भक्तेन वैशाखशुद्धदशम्यां उत्तरफाल्गुनीनक्षत्रे दिनपाश्चात्त्यप्रहरे उत्कुटिकासनस्थस्य प्रभोः केवलज्ञानमुत्पन्नम्।।

અર્થ : - શાલવૃક્ષની નીચે ગોદોહિકારૂપ ઉત્કટઆસનમાં રહી... પ્રભુને કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉત્પન્ન થયું.

*કલ્પસૂત્ર*ની *કલ્પલતા* નામની ટીકાના રચયિતા *શ્રીસમયસુંદરગણિજી*એ ગોદોહિકાસનરૂપ ઉત્કટિકાસનમાં ભગવાનને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું તે માટે, ગોદોહિકાસન અને ઉત્કટિકાસનને સમજાવવા માટે ટીકામાં ઉપર બતાવેલી યોગશાસ્ત્રની ગાથાનો જ આધાર લીધો છે.

ભગવાન મહાવીરસ્વામીને કેવલજ્ઞાન માત્ર ઉત્કટિકાસનમાં જ ઉત્પન્ન થયું છે, એવા ઉલ્લેખ ભગવાન મહાવીરસ્વામીનાં જીવનચરિત્રોમાંથી પ્રાપ્ત થાય છે. જેમ કે [40]*ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત* / [41]*કહાવલી* / [42]*મહાવીરચરિયં* (-*શ્રીનેમિચન્દ્રસૂરિજી* કૃત) / [43]*શ્રીઋષિમંડલવૃત્તિ*-અન્તર્ગત *શ્રીમહાવીરજિનચરિત્ર* / [44]*દાનાદિકુલકમ્* અન્તર્ગત *શ્રીમહાવીરજિનચરિત્ર* / ઉપદેશમાલા-કર્ણિકાવૃત્તિ અંતર્ગત મહાવીરજિનચરિત્ર[45]

---

40 अव्यक्तचैत्यस्यासन्ने, षष्ठेनोत्कटिकासनी ।
मुहूर्ते विजये स्वामी तस्थावातपनापरः।।

41 कालक-सालरुक्खाहोठियस्सुक्कुडुयासणेण...समुप्पन्नं केवलनाणं।।
खंड – २ – पत्राङ्क - ५४

42 सालदुमस्स य हेट्ठा, अपाणएणं च छट्ठभत्तेणं।
उक्कुडुनिसेज्जाए, ठियस्स आयावमाणस्स।।१३६८।।

43 क्षेत्रान्तः शालवृक्षाधः षष्ठेनोत्कटिकासने।
स्थितस्य तस्य सम्पन्नं, केवलं जन्मभे शुभे।।२४८।। (वि.)

44 तत्र ऋजुवालुकानदीतीरे श्यामाकगृहिणः क्षेत्रे सालतरोस्तले अव्यक्तचैत्यस्याऽऽसन्ने सिन्धुरोधस्युत्तरे विजयमुहूर्त्ते षष्ठतपस उत्कटिकासनस्थितस्य जीर्णरज्जुवद्धनघातिकर्मणि त्रुटिते... विभोः केवलज्ञानमुत्पेदे।।

45 मुहूर्ते विजये षष्ठतपसोत्कटिकासनी।
स्थितः स्मितसितध्यानः प्रभुरातापनापरः।।११३६।।

*શ્રીકલ્યાણવિજયજી* મ. દ્વારા લિખિત *શ્રમણ ભગવાન મહાવીર*માં[46] અને *પં. શ્રી દલસુખભાઈ માલવણિયા* દ્વારા લિખિત *ગણધરવાદ* પુસ્તકની પ્રસ્તાવના અંતર્ગત મહાવીરજિનચરિત્ર અંતર્ગત[47] ભગવાનને કેવલજ્ઞાનની પ્રાપ્તિ ઉત્કટિકાસનમાં થઈ એવો ઉલ્લેખ છે.

[48]*શ્રીગુણચન્દ્રજી* કૃત *મહાવીરચરિયં*માં તથા [49]*શ્રીકૈલાશચન્દ્ર જૈન* દ્વારા લિખિત *જૈનધર્મ કા ઈતિહાસ* નામક પુસ્તકમાં એવં અર્વાચીન જેટલા પણ ભગવાન મહાવીરસ્વામીનાં જીવનચરિત્રો છે તેમાં ગોદોહિકાસનનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

પ્રચલિત માન્યતા ગોદોહિકા આસનની હોવા છતાંયે ઉપરોક્ત ગ્રંથોનો સ્વાધ્યાય કરતાં એમ જણાય છે કે, પરમાત્માને ગોદોહિકાસનને બદલે ઉત્કટિકાસનમાં અથવા બીજા શબ્દોમાં એમ કહી શકાય કે ગોદોહિકાસનવિશિષ્ટ એવા ઉત્કટિકાસનમાં કેવલજ્ઞાન પ્રાપ્ત થયું છે, માત્ર ગોદોહિકાસનમાં નહીં. અત્યાર સુધી ગોદોહિકાસનમાં પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું એવી જે માન્યતા પ્રચલિત છે તે વિચારણીય છે.

તો [50]*ચઉપ્પન્નમહાપુરુસચરિત* અને દિગમ્બરીય ગ્રંથ [51]ઉત્તરપુરાણમાં કોઈપણ આસનની સ્પષ્ટતા નથી. માત્ર પ્રતિમાધ્યાને રહેલા ભગવાનને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ આવું

---

[46] सालवृक्ष के नीचे उकडु आसन से ध्यानावस्थित हुए।... आपने केवलज्ञान तथा केवलदर्शन को प्राप्त कर लिया।

[47] શાલવૃક્ષની નીચે છટ્ઠનો તપ હતો તે અવસ્થામાં ઉકડુ આસનની સ્થિતિમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

[48] आयावेमाणस्स गोदोहियासणं निसन्नस्स... सकल-लोयालोयपयासयं केवलवरनाणदंसणं समुप्पन्नं ति।।

[49] शालवृक्ष के नीचे गोदोहिका आसन में महावीर ध्यानावस्थित होकर आतापना द्वारा षष्ठम् तप कर रहे थे।... परिपूर्ण केवलज्ञान और केवलदर्शन उत्पन्न हुआ।

[50] महाशालतरुतलम्मि संठिओ पडिमाए।....
उप्पण्णं सयलतिलोयसिट्ठभावाणुभावसब्भावं।
संसारुच्छेयकरस्स केवलं केवलप्पाणो।।३८३।।

[51] ऋजुकूलानदीतीरे, मनोहरवनान्तरे।
महारत्नशिलापट्टे, प्रतिमायोगमावसन्।।३४९।।

વિધાન છે. કિન્તુ *ચઉપ્પન્નમહાપુરુસચરિત*ના અનુવાદક *શ્રીહેમસાગરસૂરિજી* મહારાજે આવો ઉલ્લેખ કર્યો છે[52] કે પ્રભુ મહાવીરને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કાયોત્સર્ગધ્યાને ઊભા ઊભા થઈ હતી. આવા પ્રકારના વિધાનની સામે તો અનિવાર્યપણે પ્રશ્નચિહ્ન મૂકવું પડે, કારણકે પ્રભુ મહાવીરને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કાયોત્સર્ગમાં ઊભા ઊભા થઈ આવી વાત કે આવા પ્રકારનું વિધાન તો કોઈ ગ્રંથમાં જોવા કે જાણવા મળતું નથી.

**મુનિ શ્રીકુમુદચન્દ્રવિજયજી**

*

## 270. જિનશાસનના મહાન્ શ્રુતધર-પૂર્વધર શ્રીવિમલસૂરિજી

पंचेव य वाससया, दुसमाए तीस वरिस संजुत्ता।
वीरे सिद्धिमुवगए, तओ णिबद्धं इमं चरियं।।१०३।।
राहुनामायरिओ, ससमयपरसमयगहियसब्भावो।
विजओ अ तस्स सीसो, नाईलकुलवंसनंदियरो।।१२७।।
सीसेण तस्स रइयं, राहवचरियं तु सूरिविमलेण।
सोउणं पुव्वगए, नारायणसिरिचरियाइँ।।१२८।।

પ્રભુ મહાવીરના ૧૪ મા પટ્ટધર આર્ય વજ્રસેન દ્વારા ચાર શાખા નીકળી. તેમાં નાગેન્દ્ર નામની પ્રથમ શાખા આગળ જતાં નાગેન્દ્ર નામનો ગચ્છ કહેવાયો. તે જ નાગેન્દ્ર ગચ્છમાં *આર્ય રાહુ*ની પાટે *આર્ય વિજય* થયા. અને તેમના શિષ્ય *શ્રીવિમલસૂરિ* બન્યા.

---

घातिकर्माणि निर्मूल्य, प्राप्याऽनन्तचतुष्टयम्।
चतुस्त्रिंशदतीशेषव्याभासिमहिमालयः।।३५२।।

[52] મહાશાલવૃક્ષની નીચે તલભાગમાં ભગવંત પ્રતિમા ધારણ કરીને કાઉસ્સગ્ગ-ધ્યાને ઊભા રહ્યા હતા... લોકલોકનાં પદાર્થોને પ્રકાશિત કરવા માટે દીપક સમાન, સંસારનો ઉચ્છેદ કરનાર અનુપમ પ્રભાવવાળા એવા પ્રભુને ત્રણે લોકના સકલ ભાવ, અનુભાવ અને સદ્ભાવ પ્રકાશિત કરનાર એવું કેવલજ્ઞાન પ્રગટ થયું.

જેઓની પાસે પૂર્વનું જ્ઞાન હતું. આ પૂર્વધરે જિનશાસન ઉપર મહાન ઉપકાર કરેલ છે. તેમના તરફથી *પઉમચરિયમ્* અને *હરિવંસચરિયમ્* જેવા બે મહાન ગ્રન્થોની ભેટ જિનશાસનને મળી છે. જે ગ્રન્થો દ્વારા જિનશાસનનાં શ્રમણ-શ્રમણીઓને રામાયણ અને મહાભારતના સત્ય પદાર્થો જાણવા મળે છે.

આવા મહાન ગ્રન્થોની રચના ક્યારે થઈ અને કોણે કરેલી એની વિગત ઉપરના ત્રણ શ્લોકમાં છે. પ્રભુ મહાવીરનું મોક્ષગમન થયા પછી ૫૩૦ વર્ષે મથુરા નગરીમાં આ ગ્રન્થની રચના થયેલ છે. લગભગ ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ *પઉમચરિયમ્* ગ્રન્થ છે. *હરિવંસચરિયમ્* હાલ ઉપલબ્ધ નથી.

દિગમ્બર અથવા શ્વેતામ્બર પરંપરામાં જો જૈન રામાયણના પદાર્થો પ્રકાશિત થયા હોય તો તેનું મૂળ કારણ આ ગ્રન્થ છે. કલિકાલસર્વજ્ઞ *શ્રીહેમચન્દ્રાચાર્યે ત્રિષષ્ટિ૦*માં સાતમા પર્વમાં જૈન રામાયણના પદાર્થો બતાવેલ છે, તેમાં પણ મુખ્ય આધાર આ જ ગ્રન્થ છે. દિગંબરાચાર્ય *શ્રીરવિષેણસૂરિજી*એ પણ સં. ૬૩૪ માં આના જ આધારે ૧૮,૦૦૦ શ્લોક પ્રમાણ *પઉમચરિયમ્* ગ્રન્થ રચેલ છે.

*શ્રીઉદ્યોતનસૂરિજી*એ પણ *કુવલયમાલા* ગ્રન્થમાં લખેલ છે કે *શ્રીવિમલાંકસૂરિ*એ જેવો વિમલ યશ મેળવ્યો તેવો યશ બીજો કોણ મેળવી શકે? કારણ કે એમનું પ્રાકૃત અમૃતમય અને અમદમય છે, રસાળ છે, સ્વરથી ગુંથાયેલ છે, મધુર સ્વરવાળું છે.

આજ *પઉમચરિયં*નો ભાવાનુવાદ સાગરસમુદાયના આચાર્ય *શ્રીહેમસાગરસૂરિજી*એ ૫૦ વર્ષ પૂર્વે કરેલ હતો. આ ગ્રન્થમાં જૈન રામાયણના જેટલાં પણ પાત્રો છે તે દરેકના પૂર્વભવો માંડીને મોક્ષ સુધીનાં સંપૂર્ણ જીવનચરિત્રો પ્રાપ્ત થાય છે.

સાધુ-સાધ્વીજી અને શ્રાવક-શ્રાવિકાએ આવા ગ્રન્થો ખાસ વાંચીને શ્રુતસામ્રાજ્યના સહભાગી બનવું જોઈએ.

*પઉમચરિયમ્* ગ્રન્થ ચિત્ર સાથે ગુજરાતી અને હિન્દી ભાષામાં રંજનવિજયજી જૈન પુસ્તકાલય, માલવાડા દ્વારા પ્રગટ થયેલ છે.

**આચાર્ય શ્રીરત્નસંચયસૂરિજી**

*

# 271. અઇમુત્તા મુનિવર એક કે પછી અનેક?

અઈમુત્તા મુનિવર એટલે કોણ? એ કહેવાની - જણાવવાની આપણે ત્યાં લગભગ જરૂર ના પડે. કારણકે આ નામ સાંભળતાં જ આંખ સામે ઘણાબધા ભાવો આવી જાય. જેમકે... - એક બાલમુનિ - પાણીમાં નાવ (પાત્રી) તરાવી - ઈરિયાવહી કરતાં કેવલજ્ઞાન

અને બીજા મતે - ગુણરત્નસંવત્સર તપ કરનાર - અંતકૃત કેવલી થનાર વગેરે...

એટલે હમણાં હમણાં આપણે ત્યાં આ બધા ભાવો અને જુદા જુદા બે મતોના આધારે થોડી ચર્ચા ચાલુ થઈ છે કે અઈમુત્તા મુનિવરને ઈરિયાવહી કરતાં કરતાં કેવલજ્ઞાન થયું છે કે અઈમુત્તા મુનિવરને જીવનના અંતભાગે ગુણરત્નસંવત્સર તપ કરીને પછી કેવલજ્ઞાન થયું છે. (આ બે મતની રજૂઆત પ.૨ માં કરવામાં આવી છે - અઈમુત્તા મુનિવરને કેવલજ્ઞાનની પ્રાપ્તિ ક્યારે થઈ? એ લેખમાં તો) આમાં સાચું શું?

આ પ્રશ્ન ઉપસ્થિત થતા જ્યાં જ્યાં આ કથાનક મળે છે તે પૈકીના કેટલાક ગ્રંથો – આગમોનો સ્વાધ્યાય કરતાં કરતાં સુંદર સમાધાન હાથ લાગ્યું. જે અહીં સમ્યકતયા પ્રસ્તુત છે. સર્વપ્રથમ *અંતકૃદ્દશાંગસૂત્ર*માં[53] અઈમુત્તા મુનિવરનું સંપૂર્ણ કથાનક મળે છે પરંતુ ત્યાં દીક્ષા લીધા પછી સ્થવિરો સાથે સ્થંડિલભૂમિએ જતાં પાણીમાં પાત્રને નાવડી બનાવીને તરાવવી વગેરે જે હકીકત છે તેનો ઉલ્લેખ નથી. બલ્કે ૧૧ અંગોને ભણી ઘણાં વર્ષો સુધી શ્રમણપર્યાય પાળીને ગુણરત્નસંવત્સર તપ કરીને અંતે સિદ્ધિગતિ પામ્યા એ રીતે વાત કરવામાં આવી છે. જ્યારે *શ્રીભગવતીસૂત્ર*માં[54] માત્ર પાણીમાં પાત્રને તરાવવાની વાત વિસ્તારથી જણાવી છે. તદન્તર્ગત એક વાત વિશેષ છે કે સ્થવિર મુનિઓએ અઈમુત્તા મુનિની આ પ્રવૃત્તિ જોવા છતાં તેઓને કશું પણ ન કહેતાં સીધા ભગવાન પાસે આવીને પૂછ્યું કે અઈમુત્તા મુનિ કેટલા ભવો પછી મોક્ષે જશે. ત્યારે ભગવાન મહાવીરસ્વામી જવાબ આપે છે કે તે આ જ ભવમાં મોક્ષે

---

[53] વર્ગ – ૬, અધ્યયન - ૧૫

[54] શતક – ૫, ઉદ્દેશક - ૪

જશે, તે ચરમશરીરી છે, તેની નિંદા વગેરે ન કરવી, બલ્કે ભક્તિ-વૈયાવચ્ચ કરવા ઇત્યાદિ. અહીં દીક્ષા પૂર્વેની, દીક્ષા પછીની સમવસરણમાં આવી ઈરિયાવહી કરવી કે પછી ગુણરત્નસંવત્સર આદિ ઘટનાઓનો અણસાર સુદ્ધાં નથી. વિશેષ એટલું કે આ સૂત્રની ટીકામાં[55] *શ્રીઅભયદેવસૂરિજી*એ લખ્યું છે કે છ વર્ષની ઉંમરે અઈમુત્તા મુનિવરે દીક્ષા લીધી ત્યારપછી આગળ તેઓશ્રી લખે છે કે "...एतदेव चाऽऽश्चर्यमिह, अन्यथा वर्षाष्टकादाराऩ्न प्रव्रज्या स्यादिति।।" તેમજ આ સિવાય *કહાવલી*[56], *ભરહેસરબાહુબલીવૃત્તિ* વગેરે કેટલાક ગ્રંથોમાં પણ અઈમુત્તા મુનિવરનું ચરિત્ર જોવા મળે છે. તેમાં માત્ર ગુણરત્નસંવત્સર તપ કર્યાનો ઉલ્લેખ નથી. એ સિવાયની ઘટનાઓ લગભગ પ્રાપ્ત થાય છે. પરંતુ કેવલજ્ઞાનની પ્રાપ્તિ ક્યારે થઈ? એ સંબંધમાં જે વિસંવાદ જોવા મળે છે તેનું સમાધાન નથી થતું. ત્યારે *પ્રબંધપંચશતી*[57] ગ્રંથ અન્તર્ગત અઈમુત્તા મુનિવરનું કથાનક જોતાં પ્રાયઃ કરીને કોઈ પ્રશ્નને પછી અવકાશ રહેતો નથી. ત્યાં કુલ ત્રણ અઈમુત્તા મુનિવરોની વાત કરવામાં આવી છે.

(૧) જેઓએ ગુરુગૌતમસ્વામીને ગોચરી વ્હોરાવી વીરવાણી સુણીને માતા-પિતાને 'જે જાણું તે હું નવિ જાણું, નવિ જાણું તે જાણું' ઇત્યાદિ વચનોથી સમજાવી દીક્ષા લીધી ને ગુણરત્નસંવત્સર તપ કરી કેવલી થયા.

(૨) અઈમુત્તા મુનિવર જેઓ કંસના લઘુભ્રાતા (નાના ભાઈ) હતા અને નેમિનાથ પ્રભુના સમયમાં કેવલી થયા.

(૩) અઈમુત્તા મુનિ માટે આમ લખાયું છે કે વરસતા વરસાદમાં પાણીની વિરાધના કરીને ગુરુ દ્વારા નિષેધ કરાયા છતાં ધર્મસ્થાનકમાં આવી ઈરિયાવહી કરતાં વારંવાર દગમટ્ટી બોલતાં શુક્લધ્યાનમાં આરૂઢ થયેલા એવા તેમણે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું ઇત્યાદિ.

---

[55] ૩૭. *વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર* – સટીક - પહેલો ભાગ, સં. મુનિ *શ્રીદિવ્યકીર્તિવિજયજી* ગણિ, પૃ. ૩૯૭

[56] ૩૮. *કહાવલી* – ભાગ - ૨, સં. મુનિ *શ્રીકલ્યાણકીર્તિવિજયજી*, પૃ.૧૩૮

[57] ૩૯. *પ્રબંધપંચશતી* - [૪૩૫] અથ અતિમુક્તર્ષિસમ્બન્ધઃ, પૃ.૨૩૩-૪

અહીં આ પ્રમાણે સમજી શકાય કે *અંતકૃદ્દશાંગસૂત્ર*માં જે કથા છે તે ૧ લા અઈમુત્તા મુનિવરની છે અને *શ્રીભગવતીસૂત્ર*માં જે કથાનક જણાવાયું છે તે અત્યંત પ્રચલિત એવા ૩ જા અઈમુત્તા મુનિવરનું છે. આમ જો અલગ પાડીને અર્થ કરવામાં આવે તો વિસંવાદ કે મતાંતર માનવાની જરૂર રહે નહીં. અને બીજી રીતે પણ બન્ને કથાનકોને જુદાં પાડવા હોય તો પાણીમાં પાત્રી તરાવનાર અઈમુત્તા મુનિવરે છ વર્ષે[58] દીક્ષા લીધી છે અને ગુણરત્નસંવત્સર તપ કરનાર અઈમુત્તા મુનિવરે આઠ વર્ષની[59] ઉંમરે દીક્ષા લીધી છે. આ રીતે ઉંમરની સ્પષ્ટતા કરવાથી પણ બન્નેને જુદા પાડી શકાય છે. *પ્રબંધપંચશતીગ્રંથ* સિવાય અન્યત્ર ક્યાંય આવી સ્પષ્ટતા પ્રાયઃ કરીને દૃશ્યમાન ન હોવાથી અન્યગ્રંથોમાં ગરબડ થઈ ગઈ હશે. *શ્રીરત્નસાગરજી* કૃત અઈમુત્તા મુનિવરની સજ્ઝાય "વીર જિણંદ વાંદીને" એમાં ય ઉપરોક્ત ત્રણ ચરિત્રો પૈકી બે ચરિત્ર ભેગાં થઈ ગયાં હોય એવું સ્પષ્ટ લાગે છે. આ તો ફક્ત ઉદાહરણમાત્ર છે. બાકી અન્યત્ર પણ જ્યાં નાવ તરાવવાની વાત અને ગુણરત્નસંવત્સર તપ કર્યાની વાત એ બન્ને સાથે એક જ ચરિત્રમાં જોવા મળે તો ત્યાં કંઈક ગરબડ છે એમ *પ્રબંધપંચશતીગ્રંથ*ના આધારે કહી શકાય.

ટૂંકમાં, પ્રાપ્ત થતી અલગ-અલગ વિરોધાભાસી ઘટનાઓને એક જ અઈમુત્તા મુનિને નજર સામે રાખી તેઓની સાથે તેને જોડવા કરતાં એક જ નામના જુદા-જુદા મુનિવરો સાથે તે તે ઘટનાઓ ઘટી છે તેમ સમજવું એ આ સ્વાધ્યાયના આધારે સમુચિત લાગે છે.

આધારભૂત ગ્રંથો -

૧. અન્તકૃદ્દશાંગસૂત્ર ૨. ભગવતીસૂત્ર ૩. ભગવતીસૂત્ર સટીક ૪. કહાવલી ૫. ભટ્ટેશ્વર-બાહુબલીવૃત્તિ ૬. પ્રબંધપંચશતી ૭. ભગવતીસૂત્ર (સં. મધુકર મુનિ)

**મુનિ શ્રીશીલચન્દ્ર-નિર્ગ્રન્થચન્દ્રવિજયજી**

---

[58] ૪૦. જુઓ ટિપ્પણ - ૩ અંતર્ગત *વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર*-ટીકા

[59] ૪૧. જુઓ ટિપ્પણ - ૫ અંતર્ગત અઈમુત્તામુનિની કથા

# *સંશોધન*

## 272. એક અવગ્રહચિહ્નની ઉપસ્થિતિ-અનુપસ્થિતિથી સર્જાતો પ્રરૂપણાભેદ

સભાષ્ય *ઓઘનિર્યુક્તિ*માં એક ગાથા આવે છે –

दुविहा य होंति पाया जुन्ना य नवा य जे उ लिप्पंति।
जुन्ने दाएऊणं लिंपइ पुच्छा य इयरेसिं।।३७७।।

આ ગાથાની *શ્રીદ્રોણાચાર્ય* રચિત વૃત્તિ - तानि च लेपयितव्यानि पात्राणि द्विविधानि भवन्ति - जूर्णानि- पुराणानि नवानि- अधुनैव यान्यानीतानि तानि प्रथमं लिप्यन्ते। तत्र यानि जीर्णानि पात्रकाणि लिम्पनीयानि तानि गुरोः प्रदर्श्य लिम्पति, एवंविधान्येतानि पश्य किं लिप्यन्ते उत न? इतरेषां- नवानां पात्रकाणां लेपने पृच्छा कर्त्तव्या, किं एतानि लिप्यन्ते उत तिष्ठन्तु? इति। आह – कः पुनरनापृच्छ्य पात्रकाणि लिम्पति सति दोषः? उच्यते...।।

આનો ભાવાર્થ એમ છે કે લેપ કરવા યોગ્ય પાત્રો બે પ્રકારનાં હોઈ શકે – જૂનાં એટલે કે જે પહેલેથી જ શ્રમણ પાસે હોય અને નવાં એટલે કે જે હમણાં જ યાચના દ્વારા પ્રાપ્ત કર્યાં છે તે. તેમાં જે જૂનાં પાત્ર છે તે જો લેપ કરવા જેવાં લાગે તો ગુરુ ભગવંતને તે પાત્ર દેખાડીને અર્થાત્ “આ પાત્રો આવાં છે તો હું એમને લેપ કરું કે નહીં?” એમ અનુજ્ઞા લઈને લેપ કરે. અને ઇતર એટલે કે નવાં પાત્રોનો લેપ કરવાનો હોય તો પૃચ્છા કરવી જોઈએ કે “આને હું લેપ કરું કે નહીં?” એમ પૂછીને પછી લેપ કરવાનો. શંકા – જો પૂછ્યા વગર પાત્રને લેપ કરીએ તો કયો દોષ લાગે? આના પ્રત્યુત્તરમાં આગળની ગાથા છે.

આ પ્રરૂપણામાં પ્રશ્ન એ થાય કે પાત્ર – જૂનાં હોય કે નવાં, લેપ કરતાં પૂર્વે ગુરુને પૃચ્છા કરવાની જ છે અને તેમની અનુજ્ઞા લેવાની જ છે, તો પાત્રોનું એવું વિભાગીકરણ કરવાની જરૂર ન હતી. બીજી વાત, जुन्ने दाएऊणं लिंपइ पुच्छा य इयरेसिं માં पुच्छा य

इयरेसिं થી તો એવું લાગે કે જૂનાં પાત્ર કરતાં નવાં પાત્ર અંગે કોઈ વિશેષ વિધાન કરવામાં આવી રહ્યું છે, જે વૃત્તિ મુજબ તો નથી દેખાતું. કદાચ, જૂનાંમાં દેખાડીને પૃચ્છા કરવાનું કહ્યું છે અને નવાંમાં ફક્ત પૃચ્છા કરવાનું – એવી ભિન્નતા કોઈ સૂચવી શકે, પરંતુ એ વિકલ્પ પણ એટલે સંભવિત નથી લાગતો કે લેપ સિવાય પણ નવાં પાત્ર નિયમતઃ ગુરુને દેખાડવાનાં જ હોય છે. વળી, નવાં પાત્ર વિશે પૃચ્છામાં किं एतानि लिप्यन्ते उत तिष्ठन्तु? એમ एतानिનો પ્રયોગ જ સૂચવે છે કે પૃચ્છા કરતી વેળાએ પાત્ર પૂછનાર અને ગુરુ - બંનેની નજર સામે જ છે અને દેખાડીને જ પૃચ્છા કરવામાં આવી રહી છે. તો આનો ઉકેલ શો હોઈ શકે?

એક સંભવિત સમાધાન એવું સૂઝતું હતું કે જૂનાં પાત્રને લેપ કરવો કે નહીં તે વિચારણાનો વિષય હોઈ શકે, નવાંને તો અવશ્ય લેપ કરવાનો જ હોય છે. એટલે આ ભેદને અનુલક્ષીને અહીં કોઈ વિધાન હોવું જોઈએ. અને ખરેખર *શ્રીબૃહત્કલ્પસૂત્ર*-અંતર્ગત આવતી આ જ ગાથાના *શ્રીમલયગિરિસૂરિજી* રચિત વિવરણમાં આ સમસ્યાનો ઉકેલ જડી આવ્યો. ત્યાં पुच्छा य इयरेसिं ના સ્થાને ऽपुच्छा य इयरेसिं પાઠ છે –

दुविहा य होंति पाता जुण्णा य नवा य जे उ लिप्पंति।
जुण्णे दाएऊणं लिंपतऽपुच्छा य इयरेसिं ॥४८८॥

यानि पात्राणि लिप्यन्ते तानि द्विविधानि भवन्ति। तद्यथा - जीर्णानि नवानि च। तत्र यानि जीर्णानि तानि नियमत आचार्याणां दर्शनीयानि, यथा - ईदृशो लेपः क्षमाश्रमणाः! पात्राणामग्रेतनो वर्तते ततः सम्प्रति लिम्पामि न वा? तत्रैवं दर्शयित्वा यद्यनुज्ञा जाता ततस्तानि जीर्णानि लिम्पति नेतरथा। अदर्शयित्वा लेपने प्रायश्चित्तं मासलघु। यानि पुनर्नवानि तान्यवश्यं लेपनीयानीति कृत्वा आचार्यस्याऽपृच्छयाऽपि तेषाम् इतरेषां- नवानां लेपन कर्त्तव्यम्। अथ जीर्णानामदर्शने को दोषः? इत्यत आह...।।

આના ભાવાર્થમાં પહેલા કરતાં એટલો તફાવત છે કે નવાં પાત્રને તો અવશ્ય લેપ કરવાનો જ હોય છે એટલે આચાર્યની અનુજ્ઞા લીધા વિના પણ તેમને લેપ કરી જ શકાય છે. અર્થાત્ जुन्ने दाएऊणं लिंपइ જૂનાં પાત્ર દેખાડીને પછી જ લેપ કરવાનો, અન્યથા પ્રાયશ્ચિત્ત આવે. પરંતુ નવાં પાત્રને લેપ માટે દેખાડવાની કે પૃચ્છા કરવાની જરૂર નથી હોતી.

આમાં પાત્રોનું વિભાગીકરણ કેમ કર્યું કે જૂનાં કરતાં નવામાં શું વિશેષ વિધાન છે તે પ્રશ્નોનાં આપોઆપ સમાધાન મળી જાય છે.

ધ્યાનપાત્ર વાત એ છે કે અકારનો લોપ સૂચવતું એક અવગ્રહચિહ્ન ન હોવાને પરિણામે અહીં અકારનો લોપ સમજવાનો છે તે ધ્યાનબહાર ગયું છે અને ફક્ત એટલામાત્રથી *શ્રીદ્રોણાચાર્ય* રચિત વૃત્તિમાં આવો પ્રરૂપણાભેદ સર્જાયો છે!

✒ त्रै.

*

# 273. वासुदेवभीमार्जुनाः કે भीमसेनार्जुनवासुदेवाः?

लघ्वक्षरासखीदुत्स्वराद्यदल्पस्वरार्च्यमेकम्।३।१।१६०।। આ સૂત્રમાં જણાવ્યા મુજબ લઘુ અક્ષરવાળા શબ્દો, સખિન્ સિવાયના ઈકારાંત અને ઉકારાંત શબ્દો, સ્વરાદિ અકારાંત શબ્દો, અલ્પસ્વરવાળા શબ્દો અને પૂજાને લાયક પદાર્થોના વાચક શબ્દો દ્વંદ્વ સમાસમાં પહેલાં પ્રયોજાય છે. આમાં પૂજાને લાયક પદાર્થોના વાચક શબ્દો અંગે આ સૂત્રની બૃહદ્‌વૃત્તિમાં श्रद्धामेधे, वासुदेवार्जुनौ વગેરે ઉદાહરણો અપાયાં છે. ધ્યાનપાત્ર વાત એ છે કે આ તમામ ઉદાહરણો બે જ પદોના સમાસનાં છે. માનો કે ત્રણ પદનો દ્વંદ્વ સમાસ કરીએ તો? આ અંગે આ સૂત્રની *બૃહદ્‌વૃત્તિ*માં કે અન્ય વૃત્તિઓમાં કોઈ વિશેષ સ્પષ્ટતા સાંપડતી નથી. એટલે આપણે એમ જ સમજી લઈએ કે તેમાં પણ પૂજાને લાયક પદાર્થોના વાચક શબ્દોને આ જ નિયમ લાગુ પડતો હશે અને એ સમાસમાં પહેલાં જ પ્રયોજાતા હશે.

હવે બીજી વાત, भीमसेन અને अर्जुन હોય તો अर्जुन સ્વરાદિ અકારાંત શબ્દ કે અલ્પસ્વરવાળો શબ્દ હોવા છતાં स्पर्धे परः એ પરિભાષાથી માસ, વર્ણ અને ભાઈઓનાં નામ અનુક્રમે જ આવે એવો નિયમ દર્શાવનાર मासवर्णभ्रात्रनुपूर्वम्।३।१।१६१।। એ સૂત્રવિહિત વિધિ બળવાન બનવાથી, अर्जुन પહેલાં નહીં આવે, પરંતુ भीमसेनार्जुनौ જ સમાસ થશે.

પ્રશ્ન એ છે કે ધારો કે भीमसेन, अर्जुन અને वासुदेव એ ત્રણ શબ્દોનો દ્વંદ્વ સમાસ કરવાનો હોય તો? આપણે આમ વિચારીશું કે भीमसेन અને अर्जुन માં તો भीमसेन જ પહેલાં આવે અને वासुदेव તો પૂજાને લાયક પદાર્થનો વાચક શબ્દ હોવાથી એ તો સૌથી

પહેલાં જ આવે એટલે वासुदेवभीमार्जुनाः સમાસ થશે. પણ ના, પૂજાને લાયક પદાર્થોના વાચક શબ્દો દ્વંદ્વ સમાસમાં પહેલાં પ્રયોજાય એ નિયમ માત્ર બે શબ્દો હોય તો જ લાગુ પડે છે, ત્રણ કે તેથી વધુ શબ્દોના દ્વંદ્વ સમાસમાં નહીં. અલબત્ત, *સિદ્ધહેમવ્યાકરણ*ના ઉપરોક્ત સૂત્રની વૃત્તિઓમાં આવો નિર્દેશ નથી થયો. પરંતુ *શ્રીનિશીથભાષ્ય* – ગાથા – ૯૩ અને તેની *વિશેષચૂર્ણિ*માં આવો સ્પષ્ટ નિયમ દર્શાવાયો છે –

अप्पसरमच्चित्ततरं एगेसिं पुव्वजतणपडिसेवा।
तं दोण्ह चेव जुज्जति बहूण पुण अच्चितं अंते।।

*વિશેષચૂર્ણિ* - अप्पसरं ति अत्रैके आचार्या आहुः – यदल्पस्वरतरं तत् सर्वं द्वन्द्वे पूर्वं निपतति। यथा – प्लक्ष-न्यग्रोधौ इत्यादि। अच्चिततरं ति अन्ये पुनराहुः – यदर्चितं तत् पूर्वं निपतति। यथा – मातापितरौ, वासुदेवार्जुनौ इत्यादि। एताणि कारणाणि इच्छमाणा आयरिया पुव्वजयण-पडिसेवणं भणंति। वयं पुनर्ब्रूमः – तं दोण्ह चेव पच्छद्धं। तदिति तद् अल्पस्वरत्वम् अर्चितत्वं वा द्वाभ्यां चैव पदाभ्यां युज्यते घटते इत्यर्थः, नतु बहूनाम्। चोदग आह – बहुयाण कहं? उच्यते – बहूण पुण अच्चितं अंते – बहूनां पदानां पुणसद्दो अवधारणे अच्चितं पदं अंते भवति। यथा – भीमसेनार्जुनवासुदेवाः।।

અર્થાત્ દ્વંદ્વ સમાસમાં અલ્પસ્વરવાળા શબ્દો કે પૂજાને લાયક પદાર્થોના વાચક શબ્દો પહેલાં પ્રયોજાય તે નિયમ ફક્ત બે શબ્દોના સમાસમાં જ લાગુ પડે છે, ત્રણ કે તેથી વધુ શબ્દોના સમાસોમાં નહીં. ત્યાં તો પૂજાને લાયક પદાર્થોના વાચક શબ્દો સમાસમાં અંતે પ્રયોજાય છે. જેમ કે જેમકે वासुदेव અને अर्जुन હોય તો वासुदेवार्जुनौ થાય, अर्जुन અલ્પસ્વરવાળો અને સ્વરાદિ અકારાંત શબ્દ હોવા છતાં. કેમકે ત્યાં स्पर्धे परः એ પરિભાષાથી अर्च्य સંબંધિત વિધિ બળવાન બનશે. પણ वासुदेव, अर्जुन અને भीमसेन એમ ત્રણ શબ્દો હોય તો वासुदेवभीमार्जुनाः નહિ થાય, પણ भीमसेनार्जुनवासुदेवाः થશે. કેમકે वासुदेव એ અર્ચ્ય છે, અને ત્રણ કે તેથી વધુ શબ્દોના સમાસોમાં અર્ચ્ય અંતે આવે છે.

त्रै.

*

# 274. આવશ્યકક્રિયાનાં સૂત્રોમાં આવશ્યક સુધારા

→ સંતિકરં સૂત્ર – ગાથા – ૩, પંક્તિ - ૩

સૌઁ હ્રીઁ નમો ય સવ્વોસહિપત્તાણં ચ દેઇ સિરિં...

અત્યારે આમાં નમો પછી ય બોલાતો નથી, પણ તે બોલાવો જોઈએ. સંતિકરં સૂત્ર આર્યા છંદમાં છે. આર્યા છંદમાં કુલ ચાર ચરણ હોય છે. તેમાં પહેલા અને ત્રીજા ચરણમાં બાર-બાર માત્રા અને બીજા ચરણમાં ૧૮ માત્રા તથા ચોથા ચરણમાં ૧૫ માત્રા હોય છે. જો ત્રીજા ચરણમાં ય મૂકવામાં ન આવે તો તેમાં ફક્ત ૧૧ માત્રા જ થાય છે અને જો ય મૂકીએ તો ૧૨ માત્રા થાય છે, જે હોવી જરૂરી છે. હસ્તપ્રતમાં આ રીતે પાઠ મળે છે.

→ સંતિકરં સૂત્ર – ગાથા – ૫, પંક્તિ – ૧

રક્ખંતુ મમં રોહિણિ...

આ ગાથામાં મમની જગ્યાએ મમં હોવું જોઈએ અને એ જ્યારે કરવામાં આવે છે ત્યારે બાર માત્રા થાય છે, જે હોવી જરૂરી છે.

→ સંતિકરં સૂત્ર – ગાથા – ૭, પંક્તિ – ૪

બંભોમાણુએસરકુરમારા...

જક્ખા ગોમુહ... એ ગાથામાં ચોથા ચરણમાં અત્યારે બંભો માણઓ સુરકુમારો એમ બોલાય છે. તેની જગ્યાએ બંભોમાણુએસરકુરમારા આ પ્રમાણે બોલવું જોઈએ. આમાં ૧૧ મા યક્ષનું નામ મનુષ્યેશ્વર છે એટલે માણુએસર બરાબર બંધબેસતું આવે છે.

→ સંતિકરં સૂત્ર – ગાથા – ૮, પંક્તિ – ૩

છંમુહ પયાલ... એ ગાથામાં ત્રીજા ચરણમાં કુબેર એમ બોલાય છે તેની જગ્યાએ કૂબર એમ બોલવું જોઈએ. કારણકે કુબેર બોલીએ તો તે જગણ થાય છે, જે આર્યામાં શરુઆતમાં લેવાનું નિષિદ્ધ છે. એટલે કૂબર બોલવામાં આવે તે જ બરાબર છે.

→ સંતિકરં સૂત્ર – ગાથા – ૧૩, પંક્તિ – ૧

ઈઅ સંતિનાહ... એ ગાથામાં પહેલાં ચરણમાં સમ્મદિટ્ઠિ એવું બોલાય છે. તેની જગ્યાએ સમ્મદ્દિટ્ઠિ આ રીતે બે દ બોલવા જોઈએ.

→ ખિત્તદેવયાની થોયમાં

જીસે ખિત્તે સાહૂ દંસણનાણેહિ ચરણસહિએહિં...

આમાં નાણેહિં આ રીતે મીંડું બોલાય છે એ મીંડું ત્યાં જરૂરી નથી. આર્યા છંદમાં માત્રામેળમાં બીજા ચરણમાં ૧૮ માત્રા જોઈએ. જો હિ ઉપર મીંડું મૂકવામાં આવે તો તે ૧૯ માત્રા થઈ જાય છે, એટલે ૧ માત્રા વધી જાય છે.

→ વિશાલલોચનદલં... આ સૂત્રમાં છેલ્લી ગાથામાં દિનાગમે બોલાય છે, ત્યાં હસ્તલિખિત પ્રતમાં જિનાગમં એવો પાઠ મળે છે. કલંકનિર્મુક્ત... એ ગાથામાં બધાં વિશેષણો જ મૂકવામાં આવેલ છે, કોઈ વિશેષ્ય નથી. જો જિનાગમં મૂકવામાં આવે તો તે વિશેષ્ય તરીકે લઈ શકાય એમ છે. અને તે વિશેષણો જિનાગમંની સાથે બંધબેસતાં થાય છે.

→ સકલાર્હત્ સૂત્ર - ૨૦મા ભગવાનની સ્તુતિમાં

જગન્મોહમહાનિદ્રા...

અત્રે જગન્મહામોહનિદ્રા... આ રીતે બોલાય છે. ત્યાં જગન્મોહમહાનિદ્રા... આવો પાઠ મળે છે અને તે રીતે કરવાથી અનુષ્ટુપ્ છંદનું લક્ષણ પણ ઘટે છે. અનુષ્ટુપ્માં પાંચમો અક્ષર લઘુ હોય છે.

→ સકલાર્હત્ સૂત્ર – અવનિતલગતાનાં... એ ગાથા

ભાવતોર્ચાં નમામિ.

અત્રે ચોથા ચરણમાં ભાવતોહં નમામિ એમ બોલાય છે. તેમાં હંની જગ્યાએ ભાવતોર્ચાં નમામિ એમ બોલાય તે વાજબી છે. આ ગાથામાં બધા જ શબ્દો ષષ્ઠી બહુવચનાન્ત છે. તેથી નમામિ એ ક્રિયાપદનું કર્મ મળતું નથી.. *અભિધાનચિન્તામણિ* કોષમાં અર્ચા શબ્દ આવે છે, તેમાં अर्चा जिनौकस्तद्बिम्बं તેવું મૂક્યું છે. તેથી अर्चा નો અર્થ जिनचैत्य અને जिनबिम्ब બન્ને થાય છે. અહીં એ બેમાંથી બિંબ અર્થ સંગત થાય છે.

→ સકલાર્હત સૂત્ર – દેવોનેકભવાર્જિતો... એ ગાથા

આ ગાથામાં પ્રદીપાનલો... એમ છપાયેલ છે, ત્યાં પ્રદીપ્રાનલો... એમ હોવું જોઈએ. એટલે પાપને ભસ્મીભૂત કરવામાં પ્રદીપ્ત અગ્નિ સમાન. આ રીતે અર્થની સંગતિ થાય છે.

→ દીવાળીના દેવવન્દનમાં બીજા ગૌતમસ્વામીના દેવવન્દનમાં સંસ્કૃત થોયમાં – कर्माष्टकानेकप्रभेदसिंह... આવી રીતે છપાયું છે. તેમાં प्रની જગ્યાએ प છે અને એનો સંબંધ अनेकની સાથે છે. એટલે अनेकप એટલે હાથી અને એને ભેદવામાં સિંહ સમાન. એટલે આઠ કર્મરૂપી હાથીને ભેદવામાં સિંહ સમાન આવો અર્થ બંધબેસતો થાય છે.

→ મોટી શાન્તિમાં ॐ-ह्रीँ-श्रीँ-धृति-मति આમ બોલાય છે, ત્યાં ॐ-ह्री-श्री-धृति-मति એમ બોલવું ઉચિત છે. અહીં ह्री અને श्री એ દેવીનાં નામ છે, મંત્રાક્ષરરૂપે નથી.

→ મોટી શાન્તિમાં श्रीराजाधिपानां शान्तिर्भवतु બોલાય છે, ત્યાં श्रीराज्याधिपानां બોલવું જોઈએ અને श्रीराजसन्निवेशानां છે ત્યાં પણ श्रीराज्यसन्निवेशानां પાઠ સાચો છે. અને એ જ રીતે राजाधिप-राजसन्निवेशानाम् છે ત્યાં પણ राज्याधिप-राज्यसन्निवेशानाम् પાઠ સાચો અને બંધબેસતો છે.

→ મોટી શાન્તિમાં एषा शान्तिः... છપાયેલું છે ત્યાં एषां शान्तिः... જોઈએ. एषांનો સંબંધ शान्तिमुद्घोषयित्वा સાથે છે.

આ બધા સુધારા પ્રાચીન હસ્તલિખિત પાનાના આધારે તથા *પ્રતિક્રમણપ્રબોધ*ના આધારે કરવામાં આવ્યા છે.

→ ભરહેસર... – ગાથા – ૭, ચરણ – ૪

એમાઈ મહાસત્તા... ગાથામાં પાવપ્પબંધા વિલયં જંતિ છે, ત્યાં પાવપ્પબંધા વિલિજ્જંતિ હોવું જોઈએ.

→ ભવનદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં... જે ભવનદેવતાનો કાઉસ્સગ્ગ પ્રતિક્રમણમાં કરવામાં આવે છે, તેમાં ભુવનના સ્થાને ભવન બોલવું જોઈએ. ભુવન એટલે જગત અને ભવન એટલે વસતિ.

એ જ રીતે જ્ઞાનાદિગુણયુતાનાં... સ્તુતિમાં ત્રીજા ચરણમાં વિદધાતુ ભુવણદેવી... બોલીએ છીએ ત્યાં વિદધાતુ ભવણદેવી... બોલવું જોઈએ.

→ કલ્લાણકંદં સૂત્ર – ગાથા – ૪, ચરણ - ૩

વાએસિરી છે, ત્યાં વાએસરી સાચો પાઠ છે, કેમકે વાએસરીનો અર્થ વાગીશ્વરી દેવી છે.

**પૂજ્યપાદ શ્રીવિજયહેમચન્દ્રસૂરિજી મહારાજ**

# 275. ૨૪ યક્ષ-યક્ષિણીનાં નામો

∑ ૨૪૭ (૧૬.૪૨) માં *સંતિકર-સ્તોત્ર*ની બે ગાથાના પાઠ વિષે વિચારણા કરવામાં આવી હતી. તે વિશે વિશેષ નોંધ કરતાં અમુક ગ્રંથોનું અવલોકન કરવાનું થયું. તે દરમ્યાન જોવામાં આવ્યું કે અન્ય કેટલાક દેવ-દેવીનાં નામો વિશે પણ મતાંતરો છે. અભ્યાસુઓને સંશોધન કરવા માટે સરળતા રહે તે હેતુથી તેની એક નોંધ અહીં આપવામાં આવે છે -

દેવ-દેવીનાં પૂજનો, પ્રતિષ્ઠાકલ્પ વગેરે અનેક માહિતીઓ માટે આચારદિનકર ગ્રંથ સુપ્રસિદ્ધ છે. તેથી સૌપ્રથમ તે ગ્રંથના આધારે જ ૨૪ યક્ષ-યક્ષિણીનાં નામો આપવામાં આવ્યાં છે. ત્યારબાદ જે ગ્રંથોમાં જે યક્ષ-યક્ષિણીના નામમાં મતાંતર છે તે નામોનો જ ઉલ્લેખ કર્યો છે. તેથી શેષ નામો *આચારદિનકર* પ્રમાણે જ છે તેમ જાણવું. યક્ષ-યક્ષિણી આગળ આપેલો ક્રમાંક જે-તે તીર્થંકરને સૂચિત કરે છે. જેમ કે ૧૧ યક્ષરાજ = ૧૧ મા શ્રીશ્રેયાંસનાથના અધિષ્ઠાયક યક્ષ 'યક્ષરાજ' છે.

સંપૂર્ણ નોંધ મળી રહે તે માટે શાબ્દિક ફેરફારોની પણ નોંધ કરી છે.

(૧) *આચારદિનકર* અનુસાર ચોવીસ યક્ષ-યક્ષિણી :-

૧ ગોમુખ ૨ મહાયક્ષ ૩ ત્રિમુખ ૪ યક્ષનાયક ૫ તુમ્બરુ ૬ કુસુમ ૭ માતઙ્ગ ૮ વિજય ૯ અજિત ૧૦ બ્રહ્મા ૧૧ યક્ષ ૧૨ કુમાર ૧૩ ષણ્મુખ ૧૪ પાતાલ ૧૫ કિન્નર ૧૬ ગરુડ ૧૭ ગન્ધર્વ ૧૮ યક્ષેશ ૧૯ કુબેર ૨૦ વરુણ ૨૧ ભૃકુટિ ૨૨ ગોમેધ ૨૩ પાર્શ્વ ૨૪ માતઙ્ગ

૧ ચક્રેશ્વરી ૨ અજિતબલા ૩ દુરિતારા ૪ કાલિકા ૫ મહાકાલિકા ૬ શ્યામા ૭ શાન્તા ૮ ભૃકુટિ ૯ સુતારિકા ૧૦ અશોકા ૧૧ માનવી ૧૨ ચણ્ડા ૧૩ વિદિતા ૧૪ અંકુશા ૧૫ કન્દર્પા ૧૬ નિર્વાણી ૧૭ બલા ૧૮ ધારિણી ૧૯ ધરણપ્રિયા ૨૦ નરદત્તા ૨૧ ગાન્ધારી ૨૨ અમ્બિકા ૨૩ પદ્માવતી ૨૪ સિદ્ધાયિકા (આચારદિનકર-પ્રતિષ્ઠાધિકાર-નન્દ્યાવર્તસ્થાપના)

આ જ *આચારદિનકર*ના પ્રતિષ્ઠાધિકારમાં નન્દ્યાવર્તપૂજાનું વિધાન કરતી વખતે કેટલાક યક્ષ-યક્ષિણીનાં નામો બદલાઈ ગયા છે :-

યક્ષ : ૪ યક્ષેશ્વર ૧૧ યક્ષરાજ ૧૮ યક્ષેશ્વર

યક્ષિણી : ૪ કાલી ૬ અચ્યુતા ૯ સુતારા ૧૬ નિર્વાણા ૧૯ વૈરોટ્યા ૨૨ અમ્બા

(૨) *નિર્વાણકલિકા* : -

યક્ષ : ૪ ઈશ્વર ૧૧ ઈશ્વર ૧૮ યક્ષેન્દ્ર

યક્ષિણી : ૧ અપ્રતિચક્રા ૨ અજિતા ૩ દુરિતારિ ૫ મહાકાલી ૬ અચ્યુતા ૯ સુતારા ૧૨ પ્રચણ્ડા ૧૬ નિર્વાણા ૧૮ ધારણી ૧૯ વૈરોટ્યા ૨૦ વરદત્તા ૨૧ ગન્ધારી ૨૨ કૂષ્માણ્ડી (અર્હદાદિની વર્ણાદિ ક્રમવિધિ)

(૩) *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત* : -

યક્ષ : ૪ યક્ષેશ્વર ૧૧ ઈશ્વર ૧૮ યક્ષેન્દ્ર

યક્ષિણી : ૧ અપ્રતિચક્રા ૩ દુરિતારિ ૫ મહાકાલી ૬ અચ્યુતા ૯ સુતારા ૧૨ ચન્દ્રા ૧૯ વૈરોટ્યા

(૪) *અભિધાનચિન્તામણિ* : -

યક્ષ : ૧૧ યક્ષેશ્

યક્ષિણી : ૩ દુરિતારિ ૫ મહાકાલી ૯ સુતારકા (કાણ્ડ-૧)

(૫) *પ્રવચનસારોદ્ધાર* : -

યક્ષ : ૪ ઈશ્વર ૧૧ મનુજ ૧૨ સુરકુમાર ૧૮ યક્ષેન્દ્ર ૧૯ કૂબર ૨૩ વામન

ટીકામાં મનુજ અને વામનના વર્ણન વખતે મતાંતરે તેમનું અનુક્રમે ઈશ્વર અને પાર્શ્વ નામ પણ જણાવ્યું છે.

યક્ષિણી : ૨ અજિતા ૩ દુરિતારિ ૪ કાલી ૫ મહાકાલી ૬ અચ્યુતા ૮ જ્વાલા ૯ સુતારકા ૧૧ શ્રીવત્સા ૧૨ પ્રવરા ૧૩ વિજયા ૧૫ પન્નગા ૧૭ અચ્યુતા ૧૮ ધારણી ૧૯ વૈરોટ્યા ૨૦ અચ્છુપ્તા ૨૨ અમ્બા

ટીકામાં મતાંતરે કરીને ૧ અપ્રતિચક્રા ૬ શ્યામા ૧૧ માનવી ૧૨ ચણ્ડા ૧૩ વિદિતા ૧૫ કન્દર્પા ૧૭ બલા ૨૦ નરદત્તા નામોનો પણ ઉલ્લેખ છે. (ગાથા ૩૭૩-૩૭૬)

(૬) *સંતિકરં-સ્તોત્ર* : -

યક્ષ : ૪ યક્ષેશ ૧૧ મનુજ ૧૨ સુરકુમાર ૧૮ યક્ષેન્દ્ર

યક્ષિણી : ૨ અજિતા ૩ દુરિતારિ ૪ કાલી ૫ મહાકાલી ૬ અચ્યુતા ૮ જ્વાલા ૯ સુતારકા ૧૧ શ્રીવત્સા ૧૩ વિજયા ૧૪ અંકુશી ૧૫ પન્નગા ૧૭ અચ્યુતા ૧૯ વૈરોટ્યા ૨૦ અચ્છુપ્તા ૨૨ અમ્બા

(૭) *સપ્તતિશતકસ્થાનક* : -

યક્ષ : ૪ યક્ષેશ ૧૧ મનુજેશ્વર

યક્ષિણી : ૨ અજિતા ૩ દુરિતારિ ૪ કાલી ૫ મહાકાલી ૬ અચ્યુતા ૮ જ્વાલા ૯ સુતારકા ૧૧ શ્રીવત્સા ૧૨ પ્રવરા ૧૩ વિજયા ૧૫ પન્નગા ૧૭ અચ્યુતા ૧૮ ધરણી ૧૯ વૈરોટ્યા ૨૦ દત્તા ૨૨ અમ્બા (૨૨૫-૨૨૮)

(૮) *શ્રીઅમરચન્દ્રસૂરિકૃત ચતુર્વિંશતિજિનેન્દ્રચરિતાનિ*

યક્ષ : ૪ યક્ષેશ્વર ૧૧ ઈશ્વર ૨૦ વારુણ

યક્ષિણી : ૧ અપ્રતિચક્રા ૩ દુરિતારિ ૫ મહાકાલી ૬ અચ્યુતા ૯ સુતારા ૧૭ બલાહકા ૧૮ ધારણી ૧૯ વૈરોટ્યા

(૯) *લોકપ્રકાશ* : -

યક્ષ : ૪ ઈશ્વર ૧૧ મનુજ, મતાંતરે ઈશ્વર ૧૮ યક્ષેન્દ્ર ૧૯ કૂબર, મતાંતરે કુબેર ૨૦ વિજિત ૨૩ વામન, મતાંતરે પાર્શ્વ

યક્ષિણી : ૩ દુરિતારી ૪ કાલી ૫ મહાકાલી ૬ અચ્યુતા, મતાંતરે શ્યામા ૮ જ્વાલા, મતાંતરે ભૃકુટિ ૯ સુતારા ૧૧ શ્રીવત્સા, મતાંતરે માનવી ૧૨ પ્રવરા, મતાંતરે ચણ્ડા ૧૩ વિજયા, મતાંતરે વિદિતા ૧૫ પન્નગા, મતાંતરે કન્દર્પા ૧૭ અચ્યુતા, મતાંતરે બલા ૧૮ ધારણી ૧૯ વૈરોટ્યા ૨૦ અચ્છુપ્તા, મતાંતરે નરદત્તા (સર્ગ - ૩૨)

ઉપરોક્ત ગ્રંથો જોતાં આટલી વાતો નજર સામે આવે છે :

→ યક્ષનામોમાં ૪, ૧૧, ૧૨, ૧૮, ૧૯, ૨૦ અને ૨૩ આટલા યક્ષોનાં નામોમાં જ મતાંતરો છે.

૪ અને ૧૮ યક્ષનાં નામોના મતાંતરોમાં માત્ર પર્યાયવાચી શબ્દો જ છે, તેથી તે ગૌણ બાબત છે.

૧૧ યક્ષના નામમાં સર્વાધિક મતાંતરો છે, અને તે વિભિન્ન અર્થો ધરાવે છે.

૧૨ યક્ષના સુરકુમાર અને કુમાર એમ બે નામો મળે છે. તેમાં 'તે લુગ્ વા' (*સિદ્ધહેમ.* ૩।૨।૧૦૮) અનુસાર, દેવદત્તના, દેવદત્ત, દેવ અને દત્તની જેમ બંને નામો હોઈ શકે છે. તેથી કોઈ મતાંતર નથી.

૧૯ યક્ષના કુબેર અને કૂબર એ બે નામોની સંગતિ વિચારણીય છે.

૨૦ યક્ષના વરુણ, વારુણ અને વિજિત એમ ત્રણ નામો મળે છે. વારુણની તો, સ્વાર્થમાં અણ્-પ્રત્યય સમજીને સંગતિ કરી શકાય છે, પરંતુ વિજિતની સંગતિ બાકી રહે છે.

૨૩ યક્ષના પાર્શ્વ અને વામન્ નામોની સંગતિ પણ વિચારણીય રહે છે.

→ યક્ષિણી નામોમાં ૩, ૪, ૫, ૯, ૧૦, ૧૧ યક્ષિણીનાં નામોમાં તો માત્ર શાબ્દિક ફેરફાર જ છે. જેથી તે ગૌણ બાબત છે. ૧, ૨, ૬, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૧૯ અને ૨૨ યક્ષિણીનાં નામોમાં મતાંતરો જોવા મળે છે.

૨ અજિતબલા અને અજિતાની આગળ કહ્યું તેમ, 'તે લુગ્ વા' થી સંગતિ થઈ શકે છે.

શેષ યક્ષિણીનાં નામવિષયક મતાંતરો વિચારણીય રહે છે.

→ ઉપરોક્ત લેખમાં *સંતિકરં-સ્તોત્ર*માં બે સ્થાને, *સપ્તતિશતસ્થાનક*ગ્રંથના આધારે, શુદ્ધિ કરવી જોઈએ તેમ સૂચવાયું હતું, પરંતુ ઉપરોક્ત ગ્રંથોનું અવલોકન કરતાં જણાય છે કે *સંતિકરં-સ્તોત્ર*નો પાઠ, મતાંતર સમજીને, યથાવત્ રાખવો જોઈએ. શુદ્ધિની જરૂર નથી.

→ યક્ષ-યક્ષિણીના નામવિષયક મતાંતરોની નોંધ કરવાના ઉદ્દેશથી આ સંગ્રહ આપ્યો છે. હજી પણ બીજા ગ્રંથો જોવામાં આવે તો આ સંગ્રહ વધુ સમૃદ્ધ થઈ શકે. મિત્ર મુનિવરોને તે વિષે પ્રયત્ન કરી પોતાનો સ્વાધ્યાય રજૂ કરવા નમ્ર વિનંતિ.

**મુનિ શ્રીશ્રુતાંગચન્દ્રવિજયજી**

*

## 276. श्रीज्ञानसूरिं वरदायकाश्च

सम्यग्दृशां विघ्नहरा भवन्तु मातङ्गयक्षाः सुरनायकाश्च।
दीपालिका-पर्वणि सुप्रसन्नाः, श्रीज्ञानसूरि-वरदायकाश्च।।४।।

अत्र 'सूरि' इत्यत्र 'रि' लघु भवति। वस्तुतः तत्र गुरुः वर्णः अपेक्ष्यते। अत्र कथं शुद्धिः स्यात्? केचन ब्रुवन्ति - 'सूरे-र्वर' इति सूरिपदे षष्ठी भवतु। तेन छन्दोभङ्गदोष-निवारणं भविष्यति इति। परं वयं भावयामः अत्र द्वितीयया विभक्त्या भाव्यमिति। अत्र *शब्दापशब्दविवेके चारुदेवशास्त्री* इदमाह -

'महात्मनो दर्शका जना नानादिग्देशेभ्यः संनिपतन्ति।' अत्र इत्थं विवेचनम् - 'महात्मानं दर्शका इत्येवं वाच्यम्। अकेनोर्भविष्यदाधमर्ण्ययोः (पा. २-३-७०) इति कृद्योगलक्षणायां षष्ठ्यां निषिद्धायाम् अनुक्ते कर्मणि द्वितीया।' - *शब्दापशब्दविवेकः*, कारकविभक्त्यधिकारः, पृ.४६

एतदाधारेण अत्र 'श्रीज्ञानसूरिं वरदायकाश्च' इति समीचीनः पाठः भाति। विशेषं तु विशेषज्ञाः विदन्ति ।

**श्रीविजयमुक्ति-मुनिचन्द्रसूरयः**

* * *

**श्रुतसंविभाग** - १८ શ્રાવણ શુદિ પાંચમ (નેમિપંચમી),
સં. ૨૦૭૬ ના દિવસે પ્રગટ થશે.
અષાઢ શુદિ પંચમી, સં. ૨૦૭૬ સુધીમાં મળનારા લેખો/લખાણોનો
સમાવેશ આગામી અંકમાં કરવો શક્ય બનશે.

* **श्रुतसंविभाग** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં.

# *इदमत्र चिन्त्यम्...*

## 277. उक्कुट्ट → उक्कुट्ठ → उक्कट्ठ → उक्किट्ठ

*શ્રીદશવૈકાલિકસૂત્ર* – પિંડૈષણા અધ્યયન – ઉદ્દેશ – ૧, ગાથા – ૩૪ આમ છે –

गेरुअ-वन्निअ-सेढिअ-सोरट्ठिअ-पिट्ठ-कुक्कुसकए य।

उक्किट्ठमसंसट्ठे संसट्ठे चेव बोधव्वे।।

આમાં જે ઉત્કૃષ્ટ શબ્દ છે તેનું પૂજ્ય *શ્રીભદ્રંકરસૂરિજી* મહારાજ દ્વારા થયેલ વિવેચન આમ છે – કાલિંગડાં, તુંબડાં, કાકડી આદિ કાપવાં, શાક કરવું અથવા આમલી આદિનાં પત્રો ખાંડવાં-વાટવાં ઈત્યાદિ ઉત્કૃષ્ટ ક્રિયાથી ખરડાએલા હાથ-કડછી-ભાજનાદિ વડે...

આ વિવેચન *શ્રીદશવૈકાલિકસૂત્ર*ની *શ્રીહરિભદ્રસૂરિજી* રચિત વૃત્તિને અનુસરીને થયું છે એમ લાગે છે. વૃત્તિનો મૂળ પાઠ –

तथोत्कृष्ट इति उत्कृष्टशब्देन कालिङ्गालाबुत्रपुषफलादीनां शस्त्रकृतानि श्लक्ष्णखण्डानि भण्यन्ते, चिञ्चिणिकादिपत्रसमुदायो वा उदूखलखण्डित इति।।

*શ્રીદશવૈકાલિકસૂત્ર*ની *શ્રીતિલકાચાર્ય* અને *શ્રીસમયસુંદર* ઉપાધ્યાય રચિત વૃત્તિમાં પણ આવું જ વિવેચન થયું છે.

પરંતુ *શ્રીનિશીથભાષ્ય* – ગાથા – ૧૪૮ અને ૨૫૦ માં અને ગાથા – ૧૪૭ ની *વિશેષચૂર્ણિ*માં (સસરક્ખાદિ ગણ અંતર્ગત) આ સંદર્ભે उक्कुट्ट શબ્દ પ્રયોજાયો છે. *વિશેષચૂર્ણિ*માં આનું વિવરણ પણ મળે છે - उक्कुट्टो नाम सच्चित्तवणस्सति पत्तंकुरफलाणि वा उक्खले छुब्भंति तेहिं हत्थो लित्तो एस उक्कुट्टहत्थो भण्णति। (ગાથા – ૧૪૮) सचेतवणस्सती उदूहले छुन्नो पीसणीए वा पिट्ठो सरसो उक्कुट्टो भन्नति, सो पुण परित्तो अणंतो वा। (ગાથા – ૨૫૦).

આ પાઠોથી સ્પષ્ટ છે કે અત્રે उक्कुट्ट શબ્દ છે, उक्कुट्ठ નહીં. આ શબ્દના મૂળમાં પ્રાકૃતનો कुट्ट ધાતુ છે, જેનો અર્થ કૂટવું, પીસવું એવો થાય છે. જુઓ – *પાઈઅસદ્દમહણ્ણવો* – પૃષ્ઠ ૨૫૧. અત્રે उक्कुट्टના જે અર્થો જણાવાયા છે તેમાં પણ કૂટવું, પીસવું વગેરે ક્રિયાઓ જ મુખ્ય છે. *શ્રીદશવૈકાલિકસૂત્ર*ની *શ્રીઅગસ્ત્યસિંહસૂરિજી* રચિત *ચૂર્ણિ*માં આ શબ્દ उक्कुट्ठ રૂપમાં મળે છે - उक्कुट्ठं थूरो सुरालोट्टो, तिल-गोधूम-जवपिट्ठं वा। अंबिलिया पीलुपण्णियातीणि वा उक्खलछुण्णादि। પરંતુ આગળ જતાં આ उक्कुट्ठ, उक्किट्ठ કે उक्कट्ठ રૂપમાં પરાવર્તન પામ્યો છે અને એનો સંબંધ कुट्ट ધાતુને બદલે 'ઉત્કૃષ્ટ' એવી સંજ્ઞા કે વિશેષણ સાથે જોડાઈ ગયો છે. તેમાં પણ, વૃત્તિ સુધી તો આ શબ્દ દ્રવ્યપરક જ રહ્યો છે. પરંતુ ઉપરોક્ત ગુજરાતી વિવેચનમાં તો એને ક્રિયા સાથે જોડીને 'ઉત્કૃષ્ટ ક્રિયા' એવી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે!

અલબત્ત, આનાથી ગ્રંથના તાત્પર્યમાં બહુ મોટો ફરક નથી પડતો, પરંતુ उक्कुट्टના મૂળમાં कुट्ट ધાતુ છે, ઉત્કૃષ્ટ એવું વિશેષણ કે સંજ્ઞા નથી એવો બોધ અધ્યાપક-વિદ્યાર્થી ઉભયપક્ષે ધ્યાનમાં રહે તેટલો જ આ નોંધ પાછળનો આશય છે.

✒ त्रै.

*

## 278. हितोपदेशसत्कस्य शब्दद्वयस्य अर्थविषये किञ्चित्

अद्य 'समकितनी सवार' इति पुस्तकं दृग्गोचरं जातम्। तस्मिन् आ.वि.कीर्तियशसूरिविहितानि प्रवचनानि सन्ति, प्रभानन्दसूरिविरचित-हितोपदेशग्रन्थम् आधारीकृत्य। तत्र षोडशे पत्रे इत्थं प्रकाशितमस्ति –

'दढधम्मरायरत्ता ' तत्र धर्मे दुर्गतिप्रपतत्प्राणिगणधारणक्षमे रागः। अयमेव तत्त्वमिति प्रत्ययः। किंविशिष्टः? दृढः- नीली-मञ्जिष्ठा-कृमिराग-रागवदनपायी, न तु

लाक्षा-कुसुम्भ-रजनी-पतङ्गवत् क्षणभङ्गुरः, तेन रक्ताः आमज्जम् अनुप्रविश्य तन्मयताम् आपादिताः।

अस्य अर्थः गुर्जरभाषया इत्थं प्रदत्तः आ.कीर्तियशसूरिणा –

દુર્ગતિમાં પડતા પ્રાણીસમૂહને પકડી રાખવા સમર્થ હોય તે ધર્મ કહેવાય. ધર્મનો રાગ એટલે આ તત્ત્વ છે એવો વિશ્વાસ. એ રાગ કેવો હોય? અત્યંત દૃઢ-મજબૂત. વળી મંજીઠ, કીરમજીના રંગ જેવો લાભદાયી, પરંતુ લાખ, કસુંબો, આગિયાના પ્રકાશ જેવો ક્ષણિક ન હોય તેવો! ધર્મના આવા રંગથી રંગાયેલા; એટલે પૂરેપૂરા એમાં ડૂબીને તેમાં તન્મય બનેલા! (પૃ.૧૬-૧૭)

अत्र 'लाभदायी' 'आगियाना प्रकाश' इति पदद्वयं चिन्त्यम्, 'अनपायी' इत्यस्य अर्थः 'लाभदायी' इति कथं स्यात्? अपायरहितः, अनपसारणीयः अक्षणभङ्गुरः इति अर्थः अभिप्रेतः भाति। 'रजनी-पतङ्ग' इत्यस्य अर्थः 'खद्योतः (आगियो)' कथं स्यात्? अत्र तु खद्योतस्य कोऽपि प्रक्रमः एव नास्ति। वस्तुतस्तु निशापर्यायवाचिनां शब्दानामर्थः हरिद्राऽपि स्यात्। तथा चोक्तम् - *अभिधान-चिन्तामणिनाममालायाम्* - हरिद्रा काञ्चनी पीता, निशाख्या वरवर्णिनी इति।।४१८।। अस्य *चन्द्रोदयाख्या* गुर्जरभाषानिबद्धा टीका चेयम् –

હરિદ્રા, કાઞ્ચની, પીતા, નિશા અને નિશાવાચક રાત્રિ વગેરે શબ્દો, વરવર્ણિની એ ૫ - હળદર (પૃ. - ૧૦૧, શ્લોક - ૪૧૮) इति।

तन्नाम अत्र रात्रिवाचक-रजनीशब्दः हरिद्रार्थः अस्ति, न तु खद्योतार्थः इति स्पष्टमेव। अन्यच्च, खद्योतप्रकाशेन सह वर्णस्य (रागस्य) कः सम्बन्धः? कोऽपि रचयिता एतादृशं हासास्पदं नैव रचयेत्। अतः 'लाक्षा-कुसुम्भ-हरिद्रा-शलभवत् क्षणभङ्गुरः' इत्यर्थः सम्यग् भाति।

**श्रीविजयमुक्ति-मुनिचन्द्रसूरयः**

*

# *પ્રકીર્ણ*

## 279. આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા...

*શ્રીહરિભદ્રસૂરિજી* રચિત અને રુદ્રપલ્લગચ્છીય *શ્રીસંઘતિલકાચાર્ય* રચિત વૃત્તિથી મંડિત *સમ્યક્ત્વસપ્તતિકા* ગ્રંથમાં (સં. – મુનિશ્રી *લલિતવિજયજી*, પ્રકા. – *દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ*) આઠ પ્રભાવકનાં નામ દર્શાવનારી ગાથા આ પ્રમાણે છે -

पावयणी धम्मकही वाई नेमित्तिओ तवस्सी य।
विज्जा सिद्धो य कवी अट्ठेव पभावगा भणिया।।३२।।

આમાં સૂચિત આઠ પ્રભાવક પુરુષો – ૧. પ્રાવચનિક ૨. ધર્મકથી ૩. વાદી ૪. નૈમિત્તિક ૫. તપસ્વી ૬. વિદ્યાસિદ્ધ ૭. યોગસિદ્ધ ૮. કવિ.

આપણે ત્યાં પરંપરાથી આ આઠ પ્રભાવકનાં નામ બહુ પ્રસિદ્ધ રહ્યાં છે. પરંતુ હમણાં *શ્રીનિશીથભાષ્ય* – ગાથા ૩૩ માં આઠ પ્રભાવક અંગે થોડીક જુદી પ્રરૂપણા જોવા મળી –

अतिसेसी इड्ढि धम्मकहि वादि आयरिय खमग णेमित्ती।
विज्जा राया-गणसंमता य तित्थं पभासेंति।।

*વિશેષચૂર્ણિ* - अतिसेस त्ति अतिसयसंपन्नो। सो य अतिसओ मणोहि-अतिसयज्झयणा य। इड्ढि त्ति इड्ढिदिक्खिता रायामच्चपुरोहितादि। धम्मकह त्ति जे य अक्खेवणि-विक्खेवणि-निव्वेदणी-संवेदणी य धम्ममायिक्खंति। वादी वादलब्धिसंपन्नः अजेयः। आयरियो स्वपरसिद्धंतपरूवगो। खमगो मासिगादि। नेमित्तिओ अट्ठंगनिमित्तसंपन्नो। विज्जासिद्धो जहा अज्जखउडो। रायसंमतो रायवल्लभेत्यर्थः। गण पुर-चाउवेज्जादि तेसिं संमतो। एते अट्ठ वि पुरिसा तित्थं पभासेंति, परपक्खे ओहावेंति।।

આમાં સૂચિત આઠ પ્રભાવક પુરુષો – ૧. અતિશેષી – મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન કે અતિશાયી અધ્યયનોનું જ્ઞાન ધરાવનાર અતિશયસંપન્ન પુરુષ ૨. ઋદ્ધિમંત – રાજા,

અમાત્ય, પુરોહિત વગેરે સત્તાધારી પુરુષો ૩. ધર્મકથી – આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની અને નિર્વેદની કથા કરનાર ૪. વાદી – વાદલબ્ધિસંપન્ન. (આચાર્ય – સ્વપરસિદ્ધાંતને જાણનારા અને તેની પ્રરૂપણા કરનારા. ક્ષપક – માસક્ષમણ વગેરે વિકૃષ્ટ તપારાધના કરનાર). ૫. નૈમિત્તિક – અષ્ટાંગનિમિત્તનો જ્ઞાતા ૬. વિદ્યાસિદ્ધ – આર્યખપુટાચાર્યની જેમ વિદ્યાને ધારણ કરનાર. ૭. રાજસંમત – રાજાને વલ્લભ મહાપુરુષ. ૮. ગણસંમત – લોકોમાં કે વિદ્વજ્જનોમાં સંમત મહાપુરુષ.




ઉપરોક્ત પાઠમાં કુલ ૧૦ નામ થાય છે, પણ ગણતરી આઠની જ થાય છે. એટલે કયાં બે નામ ગણતરી વખતે છોડી દેવાનાં છે તે મૂંઝવણ થઈ શકે. પણ આ ગાથા પછીની ગાથા – ૩૪ માં પ્રભાવક મહાપુરુષ જો યથાશક્તિ પ્રભાવના ન કરે તો તેનાં પ્રાયશ્ચિત્તનું વિધાન છે, તેમાં આચાર્ય તથા ક્ષપકને નથી ગણ્યા. એટલે ઉપર અર્થ કરતી વખતે એ બેને છોડીને બાકીનાં આઠ નામ ગણ્યાં છે. બહુશ્રુત ભગવંતો ક્ષતિ હોય તો અવશ્ય જણાવે.

આમાં ધર્મકથી, વાદી, નૈમિત્તિક અને વિદ્યાસિદ્ધ – આ ચાર નામ તો બંને પરંપરમાં સરખાં જ છે. બાકીનાં ચાર નામોમાં જ તફાવત છે. *શ્રીસમ્યક્ત્વસપ્તતિકા* – પ્રાવચનિક, તપસ્વી, યોગસિદ્ધ અને કવિ – આ ચાર નામ છે. જ્યારે *શ્રીનિશીથભાષ્ય* – અતિશેષી, ઋદ્ધિમંત, રાજસંમત અને ગણસંમત – આ ચાર નામ છે. (પૂર્વે જોયું તેમ, આચાર્ય અને ક્ષપક – આ બે નામ અત્રે ઓછાં કરવાં પડે છે. અન્યથા, પ્રાવચનિક અને આચાર્ય, તપસ્વી અને ક્ષપક – આ જોડકાંઓનો અર્થ સરખો જ હોવાથી, બે નામમાં જ ફેર રહે.)

જોકે ધર્મકથી, વાદી, નૈમિત્તિક, વિદ્યાસિદ્ધ, પ્રાવચનિક, તપસ્વી, યોગસિદ્ધ, કવિ, અતિશેષી, ઋદ્ધિમંત, રાજસંમત અને ગણસંમત – આ બારે પ્રકારના પુરુષો વિશિષ્ટ શાસન-પ્રભાવના કરી શકવા સમર્થ હોવાથી, તે સર્વને પ્રભાવક ગણીએ તે યોગ્ય જ છે. ✒ त्रै.

*

## 280. થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળા જીવને પણ કેવલજ્ઞાન થઈ શકે!!!

આપણે ત્યાં સામાન્ય રીતે એમ કહેવાતું હોય છે કે થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળા જીવની પ્રાયઃ દુર્ગતિ જ થતી હોય છે. ભલે, અંતસમયે એને થીણદ્ધિ નિદ્રાનો ઉદય ન હોય તો પણ, આવું ગાઢ દર્શનાવરણીય કર્મ ધરાવનાર જીવ સદ્ગતિમાં જાય એ વાત જ આપણા ગળે જલદી ન ઉતરે. તેથી એવા જીવને તે ભવમાં પણ કેવલજ્ઞાન થઈ શકે એ વાત માન્યમાં જ ન આવે એ સંભવિત છે.

પરંતુ હમણાં *શ્રીનિશીથ-વિશેષચૂર્ણિ*માં આ સંબંધે જાણવા મળ્યું કે –

जदि वि तेणेव भवग्गहणेण केवलमुप्पाडेति तहवि से लिंगं न दिज्जति तस्स वा अण्णस्स वा। एस णियमो अणतिसतिणो। जो पुण अवहिणाणातिसती सो जाणति न पुण एस थीणद्धिनिद्दोदओ भवति देति से लिंगं, इहरहा न देति।। (ગાથા – ૧૪૨)

જો થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળો જીવ તે જ ભવમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરવાનો હોય તો પણ, તેવા જીવને કે અન્ય થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળા જીવને અનતિશયજ્ઞાની ગુરુ દીક્ષા ન જ આપે. પરંતુ, જેમની પાસે અવધિજ્ઞાન વગેરે અતિશય છે, અને તેઓ પોતાની જ્ઞાનશક્તિથી જાણી લે કે આ જીવને હવે ફરીવાર થીણદ્ધિ નિદ્રાનો ઉદય નથી થવાનો તો તેઓ થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળા જીવને પણ દીક્ષા આપી શકે છે.

આનો ભાવાર્થ એ થયો કે થીણદ્ધિ નિદ્રાના ઉદય જેવું અતિપ્રગાઢ કર્મ ધરાવનાર જીવ પણ સાધનાના બળે તે જ ભવમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે! જિનશાસનની આરાધનાનો પ્રભાવ કેવો અચિંત્ય છે!

✒ त्रै.

# 281. દેવના કુંડલનું સચિત્તપણું

વ્યંતરાદિથી ઈશાન સુધીના દેવોના કુંડલાદિનું સચિત્તપણું સંભવે (હોય) છે. કારણકે *શ્રીજીવાભિગમજી* – સૂત્ર – ૧, ૬૩-૬૫ (સંપાદક – *શ્રીવિજયમુનિચન્દ્રસૂરિજી* મહારાજ, પ્રકાશક – *મહાવીર જૈન વિદ્યાલય*) માં કહ્યું છે કે દેવો ભવન-વિમાન આદિમાં અતિમૂર્છાથી પોતાના રત્નકુંડલ આદિમાં ઉત્પન્ન થાય છે. તે જીવો તેજોલેશ્યાવાળા હોય છે, કારણકે નિયમ છે કે જે લેશ્યામાં જીવ મરે તે જ લેશ્યામાં જીવ ઉત્પન્ન થાય છે.

व्यन्तरादय ईशानान्ता देवा भवनविमानादावतिमूर्च्छयाऽऽत्मीयरत्न-कुण्डलादावप्युत्पद्यन्ते, ते च तेजोलेश्यावन्तोऽपि भवन्ति। यल्लेश्यश्च म्रियते अग्रेऽपि तल्लेश्य एवोपजायते, ततः कियत्कालमपर्याप्तावस्थायां तेजोलेश्यावन्तो-ऽप्यवाप्यन्ते।।

**/ મુનિ શ્રીવંદનરુચિવિજયજી**

*

# 282. સમ્યગ્દર્શની અને સમ્યગ્દૃષ્ટિમાં શું ફરક?

*તત્વાર્થભાષ્ય*માં સમ્યગ્દર્શનના સત્, સંખ્યા આદિ અનુયોગોમાં સંખ્યાના અનુયોગમાં બતાવ્યું છે કે સમ્યગ્દર્શની અસંખ્યેય છે અને સમ્યગ્દૃષ્ટિ અનંતા જીવો છે. તો સમ્યગ્દર્શની અને સમ્યગ્દૃષ્ટિમાં શું ફરક છે તે જણાવતાં આગળ જ સૂત્ર – ૮ ના ભાષ્યમાં *ભાષ્યકાર* કહે છે – જેને અપાય = મતિજ્ઞાનનો યોગ હોય તે સમ્યગ્દર્શની, દા.ત. કેવલજ્ઞાની સિવાયના બધા જીવો. અને જેને અપાય = મતિજ્ઞાનનો અયોગ હોય તે સમ્યગ્દૃષ્ટિ. દા.ત. કેવલી ભગવંતો, સિદ્ધના જીવો. મૂળ પાઠ - अपायसद्द्रव्यतया सम्यग्दर्शनं, तत् केवलिनो नाऽस्ति। तस्मात् न केवली सम्यग्दर्शी, सम्यग्दृष्टिस्तु भवति।

**/ મુનિ શ્રીવંદનરુચિવિજયજી**

*

## 283. સાધુ ગોચરી વ્હોરવા જાય ત્યારે ઉપાશ્રયથી નીકળતાં શું બોલે ?

સાધુ ગોચરી વ્હોરવા જતા હોય ત્યારે વર્તમાનમાં यस्याऽभिधानं... ગાથા બોલાતી હોય એવું જાણમાં છે, પરંતુ *યતિદિનચર્યા*માં તેના સ્થાને બીજી બે ગાથા નોંધાઈ છે –

उसभस्स य पारणए, इक्खुरसो आसि लोगनाहस्स।

सेसाण य परमान्नं, अमियरसोवमं आसि।।६७।।

अक्खीणमहाणसिलद्धि-संजुओ जयउ गोअमो भयवं।

जस्स पसाएणऽज्ज वि साहुणो सुत्थिया भरहे।।६८।।

અર્થ - ઋષભદેવ ભગવાનને પારણામાં ઈક્ષુરસ મળ્યો અને બાકીના તીર્થંકરોને પારણામાં અમૃત જેવી ખીર મળી. અક્ષીણમહાનસી લબ્ધિવાળા શ્રીગૌતમસ્વામીજી જય પામો કે જેમની કૃપાથી ભરતક્ષેત્રમાં આજે પણ સાધુઓ સમાધિમાં છે.

આ પ્રમાણે ગાથા બોલીને પછી ગોચરી વ્હોરવા જાય.

**મુનિ શ્રીવંદનરુચિવિજયજી**

*

## 284. જઘન્યથી ૨૦ તીર્થંકર કે ૧૦ તીર્થંકર

जघन्यस्तु विंशतिः, सा चैवं पञ्चस्वपि महाविदेहेषु महाविदेहान्तर्महा-नद्युभयतटसद्भावात् तीर्थकृतां प्रत्येकं चत्वारः, तेऽपि पञ्चभिर्गुणिता विंशतिर्भरतैरावतयोस्त्वेकान्त-सुषमादावभाव एवेति। अन्ये तु व्याचक्षते - मेरोः पूर्वापरविदेहयो-रेकैकसद्भावान्महाविदेहे द्वावेव, ततः पञ्चस्वपि दशैवेति, तथा च ते आहुः - सत्तरसयमुक्कोसं, इअरे दस समयखेत्तजिणमाणं। चोत्तीस पढमदीवे, अणंतरऽद्धे य ते दुगुणा।। (*શ્રીઆચારાંગ* – श्रुतस्कंध – १, सूत्र – १२७ वृत्ति)

જઘન્યથી ૨૦ થાય. તે આ પ્રમાણે - ૫ મહાવિદેહમાં મહાવિદેહની અંદર રહેલી મહાનદીના બંને કિનારે મળી પૂર્વ, પશ્ચિમ સાથે લેતાં ચાર ચાર હોય તે પાંચેના મળી વીશ થાય. અને ભરત, ઐરાવતમાં એકાંત સુષમ વિગેરે આરામાં તીર્થંકરનો અભાવ હોય છે. બીજા આચાર્ય કહે છે કે, મેરુના પૂર્વ અને પશ્ચિમ મહાવિદેહમાં એકેક તીર્થંકર હોવાથી મહાવિદેહમાં બે જ હોય છે, અને તેથી પાંચ વિદેહમાં દશ થાય. તેઓ એમ કહે છે કે - ઉત્કૃષ્ટથી ૧૭૦ અને જઘન્યથી ૧૦ તીર્થંકરનું પ્રમાણ સમયક્ષેત્રમાં હોય છે. પહેલા જંબુદ્વીપમાં ૩૪ અને એના પછીના દ્વીપમાં તથા અર્ધ-પુષ્કરાવર્ત્ત દ્વીપમાં બમણા ૬૮-૬૮ હોય છે.

**મુનિ શ્રીસિદ્ધસેનવિજયજી**

* * *

# *જિજ્ઞાસા*

? 88 કલિકાલસર્વજ્ઞજીના શિષ્ય બાલચન્દ્રજી મ.ની સામે શ્રીરામચન્દ્રસૂરિજી મ. પણ તેમના ગુરુ જેવા જ શક્તિશાળી હોવા છતાં કોઈ પણ પ્રયાસ નહીં. બાલચન્દ્ર વ્યંતરનો ઉપસર્ગ ન શમાવ્યો અને સ્નાતસ્યા... સ્વીકારી! કેવી રીતે? તેમની પણ અદમ્ય શક્તિ તો હતી છતાં કેમ? પૂજ્ય શાસ્ત્રસંશોધક ગુરૂદેવશ્રી પાસે જાણવા પણ મળ્યું કે વસ્તુપાળનું પણ બીજું નામ બાલચન્દ્ર હતું. આજથી ૪૦૦-૫૦૦ વર્ષ પૂર્વે પણ એક બાલચન્દ્રજી મ. થયા હતા. હવે આમાં સત્ય શું? **મુનિ શ્રીકૈવલ્યયોગવિજયજી**

? 89 પ્રભુ મહાવીરદેવનું ચ્યવનકલ્યાણક મધ્યરાત્રિએ થયું અને જન્મ પણ મધ્યરાત્રિએ થયો. છતાં પણ એમનો ગર્ભકાળ નવ મહિના ને સાડા સાત દિવસનો કેમ? આ અડધો દિવસ કેમ વધ્યો ?

? 90 *નવતત્ત્વપ્રકરણ*નો પાઠ છે - तेऽणंताऽतीअद्धा, अणागयद्धा अणंतगुणा।। જેનો અર્થ થાય કે, અનંત પુદ્ગલપરાવર્તનવાળો ભૂતકાળ છે અને ભવિષ્યકાળ તેનાથી

અનંતગણો છે. હવે આની સંગતિ કઈ રીતે કરવી? કારણકે ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગણો હોય તો, એનો મતલબ એમ થાય કે ભૂતકાળ ભવિષ્યકાળ કરતાં નાનો છે અને એનો મતલબ એ કે કેવલી ભગવંતોને ક્યાંક તો એની શરુઆત જણાતી જ હશે! પણ એવું તો નથી. તો પછી શું સમજવું?

? 91 *ષડશીતિ*નામના ચતુર્થ કર્મગ્રંથમાં અનંતના ૯ પ્રકાર બતાવ્યા છે, તો અનંતની વ્યાખ્યા શું? કેમકે જો જેનો અંત ન થાય એ અનંત - આવી અનંતની વ્યાખ્યા કરીએ તો તો પહેલા અનંત પછી બીજું અનંત દેખાડવા માટે એનો અંત તો દેખાડવો જ પડે ને! નહિ તો બીજું અનંત શરુ જ ન થાય. ✎ **મુનિ શ્રીપ્રશમરત્નવિજયજી**

? 92 तत्त्वार्थसूत्र ६-१ और ६-६ में आस्रवों का निर्देश किया है तथा ८-१ में मिथ्यात्वादि बंधहेतु कहे गए हैं। यहाँ प्रश्न यह है कि आस्रव और बंधहेतु में क्या फर्क है? बारह भावना में बंध भावना नहीं है, आस्रव भावना है तो क्या बंध का आस्रव भावना में ही अंतर्भाव मान सकते हैं?

? 93 देव वैक्रियलब्धि से किसी भी प्रकार की विकुर्वणा करके आत्मप्रदेश उसमें ही रखते हैं या आत्मप्रदेशों का संहरण कर लेते हैं? जैसेकि पालक देव पालक विमान की रचना के लिए वैक्रिय समुद्घात करते समय आत्मप्रदेशों को मूल शरीर से बाहर निकालते हैं। फिर रचना होने के बाद आत्मप्रदेशों को विमान में ही रखते हैं या प्रदेशों का संहरण करके पुनः मूल शरीर में अवस्थित हो जाते हैं? ✎ **मुनि श्रीगोयमचंद्रविजयजी**

? 94 કેટલાક સમુદાયમાં શ્રાવકના અતિચાર સમયે તપાચારના અતિચારમાં સાધુભગવંતો પણ ઊભા થઈને મિચ્છામિ દુક્કડમ્ માંગે છે. આની પાછળનું રહસ્ય શું છે? કદાચ આપણે આલોચના કરવાની જ હોય તો આપણાં અતિચારમાં પણ તપાચારના મૂકી દીધા ન હોત? રહસ્ય જણાવશો. ✎ **મુનિ શ્રીહેમહર્ષવિજયજી**

? 95 श्रीज्ञानविमलसूरिकृत *श्रीश्रीपाल-चरित्र* के अन्दर बताया गया है कि श्रीसिद्धचक्र का यंत्र (-मांडला) धरती पर बनाना एवं *सिरिसिरिवालकहा* में बताया है कि वेदिका के उपर यंत्र बनावे तो सत्य क्या?

धरित्रीमण्डलप्रतिष्ठितं - *श्रीज्ञानविमलसूरि*कृत *श्रीपालचरित्र* (पेज १७, चौथी लाईन)

कत्थपि विच्छिन्ने जिणहरंमि काऊ तिवेट्ठयं पीढं।
वित्थिण्णं वर कुट्टिमधवलं नवरंगकयं चित्तं।।१९८२।। - *सिरिसिरिवालकहा*

? 96 नवपद की ओली में जाप कितने का करना क्योंकि *श्रीज्ञानविमलसूरि*कृत *श्रीश्रीपालचरित्र* में १३ हजार का बताया गया है तो वह किस प्रकार होता है? एवं २ हजार का भी बताया है, पर २ हजार का जाप तो १९ माला गीनने से ही हो जाता है (Something). १३ हजार का जाप क्यों नहीं करते?

पाठ - "त्रयोदशसहस्रैकपदगुणनपूर्वकं" (पेज १७, अंतिम लाईन)

? 97 कोई सोमपुरा, मंदिर का कार्य करके, मंदिर के द्रव्य से अपना जीवननिर्वाह करता हो तो क्या वह सुपात्रदान कर सकता है? क्या वह साधर्मिकभक्ति कर सकता है? क्या कोई श्रावक उनके घर पर भोजन कर सकता है? यदि कर सकता है तो क्या वह श्रावक को देवद्रव्य का भक्षण का दोष नहीं लगता है?

? 98 बहुत सारे संघ में अभी ऐसा नियम बनाते है कि चढावे के पैसे २ साल तक भरो तो व्याज भरने की आवश्यकता नहीं है, और ऐसे संघ का नेतृत्व भी आचार्य म.सा. कर रहे होते हैं, तो दो साल का व्याजभक्षण का दोष किसको लगता है? श्रावकों को तो लग सकता नहीं क्योंकि संघ ने नियम बनाया होता है। ✒ **मुनि श्रीतत्त्वेशचन्द्रसागरजी**

? 99 હમણાં કેટલાક સમયથી ભગવાનનો અભિષેક શંખથી કરવા-કરાવવાનું શરુ થયેલ છે. આ શંખથી કરવામાં આવતો અભિષેક એ શાસ્ત્રસંમત છે? પૂર્વકાળમાં ક્યાંય થતો/ થયો હોય એવું કોઈ દૃષ્ટાંત મળે? અને કદાચ કોઈ શાસ્ત્રપાઠ કે દૃષ્ટાંત ના મળે તો પણ કળશની જગ્યાએ શંખથી અભિષેક કરાય તો વધુ લાભ મળે એવું ખરું? કે પછી શંખથી પ્રક્ષાલ કરવો એ ઉચિત નથી? આ પ્રશ્નને શાસ્ત્રચક્ષુના આધારે ચર્ચવા વિનંતિ.

? 100 સમવસરણમાં દેશનાશ્રવણ કરવા માટે સિંહ, સર્પ વગેરેની જેમ માછલી પ્રમુખ જલચર જીવો પણ આવી શકે ખરા? અને જો આવી શકે તો તેઓને બેસવા માટે ત્યાં કેવા પ્રકારની વ્યવસ્થા શાસ્ત્રોમાં મળે છે? જણાવશો.

? 101 શાશ્વત પદાર્થો સચિત્ત હોય કે અચિત્ત? આ વિષયની સ્પષ્ટતા ક્યાં મળે?

**મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી**

? 102 ભગવાન ઋષભદેવના પુત્ર બાહુબલી રાજાએ તક્ષશિલા નગરીમાં જે ધર્મચક્રની સ્થાપના કરી તે ધર્મચક્રનો વર્તમાનકાળે પ્રાપ્ત થતો આકાર કે પ્રાપ્ત થતી રચનાનો કોઈ શાસ્ત્રસંદર્ભ – શાસ્ત્રાધાર મળી શકે ખરો? **મુનિ શ્રીકુમુદચન્દ્રવિજયજી**

* * *

<u>સંકેતસૂચિ</u>

∑ = લેખ — ? = જિજ્ઞાસા

✉ = પત્રચર્ચા-ગત પત્ર — @ = સમાધાન

≠ = શ્રુતશુદ્ધિ — ↹ = પત્રચર્ચા-ગત પત્રની લિંક

= પ્રતિસ્પંદ — = લેખક

# *સમાધાન*

? 103 જિજ્ઞાસા – ચૈત્ર મહિનાની શાશ્વતી ઓળી દરમ્યાન ત્રણ દિવસ થતો સચિત્ત-અચિત્ત રજનો કાયોત્સર્ગ શા માટે કરવામાં આવે છે? વિહાર વખતે માર્ગમાં સચિત્ત-અચિત્ત રજનો સંઘટ્ટો થાય તેની સાથે આનો સંબંધ હોઈ શકે? કે પછી પૃથ્વી પણ મનુષ્યસ્ત્રીની જેમ ચોક્કસ સમયે રજસ્વલા થતી હોય છે તેવો અલૌકિક ગૂઢ રહસ્યમય ઈશારો આમાં છૂપાયેલો છે? (મૌખિક પ્રશ્ન)

@ સમાધાન – આમ તો આ કાયોત્સર્ગ પાછળનું કારણ એટલું બધું પ્રસિદ્ધ છે કે આનો જવાબ અહીં આપવાનો જ ન હોય. તો પણ કદાચ ધ્યાનબહાર રહ્યું હોય એમ સમજીને નોંધી લઈએ. મૂળે આ કાયોત્સર્ગનું પ્રાચીનતમ વિધાન *શ્રીભદ્રબાહુસ્વામી* પ્રણીત *આવશ્યકનિર્યુક્તિ*માં સાંપડે છે. આની *શ્રીહરિભદ્રસૂરિજી* વિરચિત વૃત્તિમાં તો આનું સુસ્પષ્ટ વિવરણ પણ થયું છે –

पंसू अ मंसरुहिरे केससिलावुट्ठि तह रउग्घाए।
मंसरुहिरे अहोरत्त अवसेसे जच्चिरं सुत्तं।।१३३१।।

व्याख्या – धूलीवरिसं मंसवरिसं रुहिरवरिसं 'केस'त्ति केसवरिसं करगादि सिलावरिसं रयुग्घायपडणं च, एएसिं इमो परिहारो – मंसरुहिरे अहोरत्तं सज्झाओ न कीरइ, अवसेसा पंसुमाइया जच्चिरं कालं पडंति तत्तियं कालं सुत्तं नंदिमाइयं न पढंति त्ति गाथार्थः।।

पंसुरयुग्घायाण इमं वक्खाणं –

पंसू अचित्तरओ रयस्सिलाओ दिसा रउग्घाओ।
तत्थ सवाए निव्वायए य सुत्तं परिहरंति।।

व्याख्या – धूमागारो आपंडुरो रओ अच्चितो य पंसू भणइ, महास्कन्धावार-गमनसमुद्भूत इव विश्रसापरिणामतः समन्ताद्रेणुपतनं रजउद्घातो भण्यते, अहवा

एस रओउग्घाडउ पुण पंसुरिया भण्णइ। एएसु वायसहिएसु निव्वाएसु वा सुत्तपोरिसिं न करेति त्ति गाथार्थः।।

किं चान्यत्–

साभाविय तिन्नि दिणा सुगिम्हए निक्खिवंति जइ जोगं।
तो तंमि पडंतंमी करंति संवच्छरज्झायं ।।१३३३।।

व्याख्या – एए पंसुरउउग्घाया साभाविया हवेज्जा असाभाविया वा, तत्थ असब्भाविया जे णिग्घायभूमिकंपचंदोपरागादिदिव्वसहिया, एरिसेसु असाभाविएसु कए वि उस्सग्गे न करेंति सज्झायं। 'सुगिम्हए' त्ति यदि पुण चित्तसुद्धपक्खदसमीए अवरण्हे जोगं निक्खिवंति, दसमीओ परेण जाव पुण्णिमा एत्थंतरे तिण्णि दिणा उवरुवरिं अचित्तरउग्घाडावणं काउस्सग्गं करेंति, तेरसिमादीसु वा तिसु दिणेसु, तो साभाविगे पडंतेऽवि संवच्छरं सज्झायं करेति। अह उस्सग्गं न करेंति तो साभाविए य पडंते सज्झायं न करेति त्ति गाथार्थः।।

ભાવાર્થ – ધૂળની વર્ષા થાય, માંસના ટુકડા પડે, લોહીનાં ટીપાં પડે, વાળની વૃષ્ટિ થાય, કરા પડે, રજનો ઉદ્‌ઘાત થાય તો અસ્વાધ્યાય લાગુ પડે છે. તેમાં પણ માંસ અને લોહીની વૃષ્ટિ થાય તો એક અહોરાત્ર સુધી સ્વાધ્યાય કરી શકાતો નથી. અન્ય ધૂળની વૃષ્ટિ વગેરેમાં જેટલા કાળ સુધી પડે એટલો કાળ નંદી વગેરે સૂત્રોનો સ્વાધ્યાય થઈ શકતો નથી.

ધૂમાડાના આકારવાળી કંઈક સફેદ એવા રંગની અચિત્ત રજ પાંશુ (-ધૂળ) કહેવાય છે. અને રાજાનું મોટું સૈન્ય પસાર થવાથી ઊડતી ધૂળ જેવી કુદરતી રીતે જ ચોતરફ જે રજ ઊડે તે રજનો ઉદ્‌ઘાત કહેવાય છે. અથવા આને પંશુરિકા પણ કહે છે. આ ધૂળ અને રજ પવન સાથે વર્ષે કે પવન વગર – એટલો કાળ સૂત્રપોરિસી કરી શકાતી નથી.

આ ધૂળની વૃષ્ટિ અને રજનો ઉદ્‌ઘાત સ્વાભાવિક રીતે થયેલો પણ હોઈ શકે છે, અને અસ્વાભાવિક પણ. તેમાં જે પાંશુ અને રજના ઉદ્‌ઘાત નિર્ઘાત, ભૂમિકંપ, ચંદ્રોપરાગ વગેરે દિવ્ય સહિત હોય તે અસ્વાભાવિક ગણાય છે. આવા અસ્વાભાવિક પાંશુ અને રજના ઉદ્‌ઘાતમાં અચિત્તરજનો કાયોત્સર્ગ કર્યો હોય તો પણ સ્વાધ્યાય કરી શકાતો નથી. પરંતુ ચૈત્ર માસના શુક્લ પક્ષની દશમથી શરુ કરીને પૂનમ સુધીના દિવસોમાં સતત ત્રણ દિવસ જો

અચિત્તરજને દૂર કરવાનો કાયોત્સર્ગ કરે અથવા તેરસ વગેરે ત્રણ દિવસ દરમ્યાન કાયોત્સર્ગ કરે તો સ્વાભાવિક એવા પાંશુ અને રજના ઉદ્દ્ઘાતમાં પણ એક વર્ષ સુધી સ્વાધ્યાય કરી શકાય છે. હવે જો આ પાંશુ અને રજના ઉદ્દ્ઘાતના નિવારણ માટેનો કાયોત્સર્ગ ન કર્યો હોય તો પાંશુ અને રજનો ઉદ્દ્ઘાત સ્વાભાવિક હોય તો પણ સ્વાધ્યાય કરી શકાતો નથી.

આ પાઠ સ્વયં એટલો સ્પષ્ટ છે કે એના પર કોઈ વિશેષ વિવરણ કરવાની કે જિજ્ઞાસા અંતર્ગત આ કાયોત્સર્ગ કરવાનાં જે કલ્પિત કારણો દર્શાવાયાં છે તેના પર કોઈ ખુલાસો કરવાની જરૂર જણાતી નથી. ✒ **त्रै.**

? 86 (16.74) માંગલિક પ્રતિક્રમણમાં *સંતિકરં* સ્તવન બોલતાં પૂર્વે 'સંતિકરં સ્તવન ભણું?' આવા પ્રકારનો આદેશ હમણાં કેટલાક શ્રાવકો માંગતા થયા છે. તો આ પ્રમાણેનો આદેશ માંગવો જોઈએ કે નહીં? અને આ રીતે જો માંગવાનું યોગ્ય હોય તો બીજાં બધાં સૂત્રો પહેલાં પણ આના જેવો આદેશ મંગાવવો કે નહીં? અને જો આ અનુચિત હોય તો એને કઈ રીતે અટકાવી શકાય? વિધિગ્રંથોમાં આનો ક્યાંય ઉલ્લેખ મળે? તેમજ દરેક સમુદાયો આવો આદેશ માંગે - મંગાવે છે?

@ ૧) *પ્રબોધટીકા* - ભાગ - ૩ માં આદેશ માંગવાપૂર્વક સ્તવન બોલવું એવું લખ્યું છે, પણ એવું કરવામાં તો સજ્ઝાયમાં પણ એવો આદેશ માંગવાનો સમય આવશે કે ઈચ્છા. સંદિ. ભગ. સજ્ઝાય ભણું ઈત્યાદિ.

૨) તર્કથી એવું લાગે છે કે કોઈપણ આદેશ ખમાસમણ અથવા વાંદણા (થોભવંદન/દ્વાદશાવર્ત વન્દન)પૂર્વક જ મંગાય છે. દા.ત. ઈચ્છા. સંદિ. ભગ. પક્ખિસૂત્ર કઢું(પઢું)? (અમારી સમાચારીમાં દેવસિઅ પડિક્કમણે ઠાઉં અને દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ના આદેશ પૂર્વે ખમાસમણું દેવાય છે.) ✒ **મુનિ શ્રીહેમહર્ષવિજયજી**

? 85 (16.74) વ્યાખ્યાનમાં મંગલાચરણ થઈ ગયા પછી નીચે બેસતાં પૂર્વે કેટલાક ઠેકાણે અમુક શ્રાવકોએ જોરથી 'નમો તિત્થસ્સ' બોલવાનું ચાલુ કર્યું છે, જેમ ભગવાન સમવસરણમાં બેસતાં પૂર્વે બોલે તેમ. આ પદ ચતુર્વિધ સંઘે બોલવું કે પછી માત્ર શ્રાવકો જ

બોલી શકે? શાસ્ત્રમાં આ પદ બોલ્યા પછી જ શ્રાવકોએ વ્યાખ્યાનશ્રવણ કરવું એવી ક્યાંય આજ્ઞા છે ખરી? ને જે ઠેકાણે આવું પદ ન બોલાતું હોય ત્યાં શ્રાવકોને આ પદ બોલવા માટે પ્રેરણા કરી શકાય? અથવા આ પદને બદલે બીજાં પદો વારાફરતી બોલવા માટેની પ્રેરણા કરી શકાય?

@ 'નમો તિત્થસ્સ' પદ સમવસરણમાં તીર્થંકર બોલે છે, શ્રોતા બોલતાં નથી[60]. તો અહીં પણ **तित्थयरसमो सूरि** વિધાન પ્રમાણે આચાર્ય ભગવંતે **नमो तित्थस्स** બોલવું જોઈએ, શ્રાવકો ન બોલી શકે - આવું લાગે છે. ✍ **મુનિ શ્રીહેમહર્ષવિજયજી**

? 87 (16.74) પ્રતિક્રમણનાં કેટલાંક સૂત્રોમાં દરેક સમુદાયોમાં અલગ-અલગ રીતે ઉચ્ચારણ થાય છે, તેથી શ્રાવકોને ઘણી મૂંઝવણ થાય છે. જેમ કે -

*લઘુશાન્તિ*માં - ફટ્ ફટ્ સ્વાહા કે ફુટ્ ફુટ્ સ્વાહા?

*મોટી શાન્તિ*માં - ૬ ટ્ઠી ગાથામાં - ॐ ह्रीँ श्रीँ धृति કે પછી ॐ ह्री श्री धृति?

*મોટી શાન્તિ*માં - ગાથા ૭ મી માં - સર્વાસ્ત્રામહાજ્વાલા કે પછી સર્વાસ્ત્રમહાજ્વાલા ?

*મોટી શાન્તિ*માં - ગાથા ૧૯ માં - ભવતુ લોકઃ કે પછી ભવન્તુ લોકાઃ ?

*સકલકુશલવલ્લી*માં - શ્રેયસે શ્રીશાન્તિનાથઃ કે શ્રેયસે શાન્તિનાથઃ. એમાંય શ્રેયસે શ્રીશાન્તિનાથઃ પછી શ્રેયસે શ્રીપાર્શ્વનાથઃ બોલતાં અટકાવવા કે જે રીતે બોલાય છે તેમ સાંભળી લેવું? અને બોલાતાં સૂત્રોમાં નવા સુધારેલા પાઠો કદાચ સાચા પણ હોય તોય તરત જ એને પોતાની મેળે જ પ્રયોગમાં લાવી શકાય?

---

[60] *શ્રીબૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા – ૧૧૮૬ અને *શ્રીઆવશ્યકનિર્યુક્તિ* – ગાથા – ૫૫૯ માં અને તેની વૃત્તિઓમાં દર્શાવ્યા મુજબ તો શ્રોતાઓ પણ અવશ્ય नमो तित्थस्स બોલતા હોય એમ સમજાય છે. ✍ **त्रै.**

@ *પ્રબોધટીકા* – ભાગ - ૩ - પેજ – ૪૮ માં भवतु लोकः શબ્દ લખ્યો છે. છતાં પણ વિચારતાં બન્ને અર્થ સંગત થઈ શકે છે - ૧) भवतु लोकः કરીએ તો જાતિવાચક લઈ શકાય. लोकः = જીવરાશિ. તેના માટે એકવચન બેસી શકે. ૨) भवन्तु लोकाः લખીએ તો જીવો એ પ્રમાણે અર્થ લઈ શકાય. **મુનિ શ્રીહેમહર્ષવિજયજી**

@ 'ॐ ह्रीं श्रीं' इति स्थाने 'ॐ ह्री-श्री-धृति' इति पाठः साधीयान् इति धुरन्धरविजयसकाशात् श्रुतमस्ति। यतः 'ह्रीदेवी-श्रीदेवी' इत्यादयः देवीनामानि सन्ति, न तु ह्रींकार-श्रींकारादीनि मन्त्राक्षराणि। नवदश्यां गाथायां 'भवन्तु लोकाः' इति न, परं 'भवतु लोकः' इति पाठः सम्यग्। यतः आर्याऽन्तिम-चरणे पञ्चदशमात्राभिः भाव्यम्। 'भवन्तु'करणात् षोडश भवन्ति इत्यपि श्रीधुरन्धरविजयाः।

सकलकुशलवल्ली-चैत्यवन्दने न 'श्रेयसे श्रीशान्तिनाथः' इति, अपितु 'श्रेयसे शान्तिनाथः' इत्येव सम्यग्। यतः मालिनीछन्दः इदम्। तदनुसारेण अत्र 'श्री'इति अधिकम् अक्षरं स्यात्। छन्दोभङ्गश्चाऽपि भवेत्। सर्वसमुदायेषु अपि 'श्रेयसे शान्तिनाथः' इत्येव पठ्यते। क्वचिदेव 'श्रेयसे श्रीशान्तिनाथः' इति श्रुतमस्ति।

'श्रेयसे शान्तिनाथः' इति पठनानन्तरं द्वितिथिमतीय-साधवः 'श्रेयसे पार्श्वनाथः' इति न पठन्ति। अन्ये प्रायः सर्वे पठन्ति। 'श्रेयसे पार्श्वनाथः' इति पाठे दोषः न दृश्यते। प्रायः सर्व-समुदायेषु सर्व-जनेषु च 'श्रेयसे शान्तिनाथः, श्रेयसे पार्श्वनाथः' इति पाठः श्रूयते। शीलचन्द्रविजयेन इमान् प्रश्नान् उद्भाव्य सम्यग् विहितम्। साधुवादाः। **श्रीविजयमुक्ति-मुनिचन्द्रसूरयः**

* * *

# *પત્રચર્ચા*

## ✎ મુનિ શ્રીશીલચન્દ્ર-નિર્ગ્રન્થચન્દ્રવિજયજી

**✉ 141. [ ↹ @?75 (16.76) આગમો ભણવાની છૂટ અમુક જીવોને જ... ]**

→ એ સંબંધમાં જણાવવાનું કે સાધ્વીજી ભગવંતોને છેદગ્રંથોના અધ્યયનનો નિષેધ ક્યારથી થયો ? એ પ્રશ્નનો જવાબ *વ્યવહારસૂત્ર*માંથી મળે છે. ત્યાં લખ્યું છે કે શ્રીઆર્યરક્ષિતથી સાધ્વીજી ભગવંતોને છેદસૂત્રો ભણવાનો નિષેધ છે -

आरेणाऽऽगमरहिता, सा विद्दाहिंति तो न वाएंति।

तेण कहं कुव्वंतू सोहितु अयाणमाणीतो।।२३४६।।

ટીકા - आर्यरक्षितादारत आगमरहिताः। ततस्ते मा छेदश्रुताध्ययनतः संयत्यो विद्रास्यन्ति - विनङ्क्ष्यन्तीति हेतोश्छेदश्रुतानि संयतीर्न वाचयन्ति...।।

એટલે આ *વ્યવહારસૂત્ર*ના પાઠથી છેદસૂત્રો ભણવાનો નિષેધ સાધ્વીજી માટે સ્પષ્ટ સૂચિત થાય છે. ત્યારપછી પુનઃ તેની અનુજ્ઞા અને પુનઃ નિષેધ ક્યારથી થયો તે વિચારણીય છે.

## ✎ મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્રવિજયજી

**✉ 142. [ ↹ ✉ 129 ↹ (16.91) ∑ 221 (15.24) પ્રભુવીરના ભવો અંગે...]**

મુનિશ્રીએ મહાવીરસ્વામીના ૨૨મા ભવ સાથે અનંગકુમારના ભવને જોડવાનો ખૂબ સુંદર પ્રયત્ન કર્યો છે, ઉપરાંત તેઓ જણાવે છે કે '૫ ભવના અંદાજથી સમયની ગણતરી કરીએ તો પણ મેળ બેસી જાય છે'. અહીં તેઓને જણાવવાનું કે માત્ર ભવની ગણતરી કરતાં જ મેળ બેસે છે, સમયની નહિ. કારણ કે પાંચેય ભવોના આયુષ્યનો સરવાળો સાધિક ચાર સાગરોપમથી વધુ થતો નથી.

હમણાં ત્રણ મનુષ્ય ભવને બાજુ પર રાખીને બે દેવ ભવની વાત કરીએ, તો *કુવલયમાલા*ના જ ૧૭૭ મા પરિચ્છેદમાં સ્પષ્ટ કથન છે કે માનભટ્ટનો જીવ સૌધર્મ દેવલોકમાં પદ્મસાર નામનો દેવ થયો - एवं थोएसु चेव दियहेसु वच्चमाणेसु माणभडो वि

जहासमयं पालेऊण, आराहिऊण जिणणमोक्कारं तेणेव कमेण <u>तम्मि चेव विमाणे</u> अणेयजोयणलक्खवित्थरे देवो उववण्णो।।

અહીં 'તે જ વિમાનમાં' એટલે લોભદેવ જે વિમાનમાં ઉત્પન્ન થયો તે જ વિમાનમાં માનભટ્ટ પણ ઉત્પન્ન થયો. અને *કુવલયમાલા*ના ૧૭૦ મા પરિચ્છેદમાં લોભદેવનો જીવ સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો એવું સ્પષ્ટ કથન છે – कालेण य सो लोभदेवो णिययाउयं... मरिऊण सोहम्मे कप्पे उवगओ।।

અહીં એ ધ્યાન રાખવું કે સૌધર્મ દેવલોકની સ્થિતિ બે સાગરોપમથી વધારે નથી હોતી. આ પદ્મસાર દેવની વાત થઈ. આવી જ રીતે ૩૩૫ મા પરિચ્છેદમાં પણ સ્પષ્ટ કહ્યું છે કે કુવલયચન્દ્ર કાળ કરી બે સાગરોપમની સ્થિતિવાળો દેવ થયો - कुवलयचंदसाधु वि गुरूवएसे वट्टमाणो... वेरुलियविमाणे दुसागरोवमट्ठिईओ देवो उववण्णो त्ति।।

આમ બંને દેવભવોનું આયુષ્ય ચાર સાગરોપમ અને તેમાં ત્રણ મનુષ્ય ભવનાં આયુષ્ય ઉમેરતાં સાધિક ચાર સાગરોપમથી વધારે કાળ થતો નથી.

જ્યારે બીજી બાજુ *ત્રિષષ્ટિ* - ૧૦.૧.૨૮૪ ગાથામાં સ્પષ્ટ કહ્યું છે કે શ્રીમહાવીરસ્વામીના ૨૬ મા પ્રાણત દેવલોકના ભવમાં જ તેમનું આયુષ્ય ૨૦ સાગરોપમનું છે - आयुर्विंशतिसागरोपममितं सोऽपूरि देवाग्रणीः।।

આના ઉપરથી એવું સિદ્ધ થાય છે કે શ્રીમહાવીરસ્વામીનો જીવ તીર્થંકરના ભવથી સાધિક ચાર સાગરોપમ પહેલાંના સમયે અનંગકુમાર નહિ, પરંતુ પ્રાણત દેવલોકમાં દેવ હતા.

(FYI - આ વાતના આધારે એ પણ વિચારણીય છે કે કુવલયમાલાનું આ કથાનક કે તેની બધી કથાઓ કાલ્પનિક છે કે સત્ય ઘટના ઉપર આધારિત છે.)

⌧ 143. [ ⭾ ∑ 221 (15.24) પ્રભુવીરના ભવો અંગે...]

આ વિષયમાં હજુ પણ કેટલીક નવી વિગતો પ્રાપ્ત થઈ છે, તે અહીં પ્રસ્તુત છે –

૧. *શ્રીચતુરવિજયજી* મ. દ્વારા સંપાદિત *જૈનસ્તોત્રસંદોહ* - ભાગ-૧ માં સં. ૧૩૦૨ થી ૧૩૨૭ ની મધ્યમાં *શ્રીધર્મઘોષસૂરિજી* વિરચિત *શ્રીવીર૨૭ભવસ્તોત્ર* પ્રાપ્ત થયું. તેની પણ કેટલીક વાતો સંગત થતી નથી.

* *લોકપ્રકાશ*ની ૩૨.૯૩૯ મી ગાથામાં સ્પષ્ટ કહ્યું છે કે શ્રીમહાવીરસ્વામીના જીવે કેટલાક ભવો વચ્ચે ઘણું ભવભ્રમણ કર્યું છે, તે મુખ્ય ૨૭ ભવોની ગણતરીમાં સ્થાન પામતા નથી –

ततश्च मृत्वा भूयांसं, कालं संसारमाटिटत्।

भवास्ते च न गण्यन्ते, भवानां सप्तविंशतौ।।

છતાં પણ સ્તોત્રકાર ભગવંત ભવભ્રમણની પણ છટ્ઠા ભવ તરીકે ત્રીજી ગાથામાં ગણતરી કરે છે –

कुल्लागि कोसिअदिओ पंचमि (५) <u>संसारचउर छट्ठ भवे</u>।
थूणाइ पूसमितो सत्तमि (७) सोहम्मि अट्ठमए (८) ।।३।।

અહીં એ પણ નોંધવું જોઈએ કે સ્તોત્રકાર ભગવંતે બીજા ત્રણ વાર થયેલ ભવભ્રમણનો કોઈ પણ ઉલ્લેખ કર્યો નથી.

* *શ્રીઆવશ્યકનિર્યુક્તિ* – ૪૪૯ ની *હારિભદ્રીય* વૃત્તિ આદિ ચરિત્રગ્રંથોમાં પ્રિયમિત્ર ચક્રવર્તીનો જીવ મહાશુક્ર દેવલોકમાં ઉત્પન્ન થયો એવું સ્પષ્ટ કથન છે -

मृत्वा महाशुक्रे कल्पे सर्वार्थे विमाने... देवोऽभवत्।

જ્યારે સ્તોત્રકાર ભગવંત તેના સ્થાને સૌધર્મ દેવલોક જણાવે છે –

मूआपुरि पिअमित्तो चक्की (२३) सोहम्मि चउवीसे (२४)।

તો આ વાતોની સંગતિ કેવી રીતે કરી શકાય?

૨. ઉપરોક્ત લેખમાં આ લેખક દ્વારા જ એવું જણાવાયું હતું કે "૨૫ મા નંદન રાજર્ષિના ભવમાં ૧૧,૮૦,૬૪૫ માસક્ષમણ કર્યાં એવો ઉલ્લેખ સૌ પ્રથમ *શ્રીવીરવિજયજી* કૃત ગ્રંથોમાં મળે છે." આ માન્યતા સાવ ભૂલ ભરેલી છે તે વાત *શ્રીરત્નશેખરસૂરિજી* કૃત *આચારપ્રદીપ* ગ્રંથના સ્વાધ્યાય વખતે ખબર પડી.

તેમાં તપસ્વરૂપ વીર્યાચારમાં નંદન રાજર્ષિનું દૃષ્ટાંત, માસક્ષમણની સંખ્યા, અને તેની ગણતરીની વિધિ આપી છે, જે ઉપયોગી હોવાથી અહીં રજૂ કરું છું.

तपोवीर्याचारे ज्ञाते यथा श्रीवीरजीवः पञ्चविंशे भवे छत्राग्रापुर्यां नन्दन-नृपतिः पञ्चविंशतिवर्षलक्षायुश्चतुर्विंशतिवर्षलक्षेभ्योऽनु पोट्टिलाचार्यपार्श्वे तपस्यां स्वीकृत्य यावज्जीवं मासक्षपणाभिग्रहं जग्राह। वर्षलक्षेण मासक्षपणसङ्ख्या यथा -

इक्कारस लक्खाइं, असीइसहस्सा य छसय पणयाला।

मासक्खमणा नंदण-भवम्मि वीरस्स पंचदिणा।।

वर्षलक्षस्य षट्षष्ट्यधिकशतत्रयगुणने, जातास्तिस्रः कोट्यः षट्षष्टिर्लक्षा दिनाः। तेषां सपारणदिनतपोदिनैरेकत्रिंशता भागे यथोक्तं लभ्यते। ननु कथं वर्षे षष्ट्यधिकं शतत्रयं दिनाः सङ्गच्छन्ते? तत्र षष्ट्यधिकत्रिशत एव दिनानां व्यवहारात्, उच्यते, अधिकमासकदिनक्षेपात्। आगमे हि पञ्चवर्षात्मके युगेऽधिकमासद्वययुक्ते ऋतुमासास्त्रिंशद्दिनरूपा एकषष्टिर्लभ्यते, इगसट्ठी रिउमासा इति वचनात्, तत एकषष्टितमस्य मासस्य ३० दिना विभज्य पञ्चसु वर्षेसु क्षिप्यन्ते, ततः सङ्गतमेव वर्षे षट्षष्ट्यधिकशतत्रयदिनगुणनम्। लौकिकरीत्याऽपि पञ्चभिर्वर्षैरधिकमासद्वयभवनेऽपि प्रतिवर्षमवमरात्रषट्कभावेनैकमासह्रासादेक एव मासो वर्द्धते, ततस्तत्सत्कत्रिंशद्दिनानां पञ्चसु वर्षेसु विभज्य क्षेपे वर्षे ३६६ षट्षष्ट्यधिकं शतत्रयं दिनाः सङ्गता एवेति वृद्धाः।

✎ मुनि श्रीगोयमचन्द्रविजयजी

✉ 144. [↹ ✉ 123 (16.86) ↹ ∑ 194 (14.1)]

मोह शब्द का अज्ञान अर्थ बराबर है किंतु 'अज्ञान' शब्द भी दो अर्थों में प्रयुक्त होता है - १. ज्ञानावरणीय कर्म के उदय से होने वाला ज्ञान का अभाव। २. मिथ्यात्व के सद्भाव में ज्ञानावरणीय कर्म के क्षयोपशम से होने वाला 'विपरीत ज्ञान'।

इन दो अर्थों को पृथक् बताने के लिए ही *तत्त्वार्थसूत्र* में अज्ञान का औदयिक और क्षायोपशमिक, दोनों भावों में समावेश किया है। देखें - क्षायोपशमिक भाव के भेद दर्शाने वाला सूत्र 'ज्ञानाज्ञानदर्शनदानादि... ' (सू.२-५)। औदयिक भाव के भेद दर्शाने वाला सूत्र 'गतिकषाय...मिथ्यादर्शना-ऽज्ञानाऽसंयता... ' (सू.२-६)

प्रस्तुत श्लोक में अज्ञान शब्द का कौन-सा अर्थ लेना चाहिए? मुनिश्री को यहाँ 'ज्ञानाभाव' अर्थ अभिप्रेत लगता है क्योंकि वे अज्ञान से उपशांतमोहादि गुणस्थानक में मिथ्याभाषण घटित करना चाहते हैं।

मुझे ऐसा लगता है कि जहाँ जहाँ 'मोह' शब्द का अज्ञान अर्थ किया गया हो, वहाँ दूसरे प्रकार का अज्ञान यानि विपरीत ज्ञान समझना चाहिए क्योंकि यदि ग्रंथकार को ज्ञानाभाव अर्थ अभिप्रेत होता तो वे 'रागाद्वा द्वेषाद्वा मोहाद्वा' की जगह 'रागाद्वा द्वेषाद्वाऽज्ञानाद्वा' भी लिख सकते थे। तथा 'मोह' शब्द का व्युत्पत्ति-अर्थ मुंझवण, मूढता, जडता भी विपरीत ज्ञान अर्थ का ही सूचन करते हैं। ऐसा मोह यानी विपरीत ज्ञान दर्शनमोहनीय कर्म का उदय न होने से उपशांतमोह और क्षीणमोह गुणस्थानक में संभव नहीं है। इस अभिप्राय से यह प्रश्न पूछा गया था।

दूसरी बात, मिथ्यात्वी जीवनुं ज्ञानमात्र अज्ञान ज केम गणाय छे? इस प्रश्न का समाधान उपर्युक्त समस्या में भी कैसे काम लगेगा? क्योंकि रागादिमान् पुरुष में तो सर्वविरतिधर सरागसंयमी मुनि भगवंतों का भी समावेश होता है। क्या उन्हें भी सत्यवचन असभंव है? तथा मिथ्यात्वी जीव भी १० प्रकार की सत्य भाषा में से कुछ सत्य तो बोल ही सकते हैं। अतः रागादिमान् पुरुष को सत्यवचन असंभव है ऐसा कह सकते हैं? मेरे अभिप्राय से तो यहाँ 'रागादिमतश्च सत्यवचनासम्भवात्' की जगह 'रागादिमतश्चाऽसत्यवचनसम्भवात्' होना चाहिए।

✍ मुनि श्रीकुमुदचन्द्रविजयजी

✉ 145. [ ⇆ ∑ 243 (16.30) પ્રભુવીરના બહેન અને પુત્રીનાં નામ વિષે...]

जिट्ठा सुदंसणा ...વાળી ગાથાનો અર્થ[61] *આવશ્યકનિર્યુક્તિ*ની લઘુવૃત્તિમાં *શ્રીતિલકાચાર્ય* ભગવંતે આ પ્રમાણે બતાવ્યો છે – 'ભગવાન મહાવીરની મોટી બહેન

61 ज्येष्ठा - बृहत्तरा सुदर्शना श्रीवीरस्वसा। जमालिस्तत्पुत्रः। अणुज्जा - प्रियदर्शना भगवत्पुत्री जमालिभार्या।

સુદર્શના, તેનો પુત્ર જમાલી, તેની પત્ની અને ભગવાનની પુત્રી અનવદ્યા-પ્રિયદર્શના'. અને આ ગાથાની ટીકામાં [62]સંસ્કૃત કથાનક છે તેમાં અનવદ્યા એક જ નામ છે. ટિપ્પણીમાં બીજું નામ પ્રિયદર્શના બતાવ્યું છે – अनोद्या - प्रियदर्शनाया अपरनामा।

*ઉપદેશમાલા*ની ભિન્ન-ભિન્ન ટીકાઓમાં પણ જમાલીના કથાનકમાં પ્રભુવીરની બહેન અને પુત્રીનાં નામ વિષે મતાંતરો જોવા મળે છે. [63]*ઉપદેશમાલા*ની *દોઘટ્ટી* ટીકામાં પ્રભુવીરની મોટી બહેન પ્રિયદર્શના, પુત્રી સુદર્શના. [64]*સિદ્ધર્ષિ* ગણિની ટીકામાં પ્રભુવીરની પુત્રી પ્રિયદર્શના. [65]*કર્ણિકા* ટીકામાં પ્રભુવીરની પુત્રી પ્રિયદર્શના. [66]*રામવિજયજી* રચિત ટીકામાં પ્રભુવીરની પુત્રી સુદર્શના છે.

આ સિવાય *શ્રીલક્ષ્મીસૂરિ*-વિરચિત [67]*ઉપદેશપ્રાસાદ*માં જમાલી-કથાનકમાં ભગવાનની પુત્રી સુદર્શના છે.

આ વિષયને સમજાવતો સરસ ચાર્ટ પણ તૈયાર કર્યો છે તે જોવા વિનંતિ.

---

62 तद्भार्या भगवत्पुत्री अनोद्या पुण्यनोदिता।
अनुप्रव्रजिता तं च सहस्रपरिवारिता।।२।।

63 क्षत्रियकुण्डग्रामे, जमालिनामा बभूव राजन्यः । श्रीवीरजिनेन्द्राग्रज-सहोदराया उदारायाः ।।१।। प्रियदर्शनाभिधाया-स्तद्भवः शोभमानसौभाग्यः। अभिरामयौवनाराम-रामणीयकविकाशिश्रीः ।।२।। नयविनयैकनिधान-निरवधिकरूणाविधासुधाबिन्दुः। श्रीवीरदेवदुहिता, सुदर्शना तस्य भार्याऽभूत् ।।३।।

64 समणस्स भगवओ अंतिए पव्वयइ तस्सेव भज्जा सामिणो दुहिया पियदंसणा नाम, सा वि सहस्सपरिवारा अणुपव्वइया। (आचार्यप्रवरश्रीवर्द्धमानसूरियोजितविस्तृत-कथानकयुता श्रीमान्सिद्धर्षिगणिवररचितहेयोपादेया टीका)

65 राजकन्याभिरन्याभिः सपत्नीभिश्च साऽन्विता।
भर्तुः पुत्र्यपि तत्पत्नी प्राव्रजत्प्रियदर्शना।।८।।

66 कुण्डपुरे नगरे कश्चिन्महर्द्धिको जमालिनामा क्षत्रियः परिवसति यौवनं प्राप्तः श्रीमहावीरपुत्रीपाणिग्रहणं चकार।... सुदर्शनयाऽपि बहुस्त्रीपरिवारेण चारित्रं गृहीतम्।।

67 कुण्डपुरं नाम नगरम् । तत्र भगवतः श्रीत्रैशलेयस्य भागिनेयो जमालिनामा राजपुत्र आसीत्। तस्य च भार्या श्रीवर्धमानस्य दुहिता सुदर्शनाह्वा।।

# શ્રુતસંવિભાગ – ૧૭

**પ્રભુવીરનાં બહેન અને પુત્રીનાં નામ અંગે મતાંતરો**

- આવશ્યક-સાહિત્ય
  - નિર્યુક્તિ
    - હારિભદ્રીય વૃત્તિ
      - સ્વમત — પુત્રી - જ્યેષ્ઠા, સુદર્શના, અનવદ્યા
      - અન્યમત — બહેન - જ્યેષ્ઠા, સુદર્શના, મહત્તરિકા, પુત્રી - અનવદ્યા
    - મલયગિરીયા વૃત્તિ
      - સ્વમત
        - ૧ — પુત્રી - પ્રિયદર્શના અને અનવદ્યા વિશેષણ
        - ૨ — બહેન - સુદર્શના, પુત્રી - અનવદ્યા
      - અન્યમત — પુત્રી - જ્યેષ્ઠા, સુદર્શના, અનવદ્યા
    - તિલકાચાર્ય વૃત્તિ — પુત્રી - અનવદ્યા, પ્રિયદર્શના
  - વિશેષાવશ્યકભાષ્ય
    - કોટ્યાચાર્ય વૃત્તિ
      - સ્વમત — પુત્રી - જ્યેષ્ઠા, સુદર્શના, અનવદ્યા
      - અન્યમત — બહેન - જ્યેષ્ઠા, મહત્તરિકા, સુદર્શના અને પુત્રી - અનવદ્યા
    - હેમચંદ્રાચાર્ય વૃત્તિ
      - સ્વમત — પુત્રી - જ્યેષ્ઠા, સુદર્શના, અનવદ્યા, પ્રિયદર્શના
      - અન્યમત — બહેન - સુદર્શના અને પુત્રી - અનવદ્યા
  - ચૂર્ણિ — બહેન - સુદર્શના અને પુત્રી - અનવદ્યા, પ્રિયદર્શના
- ઉપદેશમાલા-સાહિત્ય
  - દોઘટ્ટી — બહેન - સુદર્શના અને પુત્રી - પ્રિયદર્શના
  - હેયોપાદેયા — પુત્રી - પ્રિયદર્શના
  - કર્ણિકા — પુત્રી - પ્રિયદર્શના
  - રામવિજય — પુત્રી - સુદર્શના
- અન્ય સાહિત્ય
  - ઉત્તરાધ્યયન - શાંત્યાચાર્ય વૃત્તિ — બહેન - સુદર્શના અને પુત્રી - અનવદ્યા, પ્રિયદર્શના
  - નવપદપ્રકરણ — બહેન - પ્રિયદર્શના અને પુત્રી - સુદર્શના
  - ઉપદેશપ્રાસાદ — પુત્રી - સુદર્શના
  - કહાવલી — બહેન - પ્રિયદર્શના અને પુત્રી - સુદર્શના

## ✎ મુનિ શ્રીશીલચન્દ્ર-નિર્ગ્રન્થચન્દ્રવિજયજી

⊠ 146. [ ↹ ∑ 23 (5.2) कीदृशो नीलवर्णः? ]

એ સંબંધમાં *રાજપ્રશ્નીય* – સૂત્ર – ૩૦ ની *શ્રીમલયગિરિસૂરિજી*-કૃત ટીકામાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે तथा हरितत्वमतिक्रान्तानि कृष्णत्वमसंप्राप्तानि पत्रानि नीलानि અર્થાત્ હરિત (-લીલો) વર્ણ અને કૃષ્ણ (-કાળો) વર્ણની મધ્ય અવસ્થાને પામેલ પત્રોનો વર્ણ તે નીલ. એટલે નીલ-શબ્દથી લીલા રંગને બદલે ભૂરા રંગનું વિધાન આ પાઠને આધારે સ્પષ્ટ પ્રાપ્ત થાય છે. તેમજ *શ્રીજ્ઞાનવિમલજી*-કૃત ૨૪ જિનેશ્વર છંદ અંતર્ગત મલ્લિનાથ ભગવાનના છંદમાં ભગવાનના નીલવર્ણને સમજાવવા તેઓએ અલગ-અલગ અનેક દૃષ્ટાંતો આપ્યાં છે, જેના પરથી એકદમ સરળતાથી સમજી શકાય તેમ છે કે નીલ શબ્દથી ભૂરા રંગનું જ ગ્રહણ થઈ શકે. છંદના શબ્દો -

નીલ કીર પંખી નાગવલ્લી પત્ર નીલ, તરુવર રાજિ નીલ, નીલ નીલ દ્રાક્ષ હે,
કાચ કો સુરંગ નીલ પાચ કો સુગોલ નીલ, ઈન્દ્રનીલ રત્નનીલ પત્ર નીલ ચાસ હે,
જમુના પ્રવાહ નીલ ભૃંગરાજ પંખી નીલ, જેહવો અશોકવૃક્ષ નીલ નીલરંગ હે,
કહે નય તેમ નીલરાગ થે અતીવ નીલ, મલ્લિનાથ દેવ નીલ જાકો અંગ નીલ હે.

તથા આ સિવાય *શ્રીઉત્તરાધ્યયનસૂત્ર* – અધ્યયન - ૩૪ (-લેશ્યા-અધ્યયન) ગાથા - ૫ માં નીલલેશ્યાનો વર્ણ કોના જેવો તે સમજાવવા અશોકવૃક્ષ, ચાસપક્ષીનાં પીંછાં અને વૈડૂર્યરત્નના વર્ણને ઉદાહરણ તરીકે પ્રસ્તુત કરેલ છે. *શ્રીઔપપાતિકસૂત્ર*ની ટીકામાં પણ મયૂરકંઠના વર્ણ જેવો નીલવર્ણ છે એમ જણાવ્યું છે. અને હમણાં એક રત્નના વેપારીને નીલમના વર્ણ અંગે પૃચ્છા કરતાં તેઓએ એમ જણાવ્યું કે નીલમની અલગ-અલગ ઘણી જાતો હોય છે, તેમાં એકદમ નિમ્નકક્ષાનો નીલમ લીલારંગનો હોય છે ને જેમ જેમ ગુણવત્તા વધતી જાય તેમ તેમ ભૂરા રંગનું પ્રમાણ તે તે નીલમોમાં વધુ જોવા મળે છે. એટલે બન્નેય રંગનાં નીલમ મળે છે. કદાચ આવા કોઈક કારણથી પણ આપણે ત્યાં નીલવર્ણથી લીલા રંગને સ્થાન મળ્યું હોય એવું પણ બની શકે છે. બાકી મુખ્યવૃત્ત્યા તો નીલવર્ણથી ભૂરા રંગનું (જે જે દૃષ્ટાંતો અપાયાં છે તેના જેવા વર્ણનું) જ ગ્રહણ ઉચિત લાગે છે.

⊠ 147. [ ↹ ∑ 178 (13.49) **સિંહગુફાવાસી મુનિ ચોમાસું કરવા ક્યાં ગયા?**]

સિંહગુફાવાસી મુનિ ચોમાસું કરવા કોશાની બેન ઉપકોશાને ત્યાં ગયા, આ વાતનું સમર્થન કરતો પાઠ *શ્રીનેમિચન્દ્રસૂરિજી*-કૃત *આખ્યાનકમણિકોશ* ગ્રંથમાંથી પણ પ્રાપ્ત થાય છે. ત્યાં ગાથા - ૨૭ માં આ પ્રમાણે જણાવ્યું છે કે -

विससियव्वं न य इंदिएसु तव-नियमसुट्ठिएहिं पि।
जहउवकोसगिहगओ महातवस्सी वि संखुहिओ।।

વ્યાખ્યા – उपकोशागृहे- कोशालघुभगिनीवेश्मनि। આ પ્રમાણેનો અર્થ *શ્રીઆમ્રદેવસૂરિજી*-રચિત ટીકામાં કરવામાં આવ્યો છે. ત્યારપછી વિસ્તારથી સંપૂર્ણ કથાનક આપવામાં આવ્યું છે અને ત્યાં તો લખ્યું છે કે કોશાએ તેની બહેનને કહ્યું કે આ મુનિનો વ્રતભંગ ન થાય તે રીતે તું ક્ષોભ પમાડ વગેરે. ટૂંકમાં, આ બધા પાઠની વિચારણા કરતાં કોશાને બદલે ઉપકોશાની વાત જ યોગ્ય લાગે છે.

⊠ 148. [ ↹ ∑ 205 (14.40) **રથનેમિ, નેમિનાથ અને રાજીમતી અંગે...**]

આ સંબંધમાં *શ્રીગચ્છાચારપ્રકીર્ણક*– ગાથા - ૬૬ ની ટીકામાં રથનેમિ એ નેમિનાથ પ્રભુના મોટાભાઈ છે એમ જણાવ્યું છે. ટીકાના શબ્દો -“...यदा श्रीनेमिः प्रव्रजितस्तदा रथनेमिर्ज्येष्ठभ्राता राजीमती-मुपचरति...।।”

✎ **મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી**

⊠ 149. [ ↹ ⊠ 130 (16.92) ↹ ∑ 218 (15.19) ]

*શ્રીભદ્રંકરજિનગુણસ્તવનમંજરી* વગેરે પુસ્તકોમાં ‘ચન્દ્રપ્રભ ભવ આઠ ઉદાર’ એ પ્રમાણેનો પાઠ મળે છે તેને પ્રેસદોષ જ સમજવો યોગ્ય લાગે છે. હા, આઠ ભવની વાત કોઈ પણ ગ્રંથમાં મહાપુરુષો દ્વારા કરાઈ હોય તો એના ઉપર હજુ વિમર્શ થઈ શકે. તેમજ અન્ય પુસ્તકોમાં ‘ચન્દ્રપ્રભ ભવ સાત ઉદાર’ એમ પણ મળે જ છે. એટલે આઠ ભવની વાતને નવો મત સમજવાની જરૂર જણાતી નથી.

⊠ 150. [ ⇆ ⊠ 131 (16.92) ⇆ ∑ 226 (15.84) ]

પ્રભુવીર-જન્મવાંચન સમયે શ્રીફળ વધેરાય કે ધરાય? એ લેખ પરત્વે મુનિ *શ્રીકલ્પચન્દ્રવિજયજી*એ 'આ અંગે મારા વિચારો' અન્તર્ગત જે વાતો રજૂ કરી છે તે ઉપર થોડીક વિચારણા અહીં પ્રસ્તુત છે -

તેમણે લખ્યું છે કે શ્રીફલ વધેરવાથી બેફામ પાણીનો વપરાશ થાય તેનો રસ્તો છે. પહેલાં પોતું કરી પછી નિરમા નાંખી પોતું કરે. આમ ૨-૩ ડોલમાં એક વખત પોતું થાય તે રીતે જોઈએ તો ૮-૧૦ ડોલમાં પોતું થઈ જાય અને ચિકાશ ન રહે. તેને માટે માણસો વધારે રાખો તો વાંધો આવતો નથી. કીડી વગેરેનો ઉપદ્રવ પણ થતો નથી.

આ સંબંધમાં જણાવવાનું કે વાંચવામાં કદાચ આ વાત જેટલી સારી લાગે એટલી સાચી પુરવાર થઈ શકતી નથી, કારણકે જન્મવાંચન થઈ ગયા પછીનો માહોલ કેવો હોય છે એ સર્વવિદિત છે. એવા સમયે વર્ષોથી કામ કરી રહેલા એ માણસોને ૮-૧૦ ડોલ સાથે કોઈ નિસ્બત હોતી નથી ને સાથે સાથે જન્મવાંચનના દિવસે સ્વયં શ્રાવકો પણ જાતે ઊભા રહીને આ કાર્ય માટે ધ્યાન આપે-અપાવે એવું બહુ ઓછી જગ્યાએ બનતું હોય છે. તેમ છતાંય જો ગુરુભગવંતો સ્વયં આ બાબતને ગંભીરતાથી લઈને સંઘને, ટ્રસ્ટીઓને, શ્રાવકોને પ્રેરણા કરે તો ઘણી હિંસા અટકી શકે એમાં બેમત નથી.

ત્રીજા મુદ્દામાં મુનિશ્રી જણાવે છે કે હિંસાનો વિચાર કરવો હોય તો હમણાં હમણાં જન્મવાંચનનું સ્વામીવાત્સલ્ય થાય છે. તેમાં અભક્ષ્ય, બેફામ પાણીનો બગાડ તથા એંઠું મૂકવાની પ્રવૃત્તિ તથા એંઠવાડ પડી રહેવા વગેરેમાં ઘણી હિંસાનો સંભવ છે. (થાય છે.) છતાં, તે અંગે કેમ કોઈ વિચાર નથી થતો?

આ પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં મુનિશ્રીને અંતરથી ધન્યવાદ - આવા પ્રકારની ચિંતા વ્યક્ત કરવા માટે. કારણકે આજે આવી વિચારણાઓ જ વજુદ વગરની છે ઇત્યાદિ સમજાવીને મોટેભાગે એને બાજુ પર મૂકી દેવામાં આવતી હોય છે. અમારે ત્યાં તો જન્મવાંચનનો જમણવાર જ નહીં, બલ્કે આઠેય દિવસ આરંભ-સમારંભ અને તદ્જન્ય અગણિત હિંસાઓથી થતા આવા પ્રકારના જમણવારો ન થાય તેવી પ્રેરણા ચોક્કસ અપાય છે અને તેનો અમલ પણ કરાવાય છે (આટલું મુનિશ્રીની જાણ સારુ). તેમજ અન્ય ઠેકાણે પણ કેટલાક ગુરુભગવંતો ચાતુર્માસિક રસોડા વગેરેની તરફેણમાં નથી એવું સાંભળ્યું છે અને વાંચ્યું પણ છે. આ એવો પ્રશ્ન છે કે જેનું સમાધાન આપણા ઉપર અમુક અંશે નિર્ભર છે.

આપણી નિશ્રામાં થતા પ્રસંગોમાં સંઘને આપણે જે રીતે સમજાવીએ તે રીતે કરાવવા ઘણું કરીને સફળતા મળતી હોય છે. પરંતુ તે માટે સૌપ્રથમ આવી બધી વાતો આપણે ગળે ઉતારવી જોઈએ. તો જ આ અને આવા પ્રશ્નોનો નિકાલ આવે. પણ આ બધી હિંસા બંધ ન થાય ત્યાંસુધી શ્રીફળ વધેરવું ને એની સાથે સાથે ચાલતી હિંસા વગેરે અટકાવી ન શકાય એવી કોઈ વ્યાપ્તિ તો નથી જ. બરાબર!

ચોથા મુદ્દે મુનિશ્રી જણાવે છે કે ઘણી પરંપરા એવી છે કે જેનો પાઠ મળતો નથી છતાં એવી પ્રવૃત્તિ થાય છે. અહીં મુનિશ્રીને જણાવવાનું કે એવી પ્રવૃત્તિ થાય છે એટલામાત્રથી તે ઉચિત જ છે એવો નિયમ લાગુ ન પડે. આ વાત ખૂબ ગંભીરતાથી વિચારવા જેવી છે એવા સમયે સહુએ સાથે મળીને સાચી વાતને વિચારવી એ કાંઈ ખોટું નથી.

છટ્ઠા મુદ્દે મુનિશ્રી લખે છે કે કલ્પસૂત્રમાં જે પાઠ છે તે સ્વપ્નલક્ષણપાઠક પાસે ખાલી હાથે ન જવાય તે અંગે છે. તે પાઠને આની સાથે ન જોડાય. કેમ? તે મુનિશ્રીએ જણાવ્યું નથી. આ પાઠને આગળ કરીને શ્રીપ્રદ્યુમ્નસૂરિજી મહારાજે પાઠશાળામાં એમ જણાવેલ કે આની જેમ ગુરુ મહારાજ પાસે પણ હાથમાં શ્રીફળ લઈને જન્મવાંચન સાંભળવા જવાની પ્રથા હશે. એના આધારે આ વાત લખી છે. છતાંય ક્ષતિ જણાતી હોય તો સ્પષ્ટતા કરશો.

એ પછી સાતમા મુદ્દાની અંદર મુનિશ્રી ફરમાવે છે કે '... મગ વગેરે કઠોળમાં પણ દાણે દાણે જીવ છે જ.' એટલે આ પરથી મુનિશ્રી શું સૂચવવા માંગે છે તે સ્પષ્ટ થતું નથી. તો કૃપયા આ વાક્યનો વિસ્તારથી અર્થ સ્પષ્ટ કરશો.

તથા અંતિમ મુદ્દામાં પૂજ્ય આત્મારામજી મહારાજની જે વાત જણાવી છે કે, "આમ છતાં અમારો આગ્રહ નાળિયેર વધેરવાનો નથી. મુંબઈ, સુરત, અમદાવાદ અને ભાવનગર વગેરે મોટા મોટા શહેરોના સંઘો બંધ કરે અને સર્વત્ર પ્રામાણ્ય થાય તો અમોને પણ કોઈ આગ્રહ નથી. સકળ શ્રીસંઘ મળીને શ્રીફળ ન વધેરવું એવો નિર્ણય કરે તો અમારે તે નિર્ણય માન્ય છે."

આ શબ્દો અને તેની પાછળ રહેલો આશય સ્પષ્ટ છે કે જો એ મહાપુરુષનો લગાવ શ્રીફળ વધેરવું જ જોઈએ એ તરફનો હોત તો તેઓશ્રી દ્વારા આમ ન લખાયું હોત. અંતમાં આ વિચારણાને અનેક દૃષ્ટિકોણથી સર્વાંગીતયા વિચારવા સહુને વિનંતિ છે.

✍ મુનિ શ્રીશીલચન્દ્ર-નિર્ગ્રન્થચન્દ્રવિજયજી

**✉ 151. [ ⇆ ∑ 145 (12.31) પરમાત્માના કલ્યાણક સમયે દેવોનું આગમન]**

જન્માદિકલ્યાણક સમયે જેમ ઈન્દ્રાદિનું આગમન થાય છે, તેમ ચ્યવનકલ્યાણક સમયે પણ ઈન્દ્રાદિનું આગમન થાય છે આ વાત સ્પષ્ટતયા *સેનપ્રશ્ન*માં પણ જણાવી છે –

પ્રશ્ન - તીર્થંકર ભગવંતના જન્માદિ કલ્યાણકોમાં ઇંદ્રને આવવાનું શાસ્ત્રોમાં સ્પષ્ટ છે, તેમ ચ્યવન કલ્યાણકમાં લખ્યું દેખાતું નથી, તો તે કેવી રીતે છે?

ઉત્તર - જેમ ચાર કલ્યાણકોમાં સુરેન્દ્રનું આવવું થાય છે, તેમ ચ્યવન કલ્યાણકમાં પણ ઇંદ્રનું આવવું અને સુવર્ણવૃષ્ટિ *સુપાર્શ્વનાથચરિત્ર*માં બતાવેલ છે.

'આ અવસરે સર્વે ઇંદ્રો આસન ચલવાથી અવધિજ્ઞાને કરી જિનેશ્વરનો ગર્ભાવતાર મહોચ્છવ જાણીને, આસન થકી ઊઠી, પ્રભુ સન્મુખ સાત-આઠ પગલાં જઈ, ભૂમિમાં અડાડેલા છે મુકુટો જેઓએ એવા બની શક્રસ્તવે કરી વાંદે છે, અને જિનેશ્વરનાં પાંચે કલ્યાણકોમાં ઇંદ્રોએ અવશ્ય જવું જોઈએ એમ નિશ્ચય કરીને સર્વે ચાલી નીકળે છે અને જિનપિતા સુપ્રતિષ્ઠિતદારે ઇંદ્રના હુકમથી ધનપતિ વગેરે યક્ષો મણિ, રત્ન અને સુવર્ણદ્રવ્યનો સમૂહ મૂકે છે અને ઘણા પ્રકારની મનોજ્ઞ ભોગસામગ્રીની વસ્તુઓ તથા શ્રેષ્ઠ વસ્ત્રો અને ઝગઝગાટ કરતાં વિવિધ આભરણો નાંખે છે.'

અને *શાન્તિનાથચરિત્ર*માં પણ કહ્યું છે કે - ગર્ભના પ્રભાવથી રોગ શાન્ત થઈ ગયો તે વાત ઘટે છે, કેમકે ગર્ભાવાસ દિવસે ઇંદ્રોએ આવી હર્ષથી વિશ્વસેન અને અચિરામાતા સાથે ભગવાનને વંદન કર્યું છે ।।૩-૧-૩૩।૩૮૨।।

*સેનપ્રશ્ન*નો આ અનુવાદ સ્વયંસ્પષ્ટ છે એટલે વિશેષ કાંઈ સ્પષ્ટતા કરવાની જરૂર રહેતી નથી.

✍ श्रीविजयमुक्ति-मुनिचन्द्रसूरयः

**✉ 152. [ ⇆ ∑ 247 (16.41) પંચપ્રતિક્રમણસૂત્રમાં કેટલાક વિચારણીય પાઠો]**

'पापप्रदीप्रानलो' इति पाठः सम्यग् भाति। परं तस्य आधारः मृग्यः। वाएसरी, वाइसरी वा इत्येव पाठः सम्यग्। क्वचित् तत्प्रचारोऽपि श्रूयते एव।

'मणुएसर कुमारो' इत्येव पाठः शुद्धः। मनुजेश्वरः इति श्रेयांसजिनाधिष्ठायकः स्यात्। सुरकुमारः इति कोऽपि अधिष्ठायकदेवः न श्रूयते, केवलं कुमारः एव

वासुपूज्याधिष्ठायकः श्रूयते। तथा चोक्तमभिधानचिन्तामणि-नाममालायाम् - ब्रह्म यक्षेट् कुमारः, षण्मुख-पाताल-किन्नराः।।४२।। अत्र कुमारः एव उक्तः, न तु सुरकुमारः। अन्यच्च, अत्र वासुपूज्यजिनाधिष्ठायकः यक्षेट् इति कथितः अस्ति, न तु मनुजेश्वरः इत्यपि अवधेयम्। अरनाथ-जिनस्याऽपि अधिष्ठायकः 'यक्षेट्' इत्येव, श्रेयांसस्याऽपि सः एव।

- 'वइरुट्ट दत्त' इति पाठः समीचीनः भाति। 'द' इति स्थाने 'च्छु' केनाऽपि पठितं स्यात्। अग्रे च अपपाठः एव प्रचलितः स्यादिति ज्ञायते।

- संतिकरं-स्तोत्रस्य सर्वेऽपि इमे शुद्धपाठाः पं.कल्याणविजयेन निबन्धनिचय (पृ.१३४) पुस्तके प्रदत्ताः सन्ति। तदाधारेणैव अत्र अयं लेखः सज्जीकृतः इति स्फुटं ज्ञापितवते कृतज्ञाय विदुषे श्रुताङ्गचन्द्रविजयाय शतशः साधुवादाः।

⌧ 153. [⭾ ⌧ 140 (16.101) ⭾ ∑ 185 (13.52) **कल्याणकविषयकं...**]

'कल्याणकविषयकं किञ्चित्' इति लेखोपरि (पृ.१०१) ऊहापोहपूर्वकं चिन्तनं दृष्ट्वा मनो मुदितम्। एतदेव नः कार्यम् आसीत्। अस्माभिस्तु हर्षशीलसूरिलिखितं किञ्चित् पुस्तकं (२४ तीर्थंकरोनुं जीवनचरित्र इति प्रायः नाम आसीत्) आधारीकृत्य कल्याणकविषयकोऽयं लेखः लिखितः आसीत् अधिकग्रन्थान् अपरिशीलय्य एव। अनेन लेखेन विद्वांसः अन्यान्यग्रन्थेषु (चउप्पन्नमहापुरुसचरियं-प्रभृतिषु) किं किम् उक्तमस्ति इत्यत्र परिशीलनं कुर्वन्ति - इत्येतत् मोदावहमेव। एवम् अन्यत्राऽपि अधिकम् अन्वेषणं भवतु। १८-१९ कल्याणकानि यानि सन्दिग्धानि सन्ति, तानि शुद्धानि भवन्तु - इत्येव कामयामहे।

अजितनाथ-च्यवनं वै.शु.१३ दिने रोहिण्यां जातमित्यत्र चउपन्नमहापुरुसचरियं इत्यत्र चित्रानक्षत्रं दर्शितमिति ज्ञातम्। चित्रानक्षत्रं वै.शु.त्रयोदश्यां कामं घटते।

- अभिनन्दनस्वामि-च्यवनं वै.शु.चतुर्थ्याम् अभिजिन्नक्षत्रे जातम्। लोकप्रकाशादौ पुनर्वसु-नक्षत्रं यत् ज्ञापितं तत् भवितुमर्हति। वै.शु.षष्ठ्यामपि पुनर्वसुनक्षत्रं घटते।

- अभिनन्दनस्वामि-दीक्षा माघशुक्लद्वादश्यामभिजिति जाता इत्यत्र अन्यचरितग्रन्थेषु पुनर्वसु-नक्षत्रं यत् दर्शितं तत् बाढं घटते। माघशुक्लत्रयोदश्यामपि पुनर्वसु-नक्षत्रं धटते एव।

- अभिनन्दनस्वामि-कैवल्ये पोषशुक्ल-चतुर्दश्यां न घटते अभिजिन्नक्षत्रं, परं पोषबहुलचतुर्दश्यां तत् नक्षत्रं कामं घटते। दर्शितमेव च तत् आवश्यनिर्युक्तौ। लोकप्रकाशे पोषकृष्णपक्षः एव ग्राह्यः इति स्फुटमुक्तमेव अस्ति।

- सुपार्श्वनाथ-च्यवनं श्रा.कृ.८ दिने अनुराधा विशाखा वा नैव घटेत, परं चउपन्नमहापुरुसचरियं इत्यत्र भा.शु. पञ्चम्यां यत् विशाखानक्षत्रं दर्शितं तत् किञ्चित् घटेत।

- चन्द्रप्रभस्वामि-निर्वाणं श्रा.कृ.सप्तम्यां श्रवणे यत् दर्श्यते तत्र अन्यग्रन्थेषु दर्शितं ज्येष्ठानक्षत्रमपि न घटते। तित्थोगालीप्रकीर्णकानुसारेण फाल्गुनकृष्णपञ्चम्यामनुराधानक्षत्रं घटते किञ्चित्।

- वासुपूज्य-च्यवने ज्येष्ठशुक्लनवम्यां शतभीषानक्षत्रं दर्श्यते। चउपन्न-महापुरुसचरियंग्रन्थे ज्ये.शु.अष्टमी दर्शिता, परं अष्टम्यामपि शतभीषानक्षत्रं न सम्भवेत्। ज्येष्ठकृष्णाष्टम्यां तत् कामं संभवेत्।

- विमलनाथ-निर्वाणं ज्येष्ठकृष्ण-सप्तम्यां, अनन्तनाथ-जन्म च चैत्रकृष्णत्रयोदश्यां पुष्ये यत् दर्श्येते तत् स्फुटं प्रमादः एव। 'पौष्ण्य' इत्यस्य अर्थः रेवतीनक्षत्रमेव। प्रमादाज्जाता इयं स्खलितिः अपसारणीया एव। मुनिना नाममालानुसारेण तत् सम्यग् दर्शितम्। 'पौष्ण्य' इति शब्दं वीक्ष्य केनचित् पुष्यनक्षत्रम् इत्यर्थः विहितः। अन्यैः सः स्वीकृतः अधिकम् अविचार्य एव।

- कुन्थुनाथ-दीक्षा चैत्र(वैशाख)कृ.पञ्चम्यां कृत्तिकायां दर्शिता। त्रिषष्ट्यादौ फा.कृ.(माघ)पञ्चमी उक्ता। परं कुत्राऽपि कृत्तिकानक्षत्रं न घटते। आम्, चउपन्नमहापुरुसचरियंग्रन्थे वै.कृ.३० या दर्शिता तस्यां कृत्तिकानक्षत्रं कामं घटते।

- मल्लिनाथ-निर्वाणं फाल्गुनशुक्लद्वादश्यां भरण्यां दर्श्यते। त्रिषष्टौ फा.शु.दशमी दर्शिता। तित्थोगालीप्रकीर्णके रेवतीनक्षत्रमुक्तम्। इदं किमपि न घटते। आम्, फा.शु.४-५ दिनेषु भरणी घटते।

साक्षिपाठपूर्वकं लेखं दत्तवते विदुषे मुनये शतशः साधुवादाः।

# શ્રુતશુદ્ધિ

≠ શ્રુતશુદ્ધિ – ૧૮

ગ્રંથ – શ્રીપિંડનિર્યુક્તિ-ટીકા
પ્રકાશક - શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
શુદ્ધિ - મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્રવિજયજી

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૩-A | ૬ | ०व्यायुरणाच्च | ०व्यागुरणाच्च |
| ૫-B | ૨ | ०पिण्डओर्गु० | ०पिण्डयोर्गु० |
| ૬-B | ૧૧ | ०सद्भवतः | ०सद्भावतः |
| ૧૬-A | ૩ | पर्वं | पूर्वं |
| ૨૭-B | ૧ | सोऽप्रशरत | सोऽप्रशस्त |
| ૩૯-B | ૧૦ | सङ्ख्येभा० | सङ्ख्येयभा० |
| ૪૨-A | ૭ | निवर्हणं | निर्वहणं |
| ૫૧-B | ૬ | खादिम | स्वादिम |
| ૫૪-A | ૧૨ | साधूनां कल्पत | साधूनां न कल्पत |
| ૬૬-A | ૪ | ०तंदुलैः | तण्डुलैः |
| ૭૧-A | ૬ | कृत्वा | क्रीत्वा |
| ૭૬-A | ૧૧ | ०भावग्रामः | ०भावयामः |
| ૭૬-A | ૧૨ | काष्ठहारा | काष्ठाहारा |
| ૯૧-A | ૧ | एवमुक्तें | एवमुक्ते |

| | | | |
|---|---|---|---|
| ९४-B | ९ | परिस्थाप्यो | परिष्ठाप्यो |
| ९७-B | ९ | ०वकृतमिति | ०वक्रितमिति |
| ९७-B | १२ | ०वकृतम् | ०वक्रितम् |
| १०४-B | १ | वेलाया | वेलायां |
| ११८-B | ११ | ।।४९९।। | ।।३९९।। |
| १३६-A | ६ | तन | तेन |
| १४०-B | ८ | समावरंती | समाचरन्ती |
| १४७-A | ४ | प्रक्षिप्तं | म्रक्षितं |
| १४८-A | १० | सङ्घाटेकन | सङ्घाटकेन |
| १५१-B | ११ | चतुर्थभङ्ग्यो | चतुर्भङ्ग्यो |
| १५२-A | ६ | तृतीयस्य तृतीयस्य | तृतीयस्य |
| १५७-A | ९ | तदादेय | तददेयं |
| १६१-A | ८ | र्यातिष्ठत्ति | योतिष्ठति |

* મૂળગાથા સંબંધી અશુદ્ધિઓનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.
* ब અને व તથા प અને ष ની અશુદ્ધિઓ જાતે સમજી લેવી.

*

≠ શ્રુતશુદ્ધિ – ૧૯

ગ્રંથ - શ્રીન્યાયસંગ્રહ
પ્રકાશક - શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
શુદ્ધિ - મુનિ શ્રીનિર્ગ્રન્થચન્દ્રવિજયજી

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ७ | ६ | ०क्षाया | ०क्षायां |
| १३ | २ | शषशे | शषसे |
| २६ | ४ | ०किद्धडा | ०किद्धुडा |
| ३३ | ११ | ईवादेश० | ईचादेश |
| ३९ | ४ | ।।२।१।७९।। | ।।२।१।।८९।। |
| ४५ | २ | ०दानन्त० | ०दानान्त० |
| ४६ | २३ | त्र्यन्त्य० | त्रन्त्य० |
| ५३ | ३ | अञ्णप्र० | अञण्प्र० |
| ५५ | २० | मात्रो ल इ० | मात्रो ल् इ० |
| ५७ | २ | प्रतिपू० | प्रनिपू० |
| ५९ | २४ | आडा | आङा |
| ६७ | २६ | ।।१७०।। | ।।३।।१७०।। |
| ८४ | १ | घटा | घटाः |
| १०१ | २० | ५।३ २८ | ५।३।२८ |
| १२९ | ९ | गह्यर्तिं | गह्यति |
| १३० | ११ | यांचकार | याञ्चकार |
| १३३ | २१ | मांचकार | माञ्चकार |
| १३३ | २१ | मांचकारे | माञ्चकारे |
| १३८ | १० | घांचकार | घाञ्चकार |
| १३९ | १६ | छरणे | वरणे |
| १४९ | १८ | सांचका | साञ्चका |

★ આ શુદ્ધિપત્રકમાં પૃષ્ઠ - ૭ થી પૃષ્ઠ - ૧૫૫ સુધીની બૃહદ્વૃત્તિનો જ સમાવેશ કરવામાં આવ્યો છે, બૃહન્ન્યાસનો નહિ.

## ≠ શ્રુતશુદ્ધિ – ૨૦

ગ્રંથ - योगदृष्टिसमुच्चयः

સંપાદક – શ્રીવિજયશીલચન્દ્રસૂરિજી મ.

પ્રકાશક – શ્રી જૈન ગ્રંથ પ્રકાશન સમિતિ

શુદ્ધિ - મુનિ શ્રીશ્રુતાંગચન્દ્રવિજયજી

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| 5 | 20 | सर्वज्ञत्वसिद्धेः | सर्वज्ञत्व(त्वादि)सिद्धेः |
| 7 | 7 | जन्ममरणनिमित्तं | जन्म मरणनिमित्तं |
| 13 | 17 | ०कणोद्योतेन | ०कणोद्द्योतेन |
| 15 | 21 | सरागस्यैव | सरागस्येव |
| 39 | 18 | संसारिकेषु | सांसारिकेषु |
| 44 | 3 | ०मविकारित्वता | ०मविकारित्वतो |
| 47 | 7 | कुत्स्य(सि?)त | कुत्स्य(त्सि)त |
| 49 | 24 | तदुक्तो पाद्य० | तदुक्तोपायाद्य० |
| 50 | 16 | ०निराबाध० | ०रनाबाध० |
| 51 | 13 | पुष्य० | पुण्य० |
| 59 | 18 | तयाऽविरोधेन | तया विरोधेन |
| 61 | 12 | ०मर्दस्तन्दतराय० | ०मर्दस्तदन्तरेण तदन्तराय० |
| 66 | 5 | सद्धिः | सद्भिः |
| 67 | 25 | तथापि-त्वेवमपि | तथापि तु-एवमपि |
| 70 | 6 | रत्नातारार्क० | रत्नतारार्क० |
| 72 | 25 | बोधाम्भस्रोत० | बोधाम्भःस्रोत० |
| 80 | 9 | ०निराबाध० | ०रनाबाध० |

## श्रुतशुद्धि – 17 (वृद्धि)

શુદ્ધિ - મુનિ શ્રીશ્રુતાંગચન્દ્રવિજયજી

| | | | |
|---|---|---|---|
| 57 | 11 | शुद्ध० | सुद्ध० |
| 74 | 5 | वावि | यावि |
| 74 | 19 | ०गहनप्रति० | ०गहनाप्रति० |
| 105 | 9 | चतस्रोऽनुप्रेक्षा | द्वादशोऽनुप्रेक्षा |

---

## શુદ્ધિ-વૃદ્ધિ

| શ્રુતસંવિભાગ | પૃષ્ઠ – પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૧૫ | ૬૪.૧ | મૂળા | મૂળ |
| ૧૫ | ૭૦.૧૪ | योगभेदानम् | योगभेदानाम् |
| ૧૬ | ૧.૧૩ | શ્રીમાન | શ્રીમાન્ |
| ૧૬ | ૩૧.૬ | सुदंसण | सुदंसणा |
| ૧૬ | ૩૧.૧૧ | સમજાયતું | સમજાતું |
| ૧૬ | ૭૭.૧૬ | ૭.૧૮ | ૮.૧૮ |
| ૧૬ | ૯૮.૨ | ૭૭ | ૧૭૭ |
| ૧૬ | ૧૦૨.૧૮ | આ આ પ્રમાણે | આ પ્રમાણે |
| અનુક્રમ – ૧ થી ૧૦ | ૧૨.૧ | કેવલિ | કેવલી |

આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરિજી – શિષ્યવૃંદ (ડહેલાવાળા-સમુદાય)

# દાર્શનિક ચિંતન

## 285. મીમાંસક અને નૈયાયિકોનું ઉપમાન પ્રમાણ અને જૈનોનું પ્રત્યભિજ્ઞાન

મીમાંસક દર્શનના મુખ્ય આચાર્ય *કુમારિલ ભટ્ટ*નું ઉપમાન પ્રમાણ અંગેનું મંતવ્ય સમજવા માટે નીચેના બે શ્લોકોનું તાત્પર્ય સમજવું જરૂરી છે –

तस्माद् यत् स्मर्यते तत् स्यात् सादृश्येन विशेषितम्।
प्रमेयमुपमानस्य सादृश्यं वा तदन्वितम्।।
प्रत्यक्षेणाऽवबुद्धेऽपि सादृश्ये गवि च स्मृते।
विशिष्टस्याऽन्यतोऽसिद्धेरुपमानप्रमाणता।।

(*શ્લોકવાર્તિક* – ઉપમાન૦ – ૩૭.૩૮)

ભાવાર્થ – કોઈક પુરુષ અરણ્યમાં ગયો છે અને ત્યાં ગવય (-નીલગાય, રોઝ)ને જુએ છે. એને જોઈને એ પુરુષને પોતાની ગાય યાદ આવે છે. પછી એ પ્રત્યક્ષ દેખાતા ગવય અને પોતાની ઘરે રહેલી ગાય – બંનેની તુલના કરે છે અને એને ગવયમાં ગાયનું સાદૃશ્ય દેખાય છે. આ સાદૃશ્યજ્ઞાનના આધારે એને યાદ આવેલી ગાયમાં પણ સાદૃશ્યનું ભાન થાય છે. આ સ્મૃતિસ્થ ગાયમાં સાદૃશ્યનો બોધ થવો એ ઉપમિતિ છે. અને એ જ્ઞાનનું કારણભૂત ગવયમાં સાદૃશ્યનું જ્ઞાન એ ઉપમાન નામનું પ્રમાણ છે. આટલું ધ્યાનમાં રાખીને આ શ્લોકોનો અર્થ જોઈએ તો –

तस्माद्- જોયેલા ગવયને લીધે यत्- પૂર્વે જોયેલું પોતાની ગાયનું સ્વરૂપ स्मर्यते- યાદ આવે છે. અને तत्- એ ગોસ્વરૂપ स्यात् सादृश्येन विशेषितम्- ગવયનિરૂપિત જે સાદૃશ્ય તેનાથી વિશિષ્ટ બને છે. આવું ગવયના સાદૃશ્યથી વિશિષ્ટ બનેલું ગોસ્વરૂપ प्रमेयमुपमानस्य- अनेन सदृशी मदीया गौः આવી ઉપમિતિનો વિષય બને છે. અથવા सादृश्यं वा तदन्वितम्- ગોસ્વરૂપમાં રહેલું સાદૃશ્ય अनेन गवयेन सादृश्यं मदीयायां गवि એવી ઉપમિતિનો વિષય બને છે.

प्रत्यक्षेणाऽवबुद्धेऽपि सादृश्ये- गोसदृशोऽयम् એવા પ્રત્યક્ષથી ગવયમાં ગાયના સાદૃશ્યનું ભાન થાય અને गवि च स्मृते- ગાય યાદ આવે એટલે જે ગવયના સાદૃશ્યથી

વિશિષ્ટ બનેલા ગોસ્વરૂપનું કે ગોસ્વરૂપમાં રહેલા સાદૃશ્યનું વિશિષ્ટ જ્ઞાન જન્મે છે તે विशिष्टस्याऽन्यतोऽसिद्धेः- વિશિષ્ટ જ્ઞાનનું બીજું કોઈ કારણ ન હોવાથી ગવયમાં ગાયના સાદૃશ્યના ભાનને उपमानप्रमाणता- ઉપમાન પ્રમાણ કહેવાય છે.

આ આખી વાતને આમ સમજી શકાય – ૧. અરણ્યગમન → ૨. ગવયનું દર્શન → ૩. ગાયની સ્મૃતિ → ૪. ગવયમાં ગાયના સાદૃશ્યનું ભાન → ૫. સ્મૃતિના વિષયભૂત ગોસ્વરૂપમાં ગવયના સાદૃશ્યનું ભાન – આ ક્રમ છે. આમાં જે (૫. ક્રમાંકનું) ગોસ્વરૂપમાં ગવયના સાદૃશ્યનું ભાન છે તે ઉપમિતિ કહેવાય છે અને તેનું કારણભૂત (૪. ક્રમાંકનું) ગવયમાં ગાયના સાદૃશ્યનું ભાન છે તે મીમાંસકોના મતે ઉપમાન નામનું પ્રમાણ ગણાય છે.

ઉપમિતિસ્વરૂપ જે ગોસ્વરૂપમાં ગવયના સાદૃશ્યનું ભાન છે તે બે રીતે હોઈ શકે છે – ૧. अनेन सदृशी मदीया गौः (- આના જેવી મારી ગાય છે - ગવયના સાદૃશ્યથી વિશિષ્ટ બનેલું ગોસ્વરૂપ) ૨. अनेन गवयेन सादृश्यं मदीयायां गवि (- મારી ગાયમાં આ ગવયનું સાદૃશ્ય છે - ગોસ્વરૂપમાં રહેલું ગવયનું સાદૃશ્ય). આમાં તાત્ત્વિક રીતે કોઈ તફાવત ન હોવા છતાં વિશેષણ-વિશેષ્યભાવમાં ફેર પડે છે. એકમાં ગોસ્વરૂપ ગવયના સાદૃશ્યથી વિશિષ્ટ થાય છે. બીજામાં સાદૃશ્ય ગોસ્વરૂપમાં રહે છે તેમ સમજાય છે. ન્યાયની પરિભાષામાં – ૧. स्मृतगोनिष्ठम् अनुभूयमानगवयनिरूपितसादृश्यविशिष्टं गोस्वरूपम् २. स्मृतगोस्वरूपविशिष्टं तद्गोनिष्ठम् अनुभूयमानगवयसादृश्यम् – આ બે ઉપમિતિના વિષય છે.

હવે, આ ઉપમિતિનું કારણભૂત જ્ઞાન, જે ઉપમાન પ્રમાણ તરીકે ઓળખાય છે તે, પણ તાત્ત્વિક રીતે કોઈ તફાવત ન હોવા છતાં વિશેષણ-વિશેષ્યભાવમાં પરિવર્તન કરીને બે રીતે બોલી શકાય છે – ૧. अयं गवयो मदीयगोसदृशः (- આ ગવય મારી ગાય જેવો છે – ગાયના સાદૃશ્યથી વિશિષ્ટ બનેલું ગવયસ્વરૂપ) ૨. मदीयया गवा सादृश्यमस्मिन् गवये (- આ ગવયમાં મારી ગાયનું સાદૃશ્ય છે – ગવયસ્વરૂપમાં રહેલું ગાયનું સાદૃશ્ય). ન્યાયની પરિભાષામાં – ૧. अनुभूयमानगवयनिष्ठं स्मृतगोनिरूपितसादृश्यविशिष्टं गवयस्वरूपम् २. अनुभूयमानगवयनिष्ठं स्मृतगोनिरूपितं सादृश्यम् – આ બે ઉપમાનના પ્રકાર છે.

મીમાંસકોનો અભિપ્રાય એવો છે કે ગવય તો નજર સામે છે એટલે એ તો પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય છે. અને ગાય એ સ્મૃતિનો વિષય છે. પ્રત્યક્ષીભૂત ગવયમાં જે ગાયનું સાદૃશ્ય છે તે પણ નજરે જોઈ શકાય જ છે. પરંતુ સ્મૃતિસ્થ ગાયમાં જે ગવયના સાદૃશ્યનો બોધ થાય છે તે કંઈ સ્મૃતિનો વિષય ન ગણાય. કેમકે પહેલાં ક્યારેક જેનો અનુભવ થયો હોય તેની જ સ્મૃતિ થઈ શકે. ગાયમાં જે ગવયનું સાદૃશ્ય છે તેનો તો પહેલાં ક્યારેય બોધ જ નથી થયો. તો તેની સ્મૃતિ પણ કેવી રીતે થાય? અને તેમ છતાં એનું ભાન તો થાય જ છે. આ ભાન પ્રત્યક્ષ તો નથી જ, અને સ્મૃતિ પણ નથી. તો એ શું છે? ઉપમિતિ. અનુભવ અને સ્મૃતિ – ઉભયથી ભિન્ન આવો બોધ જ ઉપમિતિ કહેવાય છે. અને એના કારણભૂત ગવયમાં ગાયના સાદૃશ્યનું ભાન, જે પ્રત્યક્ષરૂપ છે તે ઉપમાન પ્રમાણ ગણાય છે.

નૈયાયિકો ગોસ્વરૂપમાં ગવયના સાદૃશ્યના ભાનને અર્થાપત્તિરૂપ અનુમાનનો વિષય માને છે. તેઓ મીમાંસકોને કહે છે કે જો ગવયમાં ગાયનું સાદૃશ્ય છે તો ગાયમાં પણ ગવયનું સાદૃશ્ય હોય જ – આવા અનુમાનના બળે આવું ભાન થઈ જ શકે. એ માટે ઉપમાન નામના અલગ પ્રમાણનો સ્વીકાર કરવાની કોઈ જરૂર નથી. અને જો સ્મૃતિની વિષયભૂત વ્યક્તિમાં સાદૃશ્યના બોધ માટે ઉપમાન નામના અલગ પ્રમાણની જરૂર રહેતી હોય તો, ‘આ ભેંસ કરતાં ઘરે રહેલી મારી ગાય અલગ છે’ આવી વિસદૃશતાના બોધ માટે પણ તમારે કોઈ અલગ પ્રમાણ સ્વીકારવું જોઈએ. અને જો તમે આ વિસદૃશતાનો બોધ અર્થાપત્તિથી જ થઈ જાય છે એમ માનતા હો તો, એ જ રીતે અર્થાપત્તિથી સાદૃશ્યનો બોધ પણ થઈ શકે એમ કેમ નથી માનતા? મીમાંસક-સંમત ઉપમાન-પ્રમાણના ખંડનનો નૈયાયિક *ઉદયનાચાર્ય* રચિત આ શ્લોક પ્રસિદ્ધ છે –

साधर्म्यमिव वैधर्म्यं मानमेवं प्रसज्यते।
अर्थापत्तिरसौ व्यक्तमिति चेत् प्रकृतं न किम्?।।

તો પ્રશ્ન એ થાય કે ઉપમાન-પ્રમાણ તો નૈયાયિક પણ માને છે. તો એ ઉપમાન કયું? આના સમાધાન માટે નૈયાયિક-સંમત ઉપમાન-પ્રમાણની આખી પ્રક્રિયા ક્રમશઃ સમજીએ –

૧. 'ગવય કોને કહેવાય?' એવો પ્રશ્ન → ૨. 'गोसदृशो गवयः' (ગાય જેવો હોય એ ગવય) એવો જાણકાર માણસ પાસેથી મળેલો જવાબ (આને અતિદેશવાક્ય કહેવાય છે.) → ૩. અરણ્યગમન → ૪. ગવયદર્શન → ૫. 'गोसदृशोऽयम्' (આ ગાય જેવો છે) એવું ભાન → ૬. 'गोसदृशो गवयः' એવા અતિદેશવાક્યનું સ્મરણ → ૭. 'अयं गवयपदवाच्यः' એવો વાચ્ય-વાચકભાવનો બોધ. આમાં જે 'अयं गवयपदवाच्यः' એવો વાચ્ય-વાચકભાવનો (બીજા શબ્દોમાં સંજ્ઞા-સંજ્ઞીસંબંધના જ્ઞાનનો) બોધ છે તે ઉપમિતિ કહેવાય છે. અને આ ઉપમિતિરૂપ જ્ઞાનમાં કારણભૂત જે 'गोसदृशोऽयम्' (ક્રમાંક – ૫.) એવું ભાન છે તે ઉપમાન પ્રમાણ ગણાય છે. (અન્ય મતે ક્રમાંક – ૨. 'गोसदृशो गवयः' એવા અતિદેશવાક્યનું જ્ઞાન એ ઉપમાન પ્રમાણ ગણાય છે.)

ટૂંકમાં, નૈયાયિક મતે સાદૃશ્ય, વિસદૃશતા કે વિશિષ્ટ લક્ષણના આધારે શબ્દના અર્થનો બોધ કરાવતું અતિદેશવાક્ય સાંભળીને અને કોઈ ચોક્કસ વ્યક્તિ કે પદાર્થમાં તે સાદૃશ્ય, વિસદૃશતા કે વિશિષ્ટ લક્ષણનો અન્વય જોઈને, 'આ શબ્દ આ વ્યક્તિનો કે પદાર્થનો વાચક છે' અથવા 'આ વ્યક્તિ કે પદાર્થ આ શબ્દથી વાચ્ય છે' તેવો બોધ કરવો તે ઉપમિતિ છે. અને એનું કારણભૂત અતિદેશવાક્યનું શ્રવણ અથવા સાદૃશ્ય, વિસદૃશતા કે વિશિષ્ટ લક્ષણનું દર્શન ઉપમાન પ્રમાણ ગણાય છે.

મીમાંસા અને ન્યાય દર્શનના ઉપમાન-પ્રમાણમાં આ જ મોટો તફાવત છે કે ગાય અને ગવયનું દૃષ્ટાંત એકસરખું હોવા છતાં, મીમાંસામતે ગાયમાં ગવયના સાદૃશ્યનો બોધ એ ઉપમિતિ છે અને તેનું કારણ એવું ગવયમાં ગાયના સાદૃશ્યનું ભાન એ ઉપમાનપ્રમાણ છે. જ્યારે ન્યાયમતે ગવયપદના વાચ્યાર્થનું ભાન એ ઉપમિતિ છે અને તેનું કારણ અતિદેશવાક્યના સ્મરણપૂર્વકનું ગવયમાં ગાયના સાદૃશ્યનું દર્શન છે.

જૈનમતે આ બંને પ્રકારની ઉપમિતિ પ્રત્યભિજ્ઞાનસ્વરૂપ જ ગણાય છે. કેમકે અનુભવાત્મક તથા સ્મરણાત્મક જ્ઞાનોના સંકલનથી જન્ય હરકોઈ જ્ઞાનને જૈન દર્શન પ્રત્યભિજ્ઞાનસ્વરૂપ જ ગણે છે. મીમાંસાસંમત ઉપમાનપ્રમાણને વિવેચિત કરતા જૈનાચાર્યો

સમજાવે છે કે પ્રત્યક્ષ અનુભવના વિષયભૂત ગવય અને સ્મૃતિની વિષયભૂત ગાય – આ બંને અંગે આપણી પાસે જે માહિતી છે તેનું સંકલન – વિશ્લેણ થાય તો જ બંને વચ્ચે જે સાદૃશ્ય છે તે આપણને પ્રતિભાસિત થાય છે. વસ્તુતઃ કોઈ પણ બે વસ્તુમાં કે વ્યક્તિમાં સાદૃશ્ય પ્રતિભાસિત થાય તે અનુભવ અને સ્મૃતિના સંકલનથી જ જન્ય હોય છે. એટલે આવાં સાદૃશ્યબોધક તમામ જ્ઞાનો પ્રત્યભિજ્ઞાનસ્વરૂપ જ ગણાય છે. તેથી આવી બોધસંપદા માટે ઉપમાન નામનું કોઈ અલગ પ્રમાણ માનવાની જરૂર રહેતી જ નથી.

એ જ રીતે વાચ્ય-વાચકભાવનું નિરૂપણ કરનાર અતિદેશવાક્યનું સ્મરણ અને સાદૃશ્ય, વિસદૃશતા કે વિશિષ્ટ લક્ષણનું દર્શન – આ બે વિભિન્ન કોટિનાં જ્ઞાનોના સંકલનથી જન્ય 'अयं गवयपदवाच्यः' એવો સંજ્ઞા-સંજ્ઞીસંબંધનો બોધ પણ પ્રત્યભિજ્ઞાનસ્વરૂપ જ સમજાય છે. એટલે આવા બોધની પ્રાપ્ત માટે પણ ઉપમાન-પ્રમાણ માનવાની આવશ્યકતા જણાતી નથી.

જોકે નવ્યન્યાયની પરિભાષામાં આ આખી વાતને ઢાળીએ તો એક પ્રશ્ન ચોક્કસ થાય કે 'गोसदृशो गवयः' એવું અતિદેશવાક્ય ગોસાદૃશ્યને અવચ્છેદક બનાવીને ગવયપદવાચ્યત્વનું પ્રતિપાદન કરે છે. જ્યારે 'अयं गवयपदवाच्यः' એ બોધમાં તો ગવયત્વને પ્રવૃત્તિનિમિત્ત બનાવીને ગવયપદવાચ્યત્વનું ભાન થાય છે. તો ગોસાદૃશ્યાવચ્છિન્ન ગવયપદવાચ્યત્વનું જ્ઞાન કઈ રીતે ગવયત્વાવચ્છેદેન ગવયપદવાચ્યત્વનું જ્ઞાન કરાવી શકે? જૈનાચાર્યોએ આનું બહુ જ ઉચિત સમાધાન રજૂ કર્યું છે –

प्रत्यभिज्ञानावरणकर्मक्षयोपशमविशेषेण यद्धर्मावच्छेदेनाऽतिदेशवाक्यानूद्यधर्मदर्शनं, तद्धर्मावच्छेदेनैव पदवाच्यत्वपरिच्छेदोपपत्तेः।। (- *જૈનતર્કભાષા* – પ્રત્યભિજ્ઞાનપ્રકરણ)

ભાવાર્થ – પદાર્થનિષ્ઠ જે ધર્મને અવચ્છેદક બનાવીને અતિદેશવાક્યમાં આધારભૂત ધર્મનું દર્શન થાય છે, તે જ ધર્મને અવચ્છેદક બનાવીને વાચ્ય-વાચકભાવનો બોધ થતો હોય છે. જેમકે, પ્રસ્તુત પ્રકરણમાં અતિદેશવાક્યમાં આધારભૂત ધર્મ છે – ગોસાદૃશ્ય. તેનું દર્શન ગવયત્વને અવચ્છેદક ધર્મ બનાવીને થઈ રહ્યું છે. તો પ્રત્યભિજ્ઞાનના આવારક કર્મના

ક્ષયોપશમના માહાત્મ્યથી તે જ ગવયત્વને અવચ્છેદક બનાવીને ગવયપદવાચ્યત્વનો બોધ થશે. એટલે અતિદેશવાક્યમાં અવચ્છેદકીભૂત ધર્મ અને વાચ્ય-વાચકભાવના બોધસ્વરૂપ જ્ઞાનમાં અવચ્છેદકીભૂત ધર્મ જુદા હોય તો પણ અસંગતિ આવતી નથી. આ વાતને આકૃતિથી જોઈએ તો –







બીજું એક ઉદાહરણ જોઈએ તો – पयोम्बुभेदी हंसः स्यात् આવું અતિદેશવાક્ય સાંભળ્યા પછી ક્યારેક દૂધ અને પાણીને છૂટાં પાડનાર પક્ષીને જોઈને अयं हंसपदवाच्यः એવી પ્રતીતિ જન્મે જ છે. આમાં પણ અતિદેશવાક્યના આધારભૂત ધર્મ પયોમ્બુભેદિત્વનું હંસત્વને અવચ્છેદક બનાવીને દર્શન થાય છે એટલે અંતતઃ હંસત્વને જ અવચ્છેદક બનાવીને હંસપદવાચ્યત્વનો બોધ થાય છે.

એક વાત ખાસ ધ્યાનપાત્ર છે કે જૈનમતે स एवाऽयं देवदत्तः, अयं गवयपदवाच्यः, गोसदृशो गवयः, गोविलक्षणो महिषः, इदं तस्मात् सूक्ष्मं स्थूलं दीर्घं ह्रस्वं दूरं समीपं पुराणं नवीनं वा – આવી અભેદ કે વાચ્ય-વાચકભાવને તેમજ સાદૃશ્ય, વિસદૃશતા, સૌક્ષ્મ્ય, સ્થૌલ્ય, દૈર્ઘ્ય, હ્રસ્વત્વ, દૂરત્વ, સમીપત્વ, પુરાણત્વ, નવીનત્વ વગેરે આપેક્ષિક ધર્મોને વિષય બનાવનારી તમામ પ્રતીતિઓ વિવિધ જ્ઞાનોના સંકલનાત્મક હોવાથી પ્રત્યભિજ્ઞાનસ્વરૂપ જ ગણાય છે. ✒ त्रै.

# *પ્રકરણસ્વાધ્યાય*

## 286. આરાધક-વિરાધક-ચતુર્ભંગી

*શ્રીભગવતીસૂત્ર*– શતક – ૮, ઉદ્દેશ – ૧૦, સૂત્ર ૩૫૪ માં શ્રીગૌતમસ્વામીએ પ્રભુ વીરને પ્રશ્ન કર્યો છે કે શીલ અને શ્રુત અંગે પરતીર્થિકોમાં વિવિધ વિચારણાઓ પ્રવર્તે છે – ૧. શીલ શ્રેયસ્કર છે, પણ શ્રુત શ્રેયસ્કર નથી. ૨. શ્રુત શ્રેયસ્કર છે, પણ શીલ શ્રેયસ્કર નથી. ૩. એકલું શીલ પણ શ્રેયસ્કર છે અને એકલું શ્રુત પણ શ્રેયસ્કર છે, પરંતુ બંને સંયુક્ત રૂપમાં જ શ્રેયસ્કર છે એવું નથી. ૪. શીલ પ્રધાનપણે શ્રેયસ્કર છે, અને શ્રુત શીલને ઉપકારી હોવાથી પરંપરાએ શ્રેયસ્કર છે. ૫. શ્રુત પ્રધાનપણે શ્રેયસ્કર છે, અને શીલ શ્રુતને ઉપકારી હોવાથી પરંપરાએ શ્રેયસ્કર છે. તો આમાંથી કઈ વિચારણાને સાચી ગણવી?

પ્રભુ વીરે આ પ્રશ્નના સમાધાનમાં ફરમાવ્યું કે આ સંસારમાં ચાર પ્રકારના જીવો હોય છે – ૧. કેટલાક જીવો શીલસંપન્ન હોય છે, પણ શ્રુતસંપન્ન નથી હોતા. આવા જીવો તીવ્ર પાપકર્મ નથી આચરતા, પરંતુ એમને ધર્મની સમજણ નથી હોતી. આવા જીવો 'દેશારાધક' ગણાય છે. ૨. એથી ઊલટું, કેટલાક જીવો શ્રુતસંપન્ન હોય છે, પણ શીલસંપન્ન નથી હોતા. આવા જીવો વસ્તુતઃ ધર્મ તો સમજે જ છે, પણ પરિસ્થિતિવશ પાપકાર્યોથી વિરમણ નથી કરી શકતા. તેથી તેઓ 'દેશવિરાધક' તરીકે ઓળખાય છે. ૩. આ પ્રકારમાં ભાવથી ધર્મને સમજનારા અને એ સમજણને અનુસરીને પાપથી વિરમેલા જીવોનો સમાવેશ થાય છે. શ્રુતસંપન્ન અને શીલસંપન્ન એવા આ જીવો 'સર્વારાધક' તરીકે ઓળખાય છે. ૪. આનાથી તદ્દન સામા છેડે, ધર્મને ન સમજનારા અને પાપથી વિરામ ન લેનારા, શ્રુત અને શીલ – ઉભયથી રહિત એવા જીવો 'સર્વવિરાધક' એવી ઓળખાણ પામે છે.

આમાં 'શીલ' શબ્દથી સમ્યક્ ચારિત્રનું અને 'શ્રુત' શબ્દથી સમ્યગ્ જ્ઞાન-દર્શન બંનેનું ગ્રહણ થાય છે. તથા 'સર્વ' એટલે સંપૂર્ણ અને 'દેશ' એટલે આંશિક એવો અર્થ થાય છે. તેથી આકૃતિથી આ આખી વાતને સમજીએ તો –




ઉપરોક્ત *શ્રીભગવતીસૂત્ર*ની *શ્રીઅભયદેવસૂરિજી* રચિત વ્યાખ્યામાં આ ચારે પ્રકારના જીવોનાં દૃષ્ટાંતો આ પ્રમાણે જણાવાયાં છે –

૧. દેશારાધક – સમ્યગ્ બોધથી રહિત પણ ક્રિયામાં તત્પર એવા બાલતપસ્વી જીવો (-અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન જૈનેતર સંન્યાસી વગેરે). વૃત્તિમાં નિર્દિષ્ટ અન્ય મત

અનુસાર દેશારાધક તરીકે ગીતાર્થની નિશ્રામાં ન વર્તતા એવા તપસ્વી અને ચારિત્રસંપન્ન અગીતાર્થ મહાત્માઓ[68] સમજવાના હોય છે.

૨. <u>દેશવિરાધક</u> – મોક્ષમાર્ગના ત્રીજા અંશસ્વરૂપ ચારિત્રની વિરાધના કરનાર અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો. સ્વીકારેલા ચારિત્રનું પાલન ન કરનારા અને ચારિત્રનો સ્વીકાર જ ન કરનારા – બંને પ્રકારના જીવો આ કોટિમાં આવી શકે છે.

૩. <u>સર્વારાધક</u> – સર્વવિરતિને ધારણ કરનાર મહાત્માઓ.

૪. <u>સર્વવિરાધક</u> – દેશારાધક સિવાયના મિથ્યાત્વી વગેરે જીવો.

*શ્રીભગવતીસૂત્ર*-ગત આ આરાધક-વિરાધક-ચતુર્ભંગીને જ વિશદતાથી સમજાવતું નાનકડું પણ મજાનું પ્રકરણ એટલે *મહોપાધ્યાય શ્રીયશોવિજયજી* રચિત *આરાધક-વિરાધક-ચતુર્ભંગી.* આ પ્રકરણ અંતર્ગત કેટલીક વાતોને સંક્ષેપમાં જોઈએ.

*

કેટલાક આચાર્યોને દેશારાધક બાલતપસ્વી તરીકે અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન ચરક-પરિવ્રાજક વગેરે ઇષ્ટ નથી. તેઓ ઋદ્ધિ-દેવલોક વગેરેની અપેક્ષાથી સર્વવિરતિનો સ્વીકાર કરનાર મિથ્યાત્વી જીવોને બાલતપસ્વી ગણે છે. અર્થાત્ તે આચાર્યોના મતે આવા દ્રવ્યલિંગી મિથ્યાત્વીઓ જ દેશારાધક ગણાય, અન્યતીર્થિકો નહીં. જ્યારે સૈદ્ધાંતિક પરંપરા તો અન્યતીર્થિકોને બાલતપસ્વી એટલે કે દેશારાધક ગણવાની છે. આ માન્ય પરંપરાનું ખંડન કરવા માટે પૂર્વપક્ષ દલીલ કરે છે –

એક સામાન્ય નિયમ એવો છે કે જે અનુષ્ઠાન ન કરવાથી જિનાજ્ઞાની વિરાધના થતી હોય તે જ અનુષ્ઠાન કરવા દ્વારા જિનાજ્ઞાની આરાધના થાય છે. દા. ત. આવશ્યકક્રિયા ન કરવાથી જિનાજ્ઞાની વિરાધના થાય છે. તો આપણે એ ક્રિયાના પાલનને આરાધના કહીએ છીએ. હવે અન્યતીર્થિકો શંકરપૂજા વગેરે જે અનુષ્ઠાન કરે છે તે અનુષ્ઠાનને જો આપણે

---

[68] ગીતાર્થની નિશ્રાએ વર્તતા અગીતાર્થ મહાત્માઓ તથા ગીતાર્થનિશ્રિત ન હોય પણ સ્વયં ગીતાર્થ હોય એવા મહાત્માઓ પણ સર્વારાધક જ ગણાય છે. તેથી અત્રે દેશારાધક તરીકે ગીતાર્થની નિશ્રાએ ન વર્તતા હોય એવા અગીતાર્થોને જ કહ્યા છે. આવા મુનિઓ પણ જો તપ-સંયમનું પાલન કરતા હોય તો જ દેશારાધક કહેવાય.

જિનાજ્ઞાની આરાધનાસ્વરૂપ ગણીએ તો, એ અનુષ્ઠાન ન કરવા તે જિનાજ્ઞાની વિરાધના ગણાશે! પણ એવું તો છે નહીં. ફલતઃ અન્યતીર્થિકોનાં અનુષ્ઠાનને જિનાજ્ઞાની આરાધનાસ્વરૂપ ન કહી શકાય.

વળી, એ વાત પણ વિચારણીય છે કે, જો એ અન્યતીર્થિકો જિનાજ્ઞાના આરાધક જ હોય તો આપણે શા માટે એમને એ આરાધના છોડાવીને આવશ્યકક્રિયા વગેરે જૈનમાર્ગની આરાધના કરવાનો ઉપદેશ આપીએ છીએ? કેમકે એ લોકો શંકરપૂજા વગેરે જે પણ કરી રહ્યા છે તે ખરેખર જૈનમાર્ગની આરાધના જ છે!

આ વિચારણાના આધારે સમજાય છે કે અન્યતીર્થિકોને જિનાજ્ઞાના આરાધક ગણી શકાય જ નહીં. એટલે વૃત્તિમાં દેશારાધક તરીકે જે 'બાલતપસ્વી' લીધા છે, તે આ અન્યતીર્થિકો ન જ હોઈ શકે. પણ જે મિથ્યાત્વી જીવ ઐહિક, પારલૌકિક સુખની વાંછા વગેરે કોઈપણ કારણસર જિનોક્ત સાધુસામાચારીને સ્વીકારીને તેના પાલનમાં પરાયણ રહે છે તે જ જીવ દેશારાધક એવો બાલતપસ્વી કહેવાય છે.

ઉત્તરપક્ષમાં *ઉપાધ્યાયજી મહારાજ* આ સમગ્ર વિચારણામાં રહેલા દોષને સમજાવતાં કહે છે –

દેશારાધકતાનો આધાર દ્રવ્યથી જિનાજ્ઞાનું પાલન જ છે, પરંતુ સાધુસામાચારીનું પાલન નહીં.

આ આખી વાત આમ સમજવાની છે – દ્રવ્ય શબ્દ બે અર્થમાં વપરાય છે – ૧. ભાવનું કારણભૂત તત્ત્વ. ૨. અપ્રધાન એવું અનુપયોગી તત્ત્વ. અત્રે 'દ્રવ્યથી જિનાજ્ઞાના પાલન'માં 'દ્રવ્ય' શબ્દ ભાવના કારણરૂપ સમજવાનો છે. એટલે કે અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન જીવોનું જૈન કે જૈનેતર જે કોઈપણ અનુષ્ઠાન એ જીવને જો ભાવથી જિનાજ્ઞાના પાલન સુધી પહોંચાડે તો તે પાલન દ્રવ્યથી જિનાજ્ઞાની આરાધના ગણાય છે. અને આવી દ્રવ્યથી જિનાજ્ઞાની આરાધના જ્યાં પણ હોય ત્યાં દેશારાધકતા સમજવાની હોય છે.

અભવ્ય કે દૂરભવ્ય જીવો ભૌતિક આકાંક્ષાથી સર્વવિરતિનો સ્વીકાર કરીને તેનું ગમે તેટલું શુદ્ધ પાલન કરતા હોય અને લોકવ્યવહાર (વાસ્તવિક રીતે વ્યવહારાભાસ) ભલે તેમના

પાલનને ગમે તેટલું આદરપાત્ર ગણતો હોય તો પણ, તેઓનું અપ્રધાનભૂત આ પાલન રત્નત્રયીસ્વરૂપ મોક્ષમાર્ગમાં કારણભૂત ન બનવાથી ન તો દ્રવ્યથી જિનાજ્ઞાની આરાધના ગણાય છે કે ન તો એના લીધે તેવા જીવોને દેશારાધકતા સંપ્રાપ્ત થાય છે.

હવે અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન જીવોનું દ્રવ્યથી જિનાજ્ઞાનું પાલન શા માટે દેશારાધકતાનો દરજ્જો મેળવે તે સમજીએ – ફળને ઉત્પન્ન કરનાર સમુદાયના કોઈપણ અવયવને (બીજા શબ્દોમાં, ક્રિયાને જન્માવનાર કારણસામગ્રીમાં સમાવિષ્ટ થનાર કોઈપણ એક કારણને) દેશ તરીકે ઓળખી શકાય છે. જેમકે, માટી, ચાકડો, પાણી, દંડ વગેરે ઘટરૂપ ફળને ઉત્પન્ન કરનાર કારણસમુદાયના અવયવો છે. તેથી તે દરેક તે અપેક્ષાએ દેશ ગણાય છે. પરંતુ કપાસ ઘટને ઉત્પન્ન કરનાર સમુદાયનો અવયવ નથી બની શકતું તેથી તે, તે સમૂહનો દેશ નથી ગણાતું.

પ્રસ્તુતમાં વિચારીએ તો, મોક્ષ એ ફળ છે, અને તેને મેળવી આપનાર સમુદાય છે – સમ્યગ્ જ્ઞાન – દર્શન – ચારિત્ર. આમાં સમ્યક્ ચારિત્ર અંતર્ગત અપુનર્બંધકાદિ અવસ્થામાં આચરવામાં આવતાં એવાં જૈન કે જૈનેતર તમામ અનુષ્ઠાનોનો સમાવેશ થાય છે કે જે અનુષ્ઠાનો પરંપરાએ સર્વવિરતિસ્વરૂપ ભાવચારિત્ર સુધી લઈ જાય છે. તેથી આવાં અનુષ્ઠાનો દેશ ગણાય છે, અને તેમનું આચરણ દેશારાધકતા કહેવાય છે. એટલે જેમ અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન મિથ્યાત્વી જીવો આવશ્યકક્રિયા વગેરે જિનોક્ત અનુષ્ઠાન આચરે તો આપણે તેને દેશારાધકતા જ ગણીશું તેમ, અન્યતીર્થિક સંન્યાસીઓ કે અનુયાયીઓ પોતપોતાની માન્યતાએ અનુસરીને જે આચરણ કરે તે આચરણ જો પરંપરાએ પણ તેમને ભાવચારિત્રની પ્રાપ્તિ થવામાં કારણ બની શકે તેવું સક્ષમ હોય તો તે આચરણને દેશારાધકતા સમજી જ શકાય એમાં કોઈ બાધ નથી. તેથી સાધુસામાચારીનું પાલન તો જ દેશારાધકતા ગણાય આવો નિયમ અસ્વીકાર્ય છે.

હા, એક વાત ધ્યાનમાં રાખવાની છે કે અપુનર્બંધકાદિ અવસ્થામાં થતું તમામ આચરણ 'દ્રવ્યથી જિનાજ્ઞાનું પાલન' કે 'દેશારાધકતા' નથી કહેવાતું. પણ *યોગદૃષ્ટિસમુચ્ચયા*દિ ગ્રંથોને અનુસરીને, મિત્રાદિ દૃષ્ટિવાળા કુતર્કના આગ્રહથી રહિત એવા

જીવો સ્વશાસ્ત્રને અનુસારે પોતપોતાની ભૂમિકાને અનુરૂપ એવું જે આચરણ કરે તે પરમાર્થથી તો જિનોક્ત જ ગણાય છે. એવા અન્યતીર્થિકોનાં પણ દયા, દાન, અચૌર્ય વગેરે ગુણો જિનોક્ત માર્ગને અનુકૂળ હોવાથી પરંપરાએ જિનોક્ત જ કહેવાય છે. અને આ જ કારણથી તે સર્વ અનુષ્ઠાન દ્રવ્યથી જિનાજ્ઞાના પાલનરૂપ બને છે અને દેશારાધકતામાં પર્યવસિત થાય છે.

પૂર્વપક્ષી આચાર્યો ભવાભિનંદી, ખ્યાતિ-લાભ વગેરેની આકાંક્ષાવાળા, ચરમાવર્તમાં પણ ન પ્રવેશેલા દ્રવ્યલિંગીઓને દેશારાધક ગણવા તૈયાર છે, પણ વસ્તુતઃ મોક્ષાભિલાષી, ચરમાવર્તવર્તી શુક્લપાક્ષિક જીવોને દેશારાધક કહેવા તૈયાર નથી! આવો કદાગ્રહ તો કઈ રીતે સંગત થાય? વળી, શાસ્ત્રોમાં બાલતપસ્વી એટલે દ્રવ્યલિંગી એવો નિર્દેશ પણ નથી દેખાતો.

સંક્ષેપમાં, સાક્ષાત્ જિનોક્ત અનુષ્ઠાનનું પાલન કરનાર અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન મિથ્યાત્વી જીવો કે પરંપરાએ જિનોક્ત અનુષ્ઠાનનું આચરણ કરનાર અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન અન્યતીર્થિકો – બંનેને દ્રવ્યથી જિનાજ્ઞાના પાલક અને દેશારાધક સમજવા જોઈએ. કેમકે આવા જીવો પાસે 'શ્રુત' એટલે કે સમ્યગ્ જ્ઞાન-દર્શન સર્વથા નથી હોતું, પણ 'શીલ' એટલે કે સમ્યક્ ચારિત્રનો અંશ તો હોય જ છે.

એક પ્રશ્ન શેષ રહ્યો કે જો એ અજૈન અનુષ્ઠાનનું આચરણ પણ દેશારાધકતા જ હોય તો, શા માટે આપણે અન્યતીર્થિકોને તેવાં અનુષ્ઠાનોનો ત્યાગ કરાવીને જૈન માર્ગમાં સ્થાપિત કરવાની મહેનત કરીએ છીએ? આનું સમાધાન તદ્દન સરળ છે કે લોકમાં જેમ વધુ લાભ માટે કરિયાણાં વગેરેનો ધંધો છોડીને રત્નોનો વેપાર શરુ કરવામાં આવતો હોય છે, વધુ કર્મનિર્જરાના લક્ષ્ય સાથે સ્થવિરકલ્પનો ત્યાગ કરીને જિનકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે. તેમ મોક્ષમાર્ગની વધુ સારી આરાધનાના આશયથી અજૈન અનુષ્ઠાનોનો ત્યાગ કરાવીને જૈન અનુષ્ઠાનોનો સ્વીકાર કરાવીએ તો તેમાં કશું ખોટું નથી જ.

*

દેશવિરાધક તરીકે જે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોનું ગ્રહણ કર્યું છે તેમાં સૈદ્ધાંતિક પરંપરા અનુસાર બે પ્રકારના જીવોનો સમાવેશ સમજવાનો હોય છે – ૧. જે જીવોએ વ્રત અને ક્રિયાનું ગ્રહણ કરીને તેનું ખંડન કર્યું છે, પણ ભાવશ્રુત ટકાવી રાખ્યું છે. ૨. ભાવશ્રુતના ધારક જે જીવોએ વ્રત અને ક્રિયાનું ગ્રહણ કર્યું જ નથી. પૂર્વોક્ત *શ્રીભગવતીસૂત્ર*ની *શ્રીઅભયદેવસૂરિજી* રચિત વૃત્તિમાં આ અંગે આવો સ્પષ્ટ નિર્દેશ છે – प्राप्तस्य तस्याऽपालनादप्राप्तेर्वा।। પણ પૂર્વપક્ષીય આચાર્યો વૃત્તિકાર ભગવંતના આ નિર્દેશને અવગણીને ભાવશ્રુતના ધારક જે જીવોએ વ્રત અને ક્રિયાનું ગ્રહણ કર્યું જ નથી તેવા જીવોને દેશવિરાધક તરીકે માન્ય કરતા નથી. તેઓની સ્વપક્ષના સ્થાપન માટેની મુખ્ય દલીલો આ પ્રમાણે છે –

જેણે ચારિત્ર લઈને તેનું ખંડન કર્યું હોય તેવા ભાવશ્રુતના ધારક અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવને દેશવિરાધક કહી શકાય, પરંતુ જેણે ચારિત્ર લીધું જ નથી તેવા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવને નહીં. લોકમાં પણ જેણે કોઈ નિયમ લઈને તેનો ભંગ કર્યો હોય તેને જ વિરાધક કહેવાય છે, પણ જેણે નિયમ લીધો જ નથી તેવા જીવને વિરાધક નથી કહેવાતો. બહુ બહુ તો એને અનારાધક કહી શકાય.

વળી, જેની અપ્રાપ્તિ તેની વિરાધના એવો નિયમ સ્વીકારીએ તો નીચે મુજબ પાંચ આપત્તિ આવી શકે છે –

૧) કેવલીને પણ જિનકલ્પ વગેરેનો સ્વીકાર નથી જ. તો એ અસ્વીકારને પરિણામે કેવલી ભગવંતો પણ જિનકલ્પ વગેરેના વિરાધક અને ફલતઃ ચારિત્રના વિરાધક ગણાશે.

૨) અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન ચરક-પરિવ્રાજક વગેરે પાસે શ્રુત તો લેશમાત્ર પણ સંભવતું નથી. અને શીલસ્વરૂપ દેશવિરતિ કે સર્વવિરતિ પણ તેમની પાસે નથી હોતી. આ રીતે તેઓ શ્રુત અને શીલ ઉભયના વિરાધક બન્યા. હવે શાસ્ત્રોમાં તો ઉભયનો વિરાધક જ્યોતિષ્કનિકાયથી ઉપરના દેવલોકમાં ન જાય તેવો નિયમ દર્શાવાયો છે. પરંતુ ચરક-પરિવ્રાજક વગેરે તો જ્યોતિષ્કનિકાયથી ઉપરના દેવલોકમાં પણ જન્મે જ છે. આથી સમજવું જોઈએ કે તેઓને શ્રુત અને શીલ – ઉભયની અપ્રાપ્તિ હોવા છતાં, તેની વિરાધના ગણાતી નથી. અને એટલે ઉભયના અવિરાધક એવા તે જીવોનો જ્યોતિષ્કનિકાયથી ઉપરના

દેવલોકમાં ઉપપાત થઈ શકે છે. અપ્રાપ્તિ એટલે વિરાધના એવો નિયમ સ્વીકારનાર તમારા મતે તો તે શક્ય જ નથી બનતું.

૩) અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો કે દેશવિરતિધર શ્રાવકો – બેમાંથી એકેય જણે સર્વવિરતિરૂપ ચારિત્ર સ્વીકાર્યું નથી, તેથી તેઓ સંયમના વિરાધક બન્યા. ફરીથી, શાસ્ત્રોમાં તો સંયમનો વિરાધક જીવ કદાપિ સૌધર્મ દેવલોકથી ઉપર ઉત્પન્ન ન થઈ શકે એમ કહ્યું છે, અને સર્વવિરતિને ધારણ ન કરનાર અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવક મનુષ્ય બારમા દેવલોક સુધી ઉત્પન્ન થઈ શકે છે એમ પણ કહ્યું છે. એટલે સર્વવિરતિની અપ્રાપ્તિને સર્વવિરતિની વિરાધના ગણી શકાય જ નહિ.

૪) શ્રેણિક જેવા જીવોએ ચારિત્રનું ગ્રહણ કર્યું ન હોવાથી તેઓ ચારિત્રના વિરાધક થયા. અને નિશ્ચયનય તો એમ કહે છે કે જેની પાસે સમ્યક્ ચારિત્ર ન હોય તેની પાસે સમ્યગ્ જ્ઞાન-દર્શન પણ ન જ હોય[69]. તેથી નિશ્ચયનયના મતે તો શ્રેણિક જેવા જીવોને રત્નત્રયીની પ્રાપ્તિ જ નથી. અને તમારા મતે તો રત્નત્રયીની અપ્રાપ્તિ એટલે રત્નત્રયીની વિરાધના એ નક્કી છે. પ્રશ્ન એ છે કે રત્નત્રયીનો વિરાધક જીવ ક્યારેય જિનનામ કર્મ બાંધી શકે ખરો?

૫) ઉપર કહ્યા મુજબ ગૃહવાસમાં રહેલા તીર્થંકર જેવા ચરમશરીરી વગેરે મહાપુરુષોને પણ પ્રતિસમય રત્નત્રયીની વિરાધના માનવી પડશે.

આમ, જેની અપ્રાપ્તિ તેની વિરાધના એવો નિયમ સ્વીકારવામાં તો આટલી બધી અસમંજસતા સર્જાય છે. તેથી આવો નિયમ ન જ માની શકાય. અર્થાત્ ભાવશ્રુતના ધારક જે જીવોએ વ્રત અને ક્રિયાનું ગ્રહણ કર્યું જ નથી તેમને દેશવિરાધક ન કહી શકાય, પરંતુ જે જીવોએ વ્રત અને ક્રિયાનું ગ્રહણ કરીને તેનું ખંડન કર્યું છે, તેને છોડી દીધાં છે તેમને જ દેશવિરાધક માની શકાય.

---

[69] નિશ્ચયનય એમ માને છે કે જે જ્ઞાન વિરતિરૂપ ફળ ન આપે તે જ્ઞાન 'જ્ઞાન' કેમ કહેવાય? માટે તે નયના મતે તો ચારિત્રનો સ્વીકાર ન કરનાર જીવમાં સમ્યગ્ જ્ઞાન-દર્શન પણ નથી જ સંભવતું. જ્યારે વ્યવહારનય ચારિત્રના અભાવમાં પણ સમ્યગ્ જ્ઞાન-દર્શનનો સંભવ સ્વીકારે છે.

*ઉપાધ્યાયજી* આ સમગ્ર વિચારણાના શુદ્ધીકરણ માટે જે વિચારબિંદુઓ રજૂ કરે છે તે જોઈએ –

ભાઈ! અપ્રાપ્તિ એટલે વિરાધના – એવો નિયમ સમજતી વખતે બે વાતો અવશ્ય ધ્યાનમાં રાખવાની છે – ૧. આમાં અપ્રાપ્તિનો અર્થ પ્રાપ્તિનો સર્વથા અભાવ એવો કરવાનો હોય છે. અર્થાત્ તત્ત્વના એક અંશની પ્રાપ્તિ હોય અને બીજા અંશની ન હોય તેવી આંશિક અપ્રાપ્તિનો અત્રે સંદર્ભ નથી લેવાનો. ૨. વિરાધના પણ બે પ્રકારે સમજવાની હોય છે – ૧. અનારાધનારૂપ વિરાધના ૨. ખંડનરૂપ વિરાધના. આમાંથી જે જીવોએ વ્રત અને ક્રિયાનું ગ્રહણ કરીને તેનું ખંડન કર્યું છે, પણ ભાવશ્રુત ટકાવી રાખ્યું છે. તેવા જીવોને ખંડનરૂપ વિરાધના હોય છે અને ભાવશ્રુતના ધારક જે જીવોએ વ્રત અને ક્રિયાનું ગ્રહણ કર્યું જ નથી તેવા જીવોને અનારાધનારૂપ વિરાધના હોય છે, ખંડનરૂપ નહીં. દેવલોકમાં ગતિ સંબંધે જે વિરાધનાસાપેક્ષ વિધાનો તમે દર્શાવ્યાં છે તેમાં ખંડનરૂપ વિરાધના સમજવાની હોય છે, અનારાધનારૂપ નહીં. એટલે અનારાધનારૂપ વિરાધનામાં એ વિધાનો લાગુ જ નથી પડતાં.

તમે જે પાંચ આપત્તિ આપી છે તે વિશે થોડાક વિસ્તારથી આ આખી બાબત તપાસીએ તો -

૧) જેમ કોઈ મનુષ્ય દેવગતિના ચારે પ્રકારોમાંથી એકેય પ્રકારને ન પામે તો તેણે દેવગતિને પ્રાપ્ત ન કરી એમ કહી શકાય. પરંતુ વૈમાનિક દેવલોક જેવા કોઈપણ એક પ્રકારને પ્રાપ્ત કરનાર મનુષ્યે અન્ય ત્રણ પ્રકારો પ્રાપ્ત ન કર્યા હોવા છતાં, એણે દેવગતિને પ્રાપ્ત ન કરી એમ ન જ કહેવાય. આ સામાન્યબુદ્ધિથી સમજાય તેમ છે. તો તે જ રીતે કેવલી ભગવંત પણ સ્થવિરકલ્પમાં તો વર્તે જ છે. એટલે જિનકલ્પરૂપ ચારિત્રવિશેષની અપ્રાપ્તિ હોવા છતાં, તેમને ચારિત્રના વિરાધક તો ન જ કહેવાય. વળી, જિનકલ્પની અપેક્ષાએ તેઓ અનારાધક ગણાય, વિરાધક નહીં.

૨) અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન ચરક-પરિવ્રાજક વગેરે પાસે માર્ગાનુસારી ક્રિયારૂપ 'શીલ' તો છે જ. તેથી તેઓ શીલના વિરાધક તો સ્વાભાવિક રીતે જ નથી હોતા. એટલે તેઓ જ્યોતિષ્કનિકાયથી ઉપરના દેવલોકમાં જન્મ પામે તેમાં કોઈ જ વિરોધ નથી.

તેઓ પાસે દેશવિરતિ કે સર્વવિરતિ સ્વરૂપ શીલ નથી હોતું એ વાત સાચી જ છે, પરંતુ એથી એમને શીલનો સર્વથા અભાવ સમજી શકાય નહીં. વળી, એમણે કરેલો દેશવિરતિ કે સર્વવિરતિનો અસ્વીકાર અનારાધનારૂપ વિરાધના ગણાશે, ખંડનરૂપ નહીં. જ્યારે ઉભયનો વિરાધક જ્યોતિષ્કનિકાયથી ઉપરના દેવલોકમાં ન જાય તેવો નિયમ ખંડનરૂપ વિરાધનાની અપેક્ષાએ પ્રતિપાદિત થયો છે.

૩) આરાધક-વિરાધક-ચતુર્ભંગીમાં દેશવિરાધના તરીકે જે અપ્રાપ્તિનું નિરૂપણ છે તે અનારાધનારૂપ વિરાધનાની અપેક્ષાએ છે અને સંયમનો વિરાધક જીવ કદાપિ સૌધર્મ દેવલોકથી ઉપર ઉત્પન્ન ન થઈ શકે એમ કહ્યું છે તે ખંડનરૂપ વિરાધનાની અપેક્ષાએ. અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો કે દેશવિરતિધર શ્રાવકોને જે સર્વવિરતિની અપ્રાપ્તિ છે તે અનારાધનારૂપ વિરાધના છે, ખંડનરૂપ નહીં. તેથી તેઓ બારમા દેવલોક સુધી ઉત્પન્ન થાય તેમાં કોઈ વિરોધ આવતો જ નથી.

૪-૫) રત્નત્રયીનો વિરાધક જીવ ક્યારેય જિનનામકર્મ ન બાંધે કે તીર્થંકર જેવા મહાપુરુષોને રત્નત્રયીની વિરાધના ન હોય એવાં વિધાનોમાં વિરાધના ખંડનરૂપ સમજવાની હોય છે. શ્રેણિક જેવા જીવોને કે ગૃહવાસમાં વર્તતા તીર્થંકરોને ખંડનરૂપ વિરાધના તો સંભવિત જ નથી. તો આમાં આપત્તિ જ કેવી રીતે આપી શકાય?

વસ્તુતઃ જોઈએ તો, ચારિત્રની ખંડનરૂપ વિરાધના થવા છતાં પણ, જો હૃદયમાં યત્કિંચિત્ પશ્ચાત્તાપ હોય તો, જ્ઞાન-દર્શનની વિરાધના નથી ગણાતી. અને જો પશ્ચાત્તાપ ન હોય તો, ચારિત્રની વિરાધના રત્નત્રયીની વિરાધનામાં જ પર્યવસિત થાય છે. આમ, ચારિત્રની વિરાધના થવા છતાં, જ્ઞાન-દર્શનની વિરાધના થાય કે નહીં તેમાં વિકલ્પ છે એમ વ્યવહારનય સ્વીકારે છે. અને એ નયની વ્યવસ્થાને અનુસરીને સર્વવિરતિના અભાવમાં પણ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો કે દેશવિરતિધર શ્રાવકોને રત્નત્રયીની સંભાવના સ્વીકારવામાં આવે છે. આમે, દેશવિરાધક કે દેશારાધક – એ બે ભાંગા સહિત આરાધક-વિરાધક-ચતુર્ભંગી તો વ્યવહારનયને જ માન્ય હોઈ શકે છે. નિશ્ચયનય અનુસાર તો સર્વારાધક કે સર્વવિરાધક – એમ બે જ ભાંગા સંભવિત છે.

આમ, આરાધક-વિરાધક-ચતુર્ભંગીમાં જેની અપ્રાપ્તિ તેની વિરાધના એવો નિયમ સ્વીકારવામાં કોઈ અસમંજસતા સર્જાતી નથી. અર્થાત્ જે જીવોએ વ્રત અને ક્રિયાનું ગ્રહણ કરીને તેનું ખંડન કર્યું છે, તેને છોડી દીધાં છે તેમને દેશવિરાધક કહીએ તેમ, ભાવશ્રુતના ધારક જે જીવોએ વ્રત અને ક્રિયાનું ગ્રહણ કર્યું જ નથી તેમને પણ દેશવિરાધક કહી જ શકાય.

*

પૂર્વપક્ષી આચાર્યો નિહ્નવને સર્વારાધક અને દેશવિરાધક – ઉભય રાશિ અંતર્ગત માને છે. આ માટે તેઓ જે વિચારણા રજૂ કરે છે તે જોઈએ –

નિહ્નવો જિનોક્ત સામાચારીનું પાલન તો કરતા જ હોય છે. તેથી તેમને પણ જિનોક્ત અનુષ્ઠાનોના આરાધનની અપેક્ષાએ દેશારાધકતા માનવી જોઈએ. કેમકે આ જીવો ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થઈ શકે છે. આ ઉત્પત્તિ દેશારાધકતા વગર સંભવિત નથી અને આ દેશારાધકતાનું જિનોક્ત સામાચારીના પાલન સિવાય અન્ય કોઈ કારણ દેખાતું નથી.

પણ આ દેશારાધકતાનો સ્વીકાર કરવા છતાં પણ, તેઓ ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે અને તેના કારણે બીજા મહાવ્રતનો ભંગ કરે છે એ અપેક્ષાએ તેઓમાં સર્વવિરાધકતા માનવી પડે છે. આ સર્વવિરાધકતાને લીધે જ, દેશારાધકતાથી નવમા ગ્રૈવેયક સુધી ઉત્પત્તિ થવા છતાં, એ કિલ્બિષિક દેવલોકની જેમ દુર્ગતિ જ ગણાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે જે જીવો ઉન્માર્ગની દેશના વગેરે દ્વારા લોકોને ધર્મથી ભ્રષ્ટ કરે છે તેમને સંમોહી ભાવના કહેવાય છે. અને આ અપ્રશસ્ત ભાવના સાથે ઉત્પન્ન થયેલા દેવને દુર્ગતિ જ ગણાય છે. કેમકે એવો દેવ ત્યાંથી ચ્યવીને અનંતકાલ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે.

આમ, અમે નવમા ગ્રૈવેયક સુધી ઉત્પાદ થાય છે માટે જિનોક્ત સામાચારીના પાલનની અપેક્ષાએ નિહ્નવને દેશારાધકતા માનીશું અને એ દુર્ગતિ હોવાને લીધે બીજા વ્રતના ભંગની અપેક્ષાએ તેને સર્વવિરાધકતા પણ માનીશું.

*ઉપાધ્યાયજી* આના પ્રતિવાદમાં ફરમાવે છે કે જો બીજા વ્રતના ભંગને લીધે નિહ્નવ સર્વવિરાધક બને છે એમ તમે માનો જ છો તો, સર્વવિરાધક એવા નિહ્નવને માત્ર જિનોક્ત સામાચારીના પાલનને લીધે દેશારાધક કહેવો વાજબી નથી જ. કેમકે એમનું એ પાલન એમને

સર્વારાધકતા સુધી પહોંચાડનારું નથી જ બનતું. અને સર્વારાધકતા સુધી લઈ જાય એવા પાલનને જ દેશારાધકતા ગણી શકાય. અન્યથા, માત્ર બાહ્ય ક્રિયા, જે અભવ્યને પણ સંભવી શકે છે, જે મોક્ષમાર્ગનો એક અંશ પણ નથી બની શકતી, એને દેશારાધકતા ગણવામાં કોઈ બુદ્ધિમત્તા નથી.

વાસ્તવિક રીતે જોઈએ તો, દેશારાધકતાના પ્રભાવે નહીં, પણ જિનોક્ત સામાચારીના પાલનરૂપ ગરાનુષ્ઠાનના પ્રભાવે, સર્વવિરાધકતા હોવા છતાં પણ, નિહ્નવો નવમા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થઈ શકે છે. સર્વવિરાધક નવમા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન ન થઈ શકે એવો નિયમ ‘જિનોક્ત સામાચારીના પાલનરૂપ ગરાનુષ્ઠાન ન હોય તો’ એવી શરત સાથે જોડાયેલો છે.

*

આ સમગ્ર વિચારણામાં કેટલાક પ્રશ્નો ઊભા થઈ શકે તેમ છે. આ સંભવિત પ્રશ્નો અને તેનાં *ઉપાધ્યાયજી*એ આપેલાં સમાધાનો જોઈએ –

૧.

**પ્રશ્ન** - જો અન્યતીર્થિકો પણ માર્ગાનુસારી ક્રિયારૂપ શીલના આધારે દેશારાધક કહેવાતા હોય તો શુશ્રૂષા વગેરે માર્ગાનુસારી ક્રિયાના આધારે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો દેશારાધક કેમ ન કહેવાય? આ જીવોને વૃત્તિમાં દેશવિરાધક કહ્યા છે. આનો અર્થ તો એ થાય કે એમની પાસે શીલનો સર્વથા અભાવ છે. તો શા માટે એમની માર્ગાનુસારી ક્રિયા શીલ નથી ગણાતી?

**સમાધાન** – સ્થૂલબોધવાળા મિત્રાદિદૃષ્ટિસંપન્ન અન્યતીર્થિકોની પોતપોતાની ભૂમિકાને અનુરૂપ સ્થૂલક્રિયાઓ ભલે ‘શીલ’ કહેવાય. પરંતુ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો તો ભાવશ્રુતના ધારક છે, સૂક્ષ્મબોધવાળા છે. તેથી એમને તો લોકોત્તર સૂક્ષ્મ ક્રિયાઓ હોય તો જ ‘શીલ’ ગણી શકાય. પાપ ન કરવાના અધ્યવસાયથી જન્ય એવી પાપની નિવૃત્તિ જ સૂક્ષ્મબોધવાળા જીવો માટે શીલ ગણાય. આવું શીલ તો અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો પાસે છે

જ નહીં. એટલે એમને શીલનો અભાવ છે એમ સમજીને 'દેશારાધક' નથી કહેવાતા. વળી, એમની પાસે જે શુશ્રૂષા વગેરે માર્ગાનુસારી ક્રિયા છે તે શ્રુત સાથે સંબંધિત હોવાથી 'શ્રુત' અંતર્ગત જ થાય છે. અને શ્રુતની આરાધના દેશારાધકતા તરીકે નથી ઓળખાતી.

એક મહત્ત્વની વાત એ પણ છે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોની જે શુશ્રૂષા વગેરે ક્રિયા છે તેને જો 'શીલ' ગણીએ તો, એમની પાસે 'શ્રુત' છે એ તો સર્વસ્વીકૃત છે અને આ રીતે એમની પાસે 'શીલ' પણ આવ્યું. તો શ્રુત અને શીલ બંને મળી જવાથી અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો સર્વારાધક થઈ જશે!

ટૂંકમાં, ભાવશ્રુતના ધારક એવા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોની માર્ગાનુસારી સ્થૂલ ક્રિયાઓ 'શીલ'સ્વરૂપ ન ગણાતી હોવાથી, એમને શીલનો અભાવ સમજવામાં આવે છે. અને શીલ = દેશ એવો વ્યવહાર હોવાથી, એમને દેશારાધક નથી ગણવામાં આવતા, પણ દેશવિરાધક કહેવામાં આવે છે.

(આ સમાધાન પર આ લેખના અંતભાગમાં આપણે કેટલીક વિચારણા કરીશું.)

૨.

**પ્રશ્ન –** શ્રાવકોની વ્રતપાલનાદિ ક્રિયા 'શીલ' ગણાય કે નહીં?

**સમાધાન –** હા, પૂર્વે જોયું તેમ, ભાવથી ધર્મને સમજનાર જીવની પાપ ન કરવાના આશયપૂર્વક જે પાપનિવૃત્તિ થાય તે 'શીલ' ગણાય છે. એટલે પંચમ ગુણસ્થાનકે રહેલા શ્રાવકોની દેશવિરતિને શીલ ગણી જ શકાય અને આ રીતે તેઓની પાસે શ્રુત અને શીલ બંનેનો સમન્વય થવાથી તેમને સર્વારાધક સમજી જ શકાય. પરંતુ જો 'શીલ' તરીકે સમ્યક્ ચારિત્રના પ્રભેદરૂપ સર્વવિરતિની જ અપેક્ષા રાખીએ તો, તેવી સર્વવિરતિ આ દેશવિરત જીવો પાસે ન હોવાથી, તેમને શીલના અભાવે દેશવિરાધક જ કહેવા પડે.

ટૂંકમાં, જો સર્વવિરતિને જ નજર સામે ન રાખીએ તો, દેશવિરતિરૂપ શીલની અપેક્ષાએ શ્રાવકો સર્વારાધક કહેવાશે. અને જો સર્વવિરતિને પ્રધાન કરીએ તો, સર્વવિરતિરૂપ

શીલની સામે દેશવિરતિ નહિવત્ હોવાથી, પ્રધાનભૂત શીલથી રહિત શ્રાવકો દેશવિરાધક તરીકે ઓળખાશે.

૩.

**પ્રશ્ન** - અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન મિત્રાદિદૃષ્ટિસંપન્ન જીવોની જે માર્ગાનુસારી ક્રિયા છે તે ભાવચારિત્રરૂપ શીલના કારણભૂત હોવાથી, દ્રવ્યશીલ ગણાય તે તો બરાબર. પણ આ શીલનો આધાર તો એમની પાસે જે યત્કિંચિત્ શ્રુતજ્ઞાન હોય તે જ બની શકે. કેમકે એ શ્રુતજ્ઞાનસ્વરૂપ સમજણને પરિણામે જ તો એમની પાસે એ દ્રવ્યશીલ આવ્યું છે. એ વાત જરૂર યોગ્ય છે કે ભાવશ્રુતના કારણભૂત એમના આ શ્રુતને આપણે દ્રવ્યશ્રુત જ ગણીએ. પરંતુ એ રીતે પણ એમની પાસે દ્રવ્યશીલ અને દ્રવ્યશ્રુત બંનેનો સમન્વય થવાથી સર્વારાધકતા ન સમજી શકાય?

**સમાધાન** – આરાધક-વિરાધકની વ્યવસ્થામાં 'શીલ'પદથી દ્રવ્યશીલનું ગ્રહણ કરી શકાય છે, પણ 'શ્રુત'પદથી દ્રવ્યશ્રુતનું ગ્રહણ નથી કરી શકાતું – આવી સૈદ્ધાંતિક પરિભાષા હોવાથી, અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન જીવોના દ્રવ્યશીલને શીલની આરાધકતા ગણી શકાય છે, પણ એમના દ્રવ્યશ્રુતને શ્રુતની આરાધના નથી ગણી શકાતી. તેથી એ જીવો શીલની આરાધકતા અને શ્રુતની વિરાધકતાની અપેક્ષાએ દેશારાધક જ ગણાશે.

૪.

**પ્રશ્ન** – જેમ પુરુષ, સ્ત્રી અને નપુંસક – એમ ત્રણ રાશિ છે, તેમ જિનાજ્ઞા સાપેક્ષ આરાધક (- ગૌતમાદિ મહામુનિઓ), વિરાધક (- જમાલિ વગેરે) અને અનારાધક (- એકેંદ્રિયાદિ અને શાક્યાદિ અન્યતીર્થિકો) એમ ત્રણ રાશિ હોય છે. એથી જેમ પુરુષ, સ્ત્રી અને નપુંસક – એ ત્રણમાંથી કોઈને પણ કોઈ બીજી રાશિમાં સામવેશ ન કરી શકાય તેમ અહીં પણ અનારાધકનો વિરાધકમાં સમાવેશ ન કરી શકાય. તો આરાધક-વિરાધક-ચતુર્ભંગીમાં શા માટે અનારાધકને વિરાધકમાં સમાવિષ્ટ કર્યો છે?

**સમાધાન** – પુરુષ અને પુરુષવ્યતિરિક્ત – એમ બે રાશિ કલ્પીને સ્ત્રી અને નપુંસક – બંનેનો એક જ રાશિમાં સમાવેશ સમજી શકાય છે તેમ, આરાધક અને આરાધક નહીં તે વિરાધક એવી પારિભાષિક બે રાશિ કલ્પીને અનારાધક અને વિરાધક – બંનેને એક જ રાશિમાં સમાવી જ શકાય છે.

૫.

**પ્રશ્ન** - આરાધક-વિરાધક-ચતુર્ભંગીમાં શીલનું જ પ્રાધાન્ય પ્રતિભાસિત થાય છે. આવું કેમ?

**સમાધાન** – પ્રામાણિક વિચારણા શૈલેશીકરણરૂપ ક્રિયા મોક્ષ પ્રત્યે સાક્ષાત્ કારણ હોવાથી તેને જ પ્રાધાન્ય આપે છે. સ્વયં *ભદ્રબાહુસ્વામી* પણ કહે છે કે, સમ્યક્ ચારિત્રસહિત જ સમ્યગ્ જ્ઞાન-દર્શન ફલદાયી બને છે, તેથી સમ્યક્ ચારિત્ર જ વિશિષ્ટ છે. *ભાષ્યકાર* પણ ફરમાવે છે કે, સમ્યગ્ જ્ઞાન-દર્શન મોક્ષ પ્રત્યે પરંપરાએ કારણ બને છે, અને સમ્યક્ ચારિત્ર અનંતર કારણ છે. તેથી ચારિત્રને જ પ્રધાનતર સમજવું જોઈએ. વળી, શૈલેશીકરણ પૂર્વેની અનેક ક્રિયાઓનું પ્રાધાન્ય સાબિત થાય તો જ શૈલેશીકરણનું પ્રાધાન્ય નિર્ધારિત થાય. તેથી ક્રિયાસ્વરૂપ શીલને જ પ્રાધાન્ય અર્પવામાં આવે છે. અલબત્ત, ક્રિયાના પ્રાધાન્યને સ્વીકારનાર નૈગમનયના અભિપ્રાયે આ કથન છે એમ સમજવું જોઈએ.

૬.

**પ્રશ્ન** - ગીતાર્થઅનિશ્રિત અગીતાર્થને દેશારાધકતા કઈ રીતે હોય? કેમકે ગુરુપારતંત્ર્યના અભાવે તેમની ક્રિયા માર્ગાનુસારી ન રહેવાથી તેઓ સર્વવિરાધક જ ન બની જાય?

**સમાધાન** – બધા જ ગીતાર્થઅનિશ્રિત અગીતાર્થ મુનિઓ અભિન્નગ્રંથિક નથી હોતા. એટલે જેઓને અભિનિવેશ નથી, પરંતુ ફક્ત અજ્ઞાનાદિ કોઈક કારણથી જ જેઓએ ગુરુનિશ્રા છોડી દીધી છે, તેવા જીવોની ક્રિયા માર્ગાનુસારી જ ગણાય છે. અને તેવી ક્રિયાને પરિણામે તેવા મુનિઓને દેશારાધક સમજી શકાય છે. આવા જીવોનું થોડુંક શીલ પણ અનુમોદનીય જ ગણાય છે.

૭.

**પ્રશ્ન** – અપ્રધાનક્રિયાવાળા અભવ્ય, નિહ્નવ વગેરે જિનોક્ત સામાચારીનું પાલન કરતા હોવાથી તેવા દ્રવ્યલિંગીઓ માર્ગપતિત કહેવાય છે. આવા જીવોનું શીલ વ્યવહારનયની અપેક્ષાએ અનુમોદનીય ન ગણાય?

**સમાધાન** – માર્ગ = સાધ્વાચાર એવો અર્થ જ નથી થતો કે જેને લીધે જિનોક્ત સામાચારીનું પાલન કરતા દ્રવ્યલિંગીઓને માર્ગપતિત કહી શકાય. માર્ગાભિમુખતા અને માર્ગપતિતતા તો અપુનર્બંધક અવસ્થાના જ બે વિશેષ તબક્કાઓ છે. એટલે અપ્રધાનક્રિયાવાળા અભવ્ય, નિહ્નવ વગેરેને તો માર્ગપતિત કેવી રીતે કહી શકાય?

*

આ સમગ્ર પ્રકરણમાં *ઉપાધ્યાયજી* ભગવંતે 'દેશ' એટલે 'શીલ' જ, શ્રુત નહીં જ – એવી એક સ્થિર સૈદ્ધાંતિક પરિભાષાના પરિપ્રેક્ષ્યમાં જ નિરૂપણ કર્યું છે. જેમકે, એક સ્થળે *ઉપાધ્યાયજી મહારાજ* ફરમાવે છે કે – श्रुते सति शीलस्य शीले सति श्रुतस्य वा सन्निकर्षः, ततः सर्वाराधक इष्यते। पृथक्सिद्धं देशाराधकताद्वयं संमील्य – एकीकृत्य न, शीलापेक्षया देशाराधकत्वस्य पृथक्सिद्धत्वेऽपि श्रुतापेक्षया तदसिद्धेः।।

આનો ભાવાર્થ - અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો કે દેશવિરતિધર શ્રાવકોને શ્રુત તો હોય જ છે. આવા જીવો શીલ પામે ત્યારે, અથવા અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન જીવો સાક્ષાત્ કે ગુરુપારતંત્ર્યથી શ્રુત પામે ત્યારે સર્વારાધકતા આવે છે. પરંતુ શ્રુતાત્મક દેશની આરાધકતા અને શીલાત્મક દેશની આરાધકતા – એમ બે આરાધકતા ભેગી થઈને સર્વારાધકતા થાય એમ ન કહેવાય. કેમકે એકલા શીલની અપેક્ષાએ દેશારાધકતાનો વ્યવહાર છે, પણ એકલા શ્રુતની અપેક્ષાએ દેશારાધકતાનો વ્યવહાર નથી.

આ ગૃહીતના આધારે જ તેઓ ૧. શ્રુતના આરાધક એવા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો દેશારાધક કેમ ન ગણાય તેવા પૂર્વપક્ષના પ્રશ્નના જવાબમાં શ્રુત એ દેશ નથી અને શ્રુતની આરાધના એ દેશારાધકતા નથી એમ કહીને તેઓને દેશવિરાધક સાબિત કરે છે. વળી,

અન્યતીર્થિકોની માર્ગાનુસારી ક્રિયા શીલ કહેવાય, પણ તેમના કરતાં કંઈકગણી ઊંચી ભૂમિકાએ વર્તમાન અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોનું માર્ગાનુસારી ક્રિયા કરતાં પણ અદકેરું પાલન શીલ ન ગણાય તેમ ફરમાવે છે! ખરેખર તો દેશવિરાધક એ દેશારાધક કરતાં ઘણી ઊંચી ભૂમિકા છે, માટે દેશવિરાધક એવા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો દેશારાધક ન કહેવાય એટલું સમાધાન જ અત્રે પર્યાપ્ત જણાય છે. ૨. આગળ પણ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો કે દેશવિરતિધર શ્રાવકોને દેશારાધક ન ગણવા માટે તેઓશ્રીએ શ્રુતની અવિવક્ષા જેવાં કારણો આપ્યાં છે. ૩. આશ્ચર્ય તો ત્યારે થાય કે મોક્ષની કારણસામગ્રીના અવયવરૂપ શ્રુતને તેઓ દેશ ગણે છે, પણ એની આરાધનાને દેશારાધકતા નથી ગણતા! એટલે શીલમાં શ્રુત ઉમેરાય કે શ્રુતમાં શીલ ઉમેરાય તો સર્વારાધકતા આવે એમ કહ્યા પછી પણ "શ્રુતાત્મક દેશની આરાધકતા અને શીલાત્મક દેશની આરાધકતા – એમ બે આરાધકતા ભેગી થઈને સર્વારાધકતા થાય એમ ન કહેવાય" એવું તેઓ ફરમાવે છે!

આ વિધાનો પર પુનર્વિચાર જરૂરી જણાય છે –

વાત એમ સમજાય છે કે અનાદિ મિથ્યાત્વી જીવો જ્યાં સુધી અપુનર્બંધકાદિ અવસ્થા પ્રાપ્ત નથી કરતા ત્યાં સુધી તેઓમાં આરાધનાનો આંશિક પણ સદ્ભાવ ન હોવાથી, તેઓ સર્વવિરાધક જ ગણાય છે. અપુનર્બંધકાદિ અવસ્થા પ્રાપ્ત થાય એટલે માર્ગાનુસારી ક્રિયાના પરિણામે તેઓની આ સર્વવિરાધકતા ટળે છે અને આંશિક શીલનો સદ્ભાવ જન્મે છે. તેઓનું આ તદ્દન પ્રાથમિક કક્ષાનું શીલ જ દેશારાધકતા તરીકે ઓળખાય છે. દેશારાધકતાનું તાત્પર્ય એ થાય કે આરાધના કરતાં વિરાધનાનું પ્રમાણ ઝાઝું છે. આ ભૂમિકાથી આગળ પ્રગતિ કરતાં કરતાં તેઓ અવિરત સમ્યગ્દૃષ્ટિ સુધી પહોંચે ત્યારે પરિસ્થિતિ બદલાય છે અને વિરાધના કરતાં આરાધનાનું પ્રમાણ વધારે થાય છે. એટલે પૂરેપૂરી આરાધનાની અપેક્ષાએ ઓછી આરાધના છે એમ સમજાવવા માટે દેશવિરાધકતા શબ્દનો પ્રયોગ થાય છે. ફક્ત આરાધકતા અને વિરાધકતા શબ્દો પર જ ધ્યાન આપીએ તો પહેલી નજરે દેશવિરાધકતા કરતાં દેશારાધકતા ઊંચી સ્થિતિ હોવાનો ભ્રમ થાય. પરંતુ એવું નથી. આંશિક આરાધનાની સૂચક દેશારાધકતા ભૂમિકા કરતાં આંશિક જ વિરાધના બાકી છે એમ જણાવનારી

દેશવિરાધકતાની ભૂમિકા ઊંચો દરજ્જો ધરાવે છે. અને પ્રગતિના માર્ગે આગળ ધપતાં ૧૦૦% આરાધનાનો પરિણામ સંપ્રાપ્ત થાય એટલે સર્વારાધકતા કહેવાય છે.

વાસ્તવિક રીતે જોઈએ તો સર્વવિરાધકતા અને સર્વારાધકતા વચ્ચેની અસંખ્ય ભૂમિકાઓ દેશારાધકતા અને દેશવિરાધકતા – બંને રીતે ઓળખી શકાય તેમ હોય છે. કેમકે આ ભૂમિકાઓમાં કોઈક અંશે આરાધના પણ હોય છે, તો કોઈક અંશે વિરાધના પણ હોય છે. પરંતુ સ્થૂલ વિભાગીકરણ અનુસાર અનાદિ મિથ્યાત્વી જીવોમાં સર્વવિરાધકતા, અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન જીવોમાં દેશારાધકતા, અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો કે દેશવિરતિધર શ્રાવકોમાં દેશવિરાધકતા અને સર્વવિરતિધર મહાત્માઓમાં સર્વારાધકતા – એમ સમજાવવામાં આવે છે. ખરેખર તો અનાદિ મિથ્યાત્વી જીવો અને સર્વોત્કૃષ્ટ યથાખ્યાત ચારિત્રના ધારક મહામુનિઓ સિવાયના તમામ જીવોને દેશારાધક કે દેશવિરાધક કહી જ શકાય. હા, ભૂમિકાભેદે આરાધના અને વિરાધના – બંનેનો દેશ નાનો-મોટો થતો જાય છે.

શાસ્ત્રકાર ભગવંતો સામે પ્રશ્ન એ હતો કે સર્વવિરાધકતા, દેશારાધકતા, દેશવિરાધકતા અને સર્વારાધકતા – આ ચાર ક્રમશઃ ચડતી ભૂમિકાઓને વ્યખ્યાયિત કેવી રીતે કરવી? એટલે એમણે શ્રુત અને શીલ – એમ વિભાજન કરીને આ ભૂમિકાઓને સમજાવવા માટે પ્રયત્ન કર્યો છે કે શ્રુત અને શીલ બંનેથી રહિત અનાદિ મિથ્યાત્વી જીવો સર્વવિરાધક, શીલસંપન્ન અને શ્રુતરહિત અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન જીવો દેશારાધક, શ્રુતસંપન્ન અને શીલરહિત અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો કે દેશવિરતિધર શ્રાવકો દેશવિરાધક અને શ્રુત અને શીલ ઉભયથી સંપન્ન સર્વવિરતિધર મહાત્માઓ સર્વારાધક. પરંતુ આ તદ્દન સ્થૂલ વિભાગીકરણનો અર્થ એવો ન તારવી શકાય કે અપુનર્બંધકાદિ અવસ્થામાં વર્તમાન જીવોને સર્વથા શ્રુત હોતું જ નથી. કેમકે જો એમની માર્ગાનુસારી ક્રિયા પરંપરાએ પણ ભાવચારિત્રની પ્રાપ્તિમાં કારણ બનતી હોવાથી દ્રવ્યશીલ ગણાય, તો એમની યત્કિંચિત્ સમજણ પણ પરંપરાએ ભાવશ્રુતની પ્રાપ્તિમાં કારણ બનવાથી દ્રવ્યશ્રુત ગણી જ શકાય. એ જ રીતે, અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો કે દેશવિરતિધર શ્રાવકો પાસે શીલ હોતું જ નથી એમ તો કેમ

કહેવાય? સમજવાનું એટલું જ છે કે તે ભૂમિકાએ શીલ કરતાં શ્રુતનો મહિમા મોટો છે. એટલે માર્ગાનુસારી ક્રિયા કરતાં તો ઘણું વધારે સારું શીલ હોવા છતાં શ્રુત સામે તેને ગૌણ કરવામાં આવ્યું છે.

કહેવાનો આશય એ જ છે કે શ્રુત અને શીલ – બંને મોક્ષની કારણસામગ્રીના અંગભૂત છે અને માટે બંને દેશ છે, બંનેની આરાધના દેશારાધના જ છે. પરિભાષા ફક્ત પ્રાથમિક કક્ષાએ સમજવા-સમજાવવા માટે હોય છે, તત્ત્વવિચારણા વખતે તો વાસ્તવિકતાને જ નજર સામે રાખવી પડે છે. એટલે જો શ્રુત અને શીલ – એમ વિભાજન કરીને આ ભૂમિકાઓને સમજવાને બદલે આરાધના અને વિરાધનાની માત્રાને કેંદ્રમાં રાખીને વિચારણા કરીશું તો વધારે સારી રીતે આ ભૂમિકાઓને સમજી શકીશું એમ લાગે છે. બહુશ્રુત ભગવંતો આ વિશે પ્રકાશ પાથરે તેવી નમ્ર વિનંતિ છે. ✓ त्रै.

* * *

## *શ્રુતસાહાય્યમ્*

[સ્વાધ્યાય સાથે સંબંધિત કોઈપણ પ્રવૃત્તિમાં સહાયભૂત થવું એવો આશય **શ્રુતસંવિભાગ** ના પાયામાં રહેલો છે. એ આશય જ આ વિભાગ શરુ કરવામાં પ્રેરણારૂપ બન્યો છે.

અધ્યયન-અધ્યાપન દરમ્યાન ઘણી વખત એવું બનતું અનુભવાયું છે કે અમુક પ્રકરણોમાં કોઈ ચોક્કસ નિરૂપણ એવું આવતું હોય કે જેને સમજવું કે સમજાવવું કઠિન લાગે. જો કે કઠિનતા સાપેક્ષ વાત છે, એટલે એક વ્યક્તિને જે પ્રરૂપણા સમજવામાં કઠિન લાગે, બીજાનો અનુભવ એનાથી અલગ હોય તેમ પણ બને જ. તો પણ સામાન્યતઃ અમુક પદાર્થો તો બધાને અઘરા જણાતા જ હોય છે. અને આવા પદાર્થોને લીધે સંપૂર્ણ ગ્રંથ જ ભણવા-ભણાવવાનું છોડી દેવાય અથવા તો અધ્યયન વખતે એટલા નિરૂપણને બાકાત રખાય કે જેટલું પણ જે રીતે સમજાય તે રીતે સમજીને અભ્યાસ આગળ વધે વગેરે પરિસ્થિતિઓ જન્મે છે. આ બધી જ વાતો આપણને વ્યથિત કરે એમ છે. પરંતુ વધારે ચિંતાજનક વાત એ છે કે આવી બાબતોને લીધે અધ્યયનની પ્રગતિ, ઉત્સાહ, અધ્યાપક અને વિદ્યાર્થી વચ્ચેનો સુમેળ વગેરે પર ગંભીર અસરો પડે છે.

આ પરિસ્થિતિના નિવારણ માટે **શ્રુતસંવિભાગે** આ એક નવતર પ્રયોગ આરંભ્યો છે. આ વિભાગ અંતર્ગત તે તે ગ્રંથગત તે નિરૂપણ કે પ્રરૂપણાઓ પર વિવેચન થશે કે જે સામાન્યતઃ દુર્બોધ ગણાય છે અને ઉપલબ્ધ અનુવાદો કે વિવેચનો વાંચવા છતાં જિજ્ઞાસા ઊભી જ રહે છે. સંપૂર્ણ ગ્રંથ પર વિવેચન આ વિભાગનો વિષય નથી. મિત્ર મુનિવરોને વિનંતિ કે તેઓ પોતાના અભ્યાસ અંતર્ગત આવતાં આવાં નિરૂપણો પર સ્વયં વિવેચન લખીને મોકલે. અને પોતાને કઠિન જણાય તે વિષયો સૂચવીને પણ સહાયભૂત થઈ જ શકાય છે. ✓ त्रै.]

## 287. (*શ્રીહરિભદ્રસૂરિજી* રચિત સ્વોપજ્ઞ વૃત્તિ સહિત *શ્રીપંચસૂત્રકમ્* – પ્રવ્રજ્યાફલસૂત્ર (પંચમ સૂત્ર) અંતર્ગત - ૧)

ण दिदिक्खा अकरणस्स। ण याऽदिट्ठम्मि एसा। ण सहजाए णिवित्ती। ण णिवित्तीए आयट्ठाणं। ण यण्णहा तस्सेसा। ण भव्वत्ततुल्ला णाएणं। ण केवलजीवरूयमेयं। ण भाविजोगावेक्खाए तुल्लत्तं, तदा केवलत्तेण सयाऽविसेसाओ। तहासहावकप्पणमप्पमाणमेव। एसेव दोसो परिकप्पियाए। परिणामभेया बंधादिभेदो त्ति साहू, सव्वणयविसुद्धीए णिरुवचरिओभयभावेणं।।

વૃત્તિ - आदावबद्धस्य दिदृक्षा, बद्धमुक्तस्य तु न सेति दोषाभावादादिमानेव बन्धोऽस्त्वित्याशङ्काव्यपोहायाऽऽह – न दिदृक्षाऽकरणस्येन्द्रियरहितस्य, बद्धस्य चैतानि। तथा नचाऽदृष्टे एषा दिदृक्षा, द्रष्टुमिच्छा दिदृक्षेतिकृत्वा। सहजैवेषेत्यारेकानिराकरणायाऽऽह – न सहजाया निवृत्तिर्दिदृक्षायाः, चैतन्यवत्। अस्तु वेयमित्यभ्युपेत्य दोषमाह – न निवृत्तौ दिदृक्षाया आत्मनः स्थानम्, तदव्यतिरेकात्। तथा चाऽऽह – नाऽन्यथा तस्यैषा, आत्मनो दिदृक्षाऽयोगात्।

तदव्यतिरेकेऽपि भव्यत्वस्येव तन्निवृत्तौ दोषाभाव इत्याशङ्कापोहायाऽऽह – न भव्यत्वतुल्या न्यायेन दिदृक्षा। कुतः? इत्याह – न केवलजीवरूपमेतद् भव्यत्वम्। दिदृक्षा तु केवलजीवरूपेत्यर्थः। न भावियोगापेक्षया महदादिभावे तदाऽकेवलत्वेन

तुल्यत्वं दिदृक्षाया भव्यत्वेन। अत्र युक्तिमाह – तदा केवलत्वेन भावियोगाभावे सदाऽविशेषात्, तथासांसिद्धिकत्वेन तदूर्ध्वमपि दिदृक्षापत्तिरिति हृदयम्। एवंस्वभावैवेयं दिदृक्षा या महदादिभावाद् विकारदर्शने केवलावस्थायां निवर्तते इत्येतदाशङ्क्याह – तथास्वभावकल्पनं कैवल्याविशेषे प्रक्रमाद् दिदृक्षाया भावाभावस्वभावकल्पनमप्रमाणमेव। आत्मनस्तद्भेदापत्तेः प्रकृति-पुरुषाधिकत्वेन तदभावापत्त्येति गर्भः। अत एवाऽऽह – एष एव दोषः प्रमाणाभावलक्षणः परिकल्पितायां दिदृक्षायामभ्युपगम्यमानायाम्। तथाहि – परिकल्पिता न किञ्चित्, कथं तत्र प्रमाणवृत्तिरिति। तदेवं व्यवस्थिते सति परिणामभेदादात्मन इति प्रक्रमः, बन्धादिभेदो- बन्ध-मोक्षभेद इत्येतत् साधु- प्रमाणोपपन्नम्। न खल्वन्ययोग-वियोगौ विहाय मुख्यः परिणामभेदः, भवाच्च मुक्तिरनादिमांश्च भव इति नीत्या। अत एवाऽऽह – सर्वनयविशुद्ध्या अनन्तरोदितं साधु। फलोपदर्शनायाऽऽह – निरुपचरितो-भयभावेन, प्रक्रमाद् मुख्यबन्धमोक्षभावेन। एवं द्रव्यास्तिकमतमधिकृत्य कृता निरूपणा।

**સાહાય્યમ્**

મૂળ ચર્ચા એ ચાલુ છે કે આત્મા દ્વારા થતો કર્મબંધ પ્રવાહથી અનાદિ છે. કેમકે જો આત્મા પહેલાં કર્મથી મુક્ત હતો અને પાછળથી ક્યારેક એને કર્મબંધ થયો એમ માનીએ તો આત્માની અનંતકાળ માટે મુક્તિ થાય છે એ વાત જ ન માની શકાય. કારણ એ જ કે જો પ્રથમ કર્મબંધ પહેલાં પણ એ બંધાયેલો ન હોવાથી મુક્ત જ હતો અને તો પણ બંધાયો. તો હવે મુક્ત થયા પછી પણ એ ફરીથી નહીં જ બંધાય એવો નિયમ તો ન જ કરી શકાય. આ રીતે જોઈએ તો કર્મબંધ થવાની શક્યતાની અપેક્ષાએ તો આત્મા કર્મોથી બંધાયેલો હોય કે મુક્ત હોય – વાત સરખી જ ગણાય.

પ્રશ્ન એ થાય કે જેની ક્યારેક શરુઆત થઈ એમ ન કહી શકાય તેવી અવસ્થાઓ સહજ ગણાય છે. અને એવી સહજ – સ્વાભાવિક અવસ્થાઓનો ક્યારેય નાશ પણ નથી જ થતો, જેમકે જ્ઞાન. જ્ઞાન અનાદિકાળથી આત્માનો ધર્મ છે, તો એનો ક્યારેય નાશ પણ નથી જ થતો. હવે જો કર્મબંધને અનાદિ માનીએ તો એ પણ આત્માની એક સ્વાભાવિક

પરિસ્થિતિ જ થઈ. તો એનો નાશ કઈ રીતે થઈ શકે? જો જ્ઞાન આત્મા માટે અનાદિ હોવાથી અનંત છે, તો કર્મબંધ પણ અનાદિ હોય તો અનંત જ થવાનો. આના સમાધાનમાં જણાવાયું છે કે સુવર્ણ અનાદિકાલથી મલિન હોવા છતાં જેમ પ્રક્રિયાવિશેષથી એને શુદ્ધ કરી જ શકાય છે, તેમ આત્મા અનાદિકાલથી કર્મબંધને લીધે મલિન હોવા છતાં તેને પણ પ્રક્રિયાવિશેષથી શુદ્ધ કરી જ શકાય. એટલે આત્મા અનાદિકાલથી કર્મબંધ દ્વારા બંધાયેલો હતો અને પછી મુક્ત થયો એમ માનવામાં કોઈ જ અસંગતિ નથી.

હવે આ ચર્ચામાં જે વિધાન થયું છે કે “જો આત્મા પહેલાં કર્મથી મુક્ત હતો અને પાછળથી ક્યારેક એને કર્મબંધ થયો એમ માનીએ તો આત્માની અનંતકાળ માટે મુક્તિ થાય છે એ વાત જ ન માની શકાય. કારણ એ જ કે જો પ્રથમ કર્મબંધ પહેલાં પણ એ બંધાયેલો ન હોવાથી મુક્ત જ હતો અને તો પણ બંધાયો. તો હવે મુક્ત થયા પછી પણ એ ફરીથી નહીં જ બંધાય એવો નિયમ તો ન જ કરી શકાય” તેની સામે સાંખ્યો પોતાનો અભિપ્રાય આપતાં જણાવે છે કે આત્મા ક્યારેક કર્મબંધથી સર્વથા મુક્ત હતો, પછી બંધાયો અને ફરીથી સર્વકાલ માટે મુક્ત થયો – આ વાત શક્ય જ છે. સાંખ્યદર્શનની આ માન્યતા અને તેનું ગ્રંથકારશ્રી દ્વારા થયેલું નિરાકરણ ઉપરોક્ત ચર્ચામાં સમાયું છે. તે જોઈએ –

સાંખ્ય – आदावबद्धस्य दिदृक्षा, बद्धमुक्तस्य तु न सेति दोषाभावादादिमानेव बन्धोऽस्तु। અનાદિકાલથી જે આત્મા મુક્ત જ હતો, કર્મબંધથી રહિત હતો તેનામાં અને બંધાયા પછી જે સર્વકાલ માટે મુક્ત થયો તે આત્મામાં એક મોટો તફાવત છે કે પહેલાંના મુક્ત આત્મામાં दिदृक्षा હતી, જે दिदृक्षा બંધાયા પછી જે સર્વકાલ માટે મુક્ત થયો તે આત્મામાં નથી. (दिदृक्षा એટલે જોવાની ઇચ્છા. પ્રસ્તુત દાર્શનિક સંદર્ભમાં તેનું તાત્પર્ય ભૌતિક આકાંક્ષા, પૌદ્ગલિક આકર્ષણ, પ્રકૃતિપરક મોહ વગેરે થઈ શકે.) એટલે અનાદિમુક્ત આત્મામાં दिदृक्षा હોવાથી એને ક્યારેક કર્મબંધ થયો. પછી એની પરંપરા પ્રવર્તી. પરંતુ હવે બંધાયા પછી જે સર્વકાલ માટે મુક્ત થયો તે બદ્ધમુક્ત આત્મામાં दिदृक्षाનો અભાવ હોવાથી એને પુનઃ કર્મબંધની શક્યતા જ નથી બચતી. તેથી આત્માને જો અનાદિ કર્મબંધ ન માનીએ

તો, અનાદિમુક્ત અને બદ્ધમુક્ત આત્મામાં કોઈ જ ભિન્નતા ન હોવાથી, અનાદિમુક્તની જેમ બદ્ધમુક્તને પણ કર્મબંધની શકયતા ઊભી રહેવાથી, સર્વકાલીન મુક્તિ જેવું જ કશું નહીં બચે એમ માનવાની કોઈ જરૂર રહેતી નથી.

જૈન – न दिदृक्षाऽकरणस्येन्द्रियरहितस्य, बद्धस्य चैतानि। અનાદિમુક્ત આત્મા શરીરરહિત જ હોવાનો, કેમકે શરીર તો કર્મબંધ હોય તો જ સંભવે. અને જો શરીર ન હોય તો ઇંદ્રિય પણ ન હોય. અને તો શરીર-ઇંદ્રિય વગરના આત્માને दिदृक्षा પણ ક્યાંથી હોય? दिदृक्षा માટે ઇંદ્રિયોનો સદ્ભાવ અનિવાર્ય છે.

બીજું, तथा नचाऽदृष्टे एषा दिदृक्षा, द्रष्टुमिच्छा दिदृक्षेतिकृत्वा। અનાદિમુક્ત આત્માએ ક્યારેય જગત જોયું જ નથી, એ વિશે એ કશું જાણતો પણ નથી, તો એને જગત જોવાની ઇચ્છા થાય કઈ રીતે? સ્વાભાવિક છે કે જેના વિશે જાણીએ તેના વિશે જ કંઈક ઇચ્છા જાગે. જગતના જ્ઞાનથી સર્વથા રહિત એવા અનાદિમુક્ત આત્માને दिदृक्षाનો કે તેનાથી જન્ય કર્મબંધનો કોઈ સંભવ જ નથી દેખાતો.

તેથી दिदृक्षाના આધારે અનાદિમુક્ત આત્મા અને બદ્ધમુક્ત આત્માને ભિન્ન માનવા શક્ય જ નથી.

સાંખ્ય – सहजैवेषा। પણ અમે તો આ दिदृक्षाને સહજ – વિષયનિરપેક્ષ માનીએ છીએ. એટલે અનાદિમુક્ત આત્મામાં એનું સ્વાભાવિક રીતે જ અસ્તિત્વ હોય છે.

જૈન – न सहजाया निवृत्तिर्दिदृक्षायाः, चैतन्यवत्। આત્મામાં ચૈતન્ય સહજ છે, તો ક્યારેય તેની નિવૃત્તિ (-અંત) નથી થતી. તેમ दिदृक्षा જો સહજ હોય તો બદ્ધમુક્ત આત્મામાં પણ તેની નિવૃત્તિ ન જ થાય. અને તો બદ્ધમુક્ત આત્માને પણ પુનઃ કર્મબંધ થવાની શકયતા ઊભી જ રહે.

સાંખ્ય – अस्तु वेयम्। પણ સહજ સ્વભાવરૂપ હોવા છતાં મોક્ષ વખતે એની નિવૃત્તિ માનવામાં વાંધો શો છે?

જૈન – न निवृत्तौ दिदृक्षाया आत्मनः स्थानम्, तदव्यतिरेकात्। જો મોક્ષ વખતે दिदृक्षाની નિવૃત્તિ થઈ જતી હોય તો પછી એની સાથે આત્માની પણ નિવૃત્તિ થઈ જ જાય. કેમકે दिदृक्षा આત્માનો મૂળભૂત સ્વભાવ છે એમ તમે માનો છો. અને મૂળભૂત સ્વભાવ જ જો ચાલ્યો જાય તો પદાર્થનું જ અસ્તિત્વ નથી બચતું હોતું. ઘટત્વ ચાલ્યું જાય અને ઘટ એમનો એમ પડ્યો રહે એમ બને ખરું?

સાંખ્ય – અમે दिदृक्षाને આત્માનો મૂળભૂત સ્વભાવ ન માનીએ તો?

જૈન – नाऽन्यथा तस्यैषा, आत्मनो दिदृक्षाऽयोगात्। તો અનાદિમુક્ત આત્મામાં दिदृक्षा હતી, એમ કહી જ ન શકાય. કારણકે એ અવસ્થામાં હજુ આત્માનું પ્રકૃતિ સાથે તો જોડાણ થયું જ નથી, એટલે એ જોડાણને લીધે આત્મામાં दिदृक्षा નામનો વૈભાવિક પરિણામ ઉદ્ભવ્યો એમ તો કહી શકાતું નથી. અને दिदृक्षाને સ્વાભાવિક પરિણામ માનો તો એના અભાવમાં આત્માનો અભાવ થવાની સમસ્યા આવે છે. તો જો दिदृक्षा આત્માનો સ્વાભાવિક કે વૈભાવિક – બેમાંથી એકે પરિણામ નથી તો, એ આત્મા સાથે સંબંધિત થાય કઈ રીતે?

(આપણે અનાદિ કર્મબંધને જ વૈભાવિક પરિણામ તથા વૈભાવિક પરિણામનું કારણ – ઉભયરૂપમાં સ્વીકારીએ છીએ, તેથી આ સમસ્યા આપણને આવતી નથી. પણ આ ચર્ચા અત્રે નિરૂપાઈ નથી એટલે આ વિવેચનમાં પણ નથી કરી.)

સાંખ્ય – तदव्यतिरेकेऽपि भव्यत्वस्येव तन्निवृत्तौ दोषाभावः। તમે મોક્ષ વખતે भव्यत्वનો નાશ સ્વીકારો જ છો. આ भव्यत्व પણ અનાદિ પારિણામિક ભાવ જ છે. તો એનો નાશ થવા છતાં આત્મા બચી શકતો હોય તો, એની જેમ दिदृक्षाનો નાશ અને આત્માનો સદ્ભાવ માનવામાં કઈ આપત્તિ છે?

જૈન – न भव्यत्वतुल्या न्यायेन दिदृक्षा। कुतः? इत्याह – न केवलजीवरूपमेतद् भव्यत्वम्। दिदृक्षा तु केवलजीवरूपेत्यर्थः। भव्यत्व અને दिदृक्षा વચ્ચે બહુ મોટો ફરક છે. भव्यत्वને અમે શુદ્ધ આત્માનો નહિ, પણ કર્મબંધવાળા અશુદ્ધ આત્માનો

સ્વભાવ માનીએ છીએ. મોક્ષ વખતે તેવો અશુદ્ધ આત્મા જ ન રહેવાથી ભવ્યત્વની નિવૃત્તિ સમજી શકાય છે. દિદૃક્ષાને તો તમે શુદ્ધ એવા અનાદિમુક્ત આત્માનો સ્વભાવ ગણ્યો છે. તેથી મોક્ષ, કે જેમાં શુદ્ધ આત્માનું અસ્તિત્વ સર્વસ્વીકૃત છે તેમાં, દિદૃક્ષાની નિવૃત્તિ સંભવિત નથી.

સાંખ્ય – भावियोगापेक्षया महदादिभावे तदाऽकेवलत्वेन तुल्यत्वं दिदृक्षाया भव्यत्वेन। (મહદાદિભાવ એ સાંખ્યદર્શનનો શબ્દ છે. પ્રસ્તુત ચર્ચા પૂરતો એનો અર્થ કર્મબંધ જેવો સમજી શકાય છે.) જ્યારે ભવિષ્યમાં આત્માને કર્મબંધ થશે ત્યારે તો એ અશુદ્ધ જ બની જવાનો. અને ત્યારે દિદૃક્ષા પણ અશુદ્ધ આત્માનો જ સ્વભાવ બની જવાની. આમ હવે દિદૃક્ષા પણ ભવ્યત્વની જેમ કર્મબંધવાળા અશુદ્ધ આત્માનો સ્વભાવ બની જવાથી, શુદ્ધ અવસ્થામાં ભવ્યત્વની જેમ એની પણ નિવૃત્તિ સમજી જ શકાશે.

જૈન – तदा केवलत्वेन भावियोगाभावे सदाऽविशेषात्, तथासांसिद्धिकत्वेन तदूर्ध्वमपि दिदृक्षापत्तिरिति हृदयम्। આવું કહેવું યુક્તિયુક્ત નથી. ભવ્યત્વને તો અમે પહેલેથી જ કર્મબંધથી અશુદ્ધ આત્માનો વૈભાવિક પરિણામ ગણ્યો છે. તેથી આત્માની અશુદ્ધિ વિલય પામે તે સાથે તેની પણ નિવૃત્તિ સંભવે છે. કેમકે ભવ્યત્વમાં એ શક્તિ જ નથી કે તે શુદ્ધ આત્મામાં રહી શકે. તમે તો દિદૃક્ષાને પહેલાં અનાદિમુક્ત આત્મા એવા શુદ્ધ આત્માનો સ્વભાવ માનો છો, પછી કર્મબંધવાળા અશુદ્ધ આત્માના સ્વભાવરૂપે એનો સ્વીકાર કરો છો. હવે અશુદ્ધ આત્મા ન રહ્યો તો દિદૃક્ષાને શું ફરક પડે છે? એ તો શુદ્ધ આત્મામાં પણ રહેવા ટેવાયેલી જ છે. એને તો અનાદિમુક્ત આત્મા હોય કે કર્મબંધવાળો અશુદ્ધ આત્મા હોય કે બદ્ધમુક્ત આત્મા હોય – બધું સરખું જ છે. તેથી અશુદ્ધ આત્માની નિવૃત્તિ થાય એટલે દિદૃક્ષાની પણ નિવૃત્તિ થાય એવું બનવું સંભવિત જ નથી અને મુક્તિ પછી પણ દિદૃક્ષા રહેવાની જ, અને તો પુનઃ કર્મબંધની – સંસારની શક્યતા ઊભી જ રહેવાની. ટૂંકમાં, સર્વકાલીન મુક્તિ જેવું તમારા મતમાં કશું બચતું જ નથી.

સાંખ્ય – एवंस्वभावैवेयं दिदृक्षा या महदादिभावाद् विकारदर्शने केवलावस्थायां निवर्तते। અમે દિદૃક્ષાનો સ્વભાવ જ એવો માનીએ છીએ કે એ મહદાદિભાવરૂપે વિકારનું દર્શન કરાવીને પછી આત્મા શુદ્ધ થાય એટલે નિવૃત્ત થઈ જાય છે.

જૈન – तथास्वभावकल्पनं कैवल्याविशेषे प्रक्रमाद् दिदृक्षाया भावाभावस्वभावकल्पनमप्रमाणमेव। આત્મા અનાદિમુક્ત હોય કે બદ્ધમુક્ત – શુદ્ધતા તો સમાન જ છે. તો दिदृक्षा અનાદિમુક્ત આત્મામાં રહી શકે છે અને બદ્ધમુક્ત આત્મામાં નથી રહી શકતી, આવું અપ્રામાણિક મંતવ્ય તો કેવી રીતે સ્વીકૃત બને?

વળી, ધારો કે આપણે એક ક્ષણ પૂરતું સ્વીકારી લઈએ કે दिदृक्षा અનાદિમુક્ત આત્મામાં રહે છે, પણ બદ્ધમુક્ત આત્મામાં નથી રહેતી. તો એટલું તો નક્કી જ છે કે એ આત્માનો સ્વાભાવિક ધર્મ તો ન જ થયો. કેમકે જો એ સ્વાભાવિક હોત તો ચૈતન્યની જેમ અનાદિમુક્ત અને બદ્ધમુક્ત – બંને આત્મામાં રહેત. એટલે ન છૂટકે પણ તમારે એને આત્માથી જુદો એક વૈભાવિક ધર્મ જ ગણવો પડશે, અને તે પણ પ્રકૃતિસંયોગથી પણ પહેલાંનો. કેમકે પ્રકૃતિસંયોગને તો તમે સાદિ ગણો છો અને दिदृक्षाને અનાદિ. તો आत्मनस्तद्भेदापत्तेः प्रकृति-पुरुषाधिकत्वेन तदभावापत्त्येति गर्भः। આમ માનવામાં તો તમારા સિદ્ધાંતના મૂળમાં જ કુઠારાઘાત થશે. કારણકે તમે આત્મા (-પુરુષ) અને પ્રકૃતિ એમ બે જ તત્ત્વો સ્વીકારો છો, અને આ दिदृक्षा તો તે બંનેથી જુદું એક ત્રીજું તત્ત્વ પુરવાર થઈ રહી છે! એટલે તમે એને સ્વીકારી જ નહીં શકો. एष एव दोषः प्रमाणाभावलक्षणः परिकल्पितायां दिदृक्षायामभ्युपगम्यमानायाम्। तथाहि – परिकल्पिता न किञ्चित्, कथं तत्र प्रमाणवृत्तिरिति। दिदृक्षाની કલ્પના કરવામાં આ જ દોષ છે કે એને પ્રમાણોથી સિદ્ધ નથી કરી શકાતી. અને વસ્તુતઃ જે હકીકત હોય તેનાં જ પ્રમાણો હોય. પરિકલ્પિત વસ્તુનાં પ્રમાણ તો ક્યાંથી જડવાનાં?

આમ, પ્રમાણોના અભાવે પરિકલ્પિત दिदृक्षाને છોડી દઈને અમે જે વાસ્તવિક રજૂઆત કરીએ છીએ તેનો સ્વીકાર કરો કે અનાદિમુક્ત આત્મા હોતો જ નથી અને આત્માને કર્મબંધ અનાદિ છે. વળી, परिणामभेदादात्मन इति प्रक्रमः, बन्धादिभेदो- बन्ध-मोक्षभेद इत्येतत् साधु- प्रमाणोपपन्नम्। न खल्वन्ययोग-वियोगौ विहाय मुख्यः परिणामभेदः, भवाच्च मुक्तिरनादिमांश्च भव इति नीत्या। अत एवाऽऽह –

**सर्वनयविशुद्ध्या अनन्तरोदितं साधु। फलोपदर्शनायाऽऽह – निरुपचरितोभयभावेन, प्रक्रमाद् मुख्यबन्धमोक्षभावेन।** આત્માનાં પરાવર્તમાન પરિણામોને અનુસરીને જ બંધ અને મોક્ષની વ્યવસ્થા પ્રામાણિક રીતે સમજી શકાય છે. આત્મા સાથે અન્યનો (-કર્મોનો) સંયોગ અને વિયોગ જ પરિણામભેદનું મુખ્ય કારણ છે. અન્ય સાથે સંયોગ છે તો તત્સ્વરૂપ બંધનો પરિણામ છે અને સંસાર છે. અન્ય સાથે વિયોગ થાય એટલે પ્રગટ થતી આત્માની સહજ શુદ્ધિ જ મોક્ષ છે. સઘળાયે નયોને સંમત વિશુદ્ધ વિચારણા આ જ હોઈ શકે છે તેમજ કોઈ પણ પ્રકારના ઉપચાર વગરની બંધ-મોક્ષની વાસ્તવિક સંગતિ પણ આ રીતે જ થઈ શકે છે.

આ સમગ્ર ચર્ચા દ્રવ્યાસ્તિક નયને અનુસરીને કરી છે. ઇતિ શમ્. ✒ त्रै.

* * *

# સાંપ્રત ચિંતન

## 288. મહારક્તાક્ષી કોરોના!!!

આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે વર્તમાનપત્ર, દૂરદર્શન, રેડિયો જેવાં તમામ પ્રસારણમાધ્યમો કે સોશ્યલ મિડિયા કે દૂરભાષા, પત્ર, રૂબરૂ વાર્તાલાપ, પ્રવચન વગેરે તમામ સંબંધનમાધ્યમો એક જ વિષય પર કેંદ્રિત છે – કોરોના. કદાચ આ શબ્દ એટલો બધો બોલાઈ ચૂક્યો છે, સંભળાઈ ચૂક્યો છે અને મનોમન ઘૂંટાઈ ચૂક્યો છે કે એક માણસ માટે આ શબ્દને હવે જિંદગીભર વીસરવો પોતાના નામને વીસરી જવા જેટલું જ અશક્ય હોવાનું. લાપરવાહી અને ભયાનક હાઉ – આ બંને અંતિમોને તિલાંજલિ આપીને સ્વસ્થતાથી કાળજીપૂર્વક જીવીને આવી આફત સામે ઝઝૂમી શકાય છે એવું અનેકો દ્વારા અનેક વખત કહેવા છતાં, દુનિયા આ બે અંતિમો વચ્ચે જ જાણે ઝોલાં ખાઈ રહી છે!

અલબત્ત, ઘણાખરા નેતાઓ, વિચારક પુરુષો, ધર્મગુરુઓ વગેરે આ સંબંધે બહુ જ સરસ નૈતિક અને આધ્યાત્મિક માર્ગદર્શન આપી રહ્યા છે અને સમગ્ર વિશ્વને સ્વસ્થ રાખી રહ્યા છે. જૈન શ્રમણ-શ્રમણી ભગવંતોએ તો આ દિવસોમાં ધર્મોપદેશ આપીને માનવતા અને

જીવદયાનાં કાર્યો કરાવવા સાથે સમાજનું માનસિક તથા આધ્યાત્મિક આરોગ્ય જાળવી રાખવાનો જે પુરુષાર્થ આદર્યો – આચર્યો છે તેની તો કોઈ મિસાલ નથી.

આખી દુનિયા ઇચ્છે કે ન ઇચ્છે, સ્વીકારે કે ન સ્વીકારે, કોરોનાની આ મહામારીએ એ તો છડેચોક સાબિત કરી આપ્યું છે કે મહાવીર કેટલા સાચા હતા અને એમની પર્યાવરણ સાથે છેડછાડ ન કરવાની શીખ કેટલી લાભદાયી હતી. કાશ, જૈન જીવનશૈલી, જેમાં પોતાનું અને પરનું ઉભયનું એકાંતે કલ્યાણ સમાયું છે તેને, સૌએ અપનાવી હોત! તો કોરોનાની જગ્યાએ કરુણાનું સામ્રાજ્ય હોત! બદહાલીની જગ્યાએ ખુશહાલી હોત!

પરંતુ આ લેખ કોઈ પ્રેરણા માટે, કોઈ શીખામણ માટે, કોઈ માર્ગદર્શન માટે નથી લખાઈ રહ્યો. આ સમગ્ર ઘટનાક્રમમાંથી પસાર થતાં વિચાર એ આવ્યો કે આવી મહામારી કંઈ દુનિયા પહેલી જ વખત જુએ છે એમ નથી. ભૂતકાળમાં પણ માનવજાતે આવી આફતો ઝીલી જ છે અને એની સામે ઝઝૂમીને જીત મેળવી છે. તો આવી આફતોમાંથી પસાર થયા પછી આપણા જૈન આચાર્યોએ પોતાના અનુભવનું કોઈ બયાન નોંધ્યું છે ખરું? ધારો કે ફરી વાર આવી આફત આવી પડે તો કઈ તકેદારી રાખવાથી એમાંથી ઊગરી શકાય તેનું માર્ગદર્શન એમણે ક્યાંય આપ્યું છે? એમના આવી મહામારીના અનુભવોનો લાભ પછીની પેઢીઓને મળે તેવી કાળજી એમણે લીધી છે? જૈન ધર્મ જો વિશ્વધર્મ બનવાની ત્રેવડ રાખતો હોય તો તેણે માનસિક કે આધ્યાત્મિક આરોગ્યની જેમ, શારીરિક આરોગ્યની પણ ચિંતા સેવવી તો પડે જ. જોકે, જૈનધર્મનો મુખ્ય ઝોક તો અનારોગ્યની પરિસ્થિતિ ઊભી જ ન થાય તેવી જીવનશૈલી અપનાવવા તરફ છે. તો પણ જે સમાજની વચ્ચે જૈન અનુયાયીઓએ જીવવાનું છે એ સમાજની કોઈ ગંભીર ક્ષતિથી આવી પરિસ્થિતિ આવી પડે તો એમાંથી કેવી રીતે બચી શકાય તે સમજાવવું તો પડે જ.

એટલે જૈન ધર્મનાં પ્રાચીનતમ શાસ્ત્રોમાં આ અંગે શોધખોળ કરી. તો આજથી લગભગ ૨૪૦૦ વર્ષ પૂર્વે સમ્રાટ ચન્દ્રગુપ્ત મૌર્યના વખતમાં થયેલા **શ્રીભદ્રબાહુસ્વામીએ** રચેલા **ઓઘનિર્યુક્તિ** નામના ગ્રંથમાં આવી મહામારી વખતે શું કરવું તેનાં અદ્‌ભુત સૂચનો મળી આવ્યાં. આ સૂચનો અહીં નોંધું તે પહેલાં એટલી સ્પષ્ટતા કરવાની કે આ કોઈ ઉપજાવી કાઢેલી કલ્પના નથી. આ ગ્રંથની સોફ્ટકોપી www.jainelibrary.org પર 600243

ક્રમાંક પર ઉપલબ્ધ છે. અને કોઈપણ સંસ્કૃત-પ્રાકૃતનો જાણકાર માણસ એ જોઈ શકે છે. (અલબત્ત, આ આગમ હોવાથી જૈન પરંપરા સૌ કોઈને આ વાચવાનો હક આપતી નથી એ ધ્યાનમાં રાખવું. પણ વાતની ખરાઈ કરવા પૂરતું કોઈપણ વ્યક્તિ જોઈ શકે છે.)

મહત્ત્વની વાત એ છે કે વાઈરસ જેવી કોઈ બલા હોઈ શકે છે એવું જ ત્યારે કોઈ સમજતું ન હતું. અને ન હતાં એને જોવાનાં સાધનો. એટલે એના ગુણધર્મો, એની ફેલાવાની રીત, એનાથી બચવાની તરકીબ – આ બધું પ્રત્યક્ષથી તો જોવું શક્ય જ ન હતું. અને **શ્રીભદ્રબાહુસ્વામી** કોઈ વૈજ્ઞાનિક કે વૈદ્ય પણ ન હતા. તેમ છતાં પારલૌકિક જ્ઞાન, અનુભવો અને કેસસ્ટડીના આધારે આ મહાપુરુષે જે નિષ્કર્ષો તારવ્યા છે અને શ્રમણ-શ્રમણીઓને આવી મહામારીમાં સંક્રમણથી બચવા માટે જે સૂચનાઓ આપી છે તે આપણને પ્રભાવિત કરી દેવા માટે પૂરતાં છે.

તમે જો આ ગ્રંથ જોશો તો તમને એમાં એક વાત કદાચ ખટકે તેમ બની શકે કે તેમાં આવી મહામારીઓને વિવિધ દેવતાઓનો પ્રકોપ ગણાવી છે. એટલે બહુ જ સ્વાભાવિક રીતે તમે આ આખી વાતને હંબક ગણી કાઢો તેમ બને. પણ પ્લીઝ, આવું કરતાં પહેલાં એક વસ્તુ વિચારજો કે આ એ જમાનામાં લખાયું છે કે જ્યારે વિજ્ઞાન ઘોડિયામાં ઝૂલતું હતું. એવી વેળાએ કોઈ વાઈરસની વાત કરે તો લોકો એને હસી જ કાઢે, કોઈ માને પણ નહીં. આ મહાપુરુષનો આ નિર્દેશો આપવા પાછળ આશય પ્રાણરક્ષાનો જ છે, સાચાખોટાની સાબિતીનો નહીં. એટલે એમણે વાઈરસની જાણકારી હોવા છતાં એને લોકવ્યવહાર ખાતર દેવતાના પ્રકોપ તરીકે ઓળખાવી હોય એમ પૂરી શક્યતા છે. આપણી નિસબત તો એમણે એ વખતનાં તદ્દન ટાંચાં સાધનો વચ્ચે પણ સલામતી રાખવા માટે આપેલા નિર્દેશો સાથે છે.

અત્યારની આ મહામારીમાં સૌથી વધુ સૂચનાઓ ચેપનું સંક્રમણ ટાળવા માટે જ અપાય છે. એ અપાઈ રહેલ સૂચનાઓ સાથે ગ્રંથગત નિર્દેશોની તુલના કરવી એ આ લેખનો મુખ્ય ઉદ્દેશ છે. અત્રે સૌપ્રથમ અત્યારે અપાતી સૂચના, ત્યારબાદ ગ્રંથમાં મળતો એનો સમાંતર નિર્દેશ અને પછી એનો અનુવાદ – આ ક્રમ રાખ્યો છે.

→ સૂચના - આ વાઈરસનો ચેપ લાગુ પડ્યો હોય તેવી વ્યક્તિને અડકવું નહીં. અને અડકવું જ પડે તો હાથમાં મોજાં અવશ્ય પહેરવાં.

ગ્રંથગત નિર્દેશ - जोऽवि तं उव्वत्तेइ वा परियत्तेइ वा सो हत्थस्स अंतरे वत्थं दाऊण ताहे उव्वत्तेति वा परियत्तेइ वा।।

અનુવાદ – જે પણ શ્રમણ વગેરે વ્યક્તિ ગ્લાન (-ચેપ લાગુ પડેલ વ્યક્તિ) ને પડખું ફરવું વગેરે કામમાં સહાય કરે તેણે તે ગ્લાનને સીધો હાથ ન લગાડવો, પરંતુ હાથમાં વસ્ત્ર વીંટાળવું અને પછી તે વ્યક્તિને અડકવું.

→ સૂચના – ચેપ લાગેલ વ્યક્તિને જો અડકવું પડે તો અડક્યા પછી હાથ અવશ્ય સાબુ વગેરેથી ધોઈ નાખવા.

ગ્રંથગત નિર્દેશ – उव्वत्तेऊण हत्थे मट्टिआए धोवइ।।

અનુવાદ – તેવી ગ્લાન વ્યક્તિને પડખું ફરવું વગેરે કાર્યોમાં સહાયભૂત થયા પછી અવશ્ય હાથને માટીથી ધોઈ નાખવા.

→ સૂચના – ચેપ લાગેલ વ્યક્તિને એકદમ અલગ સ્થાનમાં ક્વોરન્ટાઇન કરીને રાખવી. જેથી વધુ લોકો એના સંપર્કમાં ન આવે અને ચેપ ફેલાતો અટકે.

ગ્રંથગત નિર્દેશ – सो य गिलाणो यदि अत्थि अण्णा वसही तहिं ठविज्जइ, असईए अ ताए चेव वसहीए एगपासे चिलिमिली किज्जइ।।

અનુવાદ – તેવી ગ્લાન વ્યક્તિને જો અલગ મકાન ઉપલબ્ધ થાય તો તેમાં જ રાખવી. એ ન જ મળે તો એક મકાનમાં પણ અલગ ઓરડામાં રાખવી. અને તે પણ જો શક્ય ન જ થાય તો મકાનના એક ખૂણામાં પડદો કરીને તેમાં તેને રાખવી. પરંતુ અન્ય વ્યક્તિ સાથે તેનો સંપર્ક બને તેટલો ઓછો રહે તેવી વ્યવસ્થા કરવી. જેથી તે અન્ય વ્યક્તિઓ સંક્રમણનો ભોગ ન બને.

→ સૂચના – ચેપ લાગેલ વ્યક્તિ જે વસ્તુને અડકે તેને અન્ય સ્વસ્થ વ્યક્તિએ અડકવું નહીં.

ગ્રંથગત નિર્દેશ – बारं दुहा किज्जइ, जेण गिलाणो निक्खमति वा पविसति वा तेण अण्णे साहुणो ण निग्गच्छंति।।

અનુવાદ – ગ્લાન વ્યક્તિ દ્વારા સ્પૃષ્ટ કોઈપણ વસ્તુ અન્ય વ્યક્તિએ કદાપિ અડવી નહીં. એટલું જ નહીં, ગ્લાન વ્યક્તિ શરીરચિંતા વગેરે કાર્યો માટે જે દ્વારથી અવરજવર કરતી હોય તે દ્વારમાંથી પણ અન્ય વ્યક્તિએ આવવું-જવું નહીં.

→ સૂચના – ચેપ લાગેલ વ્યક્તિની પાસે સ્વસ્થ વ્યક્તિએ ઝાઝું રહેવું નહીં.

ગ્રંથગત નિર્દેશ – जो संजतो असिवेण गहिओ होज्जा, तस्स दूरट्ठियस्स भत्तं तिपरंपरेण दिज्जइ।... अवधूतम्–अवज्ञातं, जहा अवधूता नासति।... उद्वर्तनं–ऊर्ध्वं वर्तनं यदसावुद्वर्त्यते, निर्लेपनं यदसौ निर्लेपः क्रियते, उपलक्षणं चैतत् तस्य सकाशे न स्थातव्यं दिवारात्रौ वा।।

અનુવાદ – ગ્લાન વ્યક્તિને ભોજન પણ દૂર ઊભા રહીને જ આપી દેવું. એની સાથે બહુ વાર્તાલાપ પણ ન કરવો. એને પડખું ફરવામાં મદદ કરવી પડે, એના શરીરની સાફસફાઈ કરવી પડે તો એટલા કામ પૂરતું જ એની નજીક જવું. અન્યથા, એનાથી બને તેટલા દૂર રહેવું.

→ સૂચના – જે પોતાની કાળજી લેવા માટે સક્ષમ હોય તથા શરીરથી અને મનથી બંને રીતે તંદુરસ્ત હોય એવી વ્યક્તિને જ ચેપ લાગેલ વ્યક્તિની સારવાર કરવા દેવી.

ગ્રંથગત નિર્દેશ – जो य बीहिज्जा सो तत्थायरिएण न भणियव्वो जहा अज्जो तुमं वसाहि त्ति। जो धम्मसद्धिओ साहू सो अप्पणा चेव भणइ – अहं वसामि ।।

અનુવાદ – ગ્લાન વ્યક્તિની શુશ્રૂષા કરતાં જે ડરતો હોય તેવા શ્રમણને આચાર્યે ગ્લાન વ્યક્તિની પરિચર્યા કરવાની આજ્ઞા ન કરવી. પરંતુ જેને ધર્મમાં શ્રદ્ધા હોય અને પોતાની જાત પર ભરોસો હોય તેવી વ્યક્તિએ સામે ચાલીને વિનંતિ કરવી કે આ ગ્લાનની પરિચર્યા હું જ કરીશ. કેમકે, અંદરથી ભયભીત વ્યક્તિનું સામર્થ્ય ઘટી જવાથી તેને ચેપ લાગવાની સંભાવના વધી જાય છે.

→ સૂચના – ચેપ લાગેલ વ્યક્તિને જો બચાવી ન શકાય અને તે મરી જાય તો તેના મૃત શરીરનો અને તેણે વાપરેલી વસ્તુઓનો અન્ય વ્યક્તિઓના સંપર્કમાં ન આવે તેવી રીતે નિકાલ કરવો.

ગ્રંથગત નિર્દેશ – मृते तस्मिन् को विधिरित्याह– 'विवेग' विवेचनं विवेकः, 'विचिर् पृथग्भावे' परित्याग इति यावत्, कस्यासाविति तदुपकरणस्य।।

અનુવાદ – ગ્લાન વ્યક્તિ જો મરી જાય તો તેના શરીરની જેમ તેનાં ઉપકરણોને પણ પરઠવી જ દેવાં, પરંતુ તેનો અન્ય કોઈપણ વ્યક્તિએ ઉપયોગ ન કરવો.

→ સૂચના – ચેપ લાગેલ વ્યક્તિના સંપર્કમાં આવેલા આહાર-પાણીથી પણ ચેપ ફેલાઈ શકે છે. માટે તેવા આહાર-પાણીનું ગ્રહણ ન કરવું.

ગ્રંથગત નિર્દેશ – जाणि अ कुलाणि असिवेण गहिआणि तेसु आहाराईणि न गेण्हंति।।

અનુવાદ – જે ઘરોમાં ચેપ લાગી ચૂક્યો હોય તેવાં ઘરોમાંથી આહાર-પાણી ન લેવાં. કેમકે તેનાથી પણ સંક્રમણ થઈ શકે છે.

→ સૂચના – વાઈરસ ધાતુ પર લાંબો સમય સુધી જીવતાં રહે છે. એટલે ધાતુનો સ્પર્શ બને ત્યાં સુધી ટાળવો.

ગ્રંથગત નિર્દેશ – इमाणि चत्तारि परिहरिअव्वाणि – विगई दसविहा वि लोणं लोहं च सदसं वत्थं च।।

અનુવાદ – ધાતુને ભૂલેચૂકે પણ ન અડકવું. એનાથી સંક્રમણ વધે છે. (આ એક નિર્દેશ તો આપણને આશ્ચર્યચકિત કરી દે તેમ છે. વગર સાધનોએ, ધાતુ ચેપ ફેલાવામાં મહત્ત્વનું કારણ બની શકે છે તેમ કેવી રીતે સમજાયું હશે! ધાતુ સિવાય તેઓએ આ નિર્દેશ અંતર્ગત ભારે રસકસવાળો આહાર, ક્ષારપદાર્થો અને દશી ધરાવતું વસ્ત્ર પણ છોડવાનું કહ્યું છે. આનું પણ કોઈક પ્રયોજન તો હોવું જ જોઈએ, પરંતુ તે તો વિજ્ઞાન જ સમજાવી શકે. આ સિવાય પણ એક નિર્દેશ એવો છે કે ચેપ લાગેલ વ્યક્તિની આંખમાં આંખ પરોવીને જોવું નહીં. આનું પણ કારણ સમજવું બાકી રહે છે.)

→ સૂચના – સોશ્યલ ડિસ્ટન્સિંગ જાળવો તો ચેપ ફેલાતો અટકાવી શકાશે.

ગ્રંથગત નિર્દેશ – यद्यसौ वृन्दघातिनी ततो द्विधा भेदः, तथाऽपि न तिष्ठति त्रिधा, त्रयस्त्रयो द्वौ द्वौ एकैको यावत्तथा न घातयति। कः पुनरत्र दृष्टान्त इत्याह – 'जहा अलाउवमा' अलातम्– उल्मुकमुपमानं– दृष्टान्तस्तेनोपमा, यथा हि तानि संहतानि ज्वलन्ति नान्यथा, एवं तेऽपि संहता हन्यन्ते नान्यथेति तदर्थं भेदः।।

અનુવાદ – સાથે રહેવાથી સંક્રમણ વધુ થતું હોય તો શ્રમણોએ નાની નાની ટુકડી રચવી અને એ રીતે વિહાર વગેરે કરવું. જો એનાથી પણ સંક્રમણને ન રોકી શકાય તો, બધાએ એકલા થઈ જવું, પણ ચેપ ફેલાતો અટકાવવો. જેમ લાકડાં પણ ભેગાં હોય તો બધાં બળી

જાય છે, પણ છૂટાં છૂટાં હોય તો બાળવાં મુશ્કેલ હોય છે તેમ, છૂટીછવાયી રહેતી વ્યક્તિઓને પણ ચેપ લાગવાની સંભાવના તદ્દન ઘટી જાય છે. (પ્યોર સોશ્યલ ડિસ્ટન્સિંગ!)

→ સૂચના – ચેપની સંભાવના તદ્દન ન રહે એવી રીતે દૂર દૂરના પ્રદેશોમાં જતાં રહેવું.

ગ્રંથગત નિર્દેશ – सौम्यं मुखं यस्याः सा तथा, कथमुपद्रवकरिण्याः सौम्यमुखीत्वम्?, अनन्तरविषयं प्रत्युपद्रवाकरणात्, कृष्णमुखी द्वितीयेऽपि न मुञ्चति, रक्ताक्षी तृतीयेऽपि न मुञ्चति, यथासङ्ख्यमनन्तर एव स्थीयते सौम्यमुख्याम्, 'एक' इत एकमन्तरे कृत्वा तृतीये स्थीयते कृष्णमुख्यां, 'दो' इति द्वावन्तरे कृत्वा चतुर्थे स्थीयते रक्ताक्ष्याम्।।

અનુવાદ – ચેપ ફેલાવાના ત્રણ પ્રકાર હોઈ શકે છે. એક, જ્યાં ઉદ્ભવ્યો હોય તે પ્રદેશ પૂરતો જ તે ફેલાય. બે, તેના આજુબાજુના થોડાક પ્રદેશોમાં પણ તે ફેલાય. ત્રણ, જ્યાં ચેપ ઉદ્ભવ્યો હોય તેનાથી દૂર-સુદૂરના પ્રદેશોમાં તે ફેલાઈ જાય. ચેપના આ ત્રણ પ્રકારો અનુક્રમે સૌમ્યમુખી, કૃષ્ણમુખી અને રક્તાક્ષી દેવતાના નામે ઓળખાય છે. ચેપનો જેવો પ્રકાર હોય તે પ્રમાણે ચેપ ના હોય તેવા દૂર-સુદૂરના પ્રદેશોમાં ચાલ્યા જવાનું છે. તેમાં પણ ચેપવાળો પ્રદેશ પસાર કર્યા પછી પણ, ચેપરહિત પ્રદેશમાં થોડુંક ઔર વધારે અંતર પસાર કરીને પછી સ્થિરતા કરવી. કેમકે જો ચેપરહિત પ્રદેશમાં પણ ચેપ ફેલાવાની શરુઆત થાય તો બચવાનો સમય મળી રહે. (આ રીતે સ્થાનપરિવર્તન કરતી વખતે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે જે વ્યક્તિ પહેલેથી જ સંક્રમિત થઈ ચૂકી હોય તેને તો તે પ્રદેશમાં જ રાખવાની છે, તેને ચેપરહિત પ્રદેશમાં નથી જ લઈ જવાની. અન્યથા તે પ્રદેશોમાં પણ એના લીધે ચેપ ફેલાય.)

આ પરિભાષા પ્રમાણે તો કોરોના મહામારીના ફેલાવાની સ્થિતિ જોતાં એના માટે તો રક્તાક્ષી નહીં, પણ મહારક્તાક્ષી શબ્દ જ વાપરવો પડે તેમ છે!

આ લેખ તો અહીં પૂરો થાય છે, પણ મને ખાતરી છે કે આ વાંચ્યા પછી તમને આશ્ચર્ય તો જરૂર થયું હશે કે એક મહામારીમાંથી ઊગરી જવા માટે જે સૂચનાઓ આજના વૈજ્ઞાનિકો અગણ્ય સંસાધનોનો ઉપયોગ કરીને લાંબા સમયના અભ્યાસ તથા પરીક્ષણો દ્વારા

આપી રહ્યા છે, તેના જ નિર્દેશો આજથી ૨૪૦૦ વર્ષ પહેલાં જ આ મહાપુરુષ કેવી રીતે આપી શક્યા હશે! આનો જવાબ તો શ્રદ્ધા જ આપી શકે. પરંતુ એક વાત તો ચોક્કસ છે કે શબ્દોનું યોગ્ય અર્થઘટન કરતાં શીખી જવાય તો આ જૈન શાસ્ત્રો પોતાની ભીતર અઢળક સંભાવનાઓ લઈને બેઠાં છે.

બાકી, સ્વસ્થ જીવનશૈલીની આવશ્યકતા અને આત્મલક્ષી જીવનની ઉપયોગિતા વિશે લાખો લાખો પ્રવચનો અને હજારો હજારો પુસ્તકો જે ન સમજાવી શકત તે વાત કોરોનાએ બરાબર સમજાવી દીધી છે તે નક્કી છે. આશા અને શ્રદ્ધા રાખીએ કે માનવજાત આ બહુ મોટી કિંમત ચૂકવીને મેળવેલો બોધપાઠ કાયમ યાદ રાખશે. ✒ त्रै.

(આ લેખ મૂળભૂત રીતે ગૃહસ્થવર્ગને ઉદ્દેશીને લખાયેલો અને એ રીતે પ્રસાર પણ પામેલો. પરંતુ શ્રમણવર્ગને પણ કંઈક અંશે ઉપયોગી બનશે તેમ જણાયાથી અત્રે યથાવત્ મુદ્રિત કર્યો છે.)

* * *

# અમે વાંચ્યું, તમે પણ વાંચશો?

### ➤ ૪. શ્રી વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ ગ્રંથાવલી સંપુટ - ૧

લેખક - વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ, પ્રકાશક - ઓમકાર સાહિત્યનિધિ, ભીલડિયાજી તીર્થ, પ્રકાશન વર્ષ - ઈ. ૨૦૦૪, પૃષ્ઠ - ૫૭૬

આ પુસ્તકસંપુટમાં શ્રીયુત વસંતભાઈનાં અગ્યાર પુસ્તકોનું સંકલન કરાયું છે. વસંતભાઈના લખાણમાં ગતિશીલ ચિંતનની નિત્ય-નૂતન ધારા સતત અનુભવાય છે.

પુસ્તકની શરૂઆત થાય છે 'ચેતનનો ચેતનાને પત્ર'થી. લેખકની ખૂબી એ છે કે તેઓ ગહન દાર્શનિક પદાર્થોને રસાળ શૈલીમાં રજૂ કરીને સામાન્ય વાચકના મનમાં પણ દાર્શનિક પદાર્થો માટે આકર્ષણ જગાડી શકે છે. પ્રાયઃ પૌદ્ગલિક જડ પદાર્થો જ ભવભ્રમણનું મુખ્ય કારણ બનતા હોય છે. પરંતુ કોઈક જીવ આત્મવિકાસ કરવા દ્વારા મોક્ષ તરફ અગ્રેસર થતો હોય છે, ત્યારે તેના અંતઃકરણમાંથી જડ વસ્તુ પ્રત્યેનો અનુરાગ અને અણગમો બંને છૂટતા જાય છે. અને સહજ-સ્વીકારની ભાવનાનો વિકાસ થતો જાય છે. આ જ વાતને ગદ્યકવિતારૂપે રસપૂર્વક લેખકે આ પત્રમાં રજૂ કરી છે.

'જીવન જીવવા જેવું છે' - આ પ્રકરણ વાચકની સૌંદર્યદૃષ્ટિને વિશાળ બનાવે અને પોતાનું જીવન કેવી રીતે વધુ સાર્થક કરી શકાય તે વિશે ચિંતન કરવા માટે પ્રેરે તેવું છે. 'એકાંત' વિશે લગભગ એવી માન્યતા પ્રવર્તે છે કે, માત્ર ધ્યાનમાર્ગમાં આગળ વધનારને જ એકાંતની જરૂર છે. પરંતુ લેખક કહે છે કે - માત્ર યોગી થવા માટે એકાંતની જરૂર નથી, પણ સમાજના સક્રિય સભ્ય થવા માટે પણ એકાંતની જરૂર છે. આ વિધાન દ્વારા લેખક વ્યાવહારિક જીવન માટે પણ એકાંતની જરૂરિયાતને રજૂ કરે છે. ગૃહસ્થોને એકાંતનું મહત્ત્વ આ રીતે પણ સમજાવી શકાય.

તત્ત્વાર્થસૂત્રના પાંચમા અધ્યાયનું એક સૂત્ર છે - परस्परोपग्रहो जीवानाम्. આ સૂત્રની આવી સૌંદર્યમય રજૂઆત દ્વારા જાણે લેખક ધર્મના સૌંદર્યને બખૂબી રજૂ કરે છે - "આપવાથી તું મેળવીશ એ પ્રકૃતિનું સત્ય છે. કોઈને જીવનશ્રદ્ધા આપ. કોઈનો ખોવાયેલ

જીવન-આનંદ તેને શોધી આપ. અને પ્રકૃતિનું વરદાન છે કે તને તે સઘળું આપોઆપ મળશે. પરમાર્થ દ્વારા સ્વાર્થને સાધ."

'ક્ષમા' વિશે પણ લેખકનું ચિંતન મનનીય છે. જૈનધર્મની મુખ્ય વિચારધારાઓમાંની ત્રણ વિચારધારા લઈને તેના આધારે ક્ષમાની છણાવટ થઈ છે. પ્રથમ વિચારધારા કર્મવાદની છે. કર્મ વિશે જાણનારને વિશ્વમાં સર્વત્ર એક સુવ્યવસ્થિત ન્યાયતંત્ર દેખાય છે. માટે તે સમજે છે કે આજે જે મારો અપરાધી છે તેનો હું પૂર્વે અપરાધી હતો. આમ કર્મવાદને સમજનારથી ક્ષમા અપાઈ જ જાય છે, પણ તેણે ક્ષમા આપવી પડતી નથી. બીજી વિચારધારા દ્રવ્યાનુયોગની છે. દ્રવ્યાનુયોગનો નિચોડ એક જ શબ્દમાં કહેવો હોય તો તે ભેદજ્ઞાન છે. આ ભેદ સમજીને પરદ્રવ્યગુણપર્યાયરૂપ ક્રોધને ત્યજવાની વાત કરી છે. તો ત્રીજી વિચારધારા ગુણસ્થાનકની લઈને તેના આધારે ક્ષમાને સમજાવી છે. ક્ષમાનું વિશુદ્ધતર આચરણ ગુણસ્થાનકોની ભૂમિકા વધવા સાથે જ શક્ય છે. માટે પોતાની ભૂમિકા સમજીને તબક્કાવાર વિકાસ કરતાં કરતાં ક્ષમાની આરાધના સાધવા પર લેખકે ભાર મૂક્યો છે. વળી આરોગ્યશાસ્ત્રની રીતે પણ ક્ષમાના ફાયદા સમજાવ્યા છે.

'જૈન ધર્મ : પૂર્ણ વિજ્ઞાન' લેખમાળામાં લેખકે જૈનધર્મના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને સુંદર રીતે રજૂ કર્યો છે. પરંતુ લેખકનું આ વાક્ય તેમની વિચારધારાના ઊંડાણને રજૂ કરે છે - "સાધના જ્યારે વિરોધ ઉપર ઊભી રહે છે, ત્યારે તેના ટુકડે-ટુકડા થાય છે. પણ જ્યારે તે સર્વસમન્વય ઉપર ઊભી રહે છે, ત્યારે તેમાં અનુભવલાલીનું પ્રાણતારુણ્ય પ્રગટે છે." માટે વિજ્ઞાનનો વિરોધ નહીં, પણ વિજ્ઞાન અને ધર્મનો સાર્થક સમન્વય જરૂરી છે તે વાત ઉપર લેખક ભાર મૂકે છે.

હમણાંથી વિજ્ઞાનજગતમાં વર્ચ્યુઅલ વિઝ્યુલાઈઝેશનનું પ્રમાણ વધ્યું છે. વ્યક્તિ પોતાના સ્થાને રહીને પણ દૂર-સુદૂરની જગ્યાઓને જાણે સ્વયં જોઈ રહ્યો છે, તેવો અનુભવ આ ટેક્નોલોજી કરાવે છે. 'અનંતની સૃષ્ટિનાં પાત્રો' નામના પ્રકરણમાં પણ જાણે લેખકે આ ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો હોય તેવું લાગે છે. આ પ્રકરણ વાંચતી વખતે વાચકને અનુભવાય છે કે જાણે કાળના અનેક થરો ભેદીને લેખકે આપણને આપણા મહાન પૂર્વજોની વચ્ચે મૂકી દીધા છે.

'ચિત્તપ્રસન્નતા' પ્રકરણમાં લેખકે લાલિત્યપૂર્ણ છતાં હૃદયસ્પર્શી શબ્દોના સહારે એક જ વાતને અલગ અલગ રીતે સમજાવી છે કે, સાધનાનું લક્ષ્ય છે આનંદ - નિર્ભેળ આનંદ. 'પ્રભુવીરના જીવનને જો ત્રણ શબ્દોમાં કહેવું હોય તો તે છે - એકાંત, મૌન અને ધ્યાન. તેમના માર્ગને યથાર્થ રીતે નહીં સમજેલા તેમના અનુયાયીઓને પણ ત્રણ શબ્દોમાં વર્ણવવા હોય તો કહી શકાય કે ટોળું, ઘોંઘાટ અને કલહ.' લેખકનું આ વાક્ય સાંપ્રત પરિસ્થિતિને ટૂંકમાં પણ સચોટ રીતે વર્ણવે છે. ચિત્તપ્રસન્નતામાં બાધકરૂપ મોહને ટૂંકાણમાં પણ યથાર્થ રીતે લેખકે વર્ણવ્યો છે. 'મોહ એટલે વસ્તુને વળગી રહેવું અને દરેક વસ્તુનું જીવ સાથેનું એક યોગ્ય અંતર એટલે કે (Proper distance) હોય છે, તેને કાઢી નાખવું.' અર્થાત્ જીવનું કોઈ વસ્તુ સાથેનું જોડાણ આ યોગ્ય અંતરથી વધી જાય તો દ્વેષ થાય અને ઘટી જાય તો રાગ થાય. લેખકે ભૌતિક વિજ્ઞાનના સંદર્ભે મોહને વ્યાખ્યાયિત કર્યો હોય તેવું લાગે.

અધ્યાત્મ વિશે પણ લેખકની વિચારદૃષ્ટિ સરળ છતાં ઊંડાણભરેલી છે. લેખકના મતે સત્યનું અવિકૃત દર્શન કરવાનો પ્રામાણિક પ્રયત્ન જ્યાં જ્યાં છે ત્યાં સહજ રીતે અધ્યાત્મ વિલસતું હોય છે. ભૌતિકવાદ અને અધ્યાત્મવાદ વચ્ચેનો તફાવત અહીં લાઘવથી રજૂ થયો છે. ભૌતિકવાદ એટલે To Drift - તણાવું અને અધ્યાત્મવાદ એટલે To Steer - હેતુલક્ષી ગતિ. પ્રાયઃ લાલિત્યપૂર્ણ વર્ણન અને લાઘવતા - આ બંને કુશળતાઓનો સમન્વય ઘણા ઓછા લેખકોમાં હોય છે. પુસ્તકમાંથી પસાર થતાં અત્રે આ બંને કુશળતાઓ અનુભવાય છે.

શ્રીનમસ્કાર-મહામંત્રના પ્રકરણમાં નવકારના સાફલ્યનું ગાન કરતા લેખક કહે છે કે, 'તેનું નિષ્ફળ જવું એ સમગ્ર પ્રકૃતિના કાર્યતંત્રનું સડી જવું અને કોહવાઈ જવું તેના જેવું છે, જે કદી પણ બનતું નથી.' સાધનાનું મોટામાં મોટું ભયસ્થાન ઐકાંતિક નિશ્ચયનયમાં સરી જવાનું છે. પંચપરમેષ્ઠી મારું જ શુદ્ધ સ્વરૂપ છે - એ નિશ્ચયનયની વાત થઈ. લેખક णमो પદને આ ઘોર ભયસ્થાનથી સાધકને બચાવનાર આધાર તરીકે ઘટાવે છે. णमो પદ સાધકના અંતઃકરણમાં વિનયપૂત શ્રદ્ધાને જન્માવે છે, જેથી પોતાની ભૂમિકાથી ઉપર હોવાનો ભ્રમ ન થઈ જાય અને પોતાની ભૂમિકાથી ઉપર ઊઠવાનો પુરુષાર્થ પણ ચાલુ રહે, જેથી એક તબક્કે

પંચપરમેષ્ઠી અને જીવનું ઐક્ય સધાઈ જાય. આમ ણમો પદના માધ્યમે નિશ્ચયનયના ભ્રમસ્થાનને પણ સરળતાથી ઉજ્જાગર કરેલું છે.

વાચકના કથારસને પણ પુષ્ટિ મળે અને જીવનઘડતર પણ થાય, તે માટે 'જીવનશિલ્પી' નામના પ્રકરણમાં કથાઓનું પણ સુંદર રીતે આલેખન થયું છે.

'દેવાધિદેવ' પ્રકરણ વાચકના હૃદયને આત્મવિશ્વાસથી ભરેલી ધર્મશ્રદ્ધાથી છલકાવી દે છે. લેખક કહે છે કે 'હું મંદિરમાં જાઉં અને બહાર આવું ત્યાં સુધીમાં અવશ્ય મારામાં આધ્યાત્મિક ક્રાંતિ થશે જ - આ શ્રદ્ધા સાથે દેવદર્શન કરો તો જરૂર કાંઈક અદ્ભુત અને સુંદર એવું કશુંક સર્જાશે'.

રેવતી શ્રાવિકાની સરખામણી લેખકે મહાન અર્થશાસ્ત્રી સાથે કરી છે. અર્થશાસ્ત્રનો નિયમ છે કે Maximum result with minimum efforts. રેવતીને પાત્રમાં કોળાપાક વહોરાવતાં પૂરી પાંચ મિનિટ પણ નહીં થઈ હોય, પણ તે નાની ક્રિયા પાછળ જે અનુપમ ભાવોલ્લાસ અને અકલ્પ્ય વીર્યોલ્લાસ હતો, તેનાથી તીર્થંકર નામકર્મ બાંધી દીધું. નાનકડો પ્રયત્ન અને વિરાટ ફળ! કોઈ અર્થશાસ્ત્રના ઊંડા જાણકાર જેવી તરકીબ જાણે રેવતીએ અજમાવી! લેખકની કુશળતા આવાં વર્ણનોમાં ઉજ્જાગર થાય છે.

સમગ્ર સંપુટમાં શિરમોર પ્રકરણ જો કોઈને પણ ગણવું હોય તો તે 'સાપેક્ષવાદ'ને ગણી શકાય. આ પ્રકરણમાં લેખકની શ્રદ્ધાયુક્ત તર્કશીલતા સતત અનુભવાય છે. જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતાં કહે છે કે, 'અજ્ઞાની વાક્યે-વાક્યે 'જ'નો ઉપયોગ કરશે, જ્યારે જ્ઞાની 'પણ'નો ઉપયોગ કરશે.' હળવી ભાષામાં અનેકાંતવાદ અને સ્યાદ્વાદને સમજવા અને સમજાવવા માટે આ ઉત્તમ પુસ્તક છે. સત્ય પ્રત્યે જવાના બે માર્ગ અહીં બતાવ્યા છે. એક છે સત્યને ચારેબાજુથી તપાસીને સ્થૂલ વિચાર જાણવાનો વિજ્ઞાનનો માર્ગ, જ્યારે બીજો છે સત્યના હાર્દમાં જઈને તેની આરપાર નીકળી જતો યોગનો માર્ગ. લેખક કહે છે કે, 'ચારે બાજુથી સત્યને જોવાથી જ તેની અંદર જઈને એક છેડેથી બીજા છેડે સત્ય વીંધી શકાય છે.' આમ, સત્યરૂપ કેન્દ્રબિંદુ પર યોગ અને વિજ્ઞાનનો સંયોગ વાચકની સત્ય પરખવાની દૃષ્ટિને વિશાળ બનાવે છે. સ્યાદ્વાદને સમજ્યા વગરની વિચારપદ્ધતિની સૌથી

મોટી ખામી લેખકે બતાવી છે કે, એક એકાંતવાદી વિચારસરણીયુક્ત માણસ જ્યારે કોઈ સચોટ દલીલ કરી શકતો નથી, ત્યારે તે હકીકતો પરથી વાણી ખસેડી, સામેની વ્યક્તિ પર અંગત આક્ષેપો પર ઊતરી આવે છે. અને ત્યાંથી જ રાગ-દ્વેષ નો ઉદ્ભવ થાય છે. આમ, એક માનસશાસ્ત્રીની જેમ લેખકે સ્યાદ્વાદરહિત વિચારસરણીની ખામીનું ઊંડાણથી વિવરણ કર્યું છે.

તેમના આ પ્રકરણ વિશે આગમપ્રભાકર મુનિ શ્રીપુણ્યવિજયજીએ નીચે પ્રમાણે અભિપ્રાય આપ્યો છે : 'આ માત્ર જૈન ધર્માનુયાયીઓ માટે જ નહીં, પણ સમગ્ર માનવજાત માટે ઉપયોગી છે. જૈન પ્રજાએ તો આનું અધ્યયન કરી જીવનપથને વિશુદ્ધ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ.'

ધ્યાનશતકમાં કહ્યું છે કે એક ધર્મધ્યાનમાંથી બીજા ધર્મધ્યાનમાં પ્રવેશ કરનાર મહાત્મા વચગાળામાં થોડા સમય માટે ભાવનાઓનું ચિંતન કરે, જેથી અધ્યવસાયસ્થાનોમાં નીચે ન ઊતરવા છતાં માનસિક રીતે થોડી હળવાશ રહે. તે જ વાતને અહીં પણ અમુક અંશે ઘટાવી શકાય. **श्रुतसंविभाग** પરિવારના અભ્યાસરત મહાત્માઓ સતત ન્યાયદર્શન, આગમોનું અધ્યયન, સંશોધન વગેરે પ્રવૃત્તિઓમાં વ્યાપૃત હોય છે. લાંબા સમય સુધી આ રીતે પ્રવૃત્તિ કર્યા પછી થોડી હળવાશ અનુભવવા, ધર્મને એક સૌંદર્યપૂર્ણ દૃષ્ટિથી નીરખવા, શ્રાવકોને અલગ દૃષ્ટિકોણથી જૈનધર્મ સમજાવવા, લાલિત્યપૂર્ણ છતાં લાઘવયુક્ત લખાણની શૈલી સમજવા - આ પુસ્તકસંપુટ ઘણું ઉપયોગી પ્રકાશન છે.

**મુનિ શ્રીત્યાગમંડનવિજયજી**

*

આવરણચિત્ર – નૈનેશ સરૈયા, સૂરત

## ➤ ૫. ચાર તીર્થંકર

લેખક - પંડિત સુખલાલજી, પ્રકાશક - જ્ઞાનોદય ટ્રસ્ટ, અમદાવાદ, પ્રકાશન વર્ષ – ઈ. ૧૯૫૯, પૃષ્ઠ – ૧૮૧.

આ પુસ્તકમાં ભગવાન ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીના જીવનને લગતા મૌલિક અને સ્વતંત્ર ચિંતનપૂર્ણ લેખો - જે પ્રબુદ્ધ જૈન, જૈન પ્રકાશન, જૈન યુગ અને અખંડ આનંદમાં પ્રકાશિત થયેલા છે, તેનો સંગ્રહ છે.

કોઈ પ્રાચીન કે અતિપ્રાચીન મહાપુરુષનું જીવનચરિત્ર પરંપરાથી પ્રતિષ્ઠિત થાય અથવા લોકમાનસમાં શ્રદ્ધાનું સ્થાન પામે ત્યારે તેની આસપાસ કાળક્રમે લોકશ્રદ્ધાના બળથી અનેક કલ્પનાઓના તાણાવાણા રચાય છે અને તેમાં વિવિધ રંગો પુરાય છે. આ બધાંનું વાસ્તવિકતાની દૃષ્ટિએ પરીક્ષણ કરી તેમાંથી એક સામાન્ય ઐતિહાસિક સત્ય તારવવું અને તે સત્યનો વર્તમાન જીવનના ગૂંચવાયેલ કોકડાના ઉકેલમાં તેમજ ભાવિ જીવનના નિર્માણમાં ઉપયોગ કરવો તેવો આશય આ પુસ્તકના લેખનમાં રહ્યો છે તેવી આ પુસ્તકના પરિશીલન બાદ ચોક્કસ પ્રતીતિ થાય છે.

<u>લેખકની સંશોધનશૈલી</u>

લેખકે પોતાનાં સંશોધન, મંતવ્યો અને નિષ્કર્ષો માટે ઐતિહાસિક સામગ્રીનાં મુખ્ય ૩ સ્રોતનો આશ્રય લીધો છે – ૧. સાહિત્ય ૨. ભૌગોલિક ઉપલબ્ધતા ૩. પરંપરાગત આચાર-વિચારો. લેખકના દૃષ્ટિકોણથી આ દરેક સ્રોતનો સંશોધનમાં ઉપયોગ કેવી રીતે કરી શકાય તે સંક્ષિપ્તમાં જાણવાનો પ્રયત્ન કરીએ.

<u>૧) સાહિત્ય</u>

**સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્ર વચ્ચે તુલનાત્મક અભ્યાસ**

જૈન પરંપરા અને વૈદિક પરંપરા એ અખંડ આર્યસંસ્કૃતિના જૂના અંશો છે. આ બન્ને પરંપરાના અભ્યાસથી તેમાં રહેલાં તત્ત્વો, સિદ્ધાન્તો, દૃષ્ટિબિન્દુ, સમાનતા, તફાવત, એક સંપ્રદાયની બીજા સંપ્રદાય પર કાળક્રમે પડેલી અસરો અને તે કારણે કાળક્રમે પરંપરામાં થયેલા ફેરફારો વગેરેનું એક સ્પષ્ટ ચિત્ર આપણી સામે રજૂ થઈ શકે છે. તે વાત કેટલાંક ઉદાહરણથી સમજી શકાય તેમ છે –

(ક) પ્રભુ વીરના સમયના પ્રાચીન શતપથ બ્રાહ્મણ ગ્રંથો તથા શ્રૌતસૂત્રો ન જોઈએ તો આપણે ભગવાનની ધાર્મિક પ્રવૃત્તિનું સાચું મૂલ્યાંકન નહીં કરી શકીએ અને એવી પ્રવૃત્તિનું વર્ણન કરતા આગમિક ભાગોની પ્રાચીનતા અને મહત્તા નહીં સમજી શકીએ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યના જીવનમાં વિવિધ યજ્ઞોનું ધર્મરૂપે કેવું સ્થાન હતું, તેવા અનેક યજ્ઞોમાં પશુઓ સહિત મનુષ્ય સુદ્ધાંનો કેવો ધાર્મિક વધ થતો હતો, અતિથિ માટે પ્રાણીનો વધ કેવો ધર્મ્ય મનાતો હતો એ વાતની આજે આપણે કલ્પના જ નહીં કરી શકીએ. કારણકે હજારો વર્ષની એવી યજ્ઞપ્રથા જ બંધ થઈ ગઈ છે. ધર્મના નામે આવશ્યક મનાતા પશુવધનો વિરોધ કરી જાહેરમાં અટાકાવવાનું કામ, એ વખતે, આજે કતલખાનામાં થતો પશુવધ બંધ કરાવવો જેટલો કઠણ છે, તેટલું કઠણ તો અવશ્ય હતું. આવી જ રીતે સમાજમાં આવાં જ કંઈક ઊંડાં મૂળ નાખી બેઠેલી સ્પૃશ્યાસ્પૃશ્યની ભાવનાને દૂર કરવા માટે તથા સ્ત્રીઓના સામાજિક-આધ્યાત્મિક વિકાસ માટે જે ભગીરથ પ્રયાસ થયા છે તે ત્યારે જ સમજી શકાશે કે જો આપણને ત્યારના લોકમાનસ અને સામાજિક સ્થિતિનો અંદાજો હશે.

(ખ) મહાવીર-યુગ અને બુદ્ધ-યુગ પહેલાં રામ-કૃષ્ણની આદર્શ મનુષ્ય તરીકે વિશિષ્ટ પૂજા કે પ્રતિષ્ઠાનાં ચિહ્નો ક્યાંય વૈદિક શાસ્ત્રમાં દેખાતાં નથી. માનવીય પૂજા-પ્રતિષ્ઠાનો પાયો મહાવીરપ્રભુ અને ગૌતમ બુદ્ધથી નખાયો હોય તેવાં પ્રમાણો સ્પષ્ટપણે મળે છે. આથી દેવો-દૈત્યોની ભાવના અને ઉપાસનામાં મશગૂલ બ્રાહ્મણ પરંપરાએ રામ અને કૃષ્ણ જેવા પુરુષોને આદર્શ તરીકે અને અવતાર તરીકે મૂકી તેમની પૂજા-પ્રતિષ્ઠા શરૂ કરી.

(ગ) બૌદ્ધ પિટકમાંના ઉલ્લેખો સાથે જૈન આગમનાં વર્ણનોનો મેળ બેસાડવામાં આવ્યો ત્યારે ઇતિહાસકારોને બિલકુલ પાકી પ્રતીતિ થઈ કે મહાવીર પહેલાં પાર્શ્વનાથ અવશ્ય થયા છે. અને આ બાબત આપણા જેવા શ્રદ્ધાસંપન્ન જીવો માટે એક મોટી ઉપલબ્ધિ ગણી શકાય.

**સ્વશાસ્ત્રમાં વિવિધ કાલખંડોમાં રચાયેલ સાહિત્ય વચ્ચે તુલનાત્મક અભ્યાસ**

આ અભ્યાસથી શાસનમાં થતા તબક્કાવાર ફેરફાર સમજી શકાય અને તે તે દેશ-કાળના લોકમાનસને અનુસરીને અથવા અન્ય ધર્મોની પરંપરાની અસર હેઠળ થયેલી

સાહિત્યરચનામાં કેટલી-કેટલી બાબતોની વિશિષ્ટ પ્રરૂપણાઓ થઈ છે તે સમજી શકાય. ઉદાહરણ તરીકે મેરુકંપન જેવી અદ્ભુત ઘટનાનો ઉલ્લેખ આગમોમાં તો નથી જ. પરંતુ આગમકાળથી અનેક સદીઓ બાદ રચાયેલી, નિર્યુક્તિ અને ચૂર્ણિ કે જેમાં ભગવાનના જીવનનો નિર્દેશ છે તેમાં પણ ક્યાંય આ ઘટનાનો ઉલ્લેખ નથી. તો ઘણા સમય પછી રચાયેલા *પઉમચરિયં*માં સૌ પહેલાં આ વાત કેવી રીતે આવી? આ પ્રશ્ન સંશોધકોને મન ઓછો કુતૂહલવર્ધક નથી.

૨) ભૌગૌલિક ઉપલબ્ધતા

જે જે ગામો, નગરો, પર્વતો અને બીજા અવશેષો કે જેમનો સંબંધ મહાવીરસ્વામીના જીવન સાથે જોડાયેલો છે તે તે સ્થાનોનું પ્રત્યક્ષ નિરીક્ષણ, આપણને જે સાહિત્યિક વર્ણનો ઉપલબ્ધ થઈ રહ્યાં છે તેમાં જે સત્ય ગૂંથાયેલું છે તેની એક બહુમૂલી કસોટી કરવામાં અનિવાર્ય સહાય પૂરી પાડે છે. કે જેથી ઐતિહાસિક જીવનના તાદૃશ ચિત્રણ સાથે અણઉકલી ગૂંચોને પણ ઉકેલી શકાય.

૩) પરંપરાગત આચાર-વિચાર

પરંપરાગત આચાર-વિચારોનો સાહિત્યિક વર્ણન સાથે તુલનાત્મક અભ્યાસ કરવો, તે બન્ને વચ્ચે રહેલી ભિન્નતાનું સંશોધન કરવું અને તે પ્રમાણે ભાવિ જીવનના નિર્માણ માટે તેનો ઉપયોગ કરવો. એક બાબતે લેખક નિઃશંક છે કે સમયના પલટાથી, બાહ્ય પ્રભાવોથી અને અધિકારભેદથી આજના જૈન સમાજના આચાર-વિચાર જેટલા પણ બદલાયા હોય, છતાં તે ઉપાસ્યદેવ મહાવીરસ્વામીના આચાર-વિચારના વાસ્તવિક સ્વરૂપની આજે પણ ઝાંખી કરાવી શકે તેમ છે. સંપૂર્ણ પુસ્તકમાંથી પસાર થયા પછી લેખકની શ્રદ્ધાનો પુરસ્કાર કરનારી સંશોધક દૃષ્ટિ અનુભવાય છે, કે જે અન્યત્ર જવલ્લે જ જોવા મળે.

પ્રભુ ઋષભદેવના જીવનને લગતા ચિંતનમાં - પ્રભુને સંપૂર્ણ આર્યજાતિના ઉપાસ્યદેવ કેવી રીતે કહી શકાય, તેના સંદર્ભો કયા કયા મળે છે, જૈન ધર્મનું મૂળ સ્વરૂપ પ્રવૃત્તિપ્રધાન છે કે નિવૃત્તિપ્રધાન છે? આ બધી બાબતોનો સમાવેશ કર્યો છે. તો

નેમિનાથપ્રભુના ચરિત્રમાં આજની જીવદયાત્મક પ્રવૃત્તિઓના મૂળમાં એમનો ઉપદેશ ધરબાયેલો છે તે સ્પષ્ટ કરી આપ્યું છે.

પાર્શ્વનાથની પરંપરાનો સંઘ, આચાર-વિચાર અને શ્રુતનો કેવો વારસો મહાવીરપ્રભુને મળ્યો અને તેનો મહાવીરપ્રભુની પરંપરામાં કેવી રીતે સમન્વય થયો તે વિશેનું ચિંતન સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રના સંદર્ભો આપવા સાથે સુંદર રીતે રજૂ કર્યું છે.

ઐતિહાસિક દૃષ્ટિએ પ્રભુવીરના જીવન વિશે પોતાના મંતવ્યની રજૂઆતમાં શ્વેતાંબર પરંપરા, દિગંબર પરંપરા અને સ્થાનકવાસી પરંપરામાં રહેલા આચાર-ઉપાસના-શાસ્ત્રની મૂલવણી દ્વારા વીરપરંપરાનું અખંડ પ્રતિનિધિત્વ શ્વેતાંબર પરંપરા કરી રહી છે તેવું પ્રતિપાદન કરવામાં લેખક સફળ રહ્યા છે.

આ પુસ્તક વાંચતી વખતે એક વાત ખાસ ધ્યાનમાં લેવી જોઈએ કે આના લેખક મૂળમાં સંશોધનના જીવ હોવાથી તેમની કેટલીક માન્યતાઓ, આપણને પરંપરાગત મળેલી શ્રદ્ધાજન્ય માન્યતાઓ કરતાં ક્યાંક જુદી પડી જતી હોય છે. અને એટલું જ નહીં, તે શ્રદ્ધાજન્ય માન્યતાઓ સમક્ષ અપ્રમાણભૂત પણ ઠરે તેવી હોય છે. એક જ ઉદાહરણ લેવું હોય તો લેખકની પ્રભુવીરના ગર્ભસંક્રમણની ઘટના કાલ્પનિક છે એવી માન્યતા બરાબર નથી જ. કારણકે ભગવાનની બે માતા છે, તેવો ઉલ્લેખ પ્રાચીન આગમોમાં પણ મળે છે તથા આજનું આધુનિક વિજ્ઞાન પણ તેવું કરવા માટે સક્ષમ થવા જઈ રહ્યું છે. તો પણ આવા માન્યતાભેદો હોવામાત્રથી તેમની બધી જ વાત ખોટી છે, બધી જ પ્રરૂપણા ખોટી છે તેવું સ્વીકારવું, એ પણ ઉચિત નથી. તેમના સંશોધનનાં ઘણાં તારણો આપણી શ્રદ્ધાને ખૂબ જ પુષ્ટ કરે તેવાં છે. માટે ક્ષીર-નીરના વિવેક સાથે આ પુસ્તક ચોક્કસ વાંચવા જેવું છે.

લેખકની માન્યતા એક બાજુ પર મૂકીએ તો, પોતે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં, તેમનો જૈન, વૈદિક અને બૌદ્ધ પરંપરાનો આટલા ઊંડાણપૂર્વકનો અભ્યાસ, પરિશીલન, ચિંતન, તર્કબદ્ધ રજૂઆત વગેરે ગુણો આશ્ચર્ય ઉપજાવે તેવા છે. તેમનું જીવન તે અર્થમાં સાચેસાચ પ્રેરણાદાયી છે. તેમજ સંશોધન કેવી રીતે કરાય તે વાતનો દિશાનિર્દેશ પણ આ પુસ્તક વાંચ્યા પછી મળી રહે છે.

**મુનિ શ્રીમુક્તિમંડનવિજયજી**

# *વિશેષ પ્રતિસ્પંદ*

**શ્રુતસંવિભાગ** અંક મળેલ છે. દળદાર અંક હાથમાં આવતા સુંદર વિષયોના કારણે તુરત વાંચવા મન લાલાયિત થાય. ધર્મસંગ્રહની વાતો ખૂબ ગમી. આત્માને પુષ્ટ કરવા અને દુષ્ટકર્મોને દૂર કરવા તમો જે મહેનત કરી રહ્યા છો તે અનુમોદનીય છે. / **મુનિ શ્રીસિદ્ધસેનવિજયજી**

**શ્રુતસંવિભાગ** વાંચું છું. ખરેખર જાણે કે અમૃતતુલ્ય હોય તેવું લાગે છે. વાંચતા આનંદ અને સમજ ઘણી આવે છે. / **મુનિ શ્રીવંદનરુચિવિજયજી**

**શ્રુતસંવિભાગ** નિયમિત મળતું રહે છે. અલ્પસમયમાં જે સફળતાનાં શિખરો સર કર્યાં છે તેની ખૂબ ખૂબ અનુમોદના. / **મુનિ શ્રીરાજસુંદરવિજયજી**

મુદ્રિત પત્ર મળ્યો છે – વસંતપંચમી અંક મુલતવી રહ્યા બાબત. થોડા દિવસ પહેલાં શ્રમણસંમેલનમાં પણ મહાત્માઓ તમારે વસંતપંચમીનો અંક આવ્યો? એ પૃચ્છા કરતા હતા. મતલબ કે **શ્રુતસંવિભાગ**ની મુનિઓ રાહ જોતા હોય છે – એ ગૌરવ લેવા જેવી બાબત છે. ધન્યવાદ! અંક બંધ રહેવાના પ્રસંગો દરેક સામયિકને કારણસર આવતા હોય છે. તમારી જેમ જાણ ભાગ્યે જ કોઈ કરે છે...

**શ્રુતસંવિભાગ**ના અંકોમાં જુદા જુદા ગ્રંથોનાં શુદ્ધિપત્રકો છપાય છે. એક વિચાર એવો આવ્યો કે આ શુદ્ધિપત્રકોના સ્ટીકરો બનાવી જે તે ગ્રંથમાં ચોંટાડવામાં આવે તો અભ્યાસીઓ એનો ઉપયોગ કરી શકે. આવાં શુદ્ધિપત્રકો જે તે ગ્રંથના ચોક્કસ જે સંસ્કરણના હોય તેમાં જ લગાડવા ખાસ જરૂરી છે. આ કામ કુશળ ગ્રંથપાલ કે સાધુ-સાધ્વીજી કરી શકે... શ્રમણસંમેલનમાં પણ મેં મુનિરાજોને આ બાબત જે લેખિત પત્ર આપેલ તેની નકલ આ સાથે મોકલું છું... તમારો અભિપ્રાય જણાવશો. / **આચાર્ય શ્રીવિજયમુનિચન્દ્રસૂરિજી**

**શ્રુતસંવિભાગ** - १५ अद्य सायं लब्धः। लब्धे हि तस्मिन् अन्यत् सर्वं विहाय अग्रलेखः आऽन्तं पठितः। 'मम प्रगुरुदेव-श्रीविजयसूर्योदयसूरि' इति पठित्वा

संशयः जागरितः। ते तु पू.शीलचन्द्रसूरिणां गुरवः एव सन्ति, प्रगुरवः कथम्? परमन्ते ज्ञातं यत् अग्रलेखलेखकोऽयं मुनिः त्रैलोक्यमण्डनविजयः अस्ति इति। तस्य तु ते प्रगुरवः एव। प्रत्यङ्कं **श्रुतसंविभागः** रूपान्तरं प्राप्नुवन् सन् समृद्धिं गच्छन् दृश्यते। कामम् अभिनन्द्यन्ते ते सर्वेऽपि श्रुतसंविभाग-परिष्कर्त्तारः। श्रुतसन्दर्भयोजनाविषयकं सर्वं पठितम्। परं सम्यग् किमपि न ज्ञातम्। अस्मत्कृते इमे आधुनिकाः शब्दाः एव अपरिचिताः। परं योजना इयं महत्त्वपूर्णा अस्ति इत्यत्र तु संशीतिलेशोऽपि नास्ति।

अग्रलेखारम्भे 'यदा किञ्चिद्' इत्ययं श्लोकः ज्ञानमदनिवारकः अस्ति। यथा यथा स्वाऽज्ञानं प्रतीयेत तथा तथा ज्ञानं वर्धते। स्वाऽज्ञानं यत् सूचयेत् तदेव सत्यं ज्ञानम्। इत्यादिकं गुरु-सकाशात् यत् श्रुतं तत् सर्वमत्र स्मरणपथमवतरति । अद्य वाचनायां पू.कल्पतरुसूरिभिः एतद्बिन्दुं पुरस्कृत्य एव सर्वं कथितमासीत् ज्ञानसारगत-अज्ञानाहिमहामन्त्रं इतिश्लोकमधिकृत्य। आरोहतु विकास-सोपानानि अयं **श्रुतसंविभागः**। सर्वसाधु-समादरणीयोऽपि भवतु इत्यभिलषामो वयम्।

**श्रीविजयमुक्ति-मुनिचन्द्रसूरयः**

**श्रुतसंविभाग** તો હવે એક આગમગ્રંથ જેવો લાગે છે. હાથમાં લેતાં જ જાણે, આગમગ્રંથ વાંચતા હોઈએ તેવો આભાસ થાય છે. જેવી રીતે, વાંચન કેટલું કર્યું? કેટલા ગ્રંથો વાંચ્યા? આવા પ્રશ્નો મહાત્મા કરતા હોય છે. હવે, એવા પ્રશ્નો થશે - કેટલા **श्रुतसंविभाग**ના અંકો વાંચ્યા છે? ઉત્તરોત્તર આગળ વધે એ જ શુભાભિલાષા. **મુનિ શ્રીહેમહર્ષવિજયજી**

**श्रुतसंविभाग** – १६ अङ्कः अधिगतः। प्रत्यङ्कं श्रुतसंविभागः किञ्चित् परिवर्त्तनं प्राप्नुवन् विकासमेव गच्छति इति आपाततः एव प्रतीयते। आऽन्तं विहङ्गावलोकनेन विलोकितम्। सर्वेऽपि विषयाः, सर्वेऽपि च लेखाः रुचिराः मनोहराश्च। श्रुत-वधामणां, अमे वांच्युं..., जिज्ञासा, समाधान - इत्याद्या विषयाः विशेषतः रोचन्ते। एवं तु सर्वमेव रोचते, समयाभावग्रस्ताः तत् सर्वं वयं पठितुं न शक्नुयाम नाम तथाऽपि। **श्रीविजयमुक्ति-मुनिचन्द्रसूरयः**